- આજે સાંજના ૪.૦૦ વાગે કારોબારી સમિતિની એક મીટિંગ મળી હતી. આ મીટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઇ કોટડિયા, શ્રી દિનેશ મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી રઘુરામભાઇ ઠક્કર, શ્રી દીપક ચૌહાણ, શ્રી સંજય રાઠોડ, શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી જૈમિન સોની ઉપસ્થિત રહ્યા હતા. આ મીટિંગમાં નોટબુક યોજનાનો રીપોર્ટ રજૂ કરવામાં આવેલ. સામાજિક કાર્યકર સન્માન બાબતે અત્યાર સુધી કરવામાં આવેલ કાર્યવાહી વિષે ચર્ચા - વિચારણા કરવામાં આવી. સરનામા - ટેલિફોન ડિરેક્ટરીબાબત અત્યાર સુધી થયેલ કાર્યવાહીનો રીપોર્ટ આપવામાં આવયો અને હવે પછી જે તે સમાજના ફોર્મ ભરાઈને આવે તેની જવાબદારી નીચે મુજબ નક્કી કરવામાં આવી. (૧) કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજના ફોર્મ માટે શ્રી સંજય રાઠોડને, (૨) મારૂ કંસારા સોની જ્ઞાતિના ફોર્મ માટે શ્રી જયમીન સોનીને, (૩) વાગડ લોહાણા સમાજના ફોર્મ માટે શ્રી રઘુરામભાઈ ઠક્કરને અને (૪) જૈન સમાજના ફોર્મ માટે શ્રી રજનીકાંત ધરમશી પારેખને. 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક, કચ્છી નૂતન વર્ષ સ્નેહ મિલન સમારંભ, સરસ્વતી સન્માન, વિવિધ પ્રકારના ડોનેશન્સ, નોટબુક યોજનાના ડોનરોને ૨૦-૨૦ નોટબુક રીટર્ન ગિફ્ટ તરીકે આપવી, બિઝનેસ સમિટ, કચ્છી વિસામો વગેરે બાબતના અહેવાલો પર ચર્ચા કરી નિર્ણયો લેવામાં આવ્યા.

★ **મંગળવાર, તા. ૧૭-૫-૨૦૧૬**

- શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઇ કોટડિયા તથા શ્રી દિનેશ મહેતા શ્રી રાજેશ જગજીવન ઠક્કરને મળેલ હતા અને તેમની પાસેથી સામાજિક કાર્યકર સન્માન માટે એક સમાજનું સૌજન્ય મેળવવામાં આવેલ હતું.
- ત્યારબાદ શ્રી સુનિલ રતિલાલ સુથારને મળી તેમની સાથે કો.ઓ. ક્રેડિટ સોસાયટીના ૧૦૦ શેર લેવાનું નક્કી કરવામાં આવ્યું તથા 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક માટે અંદરના પાને મલ્ટી કલર જાહેરાતનું નક્કી કરવામાં આવ્યું.
- ત્યારબાદ શ્રી હરીશભાઈ રંગવાલાને મળ્યા. તેઓએ ક્રેડિટ કો.ઓ. સોસાયટીના ૫૦૦ શેર લેવાનું સ્વીકાર્યું અને કન્યા પારિતોષિક યોજનાના સૌજન્યનો સ્વીકાર કર્યો.

★ **શુક્રવાર, તા. ૨૦-૫-૨૦૧૬**

- શ્રી સમીર પ્રાણલાલ સોનીએ કો.ઓ. ક્રેડિટ સોસાયટીના ૫૦ શેર સ્વીકાર્યા અને સામાજિક કાર્યકર સન્માન માટે એક સમાજનું સૌજન્ય સ્વીકાર્યું.

★ **શનિવાર, તા. ૨૧-૫-૨૦૧૬**

- શ્રી કૈલાસદાન ગઢવીએ કો.ઓ. ક્રેડિટ સોસાયટીના ૧૦૦ શેર લેવાનું સ્વીકારેલ હતું. તેમની સાથે કો.ઓ. સોસાયટીના હોદ્દેદારો બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી.
- 'કચ્છશ્રુતિ'ની વિઝિટિંગ કાર્ડ સાઈઝની જાહેરાત માટે સંભવિત અન્ય લગભગ ૨૦૦ નામનું લિસ્ટ બનાવવામાં આવેલ હતું.

★ **રવિવાર, તા. ૨૨-૫-૨૦૧૬**

- શ્રી મારૂ - કંસારા સોની જ્ઞાતિના પ્રમુખ શ્રી જયમીનભાઈ સોનીની દીકરી કુ. કશીશનો આજે ટાગોર હોલ ખાતે આરંગેત્રમનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના શ્રી અશોક મહેતા, શ્રી અતુલભાઈ સોની, શ્રી મનુભાઇ કોટડિયા, શ્રી ભરતભાઈ ઓઝા તથા શ્રી દિનેશ મહેતા ઉપસ્થિત રહેલ હતા.

★ **મંગળવાર, તા. ૨૪-૫-૨૦૧૬**

- શ્રી હિમાંશુભાઈ ઠક્કરે શ્રી વિનીતભાઈ મજીઠિયા સાથે વાત કરી શ્રી વિનીતભાઈએ કો.ઓ. સોસાયટીના ૫૧ શેર લેવાનું સ્વીકારેલ હતું.
- શ્રી હિમાંશુભાઈ ઠક્કરે કો.ઓ. સોસાયટીના ૨૫ સભ્યો તાત્કાલિક મેળવી આપવાનું સ્વીકારેલ હતું.
- શ્રી હિમાંશુભાઈ ઠક્કરે કચ્છી નૂતન વર્ષ નિમિત્તે સમારંભ માટે જરૂરી ફંડ એકત્રિત કરી આપવાનું પણ સ્વીકારેલ હતું.

★ **બુધવાર, તા. ૨૫-૫-૨૦૧૬**

- આજરોજ શ્રી મનસુખભાઈ પટેલ ક.ક.પા. સમાજ - ઓઢવા મંત્રી શ્રી મગનભાઈ વિશ્રામભાઈ પટેલ, ખજાનચી શ્રી મેઘજીભાઈ પટેલ, શ્રી મહેશભાઈ ભાનુશાળી તથા શ્રી વિશાલ ગાલા અને શ્રી અમિત છેડાની રૂબરૂ મુલાકાત લેવામાં આવેલ હતી. શ્રી મનસુખભાઈ પોતે 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક માટે અંદરના પાનાની મલ્ટી કલર જાહેરાતનો સ્વીકાર કરેલ હતો. શ્રી મહેશભાઈ ભાનુશાળીએ કો.ઓ. સોસાયટીના પ્રત્યેકના ૫૦ શેર એવા ૪ નામ લખાવ્યા અને 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકના અંદરના પાનાની મલ્ટી કલર જાહેરાતનો સ્વીકાર કરેલ હતો. ઓઢવ સમાજના પ્રમુખ - મંત્રીશ્રીના ફોટા અને બાયોડેટા તરતમાં મોકલી આપશે તેવું શ્રી મગનભાઈએ સ્વીકારેલ હતું. શ્રી મગનભાઈ પટેલે ઓઢવ સમાજના સભ્યોનું લિસ્ટ પણ આપેલ હતું.
- આદિપુરના લેખક શ્રી વિનોદ સી. દવેએ આજે સમાજની ઓફિસની મુલાકાત લઈ કચ્છશ્રુતિ અંગે શ્રી અશોક મહેતા અને શ્રી દિનેશ મહેતા સાથે કેટલીક ચર્ચાઓ કરેલ હતી.

★ **ગુરૂવાર, તા. ૨૬-૫-૨૦૧૬**

- શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી ઘનશ્યામભાઈ ઠક્કરે શ્રી ચીમનભાઈ પલણની મુલાકાત લીધેલ હતી. શ્રી ચીમનભાઈ પલણે 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકના સૌજન્યનો, સામાજિક કાર્યકર સન્માન માટે એક સમાજના સૌજન્યનો અને કો.ઓ. ક્રેડિટ સોસાયટીના ૧૦ સભ્યો બનાવી આપવાનો સ્વીકાર કરેલ હતો. જ્યારે શ્રી હીરેન પલણે પોતે ૫૦ શેરનો અને અન્ય ૫ સભ્યો બનાવી આપવાનો સ્વીકાર કરેલ હતો.
- સમાજના લાઈબ્રેરીના પુસ્તકો રાખવા માટે ૩' x ૧' x ૬'ના બે રેકની ખરીદી પથ્થરકૂવાથી કરવામાં આવેલ હતી.

★ **શુક્રવાર, તા. ૨૭-૫-૨૦૧૬**

- આજરોજ શ્રી અશોક મહેતા તથા શ્રી મનુભાઈ કોટડિયાએ શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ ખેતાણીની રૂબરૂ મુલાકાત

લીધેલ હતી. તેઓએ નૂતન વર્ષ મિલન સમારંભના કાર્યક્રમના સૌજન્યનો સ્વીકાર કરેલ હતો અને 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકના કવર પેઈજ નં.-૪ના પાનાની જાહેરાતનો પણ સ્વીકાર કરેલ હતો.

★ **શનિવાર, તા. ૨૮-૫-૨૦૧૬**

- 'કચ્છશ્રુતિ'વા વાર્તા લેખક શ્રી બલવીરસિંહજી જાડેજાએ સમાજની ઓફિસની મુલાકાત લઈ સમાજના કાર્ય માટે સુંદર સહયોગ આપેલ હતો.
- શ્રી મહેન્દ્રભાઈ મોરબિયાએ 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક માટે બી.એમ.સી.બી. બેંકની અંદરના પાનાની મલ્ટીકલર જાહેરાતનો સ્વીકાર કરેલ હતો.
- ક.ક.પા.સમાજ - ઓઢવના મંત્રી શ્રી મગનભાઈએ બે સામાજિક કાર્યકરોના બાયોડેટા તથા ફોટા મોકલી આપેલ હતા.
- જરૂરી કારણસર શ્રી મનસુખભાઈ પટેલ સમાજની ઓફિસ પર ઉપસ્થિત રહેલ હતા.

★ **સોમવાર, તા. ૩૦-૫-૨૦૧૬**

- 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક માટે જાહેરાત મેળવવા લગભગ ૩૦ જેટલા પત્રો કૂરિયર કરવામાં આવ્યા.

★ **બુધવાર, તા. ૧-૬-૨૦૧૬**

- શ્રીમતી નીપાબેન સંજય શાહ, શ્રીમતી પ્રતિમાબેન ગિરીશ શાહ તથા શ્રીમતી મયૂરીબેન શાહે આજથી લાઈબ્રેરીનું કામ હાથમાં લઈ બધી જ બુકોને કેટેગરીવાઈઝ અલગ પાડવાની શરૂઆત કરી હતી. દિવસના અંતે સારું એવું કામ થયેલ હતું.
- શ્રી બચુભાઈ રાંભિયા સમાજની ઓફિસ પર રૂબરૂ આવેલ હતા અને કો.ઓ. ક્રેડિટ સોસાયટીના પ્રમોટર સભ્યોએ પોલીસ ડિપાર્ટમેન્ટ પાસેથી જે "No Objection Certificate" મેળવવાનું છે તેમાં તેઓ મદદરૂપ થશે તેવું નક્કી કરવામાં આવેલ હતું.
- શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી દિનેશ મહેતા લેઉઆ પટેલ સમાજના ભવન પર જઇ ત્યાંના પ્રમુખ શ્રી શિવજીભાઈ પટેલને મળેલ હતા. તેઓએ કો.ઓ. ક્રેડિટ સોસાયટીના ૧૦૦ શેર અને શ્રી શશીકાંતભાઈ કરશનભાઈ પીંડોરિયાએ ૫૦૦ શેરનો સ્વીકાર કરેલ હતો. તદુપરાંત 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક માટે અંદરના પાનાની મલ્ટીકલર જાહેરાત લેઉઆ પટેલ સમાજની તથા શ્રી શશીકાંતભાઈના કોલ્ડ સ્ટોરેજની પણ લેવાનું નક્કી કરવામાં આવેલ હતું. શ્રી શિવજીભાઈએ ૧૦ શેર લઈ શકે તેવા કો.ઓ. સોસાયટીના સભ્યો બનાવવાનું પણ સ્વીકારેલ હતું.
- શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી દિનેશ મહેતાએ વાગડ લેઉઆ પટેલ સમાજના માનદ્ મંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલની, તેમના સ્વસ્તિક ચાર રસ્તા પર આવેલ પટેલ ઝેરોક્ષ પર મુલાકાત લીધેલ હતી અને તેઓ તથા તેમના પ્રમુખ શ્રી હરીભાઈ એક-બે દિવસમાં શ્રી કચ્છી સમાજની ઓફિસની મુલાકાત લેશે તેવું નક્કી કરવામાં આવેલ હતું.

★ **ગુરૂવાર, તા. ૨-૬-૨૦૧૬**

- લાઈબ્રેરીના પુસ્તકોને કેટેગરીવાઇઝ વિભાજન કરવાની પ્રવૃત્તિ ત્રણ બહેનો દ્વારા ચાલુ રાખવામાં આવેલ છે.
- શ્રી તુલસીભાઈ કંસારાએ શ્રી દિનેશ મહેતા સાથે 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક વિશે, તેમાં સમાવેશ કરવામાં આવનાર વિગતો વિશે, તેના અનુક્રમ નંબર વિશે – એમ વિવિધ બાબત ચર્ચા કરેલ હતી.
- વર્ષ ૨૦૧૫-૧૬ની ટ્રાયલ બેલેન્સ શીટ શ્રી મનુભાઈ કોટડિયા લઈ આવ્યા અને તેને લગતી જરૂરી ચર્ચા કરવામાં આવેલ.

★ **ગુરૂવાર, તા. ૩-૬-૨૦૧૬**

- 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકના પ્રકાશનમાં સંપૂર્ણ સહયોગ આપવાના ઈરાદાથી શ્રીમતી પારૂલ અમિત છેડાએ સમાજની ઓફિસની મુલાકાત લઈ શ્રી તુલસીભાઈ કંસારા તથા અન્ય કાર્યકરો વિશે બુકની ટેકનિકલ માહિતી વિશે અનેકવિધ જાણકારી આપેલ હતી. બુકની સાઈઝ, કવર પેઈજના જી.એસ.એમ., અંદરના પાનાના જી.એસ.એમ., પાનાની ક્વોલિટી, દરેક પાનાની ડિઝાઈન વગેરે વિષયે ચર્ચા કરવામાં આવેલ હતી. આ બુકનું પ્રકાશન કરવાની સંપૂર્ણ જવાબદારી શ્રીમતી પારૂલ અમિત છેડાએ સ્વીકારેલ હતી. ડી.ટી.પી. વર્ક માટે શ્રી તાહીરને બોલાવી તેને અત્યાર સુધી આવેલ દરેક કાર્યકરોના બાયોડેટા સાથેની વિગત ડી.ટી.પી. વર્ક માટે સુપરત કરવામાં આવેલ હતી.
- ભાવિક કુરિયરની સર્વિસ યોગ્ય ન જણાતાં આજથી મહાવીર કુરિયરને ટપાલ આપવાની શરૂઆત કરવામાં આવી.

- નરોડાની અર્પિતા હોસ્પિટલના શ્રી ધનસુખભાઈ હરજીભાઈ લીંબાણી સાથે આજે ફોન પર ચર્ચા કરવામાં આવેલ હતી.
- ટ્રસ્ટ મંડળની મીટિંગના સરક્યુલર ઑડિટ રીપોર્ટ સહિત દરેક ટ્રસ્ટીશ્રીને મોકલી આપવામાં આવ્યા. મીટિંગ તા. ૮-૬-૨૦૧૬ના રોજ મળવાની છે કે જે વર્ષ ૨૦૧૫-૧૬ની કદાચ છેલ્લી મીટિંગ હશે.

**★ શનિવાર, તા. ૪-૬-૨૦૧૬**

- શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા તથા શ્રી દિનેશ મહેતાએ સરસ્વતી સન્માન વિશે ચર્ચા કરેલ હતી અને ઉચ્ચ શિક્ષણ પારિતોષિક અને વિશિષ્ટ પ્રતિભા સન્માન અંગે ચર્ચા કરી બંનેના સ્કોપ વિશે માર્ગદર્શિકા નક્કી કરેલ હતી.

**★ રવિવાર, તા. ૫-૬-૨૦૧૬**

- આજે નીચે મુજબના મહાનુભાવોએ 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકમાં તેઓએ આપવાની જાહેરાતોનો સ્વીકાર કરેલ હતો.

  શ્રી શાંતિલાલ મુળજી સાવલા : કવર પેઈજ નં.-૨
  (દીપ ઈન્ડસ્ટ્રીઝ)

  શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ : કવર પેઈજ નં.-૩
  (ગૂર્જર પબ્લિકેશન્સ)

  શ્રી હસમુખભાઈ ગઢેચા : મલ્ટી કલર અંદરનું પાનું
  (અંજલિ જ્વેલર્સ)

  ડૉ. ધીરેન શાહ : મલ્ટી કલર અંદરનું પાનું
  (સીમ્સ હોસ્પિટલ)

  શ્રી અનિલભાઈ હરિયા : મલ્ટી કલર અંદરનું પાનું
  (પેટ્રોલ પંપ)

  શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - પશ્ચિમ વિભાગ : મલ્ટી કલર, અંદરનું પાનું

  સામાજિક કાર્યકરના સન્માનના એક સમાજના સૌજન્યનો નીચેના મહાનુભાવોએ સ્વીકાર કરેલ હતો :

  ✦ એક સદ્‌ગૃહસ્થ તરફથી.

  ✦ શ્રી ગંગારામભાઈ બી. પટેલ તરફથી

**★ સોમવાર, તા. ૬-૬-૨૦૧૬**

- શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી દિનેશ મહેતાએ દહેગામ ખાતે કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ - દહેગામ વિભાગની મુલાકાત લઈ, ત્યાં દર મહિને મળતી રૂટીન મીટિંગમાં ઉપસ્થિત રહી આશરે વીસેક જેટલા સભ્યોને મળેલ હતા. આ સમાજના પ્રમુખ શ્રી ઈશ્વરભાઈ સીરદાસભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી સોમાભાઈ દેવજીભાઈ પટેલ, માનદ્ મંત્રી શ્રી દેવશીભાઈ હરજીભાઈ પટેલ, અન્ય હોદ્દેદારશ્રીઓ અને અન્ય અનેક સભ્યશ્રીઓ ઉપસ્થિત રહેવા પામેલ હતા. તેઓશ્રીને 'કચ્છશ્રુતિ'ના ચાલુ માસના અંક અને કમ્પા વિશેષાંકના અંકો, સરનામા ટેલિફોન ડિરેક્ટરીના ફોર્મ, શ્રી કચ્છી સમાજના સભ્યપદના ફોર્મ અને કચ્છશ્રુતિના સભ્યપદના ફોર્મ આપવામાં આવેલ હતા. તા. ૯-૭-૨૦૧૬ના નૂતન વર્ષ મિલન સમારંભમાં ઉપસ્થિત રહેવા તેઓશ્રીને આમંત્રિત કરવામાં આવેલ હતા. તેઓશ્રીને બે સામાજિક કાર્યકરોના નામો આપવા જણાવવામાં આવેલ હતું. તેઓશ્રીએ ત્યાં જ નિર્ણય લઈ શ્રી ઈશ્વરભાઈ સીરદાસભાઈ પટેલ અને શ્રી સોમાભાઈ દેવજીભાઈ પટેલના નામો આપતા, તેમના ફોટા અને બાયોડેટા મેળવી લેવામાં આવેલ હતા. તા. ૯-૭-૨૦૧૬ સુધી તેમના સમાજના એટલે કે આશરે ૫૫૦ પરિવારના સરનામા ટેલિફોન ડિરેક્ટરીના ફોર્મ ભરીને આ પ્રકારના ફોર્મ પરત આપી દેશે તેવું પણ તેમણે જણાવેલ હતું.
- ત્યારબાદ આ ટીમે દહેગામ ખાતે જ કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ - સૉ મિલ વિભાગની મુલાકાત લઈ ત્યાંના પ્રમુખ શ્રી હરિભાઈ લાલજીભાઈ પટેલ, માનદ્ મંત્રી શ્રી દિનેશભાઈ પટેલ તથા અન્ય ૧૦ જેટલા કાર્યકરોની મુલાકાત લીધેલ હતી. તેઓશ્રીને પણ કચ્છશ્રુતિના અંકો, સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના ફોર્મ, શ્રી કચ્છી સમાજના સભ્યપદના ફોર્મ તથા કચ્છશ્રુતિના લવાજમના ફોર્મ આપવામાં આવેલ હતા. તેઓશ્રીને પણ તા. ૯-૭-૨૦૧૬ના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ કાર્ડ આપીને આમંત્રિત કરવામાં આવેલ હતા. તેઓશ્રીએ બે સામાજિક કાર્યકરોના નામ તેઓની વિગત સાથે બે દિવસમાં મોકલી આપવાનું જણાવેલ હતું અને સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના ફોર્મ તા. ૯-૭-૨૦૧૬ સુધી ભરીને પરત મોકલી આપશે તેવું પણ તેમણે જણાવેલ હતું. આ સમાજના લગભગ ૬૦ જેટલા સભ્યો છે અને ટોટલ જનસંખ્યા કદાચ ૫૦૦ની આજુબાજુની થવા પામશે. ■


INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
www.confortinstapower.com
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014
OTHER PRODUCTS
Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489
Works 2 (Waghodia - Vadodara)


Ajay Shah
T. : +91 7926441050
M. : +91 9327000105
E-mail : admin@shahnet.com
Web. : shahnet.com
Shah Net
Technologies Pvt. Ltd.
406, Tilakraj Complex, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006.
: Iolite :
Intellectual Property • Management Software
www.iolite.net.in


M. : 93750 22555 • Ph. : 2756 0480
FORTUNE SURGICALS
• GLUCOMETER • BLOOD PRESURE MONITER • WHEEL CHAIR • NEBULIZER • AIR BED
• WATER BED • PULSE OXIMETER • OXYGEN-FLOW METER • MORNING WALKER
• EXCERCISE CYCLE • MASSAGER • WEIGHING SCALE • SAUNA BELT • HEATING PED
• HOT WATER BAG • THERMOMETER • ADULT DAIPER • TREAD MILL
C-004, Supat-2, Nr. Vadaj Bus Stand, Nr. St. Laurn Hotel, Ashram Road, Ahmedabad-13


Navin Rajput : 9998540827
Raj Rajput : 9979888123
SHUKRA
Land Developers Ltd.
12, Zodiac Square, 3nd Floor, Opp. Gurudwara,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
M. : 8238044222, 8238055222, 8238066222
E-mail : shukraland@gmail.com
Website : www.shukraland.com


Girlie™
Ladies Bag | Ladies Foot Wear
Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com


Rajesh Shah
Ayu Plus
Herbal Beauty Products
Everyday Herbal Beauty Care
Mfg. of Herbal Cosmetics & Fincg Products
Khadi & Village Industrial Commission Approved.
"Swastik" Opp. Railway Station, Samakhiyali-370150. Kutch-Gujarat (India).
Tele. Fax. : +91 2837 283854 • M. : +91 98790 33484
Email : everydayharbalcare@gmail.com • Web. : www.everydayharbalcare.com


પ્રતાપ બી. ઠક્કર
મો. : ૯૮૨૫૩૫૯૦૩૫
।। જય જલારામ ।।
જલારામ એસ્ટેટ
બી/૧, બેન્કર્સ કોલોની, ઓધવરામ કોમ્પલેક્ષ, બીજા માળે,
ટાઉન હોલ સામે, ભુજ-કચ્છ. ૨૫૧૩૪૪.
૧૯/૨૦ આદર્શ ટાવર્સ, મુન્દ્રા-કચ્છ.


પિયુષકુમાર નટવરલાલ ધોળુ
નટવરલાલ ધનજીભાઈ પટેલ
(ઓ.) ૦૨૭૧૪-૨૯૪૫૧૩
મો. : ૯૩૭૪૫ ૮૫૬૫૫, ૯૮૨૫૪ ૮૫૬૫૫,
૯૩૭૪૪ ૪૦૨૩૪, ૯૮૨૫૪ ૪૦૨૫૪
શ્રી આશાપુરા ટીમ્બર ટ્રેડર્સ
શ્રી આશાપુરા સિમેન્ટ ડેપો
દરેક જાતના સાગ, સાલ, ચીલ, દેવદાર, આંબો,
લીમડો જલાઉ લાકડા તેમજ પેકીંગવુડ તથા પ્લાયવુડ વેચનાર.
સિમેન્ટ આર્ટીકલ્સ તથા સિમેન્ટના વિક્રેતા તથા સિમેન્ટ પતરા વેચનાર.
ઠે. મધીયા, બગોદરા હાઈવે, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.

## જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....

આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ
આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાજંરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો
અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

### શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ | ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ આોફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

૩૦૭ | ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનશ્ન, ગોકુલ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬



## Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

## We Provide

- Complete equipment
  Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy

Corporate Office :
**Deep Industries Limited**
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
**Deep Industries Limited**
Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com



## શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ (ગીતા સેના) રજિ. ન. ઈ૧૦, ૯૧૦
## શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ (ગીતા સેના) રજિ. ન. ઈ૧૧, ૧૯૨

Email : gitaben_rambhiya@yahoo.com • Website : www.gitabenrambhiyatrust.org

ગેરકયદેસર કતલખાને જતા અબોલ જીવોને બચાવી અભયદાન અપાવવાની કામગીરી
અત્યારસુધી ૮૦,૦૦૦ થી વધુ અબોલ જીવોને બચાવેલ છે.
રખડતા બીમાર તથા ઘવાયેલ પશુ-પક્ષીઓને સ્થળ ઉપર સારવાર અપાવવા
એનિમલ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે.
અત્યારસુધી ૫૫,૦૦૦ થી વધુ અબોલ જીવોને સારવાર અપાયેલ છે.
કચ્છ થી અમદાવાદ તબીબી સારવાર અર્થે આવતા દર્દીઓને સંસ્થાના કાર્યકર્તાઓ સહાયરૂપ બને છે.
અત્યારસુધી ૬૦૦૦ થી વધુ દર્દીઓને મદદરૂપ થયેલ છે.
સંસ્થાના જીવદયા તેમજ માનવસેવાના કાર્યમા આપ સૌને સહકાર આપવા નર્મ વિનંતી.

૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭, ૬૫૪૪૭૫૫૦

**સંસ્થાને આપનુ દાન ૮૦જી(૫) મુજબ કરમુક્તિને પાત્ર છે.**



જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર

(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર

બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ

એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં,
અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યાક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦



|| જય માતાજી ||

જયમલસિંહ ઝાલા
૯૮૨૫૭ ૧૯૬૭૮
૯૪૦૯૦ ૪૦૬૭૬

## પ્રતાપસિંહ
પેંડાવાલા
(બાપુ પેંડાવાલા-માંડવી કચ્છ)

કચ્છી પેંડા અને
કચ્છી ગુલાબપાકના
સ્પેશિયાલિસ્ટ

શિયાળાની સિઝનમાં
કચ્છી અડદિયા, ગુંદરપાક,
અંજીરપાક મળશે.

કાજુકતરી, શુધ્ધ ઘી, દૂધ, માવા, ડ્રાયફ્રુટની મીઠાઈ તથા નમકિન્સ

3, સુકીર્તિ ટાવર, શ્રેયસ સોસાયટી પાસે, આગમ એવન્યુ સામે, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, સેટેલાઈટ, અમદાવાદ.
શ્રી રાણેશ્વર રોડ, માંડવી-કચ્છ. ફોન : ૦૨૮૩૪-૨૩૦૦૪૪



મો.: ૯૯૭૯૮ ૮૧૪૮૭ ફોન : ૦૭૯-૨૬૭૬૩૫૪૪, ૦૭૯-૨૬૭૬૩૪૬૫

## શ્રી હરિ ટ્રાવેલ્સ

યુ-૨૮, રત્નમણી કોમ્પ્લેક્ષ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

દર રવિવાર અને પૂનમ

**મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી રીટર્ન બસ સર્વિસ**

**લકઝરી, ફોર વ્હીલર ભાડે મળશે.**

## શ્રી હરિ ટ્રાવેલ્સ

પટેલ કાપડ માર્કેટ, ખોડિયાર નગર, સોરઠ પાન પાસે,
બાપુનગર, અમદાવાદ. ફોન :૨૨૭૦૦૬૬૬ / ૭૭૭

Sister Concern
એચ. કે. ટ્રાવેલ્સ
ક્રિષ્ના ટ્રાવેલ્સ



સુનિલભાઈ હંસરાજભાઈ દાવડા મો. ૯૮૨૫૦૨૧૪૨૩

## આરતી કોર્પોરેશન

**પ્લાસ્ટીક જમ્બો બેગ ૧ ટન કેપેસીટીનું ટ્રેડીંગ**

૩૮, પી. ડી. એસ્ટેટ, રેવાભાઈ એસ્ટેટની પાસે,
સી. ટી.એમ., અમદાવાદ-૩૮૦૦૨૬



## FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

## Shivang Institute

C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,

Phone No. 9429609484 / 079-22772031

# અન્ય સંસ્થાઓના સમાચાર

## 'સાહિત્ય સભા' - ભુજ

ભુજ - કચ્છમાં આજથી ૪૬ વર્ષ અગાઉ શ્રી દિનેશભાઈ માંકડ વગેરેના સહકારથી 'સાહિત્ય સભા'ની સ્થાપના થયેલ હતી. જેના આજે ૧૫૦ સદસ્યો છે. સાહિત્ય સભા એટલે 'પાંગરતી પ્રતિભાની પ્રેરણા.' આ સંસ્થાએ કુલ ૬ પ્રકાશન બહાર પાડેલા છે. સંસ્થાની કારોબારી સમિતિમાં નીચે જણાવેલ સભ્યશ્રીઓ સહિત કુલ્લ ૯ સભાસદો હાલે કાર્યરત છે.

*શ્રી જયંતિભાઈ જોશી 'શબાબ' - અધ્યક્ષ*
*(પૂર્વ નિયામક, આકાશવાણી - ભુજ)*
*શ્રી મદનકુમાર અંજારિયા 'ખ્વાબ' - મંત્રી*
*શ્રી દિલીપભાઈ આચાર્ય 'દિલકશ' - સહમંત્રી*
*શ્રી નવીનભાઈ ત્રિપાઠી 'અલ્પ' - કોષાધ્યક્ષ*

## કલા સાંસ્કૃતિક જગત
## પાંચાલી - નારી સંવેદનાનું અદ્‌ભુત નિરૂપણ

તા. ૩૦મી એપ્રિલના રોજ અમદાવાદનાં એચ.કે. આર્ટસ કૉલેજ સંકુલમાં ચીનુભાઈ ચમનભાઈ રંગમંચ પર રસ ધ્વનિ કળા સંસ્થા દ્વારા દ્રૌપદીની વ્યથા - કથા વિશિષ્ટ રીતે પ્રસ્તુત થઈ. ચિત્રા દીવાકારુની નવલકથા "Palace of Illusions" પરથી ડૉ. ઉમાબેન અંતાણી દ્વારા દિગ્દર્શિત નાટ્ય - નૃત્ય પ્રયોગ "Panchali – From Fire to Fire" ભજવાયો. મહાભારતની વાત, એક નારીને કેન્દ્રમાં રાખીને દ્રૌપદીનાં સ્વમુખે રજૂ થઈ અને તે પણ ભારતીય શાસ્ત્રીય નૃત્યની સંગાથે. શિવાંગી વિક્રમ દ્વારા અગ્નિપુત્રી દ્રૌપદીની વ્યથાને ખૂબ જ ઉત્કૃષ્ટ હાવભાવ સાથે અભિવ્યક્ત કરવામાં આવી. સંવાદોની સાથેનો પૂર્ણ શાસ્ત્રીય નર્તનનો સમન્વય અવર્ણનીય - અદ્‌ભુત હતો. તેમના ઓતપ્રોત અભિનયથી પાંચાલીનાં પ્રાગટ્યથી માંડીને પરિતોષની પૂર્ણતા સુધીનાં પ્રત્યેક પ્રસંગો જાણે રંગમંચ પર તાદશ્ય થઈ જતા હતા. કર્ણ - અર્જુનની તુલના, યુદ્ધ દ્રશ્ય અને તે પછીનો વિલાપ વિશેષ બની રહ્યા. કૃષ્ણાનો કૃષ્ણ સાથેનો તાર્કિક છતાં શરણ અને સ્વીકારનો સંવાદ અને સુખની શોધેલી પળોથી સમાધાનનાં દશ્યો દાદ માંગી લે તેવા રહ્યા. બહેન શિવાંગીની પાત્રની અંદર પ્રવેશી જવાની કળા અભિનંદનને પાત્ર છે. શાસ્ત્રીય નૃત્યનો પ્રસંગોચિત ઉત્તમ સંયોગ તે તેમની કલાની પરાકાષ્ઠા રહી. રસ-ધ્વનિ ટીમનાં સહ કલાકારોએ પણ ખૂબ સુંદર પ્રસંગોચિત નૃત્ય ગૂંથણીમાં જોડાઈને ચાર ચાંદ લગાડ્યા. પાંચાલીના પ્રયોગમાં ડાયેના રાવલ, ચિરાગ ત્રિવેદી અને મકરંદ શુક્લનો નેપથ્ય સંવાદ ખૂબ અસરકારક રહ્યો. સદાશિવન દ્વારા ઘડાયેલ ખૂબ જ મનોહર વસ્ત્ર પરિધાન, પાર્થ રાવલ અને મેહુલ પટેલ દ્વારા સંયોજિત ઉત્તમ ધ્વનિ અને વીજ સંયોજન (લાઈટ અને સાઉન્ડ) ખૂબ અસરકારક રહ્યા. જયન નાયર નિયોજિત સંગીતે સમગ્ર કાર્યક્રમની સંવાદિતા જ વધારી નાખી. ડૉ. (શ્રીમતી) ઉમાબેન અંતાણીનું ઝીણવટભર્યું અને સુઝપૂર્ણ દિગ્દર્શન પ્રયોગની દીર્ઘ છાપ છોડી જાય છે. પ્રસ્તુત નાટ્ય - નૃત્ય પ્રયોગની તેમની આ સંકલ્પના (કન્સેપ્ટ) અને શ્રેષ્ઠ કોરિયોગ્રાફી એક વિરલ ઘટના છે. અમદાવાદ - ગુજરાતમાં નાટ્ય - નૃત્ય પ્રયોગ ખૂબ ઓછા થાય છે ને એમાંય ગુજરાતી દ્વારા તો ભાગ્યે જ થાય છે તેવા વખતે રસ-ધ્વનિ કળા સંસ્થા યોજિત આટલો અદ્‌ભુત પ્રયોગ એક નજરાણું બની ગયો. રસ-ધ્વનિની સમગ્ર ટીમ અભિનંદનને પાત્ર છે.

*– ઉમા અંતાણી*

## પ્રતિભાવ

(અનુસંધાન : પાના નં. - ૩૦ ઉપરથી ચાલુ)

હશે તેવી જરૂરિયાતમંદ કોઈ પણ વ્યક્તિને આ યોજનાનો લાભ મળી શકશે. આ કાર્ય ઘણું જ શ્રેષ્ઠ કહેવાય. તે ઉપરાંત શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓનું ઉચિત સન્માન કરશે તે અંગે માહિતી વાંચીને આનંદ થયો. આ પ્રકારના કાર્ય થકી વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને ખંતપૂર્વક અભ્યાસમાં આગળ વધવાની લાગણી ઊભરાશે. અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી સમાજના બે શ્રેષ્ઠ સામાજિક કાર્યકરોનું અષાઢી બીજના કાર્યક્રમ દરમિયાન સન્માન કરવામાં આવશે, તે ખૂબ જ સારી વાત છે. આ પ્રકારની પ્રવૃત્તિથી દરેક સમાજ એક તાંતણે બંધાશે, તે માટે બે-મત નથી. આ કારણે દરેક કાર્યકરોમાં ઉત્સાહ જાગૃત થશે. માસ મે-૨૦૧૬ 'કચ્છશ્રુતિ'ના અંકનું મુખપૃષ્ઠ ઘણું જ આકર્ષક છે. 'કચ્છશ્રુતિ'ના હવે પછીના અંકોમાં પ્રાસંગિક લેખ - કાવ્ય પણ પ્રકાશિત કરવા જોઈએ. લેખ કરતાં કાવ્યોને અગત્યતા આપવી જરૂરી છે. કારણકે લેખ મોટા હોય, જ્યારે કાવ્યો નાના હોય. હાલમાં 'કચ્છશ્રુતિ'ના અંકોની સજાવટ, મુદ્રણ કાર્ય ઘણું જ શુધ્ધ અને સરસ છે. આ માટે 'કચ્છશ્રુતિ'ના તંત્રીમંડળ તથા સર્વે કાર્યકર્તાઓને ખૂબ જ ધન્યવાદ અને અભિનંદન.

*મહાભાઈ આર. વોરા - ભુજ*

# વતનના વાવડ

• સંકલન : ભરત ઓઝા •

## કચ્છી કેપ્ટન હુસેન ધલનું નિધન

કચ્છ સ્ટેટ ફોર્સના પ્રથમ સૈનિક અને ૧૯૬૫માં કચ્છના રણમાં છાડબેટમાં પાકિસ્તાને હુમલો કરેલો ત્યારે અગ્રીમ હરોળમાં રહીને વીરતાના દર્શન કરાવીને અશોક ચક્રથી સન્માનિત થયેલા કચ્છી કેપ્ટન હુસેન ધલનું ૮૬ વર્ષની વયે તાજેતરમાં ભુજમાં નિધન થતાં વીર પુરુષની ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. ભચાઉ તાલુકાનાં સુખપર ગામના અને અંતિમ દિવસોમાં ભુજને પોતાનું કાયમી રહેઠાણ બનાવનાર તથા મિત્ર વર્તુળોમાં કેપ્ટન હુસેન ધલ તરીકે જાણીતા હતા. હુસેનભાઈ ૧૮ વર્ષની ઉંમરે જ રાજાશાહીના વખતમાં જ આર્મિમાં જોડાયા હતા અને કચ્છ સ્ટેટ ફોર્સમાં પ્રથમ સૈનિક બન્યા હતા. ૧૫ એપ્રિલ, ૧૯૫૦ના ઈન્ડિયન આર્મિની રેજિમેન્ટ ગ્રેનેડિયર્સની સાતમી બટાલિયનમાં જોડાઈ દેશભક્તિની ભાવનાને સાકાર કરી હતી. ૧૯૬૫માં કચ્છના રણમાં છાડબેટમાં પાકિસ્તાને હુમલો કરેલો ત્યારે અગ્રીમ હરોળમાં રહી તેમણે વીરતાના દર્શન કરાવ્યા હતા. જેના માટે તેમને અશોક ચક્રથી સન્માનવામાં આવ્યા હતા. એ રીતે ૧૯૭૧માં ભારત – પાકિસ્તાન લડાઈ દરમિયાન તેમણે ગુજરાતી કંપનીની કમાન સંભાળી હતી. ૧૯૬૮માં જનરલ માણેકશાહે પણ બેસ્ટ લીડર તરીકે હુસેનભાઈનું સન્માન કર્યું હતું. કચ્છમાંથી સૌપ્રથમ વખત કેપ્ટન હુસેન સુબેદાર તેમજ મેજર પોસ્ટ મેળવી કચ્છના પ્રથમ આર્મિ ઑફિસર બનવાનો રેકોર્ડ પણ તેમના નામે નોંધાયો છે.

## કચ્છની ટ્રેનોની ઝડપ વધારવા અને સુવિધા સુધારવા રજૂઆત

મુંબઈ સ્થિત કચ્છી પ્રવાસી સંઘે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરને રૂબરૂ મળી ગતિ વધારવા અને સેવા સુધારવા માંગ કરી હતી. કચ્છી પ્રતિનિધિ મંડળે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી અગ્રવાલનું ધ્યાન દોર્યું હતું કે એ.સી. ટ્રેનના અમદાવાદ – ભુજ વચ્ચે માત્ર બે સ્ટોપ સામખિયાળી અને ગાંધીધામ છે. અમદાવાદ – ભુજ ૩૫૯ કિ.મી.નું અંતર હોવા છતાં નવ સ્ટોપ ધરાવનાર કચ્છ એક્સપ્રેસ અને સયાજીનગરી જેટલો જ સમય લે છે. આ ટ્રેન જો સામાન્ય ગતિએ ચલાવવામાં આવે તો કમસે કમ બે કલાક વહેલી પહોંચી શકે. આ વાતની ગંભીરતાથી નોંધ લેતાં, પ.રે.ના જનરલ મેનેજરે ખાતરી આપી હતી કે કંટ્રોલર સાથે વાત કરીને આ બાબતે વહેલામાં વહેલી તકે ઘટતું કરાશે. પ્રતિનિધિ મંડળે કચ્છ – ભુજથી મુંબઈ આવતી ટ્રેનોનો સમય પ્રવાસીઓ સમયસર પોતાના કામધંધે જઈ શકે તેવો હોવો જોઈએ એ બાબત પણ જાત અભ્યાસ કરવાની ખાતરી અપાઈ હતી.

## મજૂરો ૪૭ ડિગ્રી તાપમાનમાં પણ મીઠું ઉપાડીને પેટિયું રળે છે

આકાશમાંથી વરસતા અગનગોળાએ જનજીવનને અસ્તવ્યસ્ત અને ત્રસ્ત કરી નાખ્યું છે ત્યારે કચ્છના નાના રણમાં પાકેલા મીઠાના મજૂરો મીઠાની ટ્રકો ભરવાનું કામ કરે છે. મીઠાની સીઝન મુજબ દર વર્ષે કાળઝાળ ગરમીના સમયમાં મીઠુ ભરવું, એ તેમની નિયતિ છે કારણકે ચોમાસુ આવી જાય એ પહેલાં મીઠાના ઢગલાઓને ખાલી કરવા પડે નહિંતર ઓગળી જાય તો વર્ષભરની મહેનત એળે જતી રહે છે.

## જાણીતી શિક્ષણ સંસ્થા 'ક્રિષ્ના' કચ્છમાં

ઉચ્ચ માધ્યમિક સ્તરે વિજ્ઞાનના પરિણામોમાં રાજ્યમાં નામાંકિત જૂથ ક્રિષ્ના ઈન્ટરનેશનલ સ્કૂલ હવે કચ્છમાં ડે સ્કૂલની પદ્ધતિથી ગુણવત્તાલક્ષી શિક્ષણની નેમ સાથે પગરણ માંડી રહ્યું છે. શહેરના સુખપર રોડ જતા માર્ગે આવેલી સી.બી.એસ.ઈ. જોડાણવાળી દિવ્ય બ્રહ્મલોક સ્કૂલના સંકુલમાં તેમની સાથે સહયોગથી ક્રિષ્ના સ્કૂલ ચાલુ નવા સત્રથી જ ધોરણ-૧થી ૧૨માં સી.બી.એસ.ઈ.ની સાથે જ ધોરણ-૯ અને ૧૧મા ગુજરાત શિક્ષણ બોર્ડના વિદ્યાર્થીઓને ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ આપી જિલ્લામાં નવી શિક્ષણ સુવિધા ઊભી કરશે.

## કચ્છના છાત્રનો રાજ્યમાં ડંકો

ગુજરાતના શિક્ષણ બોર્ડે તાજેતરમાં ધોરણ-૧૦નું પરિણામ જાહેર કર્યું હતું. સળંગ બીજા વર્ષે ૫૪ ટકા જેટલા કંગાળ પરિણામથી કચ્છી શિક્ષણ જગતમાં ઉચાટ વચ્ચે ગૌરવ લેવાની બીનામાં કચ્છના શ્રેયસ અનિલભાઈ ગોરે ૯૯.૯૯ પર્સન્ટાઇલ રેન્ક મેળવીને સમગ્ર ગુજરાતમાં ટોચની હરોળમાં સ્થાન મેળવ્યું છે અને શિક્ષણની દૃષ્ટિએ પછાત ગણાતા રહેલા કચ્છના

ઇતિહાસમાં સીમાચિહ્નરૂપ સફળતા મેળવી છે. હૃદયરોગના નિષ્ણાત તબીબોની દેશમાં ઓછી સંખ્યા હોવાનું કહેતાં કચ્છ યુનિવર્સિટીના પ્રથમ રજિસ્ટ્રાર અને હાલ પ્રાધ્યાપક ડૉ. અનિલભાઈ ગોરના પુત્ર શ્રેયસે આ વિરલ ગણી શકાય તેવી સફળતા મેળવ્યા બાદ હૃદયના રોગીઓની સેવા માટે કાર્ડિયોલોજિસ્ટ બનવાની મહત્ત્વાકાંક્ષા વ્યક્ત કરી હતી.

### કચ્છની ત્રણ સરકારી કોલેજોમાં ૩૦ પ્રાધ્યાપકોની ઘટ

દરેક તાલુકામાં કોલેજની યોજના અંતર્ગત કચ્છના લખપતને મળેલી કૉલેજ માટે જમીન મંજૂર કરી દેવાના અહેવાલ બહાર આવ્યા અને થોડા સમયમાં કૉલેજોમાં પ્રવેશની પ્રક્રિયા પણ શરૂ થઈ જશે. પણ નવા સત્ર પહેલાં જિલ્લાની જે સરકારી કૉલેજો છે તેની સ્થિતિ ચિંતા ઉપજાવે તેવી છે. સંપૂર્ણ સરકારી ત્રણ કૉલેજોમાં મંજૂર થયેલી શૈક્ષણિકની કુલ ૬૭ જગ્યાઓમાંથી ૩૦ અધ્યાપકોની જગ્યા તો ખાલી છે. જ્યારે બિનશૈક્ષણિકની સરકારે તેના ચોપડે મંજૂર જ કરી દીધેલી જિલ્લાની કુલ ૧૮ જગ્યાઓમાંથી અડધાથી વધુ દસ ખાલી પડી છે. ધોરણ-૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહનું પરિણામ આવતાં કૉલેજોમાં પ્રવેશ પ્રક્રિયા પણ શરૂ થઈ જશે ને લખપતની કૉલેજ આ નવા સત્રથી ખૂલી જવાનો તખ્તો ઘડાઈ ચૂક્યો છે, પણ જે છે તેની સ્થિતિ પહેલાં સુધારો માંગી લે તેવી હોવાનું તારણ બહાર આવે છે. ■

# પ્રતિભાવ

### શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

'કચ્છશ્રુતિ'ની ઉપરોક્ત કૉલમ ખરેખર ખૂબ જ સરસ છે. છતાં જે રીતે 'કામ કરતી સરકાર' પ્રજાને પોતાની પ્રવૃત્તિઓથી વાકેફ કરે તે રીતે કચ્છ શ્રુતિના વાંચકોને, કચ્છી સમાજ - અમદાવાદ, શું પ્રવૃત્તિ કરે છે તેના વિશે અપાતો અહેવાલ જરૂરી સાથે અનિવાર્ય છે. પણ કદાચ મારા અંગત અભિપ્રાય મુજબ, ઘણીવાર કંટાળાજનક કે પાના ભરવા માટે અપાતી પ્રવૃત્તિ લાગે છે અને સામાન્ય રીતે વાંચકોમાંથી કદાચ ૫થી ૧૦% જ વિગતવાર વાંચતા હશે એવો મારો અંગત મત છે.

છતાં, હું દૈનિક અહેવાલને વધુ રસપ્રદ કે લોકભોગ્ય બનાવવા નીચેના સૂચન જણાવું છું :

૧. 'દૈનિક અહેવાલ'ને બદલે ____ થી ____ (મહિના કે તારીખ) શ્રી કચ્છી સમાજ - અમદાવાદની પારીવારીક પ્રવૃત્તિ. (શ્રી કચ્છી સમાજને પરિવાર ગણીને કે સમજીને) અથવા શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું રસ દર્શન રાખવું. બીજા કોઈ સૂચન કે શિર્ષક હોય તો પણ ધ્યાનમાં લેવા.

૨. તારીખ પ્રમાણે છાપવાને બદલે નીચે મુજબ વિભાગ રાખી શકાય તો ટૂંકમાં અને સચોટ રીતે દર્શાવી શકાય. જેવા કે : (a) મુલાકાત અને મુલાકાતીઓ, (b) પ્રવૃત્તિ, (c) ઇતર પ્રવૃત્તિ, (d) જવાબદારી, (e) વિતરણ, (f) અતિથિ વિશેષ, (g) ભંડોળ, (h) વિચાર વિમર્શ, (i) મિટિંગ કે સભા, (j) આગામી કાર્યક્રમોની ઝાંખી, (k) સમાજના ઘટકોની નોંધ, (l) આર્થિક બાબતો કે અર્થોપાર્જન કાર્યક્રમ, (m) દાતાઓ, (n) લાઇબ્રેરી વગેરે વગેરે શિર્ષક નીચે સમગ્ર અહેવાલને આવરી લેવામાં આવે તો મને લાગે છે કે સભ્યોને ટૂંકમાં, કદાચ એકાદ કે દોઢ પાનામાં વિગતથી વાકેફ કરી શકાય.

આ મારો નમ્ર અભિપ્રાય કે સૂચન છે, જે તંત્રી મંડળ કે સમાજના હોદ્દેદારો, કારોબારી વિગેરેને યોગ્ય લાગે તે રીતે અમલ કરવા કે કરાવવા વિનંતી.

*બલવીરસિંહ જાડેજા - અમદાવાદ*

★

### 'કચ્છશ્રુતિ' માસ મે-૨૦૧૬ના અંકનો પ્રતિભાવ

માસ મે ના અંકમાં તંત્રીશ્રીએ વ્યક્ત કરેલા વિચારોનો આ પ્રતિભાવ.

શ્રધ્ધા એટલે શું? સ્પષ્ટ વ્યાખ્યા કરીએ તો – એક એવી રૂઢ માન્યતા કે જેનો પ્રત્યક્ષ પુરાવો જ ન હોય, તર્કશુધ્ધ પણ ન હોય છતાં લોકો માને એ શ્રધ્ધા. આ રીતે જોઈએ તો શ્રધ્ધાપાત્ર અંધ છે, કારણ પ્રત્યક્ષ પુરાવા કે તર્કશુધ્ધિ હોય એ હકીકત બની જાય.

આમ છતાં લોકો ઈશ્વર, ભગવાન, અલ્લાહ કે ગૉડ, કે પછી તેના પુત્રો, પયગંબરો કે અવતારોને માને ત્યાં સુધી તો ઠીક, પણ પછી પોતાને એ બધાના સીધા પ્રતિનિધિઓ કહેવડાવતા અથવા ભગવાન કહેવડાવતા લેભાગુ બાબાઓ, કહેવાતા સંતો (આશારામ જેવા)ને માને, તેઓની પાછળ ન કરવાનું કરવા તૈયાર થઈ જાય, સ્ત્રીઓ પોતાનું શીલ ગુમાવવા તૈયાર થઈ જાય ત્યારે એ તો અંધશ્રધ્ધાની હદ થઈ ગઈ. એમાં ફસાનારાઓ બધા અભણ નથી હોતા!

વળી અંધશ્રધ્ધાઓ ફેલાવવામાં ધર્મગુરુઓનો હિસ્સો ગણનાપાત્ર હોય છે એમ તંત્રીશ્રી કહે ત્યારે એ સાચા છે, પછી તેઓ કોઈપણ ધર્મના હોય.

કુદરતી આફતો લોકોના પાપના કારણે આવે છે એમ ધર્મવાળાઓ કહે એ સ્વાભાવિક ગણાય, પણ ગાંધી જેવા ગાંધીએ ૧૯૩૪ના બિહારના ધરતીકંપને ભારતીયોના પાપ - અસ્પૃશ્યતાની સજારૂપે હોવાનું કહ્યું હતું! એ વખતે તેમની ટીકા પણ બહુ થઈ હતી.

સૂર્ય - વરુણ વગેરે કુદરતી બળોની પૂજા હિંદુ પરંપરામાં પ્રાચીનકાળથી છે, પણ શનિ - મંગળના નામે તો નર્યો ભય જ ફેલાવવામાં આવ્યો છે. લગ્નોમાં કુંડળી મેળવનારાઓ આ બે ગ્રહોનું નામ આવતા જ છળી ઉઠે છે!

ભારતમાં ભરાતા કુંભ જેવા મહામેળાઓ, કેટલાય તહેવારો, ઉત્સવો વગેરેમાં એકત્ર થતી મહામેદનીઓ પાછળ પણ કયું લોજીક છે? એ વખતે ક્ષીપ્રા, ગંગા કે ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાથી કયા પાપ ધોવાતા હશે? અને વરસોવરસ ક્યાંક ને ક્યાંક નાસભાગ થાય, સેંકડોની જાનહાનિ થાય — જેવા તેઓના નસીબ! આ બધી (અંધ) શ્રધ્ધાઓ સંસ્કૃતિના નામે પરાપૂર્વથી પોષાતી આવી છે.

પરંપરાવાદ એ આપણા જીન્સમાં છે. લોજીક હોય કે ન હોય, પરંપરા જળવાવી જોઈએ, પછી તે શિંગણાપુરની હોય કે સબરીપાલની. આવી પરંપરાઓ સામે ઘણીવાર સરકાર કે કાયદો પણ લાચાર થઈ જાય છે અને કોર્ટોએ વચ્ચે પડવું પડે છે. આપણા સમાજમાં જ લગ્નપ્રસંગોમાં કુટુંબે કુટુંબે કેટલીય ચિત્ર-વિચિત્ર પરંપરાઓ જોવા મળે છે. જ્ઞાતિઓ વચ્ચે વળી અલગ પરંપરાઓ હોય! પોતાની જ વાત કરીએ તો અમારા સંઘવી કુટુંબમાં એવી પરંપરા હતી કે પહેલો પુત્ર પરણે ત્યારે વરઘોડો ચડે ત્યારથી તે પરણી ઉતરે ત્યાં સુધી માતા-પિતાએ ઊભા રહેવું! બેસાય નહિ. કારણ? શા માટે? કોઈને કંઈ જ ખબર નહિં! બસ પરંપરા! આને પાળવામાં બધા જ ભણેલા. હસ્ત મેળાપનો સમય મુહૂર્ત જોઈને જ નક્કી થાય (૧૨.૩૯ મિનિટ) બધા જાણતા હોય કે સમય નહિં જળવાય, છતાં એમ જ લખાય!

બીજી ખોટી અંધશ્રધ્ધા પ્રાચીનકાળથી વિશ્વભરમાં પ્રચલિત છે એ જ્યોતિષ. આકાશી પદાર્થો ગુરુત્વાકર્ષણના બળથી પૃથ્વી ઉપર અસર કરે, પણ જન્મ સમયની ગ્રહોની સ્થિતિ વ્યક્તિ ઉપર કેમ અસર કરે? વળી પ્રાચીન ગ્રહો જ અસર કરે. યુરેનસ, નેપચ્યુનનું નામ જ નહિં! અને રાહુ - કેતુ તો કલ્પનામાં ખરા જ. શનિ - મંગળની જેમ રાહુનો પણ એટલો જ ડર!

આવી અનેક અંધશ્રધ્ધાઓ આપણા તેમજ અન્ય દેશોમાં પ્રચલિત છે, પણ જાગૃતિ આવી રહી છે. ધીરે ધીરે એ પણ જશે. અમારા જમાનાની ઘણી (અંધ) શ્રધ્ધાઓનું હાલના સમયમાં અસ્તિત્વ નથી. છતાં હજુ આપણા નેતાઓ, રાજપુરુષો અને ભણેલા ગણેલાઓ પણ મુહૂર્ત, શુકન કે જ્યોતિષમાં માને છે. શ્રાધ્ધના દિવસોમાં શુભ કાર્ય નહીં જ કરે, પણ અશુભ કાર્યમાં વાંધો નહીં!

એકંદરે જ્યોતિષના આધારે ચાલવાવાળાઓમાં આત્મવિશ્વાસનો અભાવ હોય છે. પોતાની શક્તિ અને પુરુષાર્થ ઉપર આધાર રાખનાર જ સફળ થાય છે.

*છેલ્લે — મારું અળવીતરું!*

દુનિયાના બધા ધર્મોના કોઈ ધર્મગુરુઓ જ ન હોત તો આજે બધા ધર્મોની હાલત ઘણી સારી હોત એમ નથી લાગતું?

***મગનલાલ સંઘવી - અમદાવાદ***
***ફોન : (૦૭૯) ૨૬૮૭૧૯૨૫***

★

**'કચ્છશ્રુતિ' માસ મે-૨૦૧૬**
**અગત્યના વિષય પરત્વેના 'તંત્રીલેખ' બદલ ધન્યવાદ**

'કચ્છશ્રુતિ'ના મે-૨૦૧૬ અંકના તંત્રીલેખમાં તંત્રીશ્રીએ ખૂબ જ અગત્યની વાતો અત્યંત સાદી, સરળ અને સૌમ્ય ભાષામાં જણાવીને ઘણું બધું કહી દીધું છે.

**આ લેખ 'કચ્છશ્રુતિ'ના વાચકવર્ગમાંથી કોઈની નજરમાંથી છટકી ગયું હોય તો તે સૌને મારી નમ્ર વિનંતી છે કે મે-૨૦૧૬ના અંકમાં તે લેખ અવશ્ય વાંચી જાય.**

માત્ર વાંચી જાય એટલું જ પૂરતું નથી પણ આપણા સૌના અભિગમમાં ફેર પડે અને આપણે દરેક વાતને વૈજ્ઞાનિક અને તાર્કિક રીતે સ્વતંત્ર બુધ્ધિથી વિચારતા થઈ જઈએ, તેવો ઉદ્દેશ છે.

**આપણે સૌ કેટલો વખત સુધી ઘેટાંના ટોળા બની રહેશું? ક્યારે વિચારતા શીખીશું?**

આપણી તમામ આફતોનું મૂળ છે ધાર્મિક તેમજ સામાજિક અને રાષ્ટ્રીય બાબતો પ્રત્યેની વિચારશૂન્યતા.

આ તંત્રીલેખ બદલ તંત્રીશ્રીને ઘણા ઘણા ધન્યવાદ.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

★

**'કચ્છશ્રુતિ' સજાવટ અને મુદ્રણ કાર્ય ખૂબ આકર્ષક**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સંચાલિત પુસ્તક લાઈબ્રેરી યોજના અમલી બનાવી એ જાણી આનંદ થયો. આદર્શ - અમદાવાદ વિના મૂલ્યે તબીબી સારવાર અંગેની વિગત પણ 'કચ્છશ્રુતિ'ના માધ્યમથી જાણવા મળી. કચ્છ અને કચ્છના લોકો બહારગામ રહેતા

**(અનુસંધાન : જુઓ પાના નં. - ૨૭ ઉપર)**

Ramesh Savla
Manish Savla
94260 77479

**ARIHANT INDUSTRIES**

Mfg :
Bakellit, eMoulding & Panel Board, Accessories,
Push Buttons, Connector Strip & Cooker Handles

5/33, G.I.D.C. Ind. Estate, Phase-1, Vatva, Ahmedabad-382 445.
Ph.: (F) (079) 25831205 • (R) (079) 25464948

Bharat B. Gala
Nanvinchandra D. Dedhia

SRE
**Raju** ENTERPRISE

179 & 323, Unit-2, G.V.M.M,
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

RE- ROLLING /
S.S PATTA-PATTI

Niten Vasa

**Essen Dyechem**

Deals in : Dyes, Chemicals & Pigments

26, Karnavati Estate Part-II, Near Ramol Cross Roads,
Phase-IV, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445.
Ph. [O] (079) 2584 0108 [R] (079) 2684 0690
M.: 98240 14995

KAMLESH SHAH 9825018180

**AMAM MARKETING**

SALES PROMOTER

JK LAKSHMI CEMENT Ltd.

207, Sarthak Swastik Char Rasta, C.G.Road, Ahmedabad-380009.
Tel: (0) 079-26407413, 26562649 • (R) 26604912
Email: kms9659@gmail.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

**BHAGYODAY QUARRY WORKS**
[MINING & CRUSHING INDUSTRIES]

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com

**ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ**
મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર

૧, ઝલક કોમપ્લેક્ષ, ભટ્ઠા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપાલ

Let's Move towards Nature...
All things will be destroyed with time but time never just like...
**શાશ્વત Green**
Plots & Farmhouse

ACTUAL SITE PHOTOGRAPHS






Site Address : **Shashwat Green**
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanad - Nalsrovar Road, Dist.: Ahmedabad.

Developers
Shashwat Reators

Hasmukh Patel : 9879608051
Vinod Patel : 9879608054
Anupam Patel : 9879608057

મનુષ્યનું જીવન વિચારોથી જ ચાલે છે.
જો વિચાર સારા હોય તો જીવન સારું બનશે,
જો વિચાર ખરાબ હોય તો જીવન ખરાબ બની જશે.
*- સ્વામી વિવેકાનંદ*

**ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર**
**હર્ષ, રિયા અને યશ ઠક્કર**

-॥ ઓફિસ ॥-
એફ-૪૨, શુભ કોમ્પલેક્ષ, રાજસ્થાન હોસ્પિટલની બાજુમાં, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : ૨૨૮૮૪૧૬૧-૬૨

-॥ ઘર ॥-
એ/૩/૪, ઈલાઈટ એપાર્ટમેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૨૨૮૬૭૯૩૨

Gujarat's Leading Electronic Manufacture
(TOTAL EMS SOLUTION)

Innovision Systems & Devices
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

Innovision Systems & Devices Pvt Ltd
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com

SHREE SAHJANAND TRAVELS
Visit us: www.sst.bookong.com
23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.
M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078
Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi, Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa

Chandresh Virendra Lodhaya
M: 9825009803
(O) 079-25460380, 25465915
(R) 26634090 (F) 25450960
C. Narshi Roadlines
Fleet Owners & Transport Contractors
96,Hirabhai Market, Diwan Ballubhai Road, Ahmedabad-380022
DAILY PARCEL & FTL SERVICE
Sholapur, Urlikanchan, & Ichalkaranji, Secunderbad, Hyderabad, Hubli, Bangalore & All Telangana, AP.
Booking Godown : B/h, Mahipatram Ashram, O/s Raipur Gate Ph: (079) 25471676
Booking Crossing & Delivery : 6, Transport Nagar, Narol Tel: (079) 25713147
Delivery Godown : 94, Guj, Ginning Mill Compound, O/s. Prem Gate
Tel: (079) 22133082 M:9427605575

H. Patel & Associates
Chartered Accountant
Contact:
Harsukh Patel 9825070384
Ghanshyam Patel 9426172584
80, Pankaj Society, Near Anjali BRTS, Anjali Char Rasta, Paldi Bhatha, Ahmedabad. Ph: (079) 25331982



II SHRI HARI II
SHREE SWAMINARAYAN TRAVELS
22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH
• Bhuj : 9825804763 | Gandhidham : 9825804703
• Anjar : 9099943074 | Mandvi : 9099943070
• Una : 9825804253 | Rajula : 9825804754
• Div • Pune • Nasik • Sirdi • Mumbai •
• Baroda : 9275051712 | Vidyanagar : 9825525732
• Raipur : 9825804761
• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •
Visit us : www.sstbus.in

JITUBHAI SANGHVI
M: 9978445240 • 09275704452
Email : rupantar.s.jitu@gmail.com
Wedding Album, Function, Birthday, Portfolio & Teletopspe for Kids Photography Still & Video Live
જીતુભાઈ સંઘવી ફોટોગ્રાફર



પ્રોડક્ટ, પોર્ટફોલિયો, મોડેલિંગ, લગ્ન, ફેમેલી તથા બાળકોના આલ્બમ માટે મળો.

Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600



HOME DESIGN FURNITURE
Showroom & Mfg. of Wooden Furniture
Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set
Shop No. 102, 1st Floor, Sarthak-II, Opp. Rajpath Club, S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

MAHESHBHAI
M. : 92272 11715
SWASTIK
GUM INDUSTRIES (INDIA)
MANUFACTURERS & EXPORTERS OF
Guar Gum Refined Splits, Powder & All Types of Textile Thickners, Korma, Churi (Cattle Feed), Spices & Crude Drugs
328, G.V.M.M. Vasahat, Odhav, Ahmedabad-382 415.
Phone : (O) 2290 0063, 2290 0064 (R) 2287 0062
Fax : 91-79-2290 0065 E-mail : sgi@bom3.vsnl.net.in

# તંત્રીલેખ શિક્ષણ અને સ્વાસ્થ્યને સેવા ક્ષેત્રે રહેવા દો - વ્યાપાર ક્ષેત્રે નહીં

• અશોક મહેતા •

શિક્ષણ અને સ્વાસ્થ્યને સેવા ક્ષેત્રને બદલે વ્યાપાર ક્ષેત્રે લઈ જવાથી એ ક્ષેત્રે કાર્યરત ગણ્યાગાંઠ્યા લોકોને અઢળક ફાયદો થાય છે પરંતુ તેનાથી પરોક્ષ રીતે કરોડો લોકોને અનહદ નુકસાની થાય છે. અસહ્ય ભાર તળે દબાઈ રહેવું પડે છે. અનપ્રોડક્ટીવ રીતે થતી મૂડીની આ હેરાફેરી કોઈ પણ સંજોગોમાં બંધ કરાવવી જોઈએ. આ ક્ષેત્રો વ્યાપાર ક્ષેત્રે ગયેલ હોવાથી સારાયે દેશને અઢળક નુકસાની સહન કરવી પડે છે. તેના માટે આપણે રાષ્ટ્રીય ક્ષેત્રના છેલ્લા ૫૦ વર્ષના માંધાતાઓને જવાબદાર ગણી શકીએ. તેમના તરફ આંગળી ચિંધી શકીએ.

નાના હતા ત્યારે ગામડાંની સ્કૂલમાં ભણતા હતા. ગામમાં બે પ્રકારની શાળાઓ હતી : દરબારી એટલે કે સરકારી અને ગામના મહાજન કે મંડળ દ્વારા ચલાવાતી પ્રાઈવેટ શાળાઓ. સરકારી શાળાઓમાં ૪ ધોરણ સુધી મફત શિક્ષણ પૂરું પાડવામાં આવતું. મહાજન દ્વારા ચલાવાતી, ૭ ધોરણ સુધીની શાળા બે કે પાંચ રૂપિયાની માસિક ફી થી ચાલતી. બંને શાળાના શિક્ષણનું સ્તર લગભગ સમાન રહેતું. શિક્ષકને એ સમયે માસ્તર કહેવામાં આવતા કે જેઓ પૂરી નિષ્ઠાથી વિદ્યાર્થીઓને ભણાવતા. અભ્યાસની સાથે સાથે કસરત, વ્યાયામ, અખાડાઓ, નાટ્ય જેવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ આ શિક્ષકો દ્વારા જ ચલાવાતી. વર્ષમાં અથવા તો કોઈ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો કરાવવામાં આવતા. ટ્યુશન પ્રથાનું ભાગ્યે જ કોઈ સ્થળે નામ હતું. તેનું નામોનિશાન ન હતું તેવું કહીએ તો પણ ચાલે. આ ક્ષેત્રને સેવાના ક્ષેત્ર તરીકે જ ગણના કરવામાં આવતી. શિક્ષણ એ વ્યાપારનું એક મોટું સાધન છે તેની કલ્પના પણ કોઈને ન હતી.

ધોરણ-૭ પછી અભ્યાસ કરવો હોય તો નજદીકના શહેરમાં અથવા તો મુંબઈ જેવા શહેરમાં જવું પડતું. મુંબઈની મોટાભાગની સ્કૂલો જે તે સમાજ કે ટ્રસ્ટ દ્વારા ચલાવાતી. શહેરોમાં પણ અભ્યાસ અંગેની માસિક ફી ખૂબ જ માફકસર રહેતી. દરેક પરિવારને પરવડે તેવી રહેતી. શહેરોમાં પણ ટ્યુશન ક્લાસ ભાગ્યે જ રહેતા. કૉલેજો પણ સમાજના ટ્રસ્ટો દ્વારા અથવા ઉદ્યોગપતિઓના ટ્રસ્ટો દ્વારા ચલાવાતી. અહીં પણ કાર્યરત લોકોનો હેતુ સેવાનો હતો. એ સમયે જે લોકો અમેરિકા વધુ અભ્યાસાર્થે ગયા અને ત્યારબાદ ઠરીઠામ થઈને ત્યાંનો જ વસવાટ સ્વિકારી લીધો, એ લોકો આજે ૭૦-૮૦ વર્ષની વયે પહોંચેલ હશે. એ નાગરિકોનો શાળા કે કૉલેજનો અભ્યાસ ઉપર વર્ણવ્યા અનુસારનો જ રહેવા પામેલ હતો. આજની મોંઘીદાટ ફી લે તેવી શાળાઓ, કૉલેજો કે ટ્યુશન ક્લાસ વગર જ આ સિધ્ધિએ પહોંચેલ હતા.

એ સમયે શિક્ષણને સેવાનું ક્ષેત્ર ગણવામાં આવતું અને ગામની કે શહેરની એકેએક વ્યક્તિ આ ક્ષેત્રને સેવાના ક્ષેત્ર તરીકે જ નિહાળતી.

એ જ રીતે ગામમાં બે પ્રકારના દવાખાના રહેતા. એક પ્રકાર હતો સરકારી દવાખાનાનો કે જ્યાં કોઈ પણ ફી લીધા વગર ડૉક્ટર દ્વારા દર્દીની ચકાસણી કરવામાં આવતી અને મફતમાં જરૂરી દવા આપવામાં આવતી. અન્ય દવાખાનું ગામનું મહાજન ચલાવતું કે જ્યાં નજીવી ફી લઈને સારવાર કરવામાં આવતી. કેટલાક ગામમાં ડૉક્ટર પ્રાઈવેટ પ્રેક્ટીસ કરતા પરંતુ તેમની ચકાસણી કે દવા બે કે પાંચ રૂપિયામાં જ પૂરી થઈ જતી. દરેક ડૉક્ટરને ત્યાં દર્દીનું ખાતું ચાલતું અને મહિને, બે મહિને કે બારે મહિને સગવડ થાય ત્યારે સારવાર મેળવનારાએ આ પૈસા ચૂકવવાના રહેતા. સ્વાસ્થ્ય માટેનું આ ક્ષેત્ર પણ સેવાનું ક્ષેત્ર ગણાતું અને ડૉક્ટર, મહાજન, સરકારી અધિકારી વર્ગ કે ગામનો નાગરિક સ્વાસ્થ્યને સેવા ક્ષેત્રની નજરે જ નિહાળતું. ગામમાં ડૉક્ટરની ઈજ્જત ખૂબ જ ઊંચી રહેતી હતી.

શિક્ષણ અને સ્વાસ્થ્યના આ બે ક્ષેત્ર પર આપણે આજે નજર ફેરવીએ તો તરત જ ખ્યાલ આવી શકે કે આ ક્ષેત્રો હવે સેવાના ક્ષેત્રો તરીકે નથી રહ્યા. આ ક્ષેત્રો પણ વ્યાપારના ક્ષેત્રો બની ગયા છે. આ ક્ષેત્રમાં રહીને જે લોકો વ્યાપાર

કરે છે એ અઢળક નાણાં કમાય છે. સામે પક્ષે પ્રજા અઢળક દેવું કરીને કે લોન મેળવીને પણ પોતાના પાલ્યના ભવિષ્યના ઉજ્જવળ ભાવિ માટે પોતાના ગજા કરતાં પણ અનેકગણો ખર્ચ કરીને તેની જિંદગી સુધારવા ભરપૂર પ્રયાસ કરે છે. જુનિયર કે.જી.માં પ્રવેશ ફી રૂા. ૧.૫૦ લાખ, એન્જિનિયરીંગમાં પ્રવેશ ફી રૂા. ૮ થી ૧૦ લાખ, મેડિકલ ક્ષેત્રે દાખલ ફી રૂા. ૧૫થી ૨૦ લાખ અને એમ.ડી. ક્ષેત્રે દાખલ ફી રૂા. એક કરોડને આંબવા આવી છે. અહીં પણ વ્યાપારના અનેક ક્ષેત્રોની માફક ડિમાન્ડ અને સપ્લાયનો નિયમ લાગુ પડે છે. સપ્લાય કરતાં ડિમાન્ડ વધુ હોવાથી અનહદ નાણાં લેવાય છે. એ રીતે ટ્યુશન ક્લાસો પણ ઠેર ઠેર ફૂટી નીકળ્યા છે. ટ્યુશન વગર પાસ જ ન થઈ શકાય તેવી માનસિકતા પ્રજાના મગજમાં પેદા કરવામાં આવેલ છે. પરિણામે દરેક વિદ્યાર્થીને ટ્યુશન તો લેવું જ પડે છે. અહીંના દરો પણ સામાન્ય વિદ્યાર્થીને પરવડી શકે તેવા હોતા નથી.

આજે સાધારણ બીમારીમાં હોસ્પિટલમાં દાખલ થવાનો વારો આવે તો ૪-૬ દિવસમાં જ રૂા. ૫૦થી ૭૫ હજારનું બીલ આવી જાય છે. ઑપરેશનમાં બે થી ત્રણ લાખનો ખર્ચ થઈ જાય છે. તેનાથી મોટી બીમારી હોય તો બીમારીના પ્રમાણમાં ખર્ચ રૂા. ૮-૧૦ લાખ કે કેટલાક કિસ્સામાં ૨૫-૩૦ લાખ સુધી પહોંચી જાય છે. પોતાના અભ્યાસ સમયે કરેલ ખર્ચનું વળતર મેળવવા માટે ડૉક્ટરો પાસે આ એક જ ઈલાજ બાકી રહે છે.

શિક્ષણ અને સ્વાસ્થ્ય, આ દેશમાં સેવાના ક્ષેત્રો હતા તે છેલ્લા ૫૦ વર્ષમાં વ્યાપારના ક્ષેત્રો બની ગયા છે. દેશનું સંચાલન કરતાં સત્તાધીશોની અને રાજકીય ક્ષેત્રના માંધાતાઓની ઘોર બેદરકારી, અપ્રામાણિકતા અને ટૂંકી દૃષ્ટિના થકી સારાયે ભારત દેશને આ મુકામે લાવીને મૂકી દીધેલ છે. જે તે સમયે તેઓ પરિસ્થિતિને વશ ન કરી શક્યા અને આ સેવાના ક્ષેત્રને વ્યાપારનું ક્ષેત્ર બનતા રોકી ન શક્યા તેનું આ પરિણામ છે. તેના કારણે દેશને ભયાનક નુકસાન થઈ રહેલ છે. સામાન્ય જનની પ્રગતિ રૂંધાઈ રહેલ છે.

દેશના એકે એક બાળકને મફત અથવા તો ક્ષુલ્લક દરે ઉચ્ચત્તમ સુધીનું શિક્ષણ પ્રાપ્ત થઈ શકે અને કોઈ વ્યક્તિ નાદુરસ્ત બને ત્યારે તેની સારવાર નજીવી કિંમતે થઈ શકે, તો વિચારો કે દેશના કેટલા નાણાંનો વ્યય થતો અટકી જાય! કેટલાયે રૂપિયાની અનપ્રોડક્ટીવ હેરાફેરીને રૂક જાવનો આદેશ લાગી શકે! કેટલાયે સમર્થ લોકોને આગળ આવવાનો મોકો મળી શકે!

આજે પણ દેશમાં કેટલાયે સમાજો કે જાહેર ટ્રસ્ટો આ ક્ષેત્રને સેવાક્ષેત્ર તરીકે જ ગણે છે અને શાળાઓ, કૉલેજો, હોસ્પિટલો, મેડિકલ સેન્ટરો, પરીક્ષણ કેન્દ્રો, ડાયાલિસિસ સેન્ટરો વગેરે નજીવા દરે ચલાવીને (અને ખોટ જતાં ડોનેશન દ્વારા નાણાં એકત્રિત કરીને) પ્રજાની સેવા કરવાની ધૂણી ધખાવીને બેઠા છે. સરકારશ્રી આ ક્ષેત્રે કાર્યરત સેવાભાવી ટ્રસ્ટને મકાન અને મશીનરી વસાવવા પૂરતી નાણાંકીય સહાય કરે તો આ ક્ષેત્રો ખરેખર સેવાના ક્ષેત્રો બની શકે. ગરીબીમાં પીલાતી પ્રજાને પોતાના બાળકોના ભાવિ માટે ગજા બહારના ખર્ચ કરવા ન પડે. અનેક લોકોને આગળ આવવાની તક મળે, કે જે સરવાળે દેશને જ ફાયદો કરાવશે. અનપ્રોડક્ટીવ નાણાંની હેરાફેરી બંધ થવાથી મોંઘવારી પર પણ કાબૂ આવી શકશે.

પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિશ્રીઓએ આ પ્રકારના ટ્રસ્ટોને પૂરતું પ્રોત્સાહન પૂરું પાડવા સરકારશ્રી સાથે પૂરતા પ્રયાસ કરી, જરૂરી નિયમો બદલાવવા જોઈએ – એ આજના સમયની માંગ છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

**To Register Your Name in "Kutchi Telephone Directory - 2016"** (For Ahmedabad - Gandhinagar Only)
Click on Link : **www.kutchisamaj.amdavad.com**

પર્યાવરણ

• જળ એ જીવન છે •

# સંગ્રહ કરેલું વરસાદી પાણી અછતના સમયે ખપમાં આવે

• કિરણ ચાંપાનેરી 'સેતુ' - ફ્રીલાન્સ પત્રકાર •

ખેડૂત મિત્રો, ઉનાળાના દિવસો અડધાથી વધુ પૂરા થયા ત્યાં તો ચારેકોરથી પોકાર પડવા માંડ્યાં. શહેરી વિસ્તારની અમુક સોસાયટીઓમાં બે-ત્રણ દિવસે પાણી મળે છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ પાણીની સમસ્યા સર્જાઈ છે. ગુજરાત - સૌરાષ્ટ્રના નાના મોટા બંધોમાં પાણી સૂકાઈ ગયા છે. બંધો ખાલીખમ થતાં આસપાસના ગામડાંઓમાં પીવાના પાણીની ખેંચ વર્તાઈ છે. પીવાના પાણીની જ ખેંચ હોય, માથાકૂટ હોય ત્યાં સિંચાઈ - ખેતી માટેના પાણીની તો વાત જ શું કરવી? ઉત્તર ગુજરાતના સરહદી વિસ્તારના ગામડાંઓમાં તો ગ્રામજનો તળાવ, તલાવડીના ગંદા પાણી પીવા મજબૂર બન્યા છે. મહારાષ્ટ્રમાં પાણીની તંગીને કારણે ઘરની પાણીની ટાંકીને તાળા મારી રાત્રે ચોકી પહેરો કરવો પડે છે.

સરકારી અહેવાલ પ્રમાણે ગુજરાતમાં અછતની સ્થિતિના મંડાણ થઈ ગયા છે. સરકારે આનાવારી પ્રમાણે ૫૨૬ ગામોમાં અર્ધ અછતની સ્થિતિ જાહેર કરી છે અને ૬૨૩ ગામોને અછતના અસરગ્રસ્ત જાહેર કર્યા છે. રાજયના ૩૩ જિલ્લાઓમાંથી ૧૨ જિલ્લાઓમાં પાણી ખલાસ થઈ ગયા છે. રાજયના ૨૦૨ ડૅમોમાંથી ૭૫ ડૅમો ખાલીખમ થઈ ગયા છે. ૧૫૫ જેટલા ડૅમોમાં પીવાલાયક પાણી નથી. નર્મદાના નીરને અછતગ્રસ્ત વિસ્તારોમાં પહોંચાડવાની સરકારની યોજના તો છે, પણ યોજના સાકાર થાય ત્યારે...! ખાલી થયેલા ડૅમો અને જળાશયો સુધી નર્મદાના પાણી પહોંચ્યા નથી. વહેલાસર પાણી જળાશયોમાં પહોંચે તો રાહત થાય...

ખેડૂત મિત્રો, આપણે સૌ ગુજરાતી કહેવત તો જાણીએ છીએ કે - **તરસ લાગે ત્યારે કૂવો ખોદવા ન બેસાય!** દર ચોમાસે પુષ્કળ વરસાદી પાણી વહી જાય છે. શહેરો, ગામ, ખેતરોમાંથી વરસાદી પાણીને વહી જતું બચાવીને સંગ્રહ કરવાના નક્કર પ્રયોગો કે કાર્ય થાય છે ખરું? ખેડૂત મિત્રો, કુદરત તો આપણને વરસાદરૂપે પુષ્કળ પાણી આપે છે. આપણા દેશમાં સરેરાશ વાર્ષિક વરસાદ ૧૧૦૦ મિલિમિટર અને ગુજરાતમાં ૬૦૦થી ૮૦૦ મિલિમિટર વરસાદ પડે છે. પણ મોટાભાગનું વરસાદી પાણી વોકળા, નાળા, નદી દ્વારા સમુદ્રમાં વહી જાય છે. થોડુંક પાણી કુદરતી જળાશયો અને માનવસર્જિત સંગ્રહ સ્થાનોમાં સંગ્રહાઈને જમીનમાં ઉતરે છે જેનાથી પાણીના સ્તર ઊંચા આવે છે, બોર, કૂવા સજીવન થાય છે. પાણીની ગુણવત્તા સુધરે છે.

સંઘરેલો સાપ પણ કામ આવે — આ વાત તો ખેડૂત મિત્રો, આપણે સૌ જાણીએ જ છીએ. જ્યારે જળ તો જીવનને ટકાવે છે. પશુપંખી, માનવીની તરસ છીપાવે છે. ખેતરમાં ઊભી મોલાતનો પોષે છે! પાણી આટલું મહત્ત્વનું હોવા છતાં કેમ તેનો સંગ્રહ કરતા નથી?! વરસાદી પાણીના સંગ્રહ માટે આપણે ત્યાં અગાઉના સમયે ઘણી સરસ વ્યવસ્થા હતી. ગામડે ગામડે તળાવો અને સીમ જળાશયોની વ્યવસ્થા હતી. અમદાવાદ, ખંભાત, સિધ્ધપુર, જૂનાગઢ વગેરે શહેરોમાં ભૂગર્ભ ટાંકાઓમાં વરસાદી પાણીને સંગ્રહીને આખું વરસ તેનો ઉપયોગ કરવામાં આવતો. ખંભાતમાં આજે પણ આવા ઘર ટાંકાની વ્યવસ્થા છે. હવે તો આવા ઘર ટાંકા બનાવવા સરકારે યોજના કરી છે. શહેરી વિસ્તારના મોટા બહુમાળી મકાનો, શાળા - કૉલેજ સંકુલો અને સંસ્થાઓના મકાનોની રચના, બાંધકામમાં વરસાદી પાણીનો સંગ્રહ થાય તેવું ફરજિયાત બનાવ્યું છે. તેમ છતાં મકાનની રચનામાં વરસાદી પાણી સંગ્રહ માટે વ્યવસ્થા કરવામાં આવતી નથી.

જો વરસાદી પાણીનો સંગ્રહ કરવામાં આવે તો અછત, દુષ્કાળના સમયે તે ઉપયોગી થાય. આ સંગ્રહિત પાણીનો ઉપયોગ ઘરગથ્થુ વપરાશ, પશુઓની સારસંભાળ અને ખેતીમાં થઈ શકે છે. ખેડૂત મિત્રો... ખાસ તો કટોકટીના સમયે ખેતરમાં ઊભા પાકને બચાવવામાં આ સંગ્રહ કરેલું પાણી ખૂબ મહત્ત્વનો ભાગ ભજવી જાય છે. ચેકડૅમ, બોરીબંધ, ખેત તલાવડી, બ્રશવુડ ડૅમ, ઘરની છતના પાણીનો સંગ્રહ કરવાના ઉપાયો છે. જે વરસાદી પાણીને સંગ્રહવા માટે ઓછા ખર્ચે અને હાથે તૈયાર થઈ શકે છે.

ખેતરનું પાણી ખેત તલાવડીમાં, ગોચર - સીમનું પાણી નાના મોટા ચેકડૅમ અને બોરીબંધમાં, ઘરના પાણીથી કૂવા રિચાર્જ - ડંકી રિચાર્જ કરવામાં, ફળિયા - ગામનું પાણી ગામ તળાવમાં સંગ્રહ કરવાથી આ સંગ્રહિત પાણી ધીમે ધીમે જમીનમાં ઉતરવાથી ભૂગર્ભજળના સ્તરમાં વધારો થાય છે. ચેક ડૅમની નજીકના આસપાસના વિસ્તારોમાં પાણીના સ્તર

**(અનુસંધાન : જુઓ પાના નં.-૭૩ ઉપર)**

વિચાર વિમર્શ

# મોર્નિંગ વોક

• ડૉ. ગિરીશ વીછીવોરા •

સવારમાં વહેલા ઊઠી ફરવા જવું – જેને હવે મોર્નિંગ વૉક જેવું રૂપાળું નામ મળ્યું છે, તે મારો શિરસ્તો. બહુધા બધી ગલીઓમાં છુટથી ફરી શકાય છતાં પાંચ બગીચા પહોંચી શકાય એટલું જ દૂર. એટલે ઘરેથી નીસરી જવું પાસરું ફાઈ ગાર્ડન જેવું ખરું. ધમધમાટ નીકળવું પાંચ ચક્કર ને પાછા. સવાર સુધરી જાય.

પાંચ બગીચા પહોંચવાના માર્ગ એકથી વધારે. બહુધા મુખ્ય ધોરી માર્ગ ક્રોસ કરી, અરોરા સિનેમાથી ખાલસા કૉલેજ, વી.જે.ટી.આઈ.નો રસ્તો પહોંચાડે પાંચ બગીચે. પાછા વળવા મારો માનીતો માર્ગ ઍડનવાલા રોડ પકડું. વહેલી સવારની શાંતિ ને તે પણ મુંબઈની કેટકેટલી છેતરામણી ભરી હોય છે! રસ્તામાં આવતા મંદિરો દેરાસરો કે ચર્ચો બહુધા બધાને ત્યાંના બિરાજમાન દેવ દેવીએ ઉઠાડી મૂક્યા હોય. ઉઠાડી કામે ચડાવી દે. ભક્તોનું ભલું પૂછવું. ક્યારેય પણ આવી ચડે. ભગવાન જરા નાહીધોઈ મેક-અપ કરી બેઠેલા દેખાય તો સહેજે બધાને ગમે. મંદિરમાં તો ભગવાનની જ આણ વર્તાય. નાનકડું મરૂદેવીનું મંદિર સાવ રસ્તા પર, ખુલ્લું. દેવીની ખાતરબરદાસ્ત થતી જોઈ ક્યારેક મનમાં હેલો જરૂર આવી જાય કે કોઈક મંદિરમાં સ્થાપન શું કામ ન થઈ ગયો!

રસ્તે આવતા એકેએક તરૂવર સાથે ઓળખાણ ખરી. બહુધા ઊંઘરેટા હોય. છતાં એટલા બધા પક્ષીઓને સંઘરી બેઠેલા હોય એમને જાગવું જ પડે. પક્ષીઓનો કલરવ ને કલશોર, એમાંથી ઉઠતો માર્દવભર્યો ઉમંગ ને ઉલ્લાસ, પૂર્વમાં ઉષા બહેનને સૂર્યનું ટિફિન તૈયાર કરી એમને મારતે ઘોડે સમયસર રવાના કરવાની ચીવટ એ બધું સહેજે ધ્યાનમાં આવી જાય. ક્યાંક કોઈક તરૂવરે અજબગજબનું કોઈ આભાસી ચિત્ર ખડું કરી દીધું હોય તે નિહાળવું જ પડે. પાકાં પર્ણ રજા લે. ફરફરતા નીચે પડે. એમનો કંઈ ઢગલો ઓછો જ થાય. અહીં તહીં પડે, ગોઠવાતા જાય ને ચુપચાપ નિંદર માણતા રહે. પક્ષીઓના પીછાનો ફફડાટ કે અન્ય નડતર થોડાંક લીલા પાન પણ ઉતારે. સૂકાંભેગાં લીલાં ગોઠવાઈ જાય. આપણો જવાનો એ જ રસ્તો હોય, પર્ણની રૂપછાયા આપણો માર્ગ અવરોધી બેઠી હોય તો મોઢું બગાડી, જરાક વંકાઈ નીકળવા કરતા એમને શું કામ ન જોવા! ક્યારેક થઈ જાય, ઝાડ સાલું લુચ્ચું છે. ભલે ભોટમામા દેખાતું હોય, સૂકા પર્ણને વચ્ચે લીલાં ટપકાંની એક એબસ્ટ્રેક્ટ કૃતિ રચી બેઠા હોય. જન્નતમાંથી મકબૂલ ફીદા હુસેન આવી ચડે તો સહેજે સુભાન અલ્લાહ વદી, પીંછીના લસરકા શરૂ કરી દે.

પાંચ બગીચા સુધી એકલો જ જાઉં. મનમાની કરી શકું. ક્યારેક આવું કંઈ જોયું, કોઈક નાજુક નમણું સોહામણું નાનકડું તરુણ તરૂબાળ એટલા બધા ફૂલ પહેરી વરણાગી થઈ બેઠું હોય, એને નજરમાં કેમ ન ભરાય? યુડીસીટીના ખૂણે જ ગરમાળાના ઘરાણાનું આવું એક છોડ નજરે ચડે. ફૂલોથી લદાયેલું. વિચાર આવી જાય કે આટલાં બધાં ફૂલ આ ઘુંટણિયા તાણતા બાળકે ક્યાંથી ભેગા કર્યા. જરાક રૂકી, નજરમાં ભરી, જરાક હાથ ફેરવું તો શું ખોટું?

પાંચ બગીચે પહોંચો તો ત્યાં બધા જ ફરતા દીસે. કોઈ સ્થિર ન હોય. એવા ચાલતા ટોળાનું અંશ બન્યા કે ખેલ ખતમ. ટોળાનું એક અંગ બનનાર પોતાનું સ્વત્વ, પોતાની નિજી ઓળખ ખોઈ બેસે છે. બધાની સાથે ઘસડાતો રહે છે. હવે અહીં ખરી મજા થાય. ટોળામાં સ્ત્રી - પુરુષ, યુવાન, ઘરડાં, ક્યાંક કિશોર - કિશોરીઓ પણ ખરા. સિનિયર સિટીઝનો ખરા. બહુધા વસ્ત્ર પરિધાનની વિવિધતા ઉડીને આંખે વળગે. ટી શર્ટ, ચડ્ડી તો ઠીક ઘરડાઓ વરણાગી થઈ ટહેલતા દેખાય. બહેનો પણ શું કામ પાછીપાની કરે. આંખો ચકળવકળ થાય તો તો થવા દો. દરેકને જરા ઠીક ઠાક દેખાવું તો ગમતું જ હોય છે. યુવાન દેખાવાના હવાતિયા કરે તો ભલે કરે, આપણું શું બગાડે છે. ક્યારેક વરણાગિયાપણું એવું બતાડે, દેખનાર છોભીલો પડી જાય. પડવા દો ને, એમના રહી ગયેલા અરમાન ને ઓરતા આ સંધ્યાટાણે ઉપસે ને અંધકારને ઉલેચવા દીવો કરી બેસે તો કરવા દો ને! જ્યાં સુધી બીજા કોઈને કનડગત ન થતી હોય ત્યાં સુધી હરકત નહીં. બાળકબુધ્ધિમાં ક્યારેક સીમા ઉલ્લંઘે તો ટપારવાનું.

સહેજે બધા ઝડપથી ચાલે. ઝડપ બધાની કંઈ ઓછી જ સરખી હોય છે. બધા ક્રિયા એક જ કરતા હોય. મન પર કોનો કાબૂ હોય છે! સહેજે બીજાથી આગળ નીકળી જવું મનમાં હોય જ. આગળ થવા કોશિષ પણ કરે. પાછળ રહેવું કોને પાલવે. પાછળનાને આગળ જવા દેશે? જીવ સટોસટના ખેલ ખેલાય. ક્યારેક કોઈક ગડથોલિયું ખાઈ જાય, હાસ્યાસ્પદ હાલતમાં મૂકાઈ જાય તો શું વાંધો? બહેનોનું ઝુંડ બને. ઝુંડની લંબાઈ ન વધે. પહોળાઈનો પનો વિસ્તરે. ક્યારેક વધીને

વડ થાય. ઝુંડ કંઈ મૂંગું રહે? વાતોના વડા થાય. ક્યારેક સામસામી દલીલો થાય. ચાલવાનું બાજુએ રહે, ઝુંડ ઘડીક રસ્તા વચ્ચે દલીલો કરતું થંભી જાય ને પાછળના પરસેવો પલાળતા આગળ નીકળવાના માર્ગની ગોતાગોત કરતા રહે.

બહુધા જેમને રોજ જોતા હોઈએ એમને દેખાવમાં એટલે કે વજનમાં ફરક ન વરતાય. પુરુષ કે સ્ત્રી. એક બહેન બહુધા એકલા ગજબની ઝડપથી ફરતા રહે, લાંબા સમય સુધી. દીર્ઘકાળ વિત્યા બાદ એમના બાહ્ય દેખાવમાં ફરક ન વર્તાયો, જે નોંધ્યું એટલા માટે કે મારાથી એમની ચાલવાની ઝડપ લગભગ દોઢી હતી. હવે હું પણ કંઈ ટહેલતો નો'તો કે ચાલતો પણ નો'તો. મારી ચાલ ઝડપી હતી. સહજભાવે વિચાર્યું, આટલી કસરત ને વજન કેમ ન ઉતરે? કાગનું બેસવું ને ડાળનું પડવા જેવું થયું. એક દિવસ સંધ્યાકાળે એક દર્દીને જોવા જવાનું થયું. માર્ગમાં પાંચ બગીચા આવે. રગડા પેટીસની લારી આગળ બહેન એમની સહેલીઓ સાથે જે રીતે ઝાપટતા હતા તે પ્રમાણે એમની ઝડપ હજી પણ વધારવી જોઈએ.

માંગ ને પુરવઠો. કંઈ કેટલીયે જાતના પીણા, ફણગાવેલા મગ ને અન્ય અસંખ્ય વાનગીઓની વણઝાર વહેલી સવારે ઊભી થઈ જાય. લોક ખાય. ક્યાંક ગ્રુપ ડિસ્કસન થતું રહે. મંડળો સ્થપાય. ઈતર પ્રવૃત્તિઓ ફૂલેફાલે ને બગીચો મરકતો રહે.

મોર્નિંગ વૉકના થોડાક વણલખાયેલા નિયમ છે. ચાલતી વખતે બોલવાનું બંધ. સાથે તમારા સહધર્મચારિણી હોય કે મિત્ર હોય, બોલવાનું બંધ. ગતિ એક સરખી, લયબધ્ધ, શિસ્તબધ્ધ. શરીર સાથે મનને પણ એ ક્રિયામાં પરોવવું. **વોકિંગ ફક્ત તનથી નહીં, મનથી પણ થવું જોઈએ. જ્યારે આપણે ચાલતા હોઈએ ત્યારે આપણા શરીરના બધા અવયવો યોગ્ય રીતે કસરતમાં ભાગ લે છે કે નહિ તેનો ખ્યાલ રહેવો જ જોઈએ.** સૌથી મહત્ત્વનું અંગ પ્રેમ. વૉકિંગ પ્રેમથી, હૃદયથી, ઉમંગથી કરવું જોઈએ. એને સામે છેડે વેઠ ઉતારવા જેવું થાય જેનો કોઈ અર્થ નથી. વોકિંગમાં હૃદયને હૃદયપૂર્વક જોડશો તો ખરી મજા આવશે, ખરો ફાયદો થશે. ચાલતી વખતે એક એવો લય ઊભો થવો જોઈએ જે તમારા તન અને મન બંનેને પ્રફુલ્લિત બનાવે. બહુધા અન્ય વિચાર ન કરવા. અગર તમારું ટ્યુનિંગ બરાબર થઈ ગયું હોય તો બીજા વિચાર પર જઈ શકાય. બીજું વિચારતાં પણ એ વાતનો ખ્યાલ રહેવો જોઈએ કે તમારું વૉકિંગ લયબધ્ધ ને સહજભાવે થતું રહે છે કે નહીં. એમ થતું ન લાગે તો વિચારને વિસારી દેવો જોઈએ. વૉકિંગ કરવું એટલે સામાન્ય રીતે જેને આપણે ચાલવું કહીએ છીએ એવું નથી. વૉકિંગ એક યોગ છે. યોગ કહ્યો કે જે પ્રવૃત્તિ કરતા હોઈએ તેમાં તન-મન સર્વથી એકદમ ઓતપ્રોત થઈ જવા જોઈએ. આમ થશે ત્યારે સ્થૂળ રીતે શરીરને ફાયદો થશે જ, વજન ઓછું થશે ને બીજી કંઈ વિસંગતીઓ હશે તે દૂર થશે. વધુમાં વધુ મનને ફાયદો થશે. તેટલા સમય પૂરતું મન સ્વસ્થ રહેશે. જેની અસર તમારા વ્યક્તિત્વ પર પડશે. કોઈ પણ ક્રિયા મન પરોવી થાય તો જ ઉગી નીકળે છે. વૉકિંગનું પણ એવું જ છે. 'One thing at a time, And done it well, is a very good rule, as many can tell' કવિતા તો આપણે ભણ્યા જ છીએ. ફક્ત એને વાસ્તવિક વ્યવહારમાં મૂકવાની છે. મોર્નિંગ વૉક અગર આવી રીતે કરી શકીએ તો એ એક અનોખો અવસર થઈ રહેશે. જેનાથી આપણો આખો દિવસ પ્રફુલ્લિત રીતે પસાર થશે. આપણા કામમાં ગજબની પ્રગતિ થશે.

આ બધું સાંભળી પેલા મંદિરના દેવ દેવી, તરૂવરો અને છોડો – બધા ખડખડાટ હસી પડે છે. એક નાનું શું છછુંદર ટીખળિયું હસી કરી બેસે છે. પહેલાં તમારું પોતાનું આંગણું સાફ રાખતા થાઓ, પછી બીજાને સલાહ આપજો. હું કાન પકડું છું.

*૫૦/૪, રામસદન,*
*બ્રાહ્મણવાડા ક્રોસ રોડ,*
*માટુંગા, મુંબઈ.*
*મો. ૦૯૮૭૦૪૦૬૧૭૭*

---

## ગુજરાતની દરિયાઈ સરહદ

**(અનુસંધાન : પાના નં.-૭૨ ઉપરથી ચાલુ)**

મધ્યમ ટ્રોલરોથી ફિશીંગ કરે છે, તેને આડકતરી રીતે નુકસાન પહોંચાડી બેકાર બનાવી આર્થિક નુકસાન પહોંચાડવાની દહેશત રહે છે. છેલ્લા આઠ - દસ વર્ષથી ચાઈના પોતાની પ્રજાને ખોરાક પૂરો પાડવા ભારતમાંથી રીબન, કાયરો સેન્ટ્રસ અને ક્લ્યુપીડ જેવી જાતો આયાત કરે છે. જે હવે આ લાઈસન્સ દ્વારા પોતાનાં જંગી ફિશીંગ જહાજો દ્વારા આપણા જ વિસ્તારમાંથી ફિશીંગ કરી મફતમાં આ માછલીઓ ઘસડી જશે. પરિણામે આપણને આર્થિક નુકસાનનો ભોગ બનવું પડે તેવી દહેશત છે.

**ટૂંકમાં, પાકિસ્તાન ચીનની મદદથી આપણા મત્સ્ય ક્ષેત્રો ઉપર આક્રમણ કરી આપણને આર્થિક ફટકો મારી શકે છે.** સાથોસાથ ચીનની લશ્કરી ઉપસ્થિતિને કારણે જાસુસી, ત્રાસવાદ તથા કચ્છના અખાતમાં આપણા ઔદ્યોગિક એકમો તથા તેલક્ષેત્રો અને તેના સંશોધન કાર્ય સામે પણ ખતરો ઉપસ્થિત થવાની દહેશત છે.

*૧૭, નટવર પાર્ક,*
*સામાકાંઠા,*
*મોરબી-૩૬૩ ૬૪૨. (ગુજરાત)*
*મો. ૯૪૨૮૨ ૮૧૪૧૭*

વિશેષ

# ઇચ્છનારાઓ, કરાવનારાઓ, કરનારાઓ ગાંધી - હત્યા સાવરકર : કેટલી ભ્રમણા? કેટલી હકીકત?

(લેખાંક - ૫)

• પ્રવીણચંદ્ર શાહ •

શુક્રવાર, ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ ન્યુ દિલ્હીની સાંજ. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની નિર્મમ હત્યા પછી આખાય દેશમાં ચિત્કાર, હાહાકાર અને પારાવાર આક્રોશનો જવાળામુખી ભભૂકી ઉઠ્યો. જવાબદારો તરીકે ત્રણ નામો લેવાતા થયા. તેમાં બે સંસ્થાઓ અને એક વ્યક્તિ મુખ્ય હતા : આર.એસ.એસ., હિંદુ મહાસભા અને વિનાયક દામોદર સાવરકર, જેના નામની આગળ 'વીર' શબ્દ પણ જોડાતો.

● **ભ્રમણાઓ / હકીકત :**

સાવરકરની કારકિર્દી સંબંધે અનેક ભ્રમણાઓ દેખાતી અને ફેલાવાતી રહી છે. તેમાં કેટલું પિત્તળ અને કેટલું સોનું રહ્યું છે?

સાવરકરનું પૂરું નામ વિનાયક દામોદર સાવરકર. મહારાષ્ટ્રના નાસીક નજીકના ભાગુરનાત્રેના એક ગામડાંમાં ઇ.સ. ૧૮૮૩માં એમનો જન્મ થયેલો. હાઈસ્કૂલે પહોંચ્યા તે દરમ્યાનમાં જ રાજકારણથી રંગાતા થયેલા. દેશને મુક્કમ્મીલ સ્વતંત્રતા મળવી જોઈએ એમ ઝનુનપૂર્વક માનનારા તરુણ - યુવાનોના જુથના એ અગ્રણી બનેલા. જુથનું શરૂઆતી નામ : 'મિત્ર મેળાવા' અને પછી 'અભિનવ ભારત.' આ જુથ સશસ્ત્ર ક્રાંતિમાં માનતું. સ્વદેશીની ચળવળ અને બંગાળના ભાગલા સામેના આંદોલનોમાં એમણે ભાગ લીધેલો. હજુ તો માંડ બાવીસેકની ઉંમરના થયા ત્યાં તો ભારત પરના બ્રિટીશ રાજ સામેની હિલચાલ અને ચળવળોમાં એ જોશપૂર્વક જોડાતા થયેલા. ૧૯૦૬માં બેરિસ્ટર બનવા માટે, લંડન જવા - રહેવા - ભણવા માટે, શ્યામજી કૃષ્ણવર્મા તરફથી એમને આર્થિક સહાય - સ્કોલરશીપ મળેલી. લંડનના રહેણાંક દરમ્યાન એમણે 'ફ્રી ઇન્ડિયા સોસાયટી' સ્થાપેલી. આ સોસાયટીમાં જોડાતા થયેલા સંખ્યાબંધ ભારતીય યુવાનોમાંથી વીણી વીણીને, ચૂંટી ચૂંટીને એમણે એક ખાનગી વર્તુળ પેદા કરેલું, જેમાંના ભારતીય યુવાનો, એમની બ્રિટીશ સરકાર સામેની સશસ્ત્ર ક્રાંતિની વિચારસરણીને સ્વીકારતા. એમની હિંસક કાર્ય પધ્ધતિને સ્વીકારતા. બૉંબ કેમ બનાવવા, દારૂગોળા કેમ બનાવવા અને તેના ઉપયોગ કેમ કરવા – તેવી પ્રવૃત્તિઓ આ જુથ ખાનગી રીતે કરતું. એક રશિયન દેશપારી પાસેથી આ જુથને સશસ્ત્ર ક્રાંતિ કરવાની જાણકારી આપતી પુસ્તિકા મળી ગયેલી. આ જુથે આ પુસ્તિકાની નકલો કરીને છૂપી રીતે ભારતના ક્રાંતિકારીઓને પહોંચાડેલી. આવી હિંસક ક્રાંતિની માહિતી આપતી પુસ્તિકાની એક નકલ સાવરકરના મોટા ભાઈ બાબુરાઓ સાવરકરના ઘરમાંથી બ્રિટીશ પોલીસને હાથ આવી ગયેલી. જુલ્મી બ્રિટીશ સરકારે બાબુરાઓ સાવરકર સામે કડક હાથે કેસ ચલાવ્યો અને બ્રિટીશ હકુમતની અદાલતે કડકમાં કડક કાળાપાણીની, એટલે કે જિંદગીભર પોર્ટબ્લેર ખાતેની, દેશવટો ભોગવવા માટેની આંદામાન ટાપુ ખાતેની જુલ્મી જેલમાં ધકેલી દીધા.



*સાવરકર : બેરિસ્ટર થયા, પણ બેરિસ્ટ્રી કરી ન શક્યા.*



*આંદામાન જેલ : પોર્ટ બ્લેરના ઍરપોર્ટને સાવરકરનું નામ અપાયું છે.*

**● વાયલીની હત્યા :**

લંડનમાં મદનલાલ ધીંગરા નામના દેશભક્ત પંજાબી યુવાનની સાવરકર સાથે નિજી દોસ્તી બની હતી. આ મદનલાલ 'ફ્રી ઈન્ડિયા સોસાયટી'નો સભ્ય પણ હતો. તેણે બ્રિટીશરો સામેના પ્રકોપને કારણે એક મોટા બ્રિટીશ અધિકારી, સર કર્ઝન વાયલીને રીવોલ્વરથી ઉડાવી માર્યા. એ જ અરસામાં, નાસીક ખાતે એક યુવાન કન્હેરેએ બ્રિટીશ ડિસ્ટ્રીક્ટ કલેક્ટર, અફસર, એ.એમ.ટી. જેક્સનની હત્યા બદલો લેવા માટે કરી કે બ્રિટીશ સરકારે બાબુરાવ સાવરકરને દેશ નિકાલની કડક સજા કરેલી. કન્હરે બ્રિટીશ સરકારનો બદલો લેવા માંગતો હતો. કન્હરેએ જે પિસ્તોલથી જેક્સનને ઉડાવી મારેલો, તે પિસ્તોલ અને બીજી ૧૯ પિસ્તોલો, લંડનથી સાવરકરે કન્હરેને પહોંચાડેલી, તે બ્રિટીશ વિસ્તૃત તપાસમાં બહાર આવ્યું. એટલે લંડન ખાતે બ્રિટીશ સરકારે સાવરકરની ધરપકડ કરી અને તેને ભારત ખાતે લઈ અવાયા. તેના સામે બ્રિટીશ હકુમતવાળી અદાલતમાં કેસ ચલાવાયો અને ૨૫-૨૫ વર્ષની બે, એમ ૫૦ વર્ષની કાળા પાણી, દેશ નિકાલની સજા ઝીંકવામાં આવી. એમને ૧૯૧૦માં આંદામાનની જેલમાં ધકેલી દેવામાં આવ્યા. કાળા પાણીની સજા બહુ આકરી સજા હતી. સાવરકરથી સહન થઈ શકતું નહોતું. તેથી એમણે દયા અને માફી માંગતી અરજીઓ કરી. (આવી માફી - દયાની અરજીઓની વધુ વિગતો આ લેખમાં હવે પછી આગળ ઉપર આવશે.)

દયા - યાચનાની અરજીઓનો નિકાલ બ્રિટીશ સરકારે ૧૪ વર્ષો પછી કર્યો. ૧૯૨૪માં અનેક કડક શરતો અને પ્રતિબંધો સાથે



*સાવરકર સદન. શિવાજી પાર્ક, દાદર - મુંબઈ. જ્યાં અનેક કાવતરા યોજાયા.*

સાવરકરનો શરતી છુટકારો કરાયો. આ બધી શરતો અને પ્રતિબંધો ૧૯૩૭ સુધી કાયમ રહ્યા. તે પછી માંડ માંડ એમની પરના પ્રતિબંધો રદ કરાયા. સાવરકરે નિરાંતનો ઊંડો શ્વાસ લીધો - સ્વમાનને, દેશાભિમાનને તડકે મૂકીને!

**● ઓલ ઇન્ડિયા હિંદુ મહાસભા :**

આ પછી સાવરકર હિંદુ મહાસભામાં જોડાયા. થોડા સમય બાદ હિંદુ મહાસભાના પ્રમુખ પણ બન્યા. ૧૯૨૪ આસપાસ સાવરકરે 'એસેન્શિયલ્સ ઑફ હિંદુઇઝમ' (હિંદુઇઝમના મૂળ તત્ત્વો) નામનું પુસ્તક લખ્યું અને પ્રકાશિત કર્યું. આ પુસ્તક હિંસક હિંદુવાદનો પ્રચાર અને વિસ્તાર કરનારું હતું. તેની અસર હેઠળ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ - આર.એસ.એસ. ચળવળનો અને પછી, સંસ્થાનો ઉદ્‌ગમ થયો. આર.એસ.એસ.ના મૂળ સ્થાપક કેશવરાવ હેગડેવર હતા. સાવરકર અને હેગડેવર વચ્ચે મિત્રતા હતી પણ અમુક પ્રકારની વૈચારીક ભિન્નતાને કારણે સંબંધો તંગ રહેતા હતા. ૧૯૫૧માં આર.એસ.એસ.એ ભારતીય જનસંઘની સ્થાપનાને સમર્થન આપવાનું નક્કી કર્યું. તે અરસામાં શ્યામાપ્રસાદ મુખર્જીએ, સાવરકરને જનસંઘ સાથે જોડવાના પ્રયત્નો કર્યા પણ આ પ્રયત્નો નિષ્ફળ ગયા. સાવરકરે ઇન્કાર એટલા માટે કર્યો કે જનસંઘના સભ્ય તરીકે કો-ઇ-પ-ણ જોડાઈ શકે, એટલે કે હિંદુ હોય કે મુસ્લિમ — તે નીતિ સામે સાવરકરનો ઉગ્ર વિરોધ હતો. માત્ર હિંદુ જ ભારતીય જનસંઘમાં જોડાઈ શકે તેવો સાવરકરનો અડગ આગ્રહ હતો. અડગ એટલે એકદમ જ અડગ.



*સાવરકર*
*આર.એસ.એસ.ના માધવ સદાશિવ ગોળવલકર 'શ્રી ગુરુજી' સાથે*

સાવરકરની બુધ્ધિપ્રતિભા, પ્રભાવક વક્તૃત્વ, અભ્યાસ અને અનુભવોને કારણે એમની તીવ્ર અસર હેઠળ એમના સંખ્યાબંધ સમર્થકો હંમેશાં ખડેપગે એમની તહેનાતમાં રહેતા. આવા સમર્થકોમાંના એક પટ્ટશિષ્ય, નાથુરામ ગોડસે પણ હતા. માત્ર સમર્થક કે પટ્ટશિષ્ય જ નહીં, પણ 'બ્લાઈન્ડ ફૉલોઅર' — આંધળા અનુયાયી જેવા હતા. ૧૯૨૯માં રત્નાગીરી ખાતે બંનેનો પરિચય થયેલો. સમયના વહેવા સાથે તે વધુને વધુ

ગાઢ બનતો ગયેલો. ૧૯૨૯માં નાથુરામ ગોડસેની વય માત્ર ૧૯ વર્ષની જ તરુણ હતી. બંને વચ્ચેનું પરસ્પરાવલંબન ત્યારે મજબૂત હતું. ૧૯૩૧ સુધી નાથુરામ ગોડસે સાવરકરના સેક્રેટરી તરીકે સેવા આપતા રહ્યા હતા. તે પછી નાથુરામનો પરિવાર સાંગલી રહેવા ગયો હતો. પણ સાવરકર અને ગોડસે વચ્ચેની આવન-જાવન નિકટની રહ્યા જ કરેલી.

આ શૃંખલા ફરી વધુ પ્રબળ બની, ૧૯૩૭માં. સાવરકર ત્યારે વધુ એકવાર હિંદુ મહાસભાના અધ્યક્ષ બનેલા. હિંદુ મહાસભાનુ મુખ્ય કાર્યસ્થળ એ અરસામાં પૂના હતું. સાવરકર ત્યાંથી એમની રાજકીય, સામાજિક પ્રવૃત્તિઓનું સંચાલન કરતા. ગોડસે ફરીથી સાવરકરના સ્ટાફમાં જોડાઇ ગયા અને હિંદુ મહાસભાની પ્રવૃત્તિ - વિસ્તારમાં યોગદાન આપતા રહ્યા. ગોડસેના પ્રખર હિંદુવાદી વિચારો અને ગોડસેના પરિવારના સંસ્કારોને કારણે, ગોડસેને ઘણા લોકો 'પંડિતજી'ના નામે પણ બોલાવતા.

- **લેખક, કવિ, વક્તા :**

સાવરકર કાબેલ લેખક હતા અને કવિ પણ હતા. સાવરકરના વિચારો, માન્યતાઓ, શ્રધ્ધા - અશ્રધ્ધામાં આવતા ગયેલા પરિવર્તનોની અસર એમના લિખિત, પ્રકાશિત લખાણો અને પુસ્તકોમાંથી પણ કળી શકાય છે. ૧૯૦૭માં લંડનમાં મણે 'ધ ફર્સ્ટ વૉર ઑફ ઈન્ડિયન ઇન્ડિપેન્ડન્સ - ૧૮૫૭' લખી પ્રસિધ્ધ કરેલું. ૧૮૫૭ના બળવાને એમણે ભારતના પહેલા સ્વાતંત્ર્ય-યુધ્ધ તરીકે પ્રસંશેલું અને હિંદુ - મુસ્લિમોના માંહે માંહેના મતભેદોને કોરાણે મૂકીને બ્રિટીશરોને કેવી નક્કર ટક્કર આપેલી તેને પ્રકાશમાં મૂકેલી. હિંદુ - મુસ્લિમ ઐક્યતાને એમણે બિરદાવેલી. કોમવાદનો તેમાં છાંટો પણ નહોતો.

૧૯૨૪માં સાવરકરે એમની સૌથી પહેલી નવલકથા લખેલી, જેનું નામ હતું : 'મોપલા.' એમના સૌથી પહેલા ઐતિહાસિક પશ્ચાદભૂમિકાવાળા પુસ્તક '૧૮૫૭'માં હિંદુ - મુસ્લિમોની ઐક્યતાની ભાવનાને એમણે બિરદાવેલી. તેના પછીની નવલકથા 'મોપલા'માં એમનામાં આવતા થયેલાં પરિવર્તનની સ્પષ્ટ અસર વરતાતી હતી. હિંદુ સમાજમાંની નાત-જાતની બદીની તેમણે કડક ટીકા કરેલી, પણ હિંદુઓ સામેના ખડા થયેલા નવા ભય અને જોખમને, હિંદુમાંથી વટલાઈને, ધર્મ પરિવર્તન, 'કન્વર્ઝન' કરવાની બાબતને એમણે ભારે મહત્ત્વ આપેલું. હિંદુ - મુસ્લિમ ઐક્યતાની ભાવના ઓસરીને વિલાઈ ગઈ, તેને બદલે ધર્મ પરિવર્તનના ભયંકર ભય અને જોખમોને તેમણે કેન્દ્રમાં મૂક્યાં. એટલું જ નહીં, કહેવાતા વટલાયેલાઓના શુધ્ધિકરણ માટે પતીત પાવન મંદિર નામનું અભિયાન ચલાવ્યું.

૧૯૨૭માં એમણે 'ઉણપ' નામનું નાટક લખ્યું, જેમાં તેમણે અસ્પૃશ્યતાના વિષયને છણ્યો, એટલું જ નહીં, હિંદુ સમાજ સામે મુસ્લિમ આક્રમકતા અને ભયના જોખમને તેમણે કેન્દ્રમાં મૂક્યા. સમયના વહેતા વહેણ સાથે સાવરકરની વૈચારીક, બૌધ્ધિક અને સામાજિક માન્યતા, શ્રધ્ધા અને વિશ્વાસ ઓગળતાં ગયાં અને હિંદુ કોમવાદ અત્યંત ઉગ્ર બનતો ગયો.

૧૯૩૭માં 'કાલા પાની' નામના એમના પુસ્તકમાં એમનામાં આવેલા કોમવાદી પરિવર્તનનું જ પુનરાવર્તન થયું.

આગલા વી.ડી. સાવરકર હિંદુ - મુસ્લિમ ઐક્યતાના પ્રખર પ્રશંસક અને હિમાયતી હતા. એ જ વી.ડી. સાવરકર કટ્ટર હિંદુવાદી મુસ્લિમ-વિરોધી કોમવાદીમાં ફેરવાઈ ગયા. હિંદુ મહાસભા સંસ્થા, જેનો સૈધ્ધાંતિક પાયો જ હિંદુ મુસ્લિમ ભિન્નતા, જુદાપણાનો, પરસ્પરના કાતિલ વિરોધનો જ રહ્યો હતો, તે સંસ્થાના પાંચ સાત વખત તે પ્રમુખ બનતા રહ્યા. ભારતને ગુલામીની બેડીમાં જકડી રાખનાર બ્રિટીશ શાહીવાદી સત્તા સામેનો એમનો આક્રોશ ઢીલોઢફ થઇને કોરાણે મૂકાતો થયો અને તેને બદલે, હિંદુ સમાજને ઇસ્લામી સમાજ ભરખી જશે તેવા પેદા કરાયેલા નવા કલ્પિત ભયને, હિંદુ સમાજે કેવી હિંસક રીતે ખાળવો, તેનો જ પ્રખર પ્રચાર અને પ્રસાર કરનાર તરીકે એમનું વ્યક્તિત્વ વિકસ્યું. દેશ સામે પહેલો વિકરાળ ભય બ્રિટીશ શાહીવાદ છે તે અનિષ્ટને બદલે, હિંદુ સંસ્કૃતિને ઇસ્લામિક શયતાન સંસ્કૃતિ ફાડી ખાશે એવું અડગપણે એ માનતા થયા. મહંમદ અલી જિન્નાહે તો મુસ્લિમો અલગ રાષ્ટ્ર છે એમ છેક ૧૯૪૦ના મુસ્લિમ લીગના લાહોર અધિવેશનમાં જાહેર રીતે કહ્યું હતું. પરંતુ જિન્નાહથી ૧૬ વર્ષ પહેલાં, સાવરકરે જાહેર કર્યું હતું કે હિંદુ જુદી પ્રજા છે, જુદું રાષ્ટ્ર છે અને મુસ્લિમ જુદી પ્રજા છે, જુદું રાષ્ટ્ર છે. હિંદુ જુદા છે, અલગ છે, મુસ્લિમો જુદા છે, અલગ છે. ભારતવર્ષ હિંદુ રાષ્ટ્ર હતું, છે અને રહેશે. મુસ્લિમો તેમાં સેકન્ડ ક્લાસના નાગરિકો તરીકે જ રહી શકે, નહિંતર ભારત છોડી જાય.

આમ, પાકિસ્તાનની સ્થાપનાનો પહેલો વિચાર, પહેલો પ્રચાર, જિન્નાહ કરતાં સાવરકરે પહેલાં જાહેરમાં મૂક્યો હતો. તેના પારાવાર અનિષ્ટ પરિણામો આપણા દેશના વિભાજનથી અને પાકિસ્તાનના અસ્તિત્વમાં આવવાથી આપણા દેશે ભોગવ્યાં છે અને હજુય ભોગવે છે.

- **વ્યક્તિત્વના પાસાં :**

દાદા સાવરકરના વ્યક્તિત્વનાં પાસા બેવડાં હતા. વી.ડી.

સાવરકર મે ૨૮, ૧૮૮૩માં જન્મેલા અને ફેબ્રુઆરી ૨૬, ૧૯૬૬માં એમનું, જૈનો કરે છે તેવા સંથારા પ્રકારે એમનું નિધન થયું. ફેબ્રુઆરી ૧, ૧૯૬૬થી એમણે કંઈ પણ ખાવાપીવાનું બંધ કર્યું, જે ૨૫ દિવસો સુધી ચાલુ રાખ્યું અને ૨૬મે દિવસે એમનો 'સંથારો' સીઝ્યો અને ૨૬ ફેબ્રુઆરી ૧૯૬૬ના એમણે અંતિમ શ્વાસ લીધા. ૮૩ વર્ષની એમની વયમાંથી શરૂઆતના બાળપણ અને અભ્યાસના વર્ષોને બાદ કરતાં, લગભગ ૫૫ વર્ષો સુધી એ વિવિધ પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા રહ્યા ખરા અને કારકિર્દી દરમ્યાન ત્રણ બ્રિટીશરોની એમણે હત્યાઓ કરાવી. પોતે જાતે કરી નહીં પણ પોતાના સમર્થકોમાંથી ચૂંટીને, એમના હાથે હત્યાઓ કરાવી. ગાંધી-હત્યામાં પણ એમના વ્યક્તિત્વનાં બેવડાં પાસાં પ્રમાણે પોતે ડાયરેક્ટલી - સીધેસીધા કોઈ જોખમ લીધેલું નહીં. પોતે પરદા પાછળ જ રહેતા રહીને, નાથુરામ ગોડસે અને તેના સહ-કાવતરાખોરોને ઉશ્કેરતા રહીને, નાણાંકીય મદદ આપતા રહીને, અપાવતા રહીને, હથિયારો અપાવતા રહીને, એમણે ગાંધીજીની હત્યા કરાવી.

એમની જાહેર જીવનની ધ્યાનપાત્ર યુક્તિ આ જ રહ્યા કરેલી. જાણે પોતે ક્યાંય સપડાઈ ન જાય, તેની સતત કાળજી રાખ્યા કરવી અને બીજાઓને બલિના બકરા બનાવતા રહેવા અને પોતાનું બૌધ્ધિક ગુરુપદ બરાબર સંભાળતા રહેવું.

૧૯૨૦ આસપાસમાં દેશમાં ખિલાફતની ચળવળ ચાલેલી. ગાંધીજીએ એ ચળવળને મજબૂત સમર્થન આપેલું, એટલે ગાંધીજીના અનુયાયીઓએ પણ તેમાં ઝુકાવેલું. (દેશના લાંબાગાળાના હિતોને ગાંધીજીની ચળવળથી નુકસાન પહોંચેલું. ગાંધીજીની આ એક રાજકીય ઉતાવળી ચૂક હતી એમ પછીથી પુરવાર થયેલું.) આ ચળવળમાં યુવાન સાવરકરે પણ ભાગ લીધેલો. તેમની પ્રસંશાના અતિ ઉત્સાહમાં એક મરાઠી સાપ્તાહિક નામ 'ભાલા'ના બિનઅનુભવી તંત્રીએ દાદા વિનાયક દામોદર સાવરકરને 'વીર' ગણાવી દીધેલા. ત્યારથી સાવરકરના નામ સાથે 'વીર' વિશેષણ જડબેસલાક ચોંટી ગયું. મનમાંને મનમાં સાવરકર 'વીર' શબ્દના ચાહીતા થતા રહ્યા અને માનસિક અભિમાન અને સંતોષ લેતા રહ્યા કે પોતે, વિનાયક દામોદર સાવરકર, ખરેખર જ 'વીર' છે.

- **'વીર' એટલે?**

'વીર' હોવું એટલે? કોઈથી પણ ક્યારેય ડરે નહીં, એ 'વીર.' સમયે સમયે વ્યક્તિગત જીવનમાં કે જાહેર પ્રવૃત્તિઓમાં પેદા થતા રહેતા જોખમો, ભય કે પરિણામાનો હિંમત - બહાદુરી - આંતરિક તાકાત સાથેના સંઘર્ષમાં ઝુકી ન જાય, વ્યક્તિપરક શૂરાપણું અને અડગ હિંમત જાળવી શકે, તે 'વીર' ગણાય. આપણા પ્રાદેશિક ઇતિહાસોની ગાથાઓમાં આવે છે તે પ્રમાણે દુશ્મનનો સાહસપૂર્વક અડગ સામનો કરતાં કરતાં પોતાના જીવનનું બલિદાન આપનારાઓ 'વીર ગતિ' પામ્યાનું સન્માન અપાય છે.



*વી. ડી. સાવરકર – કેટલા 'વીર'?*

'વીર' વિનાયક દામોદર સાવરકરની બાબતમાં 'વીર'ના ખરા અર્થને બદલે સાવ જ ઉલટું બનતું રહ્યું. 'વીર'નો પ્રતિ-શબ્દ છે : કાયરપણું. ૧૯૧૧થી માંડીને છેક ૧૯૬૬ સુધીના અડધી સદીથીયે દીર્ઘ જાહેર જીવનની પ્રવૃત્તિઓ દરમ્યાન જ્યારે જ્યારે સાવરકર પકડાયા અને જેલમાં ફંગોળાયા, ત્યારે ત્યારે હંમેશાં એમણે માફી, દયા, યાચના અને છૂટકારા મેળવવાની જ અરજીઓ કર્યા કરેલી. એ 'વીરપણું' નહીં, કાયરપણું જ હતું. એમના 'વીર'પણાના કેટલાક દૃષ્ટાંતો સરકારી રેકોર્ડ અને દસ્તાવેજોના આધારે અહીં ટાંક્યા છે :



*આંદામાનમાં કેદી*

૧. જુલાઈ ૪, ૧૯૧૧માં, ૨૫-૨૫ વર્ષની બે જન્મટીપોની સજા અન્વયે એમને આંદામાનની જેલમાં મૂકાયેલા. હજુ તો બે મહિના માંડ વીત્યા હશે ત્યારે ૩૦ ઓગસ્ટ, ૧૯૧૧માં એમણે માફી, દયા અને કૃપાદૃષ્ટિથી પોતાને મુક્ત કરવા, જેલર મારફતે બ્રિટીશ સરકારને રોક્કળતી અરજી કરેલી. ઓગસ્ટ ૩૦ના આ માફી અરજી દાખલ થયેલી.

માત્ર ચાર જ દિવસમાં, સપ્ટેમ્બર ૩, ૧૯૧૧ના આ માફી અરજી નામંજૂર કરાયેલી.

૨. એક વર્ષ માંડ માંડ પસાર કર્યા બાદ ઓક્ટોબર ૨૭ના સાવરકરે બીજી અરજી કરેલી.

આ બીજી માફી અરજી પણ તુરતાતુરત નામંજૂર કરાયેલી.

૩. ઓક્ટોબર ૧૯૧૩માં, તે વખતની બ્રિટીશ સરકારના વાઈસરોયની એક્ઝિક્યુટીવ કાઉન્સિલના હોમ મેમ્બર સર રેજિનાલ્ડ ક્રેડોકે આંદામાન જેલની મુલાકાત લીધેલી. બીજા કેટલાક કેદીઓની જેમ, એમણે સાવરકરને પણ ટૂંકી મુલાકાત આપેલી. જો માફી, દયા અને કૃપાદૃષ્ટિ કરી પોતાને જેલમાંથી મુક્ત કરવાની આજીજી કરવાની તક છોડે તો સાવરકર શાના? આ અરજીમાં એમણે પોતાને બ્રિટીશ સરકારના પ્રોડીગલ સન, પરાક્રમી અને વહાલસોયા પુત્ર તરીકે ગણાવેલા જે સરકાર મા-બાપને ઉંબરે જલદી પાછા પહોંચવા અત્યંત ઉત્સુક હતા.

૪. ફરીથી સાવરકરે સપ્ટેમ્બર ૧૦, ૧૯૧૪ના માફી, દયા અને કૃપા દૃષ્ટિ કરી પોતાને મુક્ત કરવા બ્રિટીશ સરકારના પગે પડતી અરજી કરી, જે ડિસેમ્બર ૧, ૧૯૧૪ના રદ કરી ફેંકી દેવાઈ.

૫. આ પછીના ત્રણ વર્ષો દરમ્યાન સાવરકરે બ્રિટીશ સરકારના પગ ધોવાની અરજીઓ કરવાનું ચાલુ રાખ્યું અને ઓક્ટોબર ૨, ૧૯૧૭ના ફરીથી માફી, દયા અને કૃપા હેઠળ પોતાને છોડવાને માટે અરજી દ્વારા ગીડગીડાયા. પણ પરિણામ ઝીરો આવ્યું.

૬. સાવરકરે માંડ માંડ પોતાની લાચારી ઉપર કાબૂ રાખ્યો. બે વર્ષ પછી જાન્યુઆરી ૪, ૧૯૨૦ના એક વધુ વખત અરજી કરી, જે માર્ચ ૩૦, ૧૯૨૦ના દફ્તર પર લેવાઈ. પણ પરિણામ? શૂન્ય!

૭. સાવરકર એક બીજી યુક્તિ પણ અમલમાં મૂકતા રહેલા. ૧૯૧૫ અને ૧૯૧૯ વચ્ચે એમના પત્ની યમુનાબાઈ દ્વારા એમણે ૩ વધુ દયાની અરજીઓ પોતાના વતીથી કરાવતા રહેલા.

- **શરણાગતિની ખાતરીઓ :**

આ દરમ્યાનમાં પહેલા વિશ્વયુધ્ધનો અંત આવેલો, બ્રિટીશ સરકાર પોતાના કબજા હેઠળના ભારત, મલાયા (જે પછીથી મલેશિયા બન્યું) અને બીજા ગુલામ દેશોમાંની આંતરિક રાજકીય સ્થિતિ પર ફેરવિચારણા કરતી થઈ. દેશમાંના ક્રાંતિકારીઓની હિંસક પ્રવૃત્તિઓમાં પણ ઓટ આવતી થયેલી. આ અને બીજા વિવિધ કારણોસર બ્રિટીશ સરકારે કેટલાક રાજકીય કેદીઓને અમુક કડક શરતો હેઠળ છોડવાના લીધેલા નિર્ણય હેઠળ વિનાયક દામોદર સાવરકર અને તેના મોટા ભાઈ બાબુરાઓને છોડ્યા.


*ગાંધી-હત્યા કેસના શકદાર*

દરમ્યાનમાં ૧૯૩૪માં વામનરાઓ ચવાણ અને ગજાનન દામલે નામના સાવરકરના સમર્થક બે શખ્સોએ એક બ્રિટીશ સિપાહી (સાર્જન્ટ) પર ગોળીબાર કર્યો. એમની સાથે સાવરકરની પણ ધરપકડ થઈ. સાવરકરે રજૂઆત કરી કે આ બનાવ સાથે તેને કાંઈ લેવા-દેવા નથી અને 'વીર' સાવરકરે લેખિતમાં ખાતરી આપી કે... 'હું કોઈપણ પ્રકારની ચળવળ, રાજકીય કે સામાજિકમાં માનનીય બ્રિટીશ સરકારની રજાચિઠ્ઠી વગર ભાગ લઈશ નહીં, તેવી આથી ખાતરી આપું છું...'

આ પછી ૧૯૪૮ની ગાંધી-હત્યાના શકદાર તરીકે સાવરકરની ધરપકડ થઈ, જેમાં નાથુરામ ગોડસે અને બીજા ૭ શકદારો હતા જેઓ હિંદુ મહાસભા અને આર.એસ.એસ. સાથે સંકળાયેલા હતા. તેમાં પણ પોલીસને સાવરકરે આપેલું નિવેદન, કોઈ 'વીર'ને છાજે તેવું નહીં, પણ કાયર સમ્રાટનું નિવેદન હતું.

વીર સાવરકરની રાજકીય કારકિર્દીની વધુ વિગતો હવે પછીના 'કચ્છ શ્રુતિ'ના અંકમાં તમે વાંચી શકશો.

*(ક્રમશઃ)*

*૭, ડફોડિલ બિલ્ડિંગ, ગોદરેજ સ્કાય ગાર્ડન,*
*તક્કા સ્ટેશન રોડ, પનવેલ, મુંબઈ-૪૧૦ ૨૦૬.*
*ફોન : (૦૨૨) ૨૭૪૫૮૬૨૫, મો. ૯૧૬૭૫૬૭૩૯૫, ૯૯૩૦૬૬૦૨૪૨*

**The fact that I can plant a seed and it becomes a flower, share a bit of knowledge and it becomes another's, smile at someone and receive a smile in return, are to me continual spiritual exercises.**

**– *Leo Buscaglia***

વિચાર મંચ

# શિક્ષા - ઘડતરના ક્ષેત્રમાં એક મૂળભૂત ચિંતન

• પાર્થ ઠક્કર - આર્કિટેક્ટ •

*સરકારી તંત્રના વાહકો, બુદ્ધિજીવીઓ, વૈજ્ઞાનિકો, પત્રકારો, અધ્યાપકો, લેખકો, શિક્ષકો અને અન્ય વ્યક્તિઓની એક જવાબદારી બને છે કે, તેમણે પોતાના સંસર્ગમાં આવતી વ્યક્તિઓની રચનાત્મક વૃત્તિઓને (Creative impulse) વધુને વધુ ઉત્તેજિત કરવી જોઈએ. Creative અને Possessive impulsesના સમન્વયથી જ વેપાર-ઉદ્યોગના સંચાલકો સફળતા પ્રાપ્ત કરતા હોય છે અને તેનાં વડે જ વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ થતો રહે છે. લેખકશ્રીએ પ્રસ્તુત લેખમાં ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે ચિંતન-મંથન પૂર્વક રજૂઆત કરી છે, જે સુજ્ઞવાચક વર્ગને ખૂબજ ઉપયોગી અને રસપ્રદ જણાશે.*

*– તંત્રી મંડળ*

માનવીના અસ્તિત્વ કાળથી તેના એ પ્રયાસ રહ્યા છે કે તે બીજા જીવોથી - વનસ્પતિ, પ્રાણીઓ અને બીજા મનુષ્યોથી પણ પોતાની જાતને વિશિષ્ટ અને ચઢિયાતો સાબિત કરે. માનવ સંસ્કૃતિ અને પ્રગતિના ઈતિહાસના પાયામાં રહેલી આ એક જૈવ-લાક્ષણિકતા કે મહત્ત્વાકાંક્ષા છે એટલે કે માનવીને સુસંસ્કૃત કે સુશિક્ષિત અને સભ્ય બનાવવાની પ્રક્રિયા આજકાલમાં વિકસેલી પ્રવૃત્તિ નથી છતાં આ ક્ષેત્રમાં આપણા સમાજના વાહકોનું અણઘડ વર્તન થઈ રહ્યું છે અને અખતરાઓ કર્યા કરવાના માર્ગ અપનાવાઈ રહ્યા છે. તે આપણી સાંસ્કૃતિક દોટનું વિચારપૂર્વકનું વિશ્લેષણ કરવાથી જ કેટલાક વિકૃત સ્વરૂપો સ્પષ્ટ કરે છે.

*શિક્ષણ કઈ ચીજનું નામ છે?*

*આપણે તે માટે શું સમજીએ છીએ?*

*બાળકના જીવનમાં તેની શરૂઆત ક્યાંથી થાય છે?*

*તેના સ્રોત કેવા અને ક્યા છે?*

*આ બધા પ્રશ્નો કયા તબક્કે અને કોના મગજમાં પેદા થવા જોઈએ?*

બાળક શ્વાસ લેતાં શીખે છે ત્યારથી જ તેનું શિક્ષણ શરૂ થઈ જાય છે. (હકીકતમાં તો માતાના ગર્ભધારણ સાથે જ બાળકનું શિક્ષણ શરૂ થઈ જાય છે.) આગળ જતાં તેને મળતાં વાતાવરણમાંથી જ તે પોતાનો માર્ગ ચાતરે છે. આ વાતાવરણ કે પર્યાવરણ સમયના સંદર્ભમાં બદલાતું મહત્ત્વનું પરિબળ છે. પથ્થરયુગના, અંધકારયુગના, મધ્યકાલીન યુગના અને આધુનિક યુગના માનવીના પર્યાવરણને એકસરખા મુદ્દાઓ લાગુ પડતા નથી. અત્યંત પ્રાચીનકાળનો માનવી સંપૂર્ણપણે કુદરતી વાતાવરણમાં જીવતો હતો. તેની પ્રવૃત્તિઓ, તે માટેના સાધનો, તેના જીવન દરમ્યાન તેણે તારવેલા અને સ્થાપિત કરેલા ખ્યાલો બધું જ કુદરતી વાતાવરણના સંદર્ભમાં અને સંપૂર્ણપણે તેની ઉપર જ અવલંબિત હતું. આજે આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના એક વિશિષ્ટ તબક્કે માનવી પહોંચ્યો છે ત્યારે;

ભલે કુદરતી પરિબળોમાં કોઈ નોંધપાત્ર ફેરફાર નથી થયો છતાં તેને નાથવાના પ્રયત્નોમાં માનવીએ જે સાધનો અને સુવિધા પેદા કર્યા છે - તે આજના માનવી માટે જે પર્યાવરણ પેદા કરે છે તેને સમજવા માટે, આપણે એકાદ સુવિધાની બાદબાકી કરીશું તો ચિત્ર વધુ સ્પષ્ટ થશે. આપણે બધા અનેક વખત એવી પરિસ્થિતિ અનુભવી ચુક્યા જ છીએ, દા.ત. વીજળીનું ચાલી જવું અથવા અગત્યની જરૂરિયાતના સમયે જ વાહનનું ખોટકાઈ જવું. એક સામાન્ય સ્ટેપલ પીન - ખાસ જરૂરિયાતના સમયે જ ખલાસ થઈ જવી. આ બધી ઘટનાઓ દ્વારા પેદા થતી અસંબદ્ધતાથી આપણે સમજી શકીશું કે આપણું પર્યાવરણ કેટલી હદે માનવ સર્જિત છે.

આમ આધુનિક માનવીએ સર્જેલ મહદ્ અંશે માનવસર્જિત પર્યાવરણ પોતાના પ્રત્યેક પાસાના એક બીજા પ્રત્યેના પૂરક સ્વભાવને કારણે જે સંતુલન પેદા કરે છે તે માનવીના જીવનને જૈવિક, માનસિક અને બૌદ્ધિક પોષણ પૂરું પાડે છે.

*આ પોષણની વાત અહીં વિસ્તૃત સમજીએ.*

જૈવિક પોષણની જરૂરિયાત એ આ સૃષ્ટિના તમામ જીવોની અસ્તિત્વ ટકાવી રાખવાની લાક્ષણિકતા છે જ્યારે બૌદ્ધિક પોષણ એ માનવીએ પોતાની લાંબી દોડને અંતે સાબિત કરેલી અને સ્થાપિત કરેલી વિશિષ્ટતા છે, અને શરૂઆતમાં કહ્યું તેમ માનવીના જીવનનો આ જ મહત્ત્વનો ધ્યેય છે. સંસ્કૃતિ કે સભ્યતા, વિજ્ઞાન, સાહિત્ય, કલાઓ, વેપાર-ઉદ્યોગ, અર્થકારણ અને રાજકારણ, પ્રત્યેક માનવ પ્રવૃત્તિઓ, તેનું વિશિષ્ટ બંધારણ અને તત્કાલીન સ્વરૂપ - આ બધું જ માનવીની આત્યંતિક

મહત્ત્વાકાંક્ષાનું પરિણામ છે. તેનો પ્રત્યેક અનુજ જાણે-અજાણે આ બધા દ્વારા સર્જાતા આધુનિક પર્યાવરણને સમજવા, તેની સાથે પોતાના જીવનના તાર ગૂંથવા પ્રયત્ન કરે છે અને પોતાની આગવી મહત્વાકાંક્ષાની પસંદગી કરે છે. આ પ્રક્રિયાથી જ તેની બૌદ્ધિક ભૂખનું પોષણ થાય છે અને તેના દ્વારા જ શિક્ષણનો મૂળભૂત સ્રોત કાર્યશીલ બને છે.

*શિક્ષણનો વ્યાપ કેવી રીતે બને છે તે જોઈએ.*

પ્રાચીન માનવીએ અગ્નિની કે ખેતીની શોધ કરી તે તેની કુતુહલવૃત્તિ, નવીનતા અને મૌલિકતા પ્રત્યેની લગાવવૃત્તિ અને તે માટે પોતાની બુદ્ધિનો પ્રયોગ કરવાની વૃત્તિને કારણે શક્ય બન્યું. એટલેકે આજનું માનવસર્જિત પર્યાવરણ પણ તેની સંશોધનાત્મક અને સર્જનાત્મક પ્રવૃત્તિને કારણે છે. પરંતુ સંસ્કૃતિઓના ઈતિહાસમાં ડોકિયું કરતાં માલૂમ પડશે કે કોઈ પણ મહાન સંશોધક કે સર્જકની પ્રવૃત્તિ અને જીવન આટલું બોલી નાખવા જેટલું આસાન કાર્ય ન હતું. તેના માર્ગમાં અનેક પ્રકારના અવરોધો આવેલા હતા. **પૃથ્વી પર ખેલાયેલા નાના મોટા યુદ્ધો કે સામાજિક અથડામણો એ સંસ્કૃતિના વિકાસની આડે દીવાલો જ હતી.** અહીં માનવ લાક્ષણિકતાઓનું એક ઉડાણ સ્પષ્ટ થઈ શકે છે કે સર્જનાત્મક પ્રવૃત્તિની જેમ જ વિનાશક પ્રવૃત્તિ પણ માનવીની લાક્ષણિક વૃત્તિ જ છે. કોઈ પણ સંસ્કૃતિના બંધારણીય પુરાતન શાસ્ત્રો કે સમયાંતરે આવેલા મહાન બુદ્ધિજીવીઓએ રચેલા અને સંબોધેલા ફિલોસોફીના મહાનિબંધોમાં માનવીની આ બે દ્વૈત વૃત્તિઓને અનેક પ્રકારે વ્યાખ્યાયિત કરાયેલી છે.

***આ બે વૃત્તિઓ*** - સર્જનાત્મક, રક્ષણાત્મક કે રચનાત્મક સ્વભાવ અથવા તો Creative Impulse અને સંહારાત્મક કે અધિકારવાદી સ્વભાવ અથવા Possessive Impulse. સરળ ભાષામાં તેને સાચવવાની, ખીલવવાની કે પાલવવાની વૃત્તિ અને ભોગવવાની, વાપરવાની કે નાશ કરવાની વૃત્તિ કહી શકાય. આ બંને લાક્ષણિકતાઓ તે બૌદ્ધિકતા કરતાં જુદી જ ચીજ છે, અને તે બધા જીવોમાં સામાન્યપણે રહેલ કુદરતી વૃત્તિઓ છે. માનવી પોતાની બૌદ્ધિકતા આ બંને વૃત્તિઓ માટે વાપરે છે. જેને કારણે જ માનવીના જીવનમાં કંઈક સર્જન અને કંઈક વિસર્જનની પ્રક્રિયા ચાલ્યા કરે છે. આ બે વૃત્તિઓ જ માનસિક અને બૌદ્ધિક પોષણને પાતળી ભેદરેખાથી જુદા પાડે છે.

*હવે આપણે આપણા ઘર આંગણાની વાત કરીએ તો,*

ગ્રામ્ય, અર્ધ શહેરી કે શહેરી વિસ્તારોમાં આપણા બાળકોને પ્રાપ્ત થતા વાતાવરણ એટલે કે સાધન-સગવડો, સામાજિક-આર્થિક પ્રવૃત્તિઓ, જુદી જુદી કક્ષાએ પ્રવર્તતા જૂના નવા ખ્યાલો (ઘણે ભાગે જેનો એકબીજા સાથે મેળ બેસતો નથી.) આ બધાથી આપણે બધા સારી રીતે વાકેફ છીએ. આધુનિક સવલતો કદાચ એવો ભાગ ભજવે છે કે તે આપણને વધુમાં વધુ વફાદાર રહેવાની, આપણું વધુમાં વધુ મનોરંજન કરવાની અદમ્ય ભૂખ ધરાવતી હોય. બાળક કિશોરાવસ્થાએ પહોંચે અને આસપાસની પરિસ્થિતિ પરથી કોઈક આગવી સમજ તારવવા પ્રયત્ન કરે ત્યાં સુધીમાં તે ઘણી બધી બાબતો, ખ્યાલો વગેરેને અનિવાર્યપણે વળગી ચૂક્યો હોય છે. જો કે કેટલુંક જૈવિક જરૂરિયાતોનાં અનુસંધાનમાં હોય છે, પરંતુ તે કે તે સિવાયનું જે કંઈ છે તે વિષે બાળકમાં પૂરતી જાણકારીનો અભાવ હોય છે. વળી દુનિયાનો વિકાસ એટલી ઝડપે થઈ રહ્યો છે કે વડીલોને પણ તેમના ઘણા ખરા સાધનો અને વધુમાં તો પોતાના ખ્યાલોના વિરોધાભાસ વિશે પૂરતી માહિતી હોતી નથી. આવી પરિસ્થિતિમાં સંતાન (પુત્ર કે પુત્રી કોઈપણ - સરળતા ખાતર નર જાતિનો પ્રયોગ કર્યો હોય તે માટે નારી જાતિની ઉપેક્ષા ન સમજવી.) કોઈક વિચાર તારવવા પ્રયત્ન કરે (પ્રત્યેક બાળકના જીવનમાં આ એક મહત્ત્વનો વળાંક આવે જ છે કે જ્યારે તે પર્યાવરણના સંદર્ભમાં પોતાના અસ્તિત્વનો અર્થ શોધવા, પોતાનું ધ્યેય તારવવા પ્રયત્ન કરે.) ત્યારે તે કેટલો પોતાના જ માર્ગ પર હોય અને નિશ્ચયાત્મક બને તે વિશે શંકા જાગે છે. કારણ કે તેને જુદી જુદી બાબતોની જાણકારી મેળવવા તે સાધનો કે ખ્યાલોના જાતે પ્રયોગો કરવા પડે તેવી પરિસ્થિતિ સર્જાય છે. આથી સૌ પ્રથમ તે બધું તેને મેળવવાની ઈચ્છા જાગે છે અને તેની પાછળ જ તેનું જીવન આગળ વધતું જાય છે. આ રીતે તેની વધુ ને વધુ ભોગવવાની વૃત્તિ જ ખીલતી જાય છે. પછી તેના જીવનનું ધ્યેય શાંત ચિત્તે અને યોગ્ય માર્ગદર્શકના સાથ સહકારથી વિચારેલું ન રહેતાં - આવી પડેલું, ખેંચ્યે જવું અથવા એક નહીં તો બીજું, બીજું નહીં તો ત્રીજું તેમ વલખા માર્યા કરવા તેવી પરિસ્થિતિ સર્જાય છે. આ એક દિશાશૂન્યતા અને ધ્યેયવિહીન દશા છે. સમાજનો એક મોટો વર્ગ આવી હાલતનો શિકાર બન્યો હોય ત્યારે તે સમાજની, તે સંસ્કૃતિની દોડ નિરર્થક પુરવાર થાય, તે સંસ્કૃતિ પોતાની આગવી ઓળખ સ્થાપિત કરવાને બદલે પોતાની સ્થાપિત થયેલી જૂની ઓળખને પણ ખોઈ બેસે. અને તેનું મૂળ કારણ તે આપણી આસપાસના પર્યાવરણ અને તેની અસરો વિશેની પૂરેપૂરી જાણકારીનો અભાવ.

આજે આપણી આસપાસની માનવ સર્જિત સૃષ્ટિમાં અત્યંત આધુનિક સાધનો, નવા નવા ખ્યાલો, જુદા જુદા ક્ષેત્રની છેલ્લામાં છેલ્લી માહિતી વગેરેનો સતત ભરાવો થતો જાય છે. (અહીં

માનવીની કલ્પનાતીત પ્રગતિ અને સુવિધાજનક ઉપકરણોની પ્રાપ્તિ પ્રત્યે કોઈ પૂર્વગ્રહ નથી જ) ત્યારે આ સાધનોના ઉદ્‌ભવના ઈતિહાસની, સિદ્ધિઓના સંઘર્ષની સંક્ષિપ્ત અને રસિક છતાં માહિતીપ્રદ અને વૈજ્ઞાનિક દષ્ટિકોણથી બનાવેલી કથાઓનું અસ્તિત્વ આપણા પ્રાથમિક, માધ્યમિક અને ....ચોક્કસ-પુખ્ત વયનાઓના શિક્ષણ માટે ખૂબ જ જરૂરી છે. આ મુદ્દો આપણા અને આપણી આસપાસના ભૌતિક અસ્તિત્વો પૂરતો જ સિમીત ન રહેતાં આપણા માનસિક ખ્યાલો પર પણ અસર કરશે અને આપણા વ્યક્તિગત ખ્યાલોમાં બદલાવ લાવી શકશે. આવા બદલાવના સમયે આપણી પાસે આગળ વર્ણવ્યા મુજબના સામાન્ય જ્ઞાન ઉપરાંત આપણી સાંસ્કૃતિક દોટનું ધ્યેય તથા સભ્યતાના મૂલ્યો વિશેના જ્ઞાનની જરૂરીયાત પણ ઘણી અગત્યની છે. **પરંતુ મૂલ્યોનું શિક્ષણ આપતી આપણી જરી પુરાણી કથાઓ આધુનિક પર્યાવરણ સાથે અને બદલાતા મૂલ્યો સાથે સુમેળ ન સાધી શકતા ફારસરૂપ બની જાય છે. અને આ કથાઓ પોતાનો ધ્યેય સિદ્ધ ન કરી શકતી હોય તો તે માનવીને તેનો ધ્યેય કેવી રીતે સમજાવી શકે? સામાજિક દિશાશૂન્યતાના કારણમાં આપણો શિક્ષણ વિશેનો અવિચાર આ રીતે ભાગ ભજવે છે.**

**આ દિશાશૂન્યતાને સમર્થન મળે તેવા નમૂનાઓ આજે આપણને ઠેર ઠેર નજરે ચઢે છે. સામાજિક ક્ષેત્રમાં જાગૃત જણાતી અનેક સંસ્થાઓના અથાક પ્રયત્નો છતાં નાબૂદ ન થતાં દહેજ અને સ્ત્રી હત્યા જેવા દૂષણો, ઉપરાંત નશાકારણ પદાર્થોના નવા જન્મેલા દૂષણો, વળી ધાર્મિક ઓઠા હેઠળના બીજા અનેક કુરિવાજો, કોમ અને જાતિના પ્રશ્ને પ્રજાનો રોષ, રાજકીય ક્ષેત્રે સત્તા માટે થતી ખેંચાખેંચ, અનેક દૂષણોના મૂળ સમાન છતાં વ્યક્તિ સ્વાતંત્ર્યનું સુંદર મહોરું ચઢાવેલ ચૂંટણીઓ... અને... કદાચ સમગ્ર રાજકારણ, વેપાર ઉદ્યોગ ક્ષેત્રે ભ્રષ્ટાચાર, નફાખોરી, કરચોરી, ખુદ શિક્ષણના જ ક્ષેત્રમાં વ્યાપેલ લાંચ-રુશવત અને કાવાદાવાનું રાજકારણ અને...અંતે... આ બધા જ પ્રત્યે આપણી ઉદાસીનતા. સમાજની સ્થિતિ જ એટલી હદે દિશાશૂન્ય છે કે તેમાં અહીં બધું પીંજણ કર્યું છે તેવા પ્રકારના કોઈ ધ્યેયનું અસ્તિત્વ હતું અથવા તો હોઈ શકે કે કેમ તે જ એક પ્રશ્ન થાય છે.**

સામાન્ય માનવીના કે કોઈ વ્યક્તિગત દાખલાઓ તપાસીશું તો પણ આપણને સમાજની આવી સામાન્ય વિકૃતિઓ નજરે ચઢશે. ઘણા બધા લોકો પોતાના કાર્યમાં વફાદાર નથી રહી શકતા. તેમની વફાદારી શરતી હોય છે, તેઓ વિચારે છે કે, ‘જો આમ કે તેમ થાય અથવા મને આવો કે તેવો લાભ મળે તો હું આમ કે તેમ કરું.’’ ધર્મના ક્ષેત્રમાં પણ આવી દંભી મનોવૃત્તિ અને સ્વાર્થી સોદાબાજી સતત જોવા મળે છે. ‘જો ફલાણું કાર્ય થાય તો હું નાળિયેર વધેરું.’’ આ સોદાબાજ માનસ ધ્યેયની અનિશ્ચિતતાનું પ્રતિક છે. આ વ્યક્તિની ભોગવવાની, ઘણું બધું મેળવી લેવાની વૃત્તિ સબળ હોય છે. એક પ્રકારની સમજદારીનું ઘડતર થઈ ગયા પછી હવે તે આવી વાસ્તવિકતાનો જલ્દી સ્વીકાર કરી શકતા નથી. તેઓ પોતાના જીવન કાર્યોમાંથી તથા કેટલીક વખત પોતાના મૂળભૂત જૈવિક કાર્યોમાંથી ભાગી જવાની વૃત્તિ ધરાવતા થઈ જાય છે. તંદુરસ્ત સમાજની રચનાના માર્ગમાં આવા લોકો મોટો અવરોધ પેદા કરે છે. પરંતુ...નાદુરસ્ત સમાજના ઉદ્‌ભવ પછી તેમને ઘણા બધા સમર્થનો પણ મળી રહે છે.

અત્યાર સુધી થયેલા વિશ્લેષણ પરથી એટલું ચોક્કસ ફલિત થાય કે આ ચિત્ર કોઈ વાંકદેખી અને નિરાશાવાદી દષ્ટિનું જ છે. પરંતુ માનવીના સમગ્ર વિકાસના કારણરૂપ એક લાંબી અને સળંગ ભૌતિક, માનસિક અને બૌદ્ધિક પ્રક્રિયાને તથા આ માનવસર્જિત સૃષ્ટિને એકબીજાના સંદર્ભમાં સમજવા માટે આ વિશ્લેષણ કેટલું જરૂરી છે તે તેને અનુરૂપ દષ્ટિકોણથી વિચારતાં સમજાશે.

શિક્ષણનું માળખું રચતા પહેલાં અથવા કોઈ પણ નાના કે મોટા શિક્ષણકાર્યમાં પ્રવૃત્ત થતાં પહેલાં સંબંધિત કર્તાઓએ આ સમગ્ર પ્રક્રિયા અને તેની એકસૂત્રતા સમજી લેવી ખૂબ જ જરૂરી છે. આપણે સૈદ્ધાંતિક રીતે શિક્ષણનો હેતુ એ આદર્શ સમાજ રચના, સભ્યતા અને સંસ્કૃતિનું સર્જન તથા વિવિધ સંસ્કૃતિઓનું આગવું અસ્તિત્વ એમ પુસ્તકોમાં અનેક વખત વ્યાખ્યાયિત કરી ચૂક્યા છીએ. પરંતુ સામાન્ય માનવીના જીવનમાં આ ધ્યેયને સહજ સાધ્ય બનાવી શક્યા નથી. કારણ કે આપણે શિક્ષણની બાબતમાં છીછરા ફેરફારો કર્યા કરવામાં પ્રવૃત્ત છીએ. અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો, પ્રવેશ પદ્ધતિ, લાયકાતના માપદંડ, પરીક્ષા પદ્ધતિ, પરીક્ષણ પદ્ધતિ આ બધામાં શિખાઉની માફક નવા નવા અખતરાઓ કર્યે જવા એ શું બતાવે છે? ખરેખર તો શિક્ષણકારો અને વડીલો જ અંધકારમાં અને દિશાહીનતામાં ઝાંવા મારતા હોય તો તેઓ શિક્ષણનું માળખું કેવી રીતે રચી શકે? આ જ પ્રકારનું શિક્ષણનું સ્તર આજની પેઢીને પાંગરવા માટે મળવાનું હોય તો તેનું પરિણામ આજે આપણે સમાચારોમાં સતત જોઈએ જ છીએ. શાળાની અગાસી પર બાળા ઉપર યુવાન વર્ગશિક્ષક દ્વારા બળાત્કાર, અભિનેત્રી થવાની લાલચે નાના શહેરોમાંથી મુંબઈમાં ઠલવાતી નવયૌવનાઓની વેશ્યાબજારમાં ભીડ, કમળો અને કોલેરા જેવી બિમારીઓથી હજારોના મોત થવા છતાં રોડ પર ખુલ્લા અને

અસ્વચ્છ ખોરાકનો ધીકતો ધંધો, રૂ. ૫,૦૦,૦૦૦/-માં શિક્ષક અને રૂ. ૧૦,૦૦,૦૦૦/-માં કસ્ટમ ઈન્સ્પેક્ટરની નોકરી, સ્વીસ બેંકોમાં ભારતીય રાજકારણીઓ અને ઉદ્યોગપતિઓના નાણાંનું જંગી રોકાણ. ટૂંકમાં આપણી અત્યાર સુધીની ઉપેક્ષાવૃત્તિ ચાલુ જ રહેશે તો ભવિષ્યની પેઢીઓ મર્યાદિત વિસ્તારમાં ઘાણીના બળદની જેમ આંટા જ માર્યા કરશે અને સત્તરમી કે અઢારમી સદીની સામાજિક સ્થિતિને નવા સ્વરૂપે દોહરાવ્યે જશે.

આજના આપણા તંત્રના વાહકો, બુદ્ધિજીવીઓ, વૈજ્ઞાનિકો, પત્રકારો, અધ્યાપકો, લેખકો, શિક્ષકો અને અહીં કહેલું સહેજ પણ સમજી શકનારા કોઈ પણ મનુષ્યની એક મહત્વની જવાબદારી બને છે કે તેમણે પોતાના સંસર્ગમાં આવતી વ્યક્તિઓની રચનાત્મક વૃત્તિઓને (Creative Impulse) વધુને વધુ ઉત્તેજીત કરવી જોઈએ. જો કે Creative અને Possessive Impulsesના શુભગ સમન્વયથી જ વેપાર-ઉદ્યોગના સંચાલકો સફળ થાય છે અને અર્થતંત્ર ફૂલેફાલે છે. તેના પગલે વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ થાય છે. પરંતુ આ બંને વૃત્તિઓનું સમતોલન તૂટી જતાં સમાજમાં અરાજકતા અને બરબાદીનું જ વાતાવરણ સર્જાય છે, માટે આ સમતોલન પ્રાપ્ત કરવું એ શિક્ષણનો મૂળભૂત ધ્યેય બની રહેવો જોઈએ.

*૧૦૧૫, સ્પાન ટ્રેડ સેન્ટર, પાલડી ચાર રસ્તા,*
*એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬., મો. ૯૪૨૬૦ ૮૦૫૬૫*

## સાચો ધર્મ

માનવ જીવન જુદા જુદા ધર્મના વાડામાં અટવાઈ ગયું! શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે "મમૈવાશો જીવ લોકે જીવ ભુતઃ સનાતમઃ" માનવ જીવન મારો જ અંશ. અરે, દરેક જીવ પ્રાણી, પશુ, પંખી તુલસીકૃત રામાયણમાં "બડે ભાગ માનુષ તનુ પાવા. સુર દુર્લભ સદ્‌ગ્રંથ ન ગાવા" દેવોને દુર્લભ 'મનુષ્ય જીવન.'

કવિ સેક્સપિયરે કહ્યું, "ભગવાનની શ્રેષ્ઠ કૃતિ - માનવ." પણ આજે માનવ જુદા જુદા ધર્મમાં અટવાઈ ધર્મના નામે મારા-તારાના ભેદ, ભાઈચારો ગયો, સેવાધર્મ ડૂબ્યો!

***પાંચ આંધળાનું દૃષ્ટાંત કંઈક સમજાવે છે :***

એક ગામડામાં સરઘસ નીકળ્યું. જેમાં હાથી ઠાઠમાઠથી શણગારેલો હતો. ઠાઠથી શણગારેલા આ હાથીને જોવા ગામનાં બધા જ લોકો નીકળી પડ્યા. આ ગામના પાંચ આંધળા માણસો હાથીને જોઈ શકતા ન હતા. તેથી તેના સ્વરુપ વિશે માહિતગાર બનવા તેમણે હાથીને અડકીને જાણીતા થવા નિર્ણય કર્યો. એ બાપડા આંધળા માણસોને તેમ કરવાની છૂટ આપી! સરઘસ ચાલ્યું ગયું. પાંચ આંધળા માણસો હાથી વિશે વાત કરવા લાગ્યા. એક કહે, 'હાથી દીવાલ જેવો હતો.' બીજો કહે, 'ના, એમ નહોતું. તે દોરડા જેવો હતો.' ત્રીજો કહે, 'મેં તેને અડકીને જોયો હતો. તે મોટા સાપ જેવો હતો.' ચોથો કહે, 'હાથી તકિયા જેવો હતો.' ચર્ચામાં ગરમી આવી. પાંચમો કહે, 'ના, ના, હાથી થાંભલા જેવો હતો.' પાંચે લડવા લાગ્યા.

એક દેખતો માણસ ત્યાં આવી પહોંચ્યો. તેણે કહ્યું, દોસ્તો! શી વાત છે? તકરાર સમજી તેણે વિચાર્યું, અરે! આવો ઝઘડો? આંખનુ કાજળ ગાલે ઘસ્યું. તે હસતો હસતો બોલ્યો, 'ભાઈઓ, તમે જુદા જુદા સ્થળે અડક્યા હતા. દીવાલ એ તેનું પડખું હતું. દોરડું એ તેની પૂંછડી હતી. સાપ એ તેની સુંઢ હતી. તકિયો એ તેનો નીચેના પગનો ભાગ હતો અને થાંભલો એ તેનો પગ હતો. તમારો ઝઘડો હવે બંધ કરો.'

જગતમાં ધર્મ આવા ઝઘડામાં ઉતરી પડ્યો છે. પશ્ચિમના લોકો માને છે તેમની પાસે જ ઈશ્વરનો ધર્મ છે. પૂર્વના લોકો પણ એવો જ આગ્રહ રાખે છે. બંને ખોટા છે. ઈશ્વર દરેક ધર્મમાં છે. તેમાં પણ કર્મ મહાન છે.

આપણા ભારત દેશની આ ખુમારીની વાત વિશ્વમાં લઈ જનાર આપણા સ્વામિ વિવેકાનંદજીએ ૧૮૯૩માં વિશ્વધર્મ પરિષદમાં કહેલું કે, 'બધા ધર્મો સાચા છે એ વાતનો સ્વીકાર કરવા જે ધર્મે લોકોને શીખવ્યું તે ધર્મના પ્રતિનિધિ હોવાનું મને ગૌરવ છે. જેમને પોતાના વતનમાં પોતાનો જ ધર્મ પાળવાની મનાઈ કરવામાં આવી તેવા અનેક લોકોને મારા દેશ ભારતે આશ્રય આપ્યો છે.'

લાખો ભારતવાસીઓ જેનું પ્રતિદિન પઠન કરે છે તે શ્લોકનો ઉલ્લેખ પણ સ્વામિજીએ વ્યાખ્યાનમાં કર્યો. મહિમ્ન સ્તોત્રનો આ શ્લોક કહે છે કે : 'જેવી રીતે જુદી જુદી નદીઓ સાગરને મળે છે તેવી જ રીતે જુદા જુદા ધર્મોનું એક જ ઈશ્વરમાં મિલન થાય છે.' એથી વિશેષમાં કહ્યું કે, 'ઈશ્વર દરેક ધર્મમાં છે. એટલું જ નહીં પણ કોઈની આંતરડી ઠારવી, કોઈનું ભલું કરવું એ જ સાચો ધર્મ અને તે જ પુણ્ય!'

માણસ નદીમાં નાહી લે એટલે ધર્મ? પૈસો પુષ્પ ચડાવે શું એટલે ધર્મ? શું આનાથી રતિભાર પુણ્ય મળે ખરું? આતો ગતાનુંગતીક. સાચો ધર્મ સાચા માનવતાવાદી થઈને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ક્ષુદ્ર, અંત્યજ વગેરે ભેદોને ધર્મ ન માનીએ. સૌ માનવને પ્રભુના બાળક સમજીને ધાર્મિક ક્ષેત્રમાં સમાનભાવ રાખી સ્વમાંથી સર્વપરાયણ અને સર્વ પરાયણથી સેવા પરાયણની ઉત્કૃષ્ટ ભાવના એ જ સાચો ધર્મ. 'ઈશ્વર સર્વભુતાનામ.'

*રઘુરામભાઈ વશરામભાઇ રાચ્છ - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૦૨૯૧૫*

વિચાર મંચ

# વિચારધારા અને માર્કેટિંગ

• મુરજી ગડા •

દુનિયામાં માનવસર્જિત સૌથી શક્તિશાળી કોઈ પરિબળ હોય તો તે છે વિચારધારા. લોકમાનસ પર લાંબા સમય સુધી શાસન કરવાનું એ શ્રેષ્ઠ સાધન રહ્યું છે.

પ્રભાવશાળી અને પ્રતિભાવાળી વ્યક્તિઓની વિચારધારાએ સમાજને, દેશને અને દુનિયાને ઘડી છે. ઈતિહાસે રાજાઓ અને યુદ્ધો સિવાય જેની પણ નોંધ લીધી હોય તે છે ક્રાંતિકારી વિચારધારાઓની.

વિચારધારા ધાર્મિક હોય, રાજકીય હોય, સામાજિક હોય કે આર્થિક હોય; લોકજીવન અને સંસ્કૃતિ પર એની અસર ચોક્કસ બનાવો કરતાં ઘણી વધારે રહી છે. અડધી દુનિયા જીતનાર ચંગીઝખાન ભૂલાઈ ગયો છે જ્યારે એનાથી છસો વરસ પહેલાં થઇ ગયેલ મહંમદ પયગંબરની વિચારધારાનો પ્રભાવ જરાયે ઓછો નથી થયો.

વિચારધારા સર્જનાત્મક હોઇ શકે છે કે વિનાશકારી પણ હોઈ શકે છે. સર્જનાત્મક વિચારધારાને જ્યારે સર્વશ્રેષ્ઠ ઠરાવવાનો પ્રયાસ થાય છે કે પછી એમાં ખોટી માન્યતાઓનો કચરો ઉમેરવામાં આવે છે ત્યારે તે એટલે અંશે વિનાશકારી બની જાય છે. વિચાધારાની વિનાશકારી અસર માણસે બનાવેલ કોઇ પણ શસ્ત્ર કરતાં વધારે સંહારક રહી છે, અને ઘણા લાંબા સમય સુધી કામ કરે છે. અમેરિકાએ નાગાસાકી પર નાંખેલા અણુબોમ્બે ૬૦,૦૦૦ લોકોનો પળવારમાં નાશ કર્યો હતો. એની સરખામણીએ હિટલરે યહૂદીઓ પ્રત્યે પ્રસરાવેલ ધૃણાએ એનાથી સો ગણા વધારે લોકોનો વરસો સુધી ભોગ લીધો છે. આજના કટ્ટરપંથી આતંકવાદીઓ પણ આવી જ વિનાશકારી વિચારધારાના હાથા બન્યા છે.

આ બધી વિચારધારાઓ પાછળનું ચાલક બળ છે એમનું માર્કેટિંગ. ઘણી ઉમદા વિચારધારાઓ માર્કેટિંગના અભાવે વિસરાઇ ગઇ છે કે પછી વાજબી સ્વીકૃતિ પામી શકી નથી. જ્યારે સામાન્ય વિચારધારાઓ પણ ઉમદા માર્કેટિંગને લીધે ઘણો પ્રચાર પામી છે.

સામાન્ય રીતે ઔદ્યોગિક જગતમાં માર્કેટિંગ શબ્દ ધંધા માટે વપરાય છે. એનો અર્થ ફક્ત વેચાણ નથી, પણ લોકમાનસ પર એ વસ્તુની મોજુદગી, ઉપયોગ વગેરે ઠરાવવાનો હેતુ છે. જ્યારે તે વ્યક્તિ, બનાવ કે વિચારધારાના સંદર્ભમાં વપરાય છે ત્યારે એનો અર્થ સંકલન, રજૂઆત અને પ્રચાર થાય છે. આ માર્કેટિંગ બળ આગળ વ્યક્તિ, બનાવ કે વિચારધારાની ગુણવત્તા પણ ક્યારેક ઓછી મહત્ત્વની બની જાય છે.

સેંકડો લોકોએ હિંસક કે અહિંસક માર્ગે આપણા દેશની આઝાદી માટે પોતાની જાતનું બલિદાન આપ્યું છે. આ શહીદોમાં પહેલું નામ લેવાય છે ભગતસિંહનું. એમના ઉપરાંત બીજાં થોડાંક નામ હજી લોકોને યાદ હશે પણ મોટા ભાગના ભૂલાઇ ગયા છે. શહીદ તો એ પણ થયા હતા અને એવીજ ભાવનાથી થયા હતા. આની પાછળ અન્ય કારણો સાથે એક કારણ એ છે કે ભગતસિંહનું જેટલું માર્કેટિંગ થયું છે એટલું બીજા કોઇનું નથી થયું.

માર્કેટિંગ નકારાત્મક રીતે પણ થાય છે. ઔરંગઝેબ પોતાના ભાઇઓને મારીને, બાપને કેદ કરીને સત્તા પર આવ્યો હતો એ ખૂબ ગવાયું છે. આવો બનાવ પહેલો કે છેલ્લો નથી. ઘણા સત્તા પલટા લોહિયાળ રહ્યા છે. એમાં ભાઇઓની હત્યા, કારાવાસ કે દેશનિકાલ બધું બનતું હતું. ઘરઆંગણે ઝવેરચંદ મેઘાણીની ખૂબ પ્રસિદ્ધિ પામેલી બહારવટિયાઓની વાર્તાના મૂળ આવા રાજસત્તા માટે થતા કાવાદાવાઓમાં રહેલા છે. એમનો એટલો પ્રચાર નથી થયો.

નાઝી જર્મનીમાં શાસક વર્ગ દ્વારા યહૂદીઓની સામૂહિક હત્યા ઘણી ચર્ચાઈ છે અને હજી પણ ચર્ચાય છે. શાસકવર્ગ દ્વારા રશિયા, ચીન, કંબોડિયા, રવાન્ડા જેવા ઘણા દેશોમાં લાખો લોકોની નિર્દય કતલ ત્યાર પછી થઇ છે. એની આટલી નોંધ નથી લેવાઇ. ફરીથી એજ, માર્કેટિંગનો પ્રભાવ અને અભાવ.

વ્યક્તિઓ અને બનાવો વિશે આવા તો ઘણા દાખલા આપી શકાય. આ લેખનો હેતુ દાખલા ટાંકવાનો નથી. વિચારધારા અને માર્કેટિંગના પ્રભાવના અને અભાવના પરિણામને રજૂ કરવાનો છે.

સંદેશા વ્યવહારમાં આવેલી જબરદસ્ત ક્રાંતિને લીધે છાપાં, સામયિક અને ટી.વી. દ્વારા ભરપૂર માહિતી મળવા લાગી છે. એમનો મૂળ હેતુ વ્યાપારી હોવાને લીધે માહિતીની ગુણવત્તા સંશયાત્મક હોય છે. સમયના દબાણ નીચે કામ કરતા લોકોને, અપાતી માહિતીની

ચોકસાઇ તપાસવાનો સમય નથી હોતો અને એની દરકાર પણ નથી હોતી. આ માધ્યમો માહિતી સાથે પોતાના મંતવ્યો પણ રજૂ કરતા હોય છે. એમના પક્ષપાતી પ્રસારણથી આપણી વિચારસરણી જાણે અજાણે એક ચોક્કસ દિશામાં ઘડાતી જાય છે. જુદા માધ્યમોનો અલગ દૃષ્ટિકોણ જાણવાનો કે સમજવાનો સમય અને વિવેક બધા પાસે નથી હોતો. પોતાની મેળવેલી માહિતી સાચી અને અન્ય બધી ખોટી એમ ઘણા લોકો માનતા થઇ જાય છે. પરિણામે એક ચુસ્ત મતવાદી જડ સમુદાય અસ્તિત્વમાં આવે છે.

આ બાબતમાં પુસ્તકો થોડાં જુદાં પડે છે. એમાં લેખકના અભિપ્રાય અવશ્ય હોય છે પણ એ લખવા પાછળ લેખકનો વ્યાપારી હેતુ ઓછો હોય છે. ચોક્કસ સમયમાં પતાવવાનું દબાણ ઓછું હોવાથી પ્રમાણમાં એ વધારે આધારભૂત હોય છે. કમનસીબે પુસ્તકોનું વાંચન મર્યાદિત થતું જાય છે.

દુનિયામાં વસતા ૭૦૦ કરોડથી પણ વધુ માનવ સમુદાયની ધર્મ અને ઈશ્વર વિશેની ઘણી જુદી જુદી સમજણ છે. બધાજ પોતાની સમજણને સાચી અને પોતાના ધર્મને શ્રેષ્ઠ માને છે. એની તરફેણમાં એ પોતાના ધર્મની વિશેષતાઓ ગણાવે છે.

સંખ્યાની દૃષ્ટિએ જોઇએ તો ખ્રિસ્તીઓ ૨૦૦ કરોડ જેટલા છે. મુસ્લિમ ૧૩૦ કરોડ, હિંદુ ૯૦ કરોડ અને બૌધ્ધ ૭૦ કરોડ જેટલા છે. એમની સરખામણીમાં જૈન, શીખ, પારસી વગેરેની સંખ્યા સાવ ઓછી એટલે સોમાં ભાગ જેટલી પણ નથી.

સંખ્યાબળ એ કોઇપણ વિચારધારાની ગુણવત્તાનું માપ નથી. છતાંયે એની મર્યાદિત સ્વીકૃતિ કંઇક તો જરૂર સૂચવે છે. બધી બાબતોની જેમ ધાર્મિક વિચારધારાના ફેલાવામાં પણ એનું આકર્ષણ અને માર્કેટિંગ મોટો ભાગ ભજવે છે. શરૂઆતમાં બધા ધર્મોનો ફેલાવો રાજ્યાશ્રયમાં થતો હતો. ઘણી વખત બળપૂર્વક પણ ધર્માંતર કરાવવામાં આવતું.

માર્કેટિંગના પ્રભાવને પારખી હાલ કેટલાયે ધાર્મિક સંપ્રદાયો પોતાની વિચારધારાનો પ્રચાર અને પ્રસાર કરવાની હોડમાં લાગ્યા હોય એમ દેખાય છે. એના લીધે કેટલીક ટી.વી. ચેનલો ''બાવા'' ચેનલો તરીકે ઓળખાતી થઇ છે. ધાર્મિકતા વધારવામાં એમનું યોગદાન કેટલું રચનાત્મક છે તે તો એમને સાંભળનારા જાણે. બીજી બાજુએ ધાર્મિક સિરિયલો પોતાનું આર્થિક હિત સાધવામાં શ્રદ્ધાળુઓને ભરપૂર અંધશ્રદ્ધા પીરસી રહી છે એ હકીકત છે.

સમાજનો એક વર્ગ છાપું પણ વાંચતો નથી. પુસ્તકો તો દૂરની વાત થઇ. ઘણાં મહાનગરમાં રહેતા હોવા છતાં હજી પોતાના નાનકડા સંપ્રદાયમાંથી બહાર નીકળ્યા નથી. બહારની દુનિયા ઘણી વિશાળ અને વિવિધતાપૂર્ણ છે. બીજી વિચારધારાઓમાં ઘણું સારું અને અપનાવવા જેવું છે. આપણીજ શ્રેષ્ઠ અને અન્ય સૌ ઉતરતી એ વૃત્તિને કૂપમંડુકતા કહેવાય છે.

આ વર્ગની માહિતી અને સમજણનો મુખ્ય સ્રોત છે લોકવાયકા અને સાધુવર્ગના વ્યાખ્યાનો. એમની વિચારસરણી એનાથી ઘડાય છે. સમાજ પર સાધુ સમુદાયનો ઘણો પ્રભાવ હોવાથી આ ક્ષેત્રે સૌથી વધુ યોગદાન તેઓજ કરી શકે છે. પરિવર્તનનો સંદેશ અને જરૂરિયાત એમના સુધી પહોંચાડવાની જવાબદારી સમાજના આગેવાનોની છે.

આર્થિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રે વિચારસરણીમાં આપણે ઝડપી ફેરફાર સ્વીકાર્યા છે. કારણ કે એમાં કોઇ અવરોધક નથી. એની સરખામણીમાં સ્થાપિત હિતોને લીધે ધાર્મિક વિચારસરણીનો ફેરફાર ઘણોજ ધીમો અને નાના વર્તુળ પૂરતો મર્યાદિત રહ્યો છે. અંતે તો ધર્મ એ નીતિશાસ્ત્રની વિચારધારા છે. ધર્મ જો સનાતન અને સર્વવ્યાપી સત્ય હોત તો બધા ધર્મોના આદેશ એકસરખા હોત. કોઇપણ વિચારધારા શાશ્વત સ્થિર નથી રહી શકતી. એને જનસમુદાયના વિશાળ હિતને ધ્યાનમાં રાખી સમયાનુસાર બદલાવું પડે છે. વિચારધારા માટે શાશ્વતપણું એ ગુણ નહીં પણ ખામી છે. બંધિયાર પાણી કરતાં વહેતું પાણી હંમેશાં વધુ સ્વચ્છ હોય છે.

રાજાશાહી એ એક પ્રકારની સરમુખત્યારશાહી હતી. કંઇપણ પામવા માટે રાજાની મહેરબાની જરૂરી હતી. રાજા સામે કોઇપણ વાતનો વિરોધ કરવો જોખમી હતું. આ વ્યવસ્થાથી લોકો એટલા ટેવાઈ ગયા હતા કે ધર્મમાં આવેલી સરમુખત્યારશાહીને સહજપણે સ્વીકારી લીધી. પહેલાં ધાર્મિક સંસ્થાઓ સમાંતર સત્તા ગણાતી. હજી પણ કેટલાક રાષ્ટ્રોમાં એવું જ છે. હવે રાજકીય ક્ષેત્રે જ્યાં લોકશાહી આવી છે ત્યાં સત્તા સામે આપણો વિરોધ પ્રગટ કરી શકીએ છીએ. પૂરતો જનમત કેળવાય તો કાયદાઓ અને સત્તાધીશો પણ બદલી શકાય છે. જ્યારે ધાર્મિક ક્ષેત્રે આ હજી શક્ય નથી.

આમ તો ધાર્મિક વિચારધારાઓમાં પણ સમયાંતરે ફેરફાર થતા આવ્યા છે. એ ફેરફાર ધર્મગુરુઓ વચ્ચેના વ્યક્તિગત કે વૈચારિક ભેદભાવોને લીધે થયા છે. જનસમુદાયના હિત માટે નથી થયા. એનાથી લાભ કરતાં હાનિ વધુ થઇ છે.

સંપ્રદાયોમાં વિભાજન થતાં આંતરિક સ્પર્ધાને લીધે સમાજ નબળો પડે છે.

કેટલાક સાધુઓએ પોતાની ધાર્મિક માન્યતાઓમાં સમયને અનુસાર જરૂરી પરિવર્તન કર્યા છે. તેઓ સાધુપણાની અલિપ્તતા છોડીને સામાજિક સંસ્થાઓ ઊભી કરી એનું સંચાલન પણ કરે છે. સમાજે એમને સ્વીકારી એને આવકાર્યા છે. આવા પ્રગતિશીલ પરિવર્તનનો વ્યાપ હજી ઘણો વધે એ જરૂરી છે.

**વિકસિત દેશોના વિકાસ પાછળના કારણો તપાસીએ તો એમાંનું એક અગત્યનું કારણ એમની ધાર્મિક વિચારસરણી છે.** આ ધાર્મિક વિચારસરણી આપણી ઘણી પ્રવૃત્તિઓને પ્રભાવિત કરે છે. દેશના એક ચોક્કસ વર્ગને કે સ્ત્રીઓને નીચો દરજ્જો આપનાર દેશો પછાત રહ્યા છે. ભૂતકાળમાં રાચ્યા રહેતા કે પરલોકને વધુ પડતું મહત્ત્વ આપતા સમાજની પ્રગતિ મર્યાદિત રહી છે. વિકસિત રાષ્ટ્રોએ વર્તમાનને અને આ લોકના ભવિષ્યને મહત્ત્વ આપ્યું છે. આ ફક્ત ભૌતિક વિકાસની નહીં પણ પૂરા દેશના સર્વાંગી વિકાસની વાત છે. પ્રાચીન સંસ્કૃતિમાં ભારત સાથે ઊભા રહેનાર ચીનની વર્તમાન પ્રગતિ પાછળ પણ આ જ કારણો છે.

જ્યારે કોઇ કંપનીની વસ્તુઓ એમની ગુણવત્તાને લીધે વધુ વેચાય છે ત્યારે એને બ્રાન્ડ એસ્ટાબ્લિશ થઇ ગઇ એમ કહેવાય છે. એ કંપની બીજી કોઇ વસ્તુ બનાવે તો તે પણ એમના બ્રાંડનેમના લીધે તુરંત પ્રસિદ્ધિ પામે છે. સમય જતાં બીજાઓનો સારો માલ આ બ્રાંડ કંપની પોતાના નામે વેચવા દેવાના શરતી કરાર પણ કરે છે. જ્યારે કેટલીક તકસાધુ કંપનીઓ પોતાનો ઉતરતો માલ બ્રાંડ કંપનીને જણાવ્યા વગર એમના નામે વેચી રોકડી કરી લે છે. વસ્તુઓનું આવું બ્રાન્ડિંગ આપણે જાણીએ અને સમજીએ છીએ. જે સમજતા કે સ્વીકારતા નથી એમના માટે આટલી પ્રસ્તાવના જરૂરી હતી.

વિચારધારાના માર્કેટિંગમાં ધર્મ મોખરે રહ્યો છે. એની સ્વીકૃતિ થયા પછી, બ્રાંડ એસ્ટાબ્લિશ થયા પછી, બીજા ઘણા સ્વતંત્ર વિષયોએ ધર્મ સાથે જોડાણ કર્યુ. ઇતિહાસ, ભૂગોળ, ખગોળ, આરોગ્યશાસ્ત્ર વગેરે એમાં મુખ્ય છે. આ જોડાણમાં બન્ને પક્ષોને ફાયદો થયો. એનાથી ધર્મનો વ્યાપ વધ્યો અને બીજાઓને ધર્મના નામે સ્વીકૃતિ મળી. નુકસાન આમ પ્રજાને થયું. એમને આ ભેળસેળની ખબર પડી નહીં. લેભાગુઓએ એનો ભરપૂર લાભ ઉઠાવ્યો છે.

ધર્મના નામે ઘૂસાડવામાં આવેલા આવા વિષયોને અલગ પાડી સચોટ રીતે રજૂ કરવા આવશ્યક છે. જ્યાં પણ માન્યતાઓ વાસ્તવિકતાથી અલગ પડે છે ત્યાં એમની પોકળતાને પ્રકાશમાં લાવવી જરૂરી છે. સમયને અનુરૂપ વાસ્તવિકતા પર રચાયેલ સમાજની એ જરૂરી સેવા હશે.

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ,*
*વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. ૯૭૨૬૭ ૯૯૦૦૯*
*E-mail : mggada@gmail.com*

## સિનિયર સિટીઝન હોમ્સ

**દુઝણી ગાયની લાત ખાવા સહુ આતુર હોય છે, પણ વસુકેલી ગાયની પીઠ પંપાળવાની માનવતા પણ ભાગ્યે જ કોઈ દેખાડે છે. વસુકેલી ગાય પણ એક સમયે મબલખ દૂધ આપતી હતી, એટલું પણ યાદ રાખવા લોકો તૈયાર નથી. એક વખત મબલખ કમાતી વ્યક્તિ, નિવૃત્તિના સમયે પૈસા વિનાનો હોય તો ઘરમાં તેની કોઇ જ કિંમત નથી. ઘરના લોકો માટે તે બોજારૂપ વ્યક્તિ છે, ચાહે તેનો ભૂતકાળ ગમે તેટલો સોનેરી હોય!**

**સંતાનોમાં ઉત્પન્ન થયેલી આ લાગણી સ્વાભાવિક છે. કદાચ કુદરતી પણ હશે. પરંતુ તે યોગ્ય છે કે નહીં તેનો વિચાર ચિંતકોએ કરવો જોઈએ. અને જો તે અયોગ્ય લાગે તો સમગ્ર યુવા સમાજની વિચારસરણી યોગ્ય રીતે ઘડાય તેવું વાતાવરણ નીપજાવવા માત્ર અભ્યાસક્રમના પાઠોથી નહીં ચાલે પરંતુ કોઈ જલદ ઉપાયનો અમલ કરવાનો રહેશે.**

**આપણે ત્યાં સંયુક્ત કુટુંબપ્રથા છે અને મોટાભાગનો વર્ગ પહોંચતો – પામતો નથી. એટલે આ રાહે વિચારવું પડે છે પરંતુ અમેરિકામાં બાળક યુવા થયેથી ઘરથી દૂર નીકળી જાય છે. ઉંમરની પાકટ વયે પણ વૃધ્ધ આદમી પોતાની કમાઈ પર જ જીવે છે અને જો તે શક્ય ના બને તો સિનિયર સિટીઝન હોમ્સ આ વૃધ્ધોને સાચવે છે.**

**ભારતમાં પણ સિનિયર સિટીઝન હોમનું પ્રમાણ ખૂબ નજદીકના ભવિષ્યમાં એટલે કે આવતા ૧૦૦ વર્ષ સુધીમાં ખૂબ જ વધી જશે તેવું અત્યારે તો દેખાય છે.** ■

વિચાર મંચ

# હવે ખટપટ પણ સૂક્ષ્મ અને આધુનિક રીતે થાય છે

• ડૉ. યાસીન દલાલ •

વરસો પહેલા કેન્દ્રમાં કોંગ્રેસનું શાસન તૂટ્યું અને વિરોધપક્ષની સરકાર આવી ત્યારે જે વડાપ્રધાનો આવ્યા એમાં ઈન્દરકુમાર ગુજરાલ, ચૌધરી ચરણસિંઘ તથા ચંદ્રશેખર જેવા નેતાઓનો સમાવેશ થતો હતો. દક્ષિણમાંથી પહેલીવાર દેવીગૌડા આવ્યા અને કર્ણાટકના મુખ્યપ્રધાનપદેથી સીધા વડાપ્રધાન બની ગયા પણ એમને હિંદી આવડતું નહોતું. એ જ રીતે વી.પી. સિંઘ વડાપ્રધાન હતા ત્યારે તામિલનાડુના જયલલીતાએ એમને અંગ્રેજીમાં પત્ર લખ્યો અને વી.પી. સિંઘે એનો જવાબ હિંદીમાં આપ્યો. એ.આઈ.એ.ડી.એમ.કે.ના સભ્યોએ કોલાહલ કર્યો એટલે સરકારે ખાતરી આપવી પડી કે રાજ્યો અંગ્રેજીમાં પત્રવ્યવહાર કરી શકશે. દેવગૌડાએ શ્રી આર.કે. હેગડે જેવા સશક્ત નેતાને અંગત વેરઝેરથી જનતાદળમાંથી કાઢી મૂક્યા.

આ દૂષણ જો રાજકારણ પૂરતું જ સીમિત હોત તો જુદી વાત હતી, પણ અત્યારે આપણે ત્યાં જીવનનું કોઈ ક્ષેત્ર આ દૂષણમાંથી બાકાત નથી. ખટપટ ખાનગીમાં થાય, પણ આમાંથી જાહેર ક્ષેત્ર પણ અલિપ્ત નથી.

સંયુક્ત કુટુંબથી શરૂ થઈને ગ્રામ પંચાયત, શહેર સુધરાઈ અને કોર્પોરેશન થઈને આ ખટપટ દિલ્હી સુધી પહોંચે ત્યારે એ દૂષણ રાષ્ટ્રવ્યાપી બને છે. સરકારી કચેરીમાં બીજી પ્રવૃત્તિ થાય કે નહીં, પણ ખટપટ, પ્રપંચ અને કાવાદાવાની પ્રવૃત્તિ તો સતત ચાલતી જ રહે છે. નાની મોટી કાનાફુસીથી માંડીને ઉઘાડા ષડયંત્રો સુધી આ માયાજાળ ફેલાતી રહે છે. આપણો આ ગૃહઉદ્યોગ એ કદાચ દુનિયાને આપણી વિશિષ્ટ ભેટ છે. આમ તો મનુષ્ય માત્રની આ નબળાઈ છે, પણ આપણી સાથે એને વધારે ગોઠી ગયું છે. અંગ્રેજ પ્રજાની બીજી નબળાઈઓ હશે, પણ મૌન રહીને શાંતિથી કામ કરવું અને બીજાના મામલામાં માથું ન મારવું એ આ પ્રજાનો એક અપનાવવા જેવો ગુણ છે. **પશ્ચિમના દેશોમાં લોકશાહી પુખ્ત બનીને પાંગરી. પરિણામે ત્યાંની મોટાભાગની સંસ્થાઓના વહીવટમાં નિખાલસ લોકશાહી પ્રક્રિયા પ્રસરી અને એનો લાભ સમગ્ર પ્રજાને મળ્યો. આપણે ત્યાં બરોબર એનાથી ઊંધું થયું. આંતરિક ખેંચતાણ અને હોંસાતુંસીમાંથી આપણી ગાંધીવાદી સંસ્થાઓ પણ મુક્ત નથી! આ દૂષણથી આપણી સંખ્યાબંધ સંસ્થાઓ, યુનિવર્સિટીઓ અને સ્વૈચ્છિક મંડળો પણ માંદા પડી ગયા છે અથવા એમની પ્રવૃત્તિ સ્થગિત થઈ ગઈ છે.**

ઈંદિરા ગાંધી આવી ખટપટો અને કાવાદાવાના મહાનિષ્ણાત હતા. આવા કાવાદાવા વડે એમણે અનેક વરિષ્ઠ નેતાઓને ઘરભેગા કરી દીધા ત્યારે લોકોએ એમની આ કામગીરીને બિરદાવીને કહ્યું, "જોયું, બાઈ કેટલી જબરી છે! આનું જ નામ રાજકારણ." **જે પ્રજા ખટપીયા રાજકારણીઓને માથે બેસાડે અને સીધા સાદા નેતાઓને ઘેર બેસાડે એના નસીબમાં પછાતપણું અને ગરીબી જ આવે.** આપણે હજુ પ્રામાણિકતા અને નિષ્ઠાને બિરદાવતા શીખ્યા નથી તેમજ કાવાદાવા અને પ્રપંચને શિક્ષા કરતા શીખ્યા નથી. ઉપરથી, આવા પ્રપંચી લોકો આપણા સમાજમાં ઊંચા સ્થાનો પર કબજો કરી લે છે.

ખટપટની પાછળ એક મોટું પ્રેરકબળ હોદ્દા કે બઢતીની લાલસા હોય છે. આપણી મોટાભાગની સંસ્થાઓ આવી હોદ્દા લાલસા અને એમાંથી જન્મતી ખટપટોનો શિકાર બનીને મરણશરણ થઈ છે. આમાંથી યુનિવર્સિટી જેવી વિદ્યાસંસ્થાઓ પણ બાકાત નથી. આવી કેટલીય સંસ્થાઓમાં સંખ્યાબંધ ઉચ્ચ હોદ્દાઓ વર્ષોથી ખાલી જ પડ્યા હોય છે. એ ભરવાનો પ્રયત્ન થાય કે હોંસાતુંસી શરૂ થાય. નિવૃત્તિને આઠ-દસ મહિના બાકી હોય એવા લોકો પણ 'ચાર દિનકી ચાંદની' માણવા માટે કાવાદાવા, દબાણ કે યુક્તિ - પ્રયુક્તિનો આશ્રય લેવાનું ચૂકતા નથી. અતિશય કડવાશ અને કટુતાવાળી ખટપટો મહિનાઓ સુધી ચાલ્યા પછી માણસ નિવૃત્ત થાય અને એનો સમારંભ થાય ત્યાં જે ભાષણો કરવામાં આવે એ સાંભળનારને એમ જ લાગે કે અહીં તો બધા યોગીઓ અને તપસ્વીઓ જ ભેગા થયા છે! **પીઠ પાછળ ભયાનક પ્રપંચ કરવા અને મોઢે ભરચક વખાણ કરવા જેવી કુસેવા બીજી કોઈ નથી.** કોઈ માણસ પ્રત્યે સાચી ફરિયાદ કે અણગમો હોય તો પણ એ એની સમક્ષ રૂબરૂ જ કરી દેવાય તો પીઠ પાછળની કુથલીના દૂષણમાંથી બચી શકાય.

આપણને સુડતાલીસમાં રાજકીય આઝાદી મળી એ પછી એ આઝાદીનું બધા ક્ષેત્રોમાં વિસ્તરણ થયું. આઝાદી આવી એટલે કરચોરી કરવી, કાળા બજાર

કરવા, જમીન-મકાન પચાવી પાડવા, સંઘરો કરવો એ બધું સામાન્ય થઈ ગયું. ઉદારીકરણ આવ્યું એટલે શેરબજાર ખૂલી ગયું. પણ એમાં આઝાદીના અધિકારનો દુરૂપયોગ ચાલુ જ રહ્યો. એટલે લાખોની સંખ્યામાં નકલી શેરો બનાવવા અને વેચવાનો ધંધો શરૂ થયો. બંધારણે કામ કરવાનો અધિકાર માન્ય રાખ્યો એટલે લોકો નોકરી શોધવા નીકળી પડ્યા. સીધી રીતે નોકરી ન મળે તો નકલી સર્ટિફીકેટ, નકલી માર્કશીટ આપીને કે પછી લાખ-બ લાખની લાંચ આપીને નોકરી મળે પણ ચાલે.

કેટલાક કર્મચારીઓ ઓફિસમાં બેસીને બીજા જ કામ કરતા રહે છે. અને તે છે ખટપટ અને અફવાઓ ફેલાવવાનું કામ. દરેક ઓફિસમાં કેટલાક કર્મચારીઓનું પૂર્ણ સમયનું કામ જ ખટપટનું હોય છે. આખી ઓફિસમાં ક્યાં લફરા ચાલે છે, ક્યાં કોનું પ્રમોશન કેમ અટક્યું છે, કયો કર્મચારી હાલ ઉપરી સાહેબની સૌથી નજીક છે, આ બધી માહિતી આવા ખટપટપ્રસાદ પાસે હાજર હોય છે.

પ્રપંચ અને યુક્તિ વડે ખોટો હોદ્દો કે લાભ પચાવી પાડવાની મથામણમાં આપણે આપણો કેટલો કિંમતી સમય બગાડતા હોઈશું? હવે જે નવી પેઢી આવશે એ તો આ બધા દૂષણોમાં આપણને બધાને ચાર ચાસણી ચડી જવાની છે. એમને જાતજાતના પ્રપંચ શીખવવા માટે સંખ્યાબંધ ટી.વી. સિરિયલો હાજર છે. આવા કાવાદાવા પછી તો અપહરણ અને ખૂન સુધી લંબાય છે. દૂષણ શરૂ થાય પછી એની ઉપર લગામ રહેતી નથી.

ખટપટ દરેક વખતે બહારથી દેખાય તેવી નથી હોતી. **કેટલાક ચતુર લોકો બહુ ચાલાકીથી સૂક્ષ્મ ખટપટ કરી લેતા હોય છે.** આવી સૂક્ષ્મ ખટપટ કરનારા માણસો સામે કોઈ આંગળી ચીંધતું નથી, પણ એની ઝીણી ખટપટ ઘણીવાર માણસને મોટું નુકસાન કરી જતી હોય છે. દરેક ઊંચી સંસ્થાનાં આંતરિક વર્તુળ સુધી પહોંચો એટલે ખબર પડી જાય કે બહારથી ભવ્ય દેખાતી ઈમારત અંદર તો પ્રપંચના દબાણથી સડી ગઈ છે. આપણી મોટાભાગની સંસ્થાઓમાં (રાજકીય પક્ષો સહિત) ઉચ્ચ આસને બિરાજતા લોકો એમની વિદાય પછી શું થશે એની ચિંતા કરતા નથી. પરિણામે બીજી હરોળ ક્યાંય તૈયાર રહેતી નથી. નહેરુ હયાત હતા ત્યારે વારંવાર 'નહેરુ પછી કોણ?'નો પ્રશ્ન પૂછાતો રહેતો. નહેરુએ પોતે જો આ પ્રશ્ન જાતને પૂછ્યો હોત તો એનો જવાબ ખોળવાની તકલીફ કરવી પડત નહીં. આવું સત્તાનું વિકેન્દ્રીકરણ સમગ્ર સંસ્થાને નુકસાન કરી જાય છે. નહેરુથી નરસિંહરાવ સુધી આ જ રાજરમતની લસોટી જોઈ શકાય છે. નરસિંહરાવ રાજીવ ગાંધીની હયાતીમાં નિવૃત્ત થઈને પોતાને ગામ જતા રહેલા. અચાનક રાજીવનું અવસાન થતા વડાપ્રધાન જેવો હોદ્દો બગાસું ખાતા પતાસું મોઢામાં આવે એમ મળી ગયો. આ ચમત્કારને ખેલદિલીથી પચાવવાને બદલે એ પણ રાજકીય હરીફોને હટાવવામાં જ પડી ગયા. પરિણામે નરસિંહરાવ જીત્યા પણ પક્ષ હારી ગયો.

બધી ગરબડ 'કોમ્યુનિકેશન' એટલે કે પ્રત્યાયનની છે. માણસ બોલતા શીખ્યો અને પછી લખતા શીખ્યો એમાં દુનિયા આખી બદલાઈ ગઈ. ક્યારેક એક વિચિત્ર વિચાર આવે છે. થોડો સમય માટે માણસની બોલવાની શક્તિ છીનવી લીધી હોય તો? બોલવાનું બંધ થાય એટલે પૂર્વગ્રહો, ગેરસમજો, ધિક્કાર અને નફરતની અભિવ્યક્તિ પણ બંધ થઈ જાય. માણસે લાખો વર્ષ ભાષા વિના જ, એટલે કે 'કોમ્યુનિકેશન' વિના જ કાઢ્યા હતા. અલબત્ત એ પ્રાકૃત કક્ષાનું પ્રત્યાયન હાથપગનાં ઈશારાથી કરતો હશે. પણ એમાં સૂક્ષ્મ લાગણીઓ, આવેગો, ખટપટો વગેરેની અભિવ્યક્તિ શક્ય નહોતી. માણસ ગુસ્સામાં આવે ત્યારે મારામારી કરી લેતો હશે, પણ સતત ચાલતી, ધીમા ઝેર જેવી ખટપટો અન પ્રપંચોથી તે દૂર રહેતો હશે. માણસ પાસે ભાષા આવી એટલે વિચારો આવ્યા, વિચાર આવ્યો એટલે તર્ક આવ્યો અને નવું નવું શોધવાની શક્તિ આવી. એમાંથી ટેકનોલોજી વિકસતી ગઈ. પણ કાવાદાવા અને પ્રપંચથી માણસ હિલચાલની જ માહિતી મેળવતો રહે એ શક્ય છે. ઉપગ્રહનો ઉપયોગ ટેલિફોન અને સંદેશાવ્યવહારમાં થાય છે, એટલો જ દુશ્મન દેશની જાસુસીમાં થાય છે. અલીબાબા અને અલાદીનની પરીકથાઓમાં વાંચવા મળતી એવી બધી સગવડો આજે માણસના ચરણોમાં હાજર છે અને છતાં માણસનો વૈચારિક દૃષ્ટિએ વિકાસ થવાને બદલે અધઃપતન જ થઈ રહ્યું છે. એક મિત્રે એક પાર્ટીમાં સરસ વાત કરેલી. બાદશાહ અકબર કરતા આજનો સામાન્ય માણસ વધુ નસીબદાર છે. અકબરના દરબારમાં નવરત્નો હતા અને તાનસેન જેવો ગાયક પણ હતો. પણ તાનસેન પ્રત્યક્ષ હાજર હોય ત્યારે જ એનું ગાયન સાંભળવા મળે. આજે આપણે કે.એલ. સાયગલ, મહંમદ રફી અને મુકેશની ગેરહાજરીમાં પણ એમનો મધુરો સ્વર માણી શકીએ છીએ. વીડિયોનું આગમન થયું એટલે ઘેર બેઠા ચાંપ દબાવીએ એટલે આ બધાના ચહેરા પણ જોવા મળે. મહંમદ રફી કઈ રીતે ગાતા હતા એ દશ્ય પણ જોવા મળે. આ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૭૯ ઉપર)**

# કુદરતના ખોળે રહીને શરીર - મનને રોગમુક્ત કરવું હોય તો હાલો, મુંદ્રાના કુદરતી ઉપચાર કેન્દ્રમાં

**૧૦ એકરમાં પથરાયેલા, શહેરથી જસ્ટ અડધો કિલોમીટર દૂર આવેલા શ્રી લક્ષ્મીચંદ માણેકચંદ વોરા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત કુદરતી ઉપચાર કેન્દ્રમાં નેચરોપથી, યોગ, પંચકર્મ, આયુર્વેદ અને હેલ્થ સ્પા એમ સંપૂર્ણલક્ષી સારવાર ઉપલબ્ધ છે.**





## શરીરનું શુદ્ધિકરણ અને મેદસ્વિતા

પ્રદૂષિત હવા, પ્રદૂષિત ખોરાક અને સ્ટ્રેસફુલ જિંદગીને કારણે સમયાંતરે શરીરમાં ટોક્સિન્સ પેદા થતાં રહે છે. પંચકર્મ અને નેચરોપથી એ ડીટોક્સિફિકેશન દૂર કરવાની ઉત્તમ, સરળ અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ ધરાવે છે. એ એટલી અસરકારક છે, એટલી જ આડઅસરરહિત પણ છે. પંચકર્મ દ્વારા શરીરની સૂક્ષ્મ પેશીઓને સાફ કરી, તમામ સિસ્ટમની સફાઈ કરીને નવચેતના ખીલવે છે જે આંતરિક શાંતિ, સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારે છે. વજન ઘટાડવા માટે પણ મુંદ્રાના કુદરતી ઉપચાર કેન્દ્રમાં સારવાર મળે છે.

## કયા રોગોના ઉપચાર થાય?

પેટ અને આંતરડાના રોગો, ડાયાબિટીસ, મેદસ્વિતા, બ્લડપ્રેશર, હાર્ટ ડિસીઝ, જૂની શરદી, ઍલર્જી, અસ્થમા, વાળ અને ચામડીના રોગ.

## કેવી કેવી થેરાપી થાય?

મડ થેરાપી, હાઇડ્રો થેરાપી, મેગ્નેટ થેરાપી, મસાજ થેરાપી, ઍક્યુપંક્ચર, ઍક્યુપ્રેશર, પંચકર્મ : શિરોધારા, નસ્ય, બસ્તિ, શેક અને સ્વેદન, સ્પા : મસાજ, સોના બાથ, જેકુઝી બાથ.

## સ્થાપના

મુંદ્રા – ગુંદાલા રોડ પર આવેલા આ નેચર ક્યોર સેન્ટરની સ્થાપના શ્રી મણિલાલ વોરાએ તેમના પિતાશ્રી લક્ષ્મીચંદ માણેકચંદ વોરા ચેરિટેબલ ટ્રસ્ટ અંતર્ગત કરી હતી. લક્ષ્મીચંદભાઈ મુંબઈમાં લોખંડ બજારમાં ૧૯૫૦ની આસપાસ દલાલીનું કામકાજ શરૂ કરેલ અને ત્યાં ખૂબ જ નામ રોશન કરેલ. મણિલાલભાઈ એટલે એક સમયે લોખંડ બજારનું બહુ મોટું નામ. વેપારધંધામાં તેમણે ૧૯૮૧-૮૨ની સાલમાં મુંદ્રામાં પહેલાં પ્રસુતિ ગૃહ અને પછી નાનકડું કુદરતી ઉપચાર કેન્દ્ર ખોલ્યું હતું જે હાલમાં એક વિશાળ વટવૃક્ષ બનીને ફેલાઈ રહ્યું છે. લોકોને કુદરતી જીવન તરફ વાળીને સ્વાસ્થ્ય પ્રદાન કરવાની તેમની મનોકામના પૂર્ણપણે સાકાર થઈ રહી છે.

આજની ભાગદોડભરી જિંદગી અને બદલાતી જીવનશૈલીને કારણે અનેક રોગોનું પ્રમાણ કૂદને કે ભૂસકે વધી રહ્યું છે. દવાની ટીકડીઓના ફાંકડા મારીને કામચલાઉ ધોરણે રોગનાં લક્ષણોને શાંત રાખવાને બદલે રોગને જડમૂળમાંથી જ વિદાય કરવો હોય તો કુદરતી ઉપચાર પદ્ધતિ જબરી અક્સીર છે. કુદરતી ઉપચાર માટે જીવનશૈલી, આહાર-વિહારની આદતો અને ઔષધો એમ બધી જ રીતનો બદલાવ કરીને રોગની સારવાર કરવામાં આવે છે. એ માટે થોડાક દિવસ ઘરથી દૂર કોઇ શાંત અને નૈસર્ગિક સ્થળે જઇને રહેવામાં આવે તો શરીર તાજું-માજું અને મન પ્રફુલ્લિત થઈ ઉઠે. આ માટે કુદરતી ઉપચાર કેન્દ્રનો સુંદર વિકલ્પ છે કચ્છના મુંદ્રા પાસે આવેલું શ્રી લક્ષ્મીચંદ માણેકચંદ વોરા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત કુદરતી ઉપચાર કેન્દ્ર.

ઘરથી દૂર પણ ઘર જેવા જ વાતાવરણમાં નેચરોપથીની સારવાર આપતી આ જગ્યા મુંદ્રા શહેરથી માત્ર અડધો કિલોમીટર દૂર છે. ૧૦ એકરની હરીયાળી ફળ-ફૂલોની વાડીની વચાળે આવેલું આ કેન્દ્ર સવાર-સાંજ પંખીઓના મધુર કલરવથી જીવંત થઈ ઊઠે છે. લહેરાતાં વૃક્ષોની લીલોતરી તન-મન બંનેને તરોતાજા કરી દે છે. સાચેજ વૈજ્ઞાનિક પદ્ધતિથી થતી થેરાપીઓ દ્વારા રોગ પણ છૂમંતર થઈ જાય છે. મુંબઈની ભાગદોડમાં લાઇફ-સ્ટાઇલના બદલાવો કરવાનું અઘરું પડે છે, જ્યારે મુંદ્રાનું કુદરતી ઉપચાર કેન્દ્ર તમારી જીવનશૈલીને પાછી ટ્રેક પર લાવીને શરીરને થયેલું ડેમેજ સુધારવામાં સહાયરૂપ થાય છે. તમામ વૈકલ્પિક સારવાર પદ્ધતિઓમાંથી નેચરોપથી કોઈ પણ આડઅસર વિનાની પદ્ધતિ ગણાય છે. મુંદ્રાના સેન્ટરમાં નેચરોપથી, યોગ, આયુર્વેદ, પંચકર્મ, ફિઝિયોથેરાપી અને હેલ્થ-સ્પા એમ સર્વલક્ષી સગવડો એક છત્ર હેઠળ ઉપલબ્ધ છે.

## ડાયાબિટીસ સેન્ટર પણ શરૂ

મુંદ્રાના શ્રી લક્ષ્મીચંદ માણેકચંદ વોરા ચેરિટેબલ ટ્રસ્ટના કુદરતી ઉપચાર કેન્દ્રમાં હવે ડાયાબિટીસની સેવા પણ શરૂ થઈ છે. એ માટે ડાયાલિસિસનું આધુનિક મશીન લાવવામાં આવ્યું છે અને માત્ર ૧૦૦ રૂપિયા શુલ્ક લઈને જરૂરિયાતમંદ દર્દીઓને ડાયાલિસિસ કરી આપવામાં આવે છે.

## સેન્ટરની સર્વિસ

આસપાસની વાડીઓમાં જ ઊગેલાં શાકભાજી અને ફળોમાંથી અહીંના રસોડામાં બનતી વાનગીઓ શુધ્ધ, સાત્ત્વિક, પૌષ્ટિક અને છતાં એટલી જ સ્વાદિષ્ટ હોય છે. ડૉ. પીયૂષ પટેલ અને ડૉ. મનાલી – એમ બે અનુભવી અને નિષ્ણાત ડૉક્ટરો હંમેશાં સેન્ટર પર હોય છે. જેમના કન્સલ્ટેશન હેઠળ પ્રત્યેક વ્યક્તિનાં રોગ, લક્ષણો અને પ્રકૃતિના આધારે સારવાર નક્કી કરવામાં આવે છે. એરકંડિશન્ડ, નોન એરકન્ડિશન્ડ, સ્પેશિયલ, સેમિ સ્પેશિયલ અને જનરલ રૂમ – એમ અનુકૂળતા મુજબના રૂમના ઑપ્શન્સ ઉપલબ્ધ છે.


| | | |
|---|---|---|
| ટ્રસ્ટ બોર્ડ | ★ શ્રી કુંવરજીભાઈ કેનિયા<br>★ શ્રી નરેન્દ્ર પોપટલાલ શાહ | ★ શ્રી મંજુલાબેન મણિલાલ વોરા<br>★ શ્રીમતી મીનાક્ષી પ્રકાશ શાહ |


**વધુ માહિતી માટે સંપર્ક : કુદરતી ઉપચાર કેન્દ્ર, મુંદ્રા-ગુંદાલા રોડ, મુંદ્રા, કચ્છ. ફોન : (૦૨૮૩૮) ૨૨૨૨૧૯, મો. ૦૯૪૨૬૨૧૨૨૧૯**

**Website : www.naturalcarekutch.com**
**E-mail : info@naturalcarekutch.com**

વિચાર મંચ

# હવે ઇમાનદારીપૂર્વકનું વર્તન ફાવે તેમ જ નથી

• રજૂઆત : અશોક મહેતા •

*ભારતમાં ભ્રષ્ટાચાર, અનૈતિક વર્તન, બેઈમાની, અપ્રામાણિકતા કેટલી હદે ઊંડી ઉતરી ગયેલ છે એનું વર્ણન યાસીન દલાલના તા. ૨૮-૫-૨૦૧૬ના 'ગુજરાત સમાચાર'ની 'વિચાર વિહાર' કોલમમાં સચોટપણે રજૂ કરેલ છે. અપ્રામાણિક વર્તન નિયમ બની ગયેલ છે જ્યારે પ્રામાણિકતાના દાખલા ક્યારેક અપવાદરૂપ લેખાય છે. એક પ્રજા તરીકે આપણું સ્ખલન કેટલી હદ સુધી થયેલ છે તેની તાદૃશ્ય રજૂઆત આ લેખ દ્વારા કરવામાં આવેલ છે. આ લેખના કેટલાક અવતરણો 'કચ્છશ્રુતિ'ના વાચક વર્ગ માટે અત્રે પ્રસ્તુત છે....*

*– તંત્રી મંડળ*

★ મૂળ મદ્રાસના વતની અને મુંબઈમાં ચોરી, લૂંટફાટ, દારૂની હેરાફેરી જેવા ધંધાઓ કર્યા પછી હદપાર થઈને સૌરાષ્ટ્રમાં આવેલા અને પોલીસના હાથમાં ઝડપાઈ ગયેલા ગુનેગાર કિશન કાળુસ્વામી ઉર્ફે ક્રિષ્નામૂર્તિ ઉર્ફે અબ્દુલ હમીદ નૂરમહમદે પૂછપરછ દરમિયાન પોલીસને જણાવ્યું હતું કે **"હવે જમીનદારીનો ધંધો ફાવે તેમ નથી, કારણકે ખાણીપીણી અને રંગરેલિયાની આદત પડી ગઈ છે."**

ક્રિષ્નમૂર્તિનું આ બયાન સૂચક અને વેધક છે. એના આ વિધાનને આપણા રાજકારણ સુધી વિસ્તારી શકાય એમ છે. ચોરી, લૂંટફાટ એ ક્ષુલ્લક લાગતી વાત છે પણ તેના લક્ષણો, તાસીર વગેરે આપણી મોટી બીમારીનું થતું જતું સાધારીકરણ તરફ અંગૂલીનિર્દેશ કરે છે.

★ આપણી પ્રજાની એક ખાસિયત એ છે કે એ મોટેભાગે નેતાઓને કે ધર્મગુરુઓને અનુસરનારી પ્રજા છે. સ્વતંત્ર વિચાર શક્તિ અને અંતરના અવાજને અનુસરનાર વ્યક્તિની આપણે ત્યાં ખોટ છે. આજે દરેકે દરેક વ્યક્તિને પોતાનો આદર્શ, પોતાનો ગુરુ, પોતાનો નેતા જોઈએ જ. એ સિવાય એ ગુંગળાય છે. ગુરુના વચનો પરથી એ પોતાનો રાહ નક્કી કરી શકે છે. કોઈ રજનીશ, કોઈ ગાંધીની જરૂરત એ સતત અનુભવતો હોય છે. આમાં બીજી ખૂબીની વાત એ છે કે પરસ્પર વિરોધી વલણો ધરાવતા નેતાઓની પાછળ પ્રજા દોરાઈ શકે. જયપ્રકાશને પણ એ અનુસરે અને ઈંદીરા ગાંધીને પણ એ અનુસરે. વિનોબાને પણ અનુસરે અને રજનીશને પણ એ અનુસરે. ક્યારેક એમાં મિશ્રણ પણ થઈ જાય. વિનોબાને અનુસરનારો માણસ રજનીશને પણ અનુસરતો હોય.

★ આવી પ્રજાને છેલ્લા દસ-બાર વર્ષથી આપણા નેતાઓએ બેઈમાની અને ભ્રષ્ટાચારના પાઠો શીખવાડ્યા છે. ધીમે ધીમે હવામાન બદલાતું ગયું. ભ્રષ્ટાચારની વ્યાખ્યા બદલાતી ગઈ, મૂલ્યો બદલાતા ગયા. શબ્દો શક્તિ ગુમાવતા ગયા અને શબ્દકોષ અર્થ ગુમાવતો ગયો. બેઈમાની રોજિંદી વસ્તુ બની ગઇ અને પ્રામાણિકતા અપવાદ બની ગઈ. ભ્રષ્ટ નેતાઓ પોતાના ગુના માટે સમાજમાં બદનામ થવાને બદલે સફળ બનતા ગયા અને પછી તો વ્યૂહબાજી, અપ્રામાણિકતા, છેતરપિંડી, એ રાજકારણમાં દાખલ થવા માટેની લાયકાત બનતી ગઈ. 'સત્યનો સદા જય થાય છે' – એ કથન ઊલટાવવું પડે એવી સ્થિતિ પેદા થઈ. **હવે આ નેતાઓને એમની નીતિ - રીતિઓ બદલવાનું કહેશું તો લાચારી દર્શાવતા એ લોકો કહેશે કે 'હવે ઇમાનદારીનો ધંધો ફાવે તેમ નથી.'**

★ ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલી એક બેંકને સંબોધતા કર્ણાટકના એક વખતના મુખ્યમંત્રી ગુંડુરાવે ફિલ્મ કલાકારો પોતાના કામ માટે મોટી રકમ લે છે એવી ટીકાનો બચાવ કરતાં કહ્યું હતું કે ફિલ્મ કલાકારોની જેમ જ અમારી રાજકારણીઓની કારકિર્દી પણ ટૂંકી હોય છે. **આથી અમે પણ આટલી ટૂંકી કારકિર્દીમાં પાછલા જીવન માટે થોડા પૈસા એકઠા કરીએ તો તે સ્વાભાવિક ગણાવું જોઈએ.** શાબ્બાશ ગુંડુરાવ! એક સાથે એમણે બે સિદ્ધિ મેળવી. આજના રાજકારણીઓ ફિલ્મી વિદૂષકોની કક્ષાના છે એવો એકરાર કર્યો અને બીજી બાજુ એ અપ્રામાણિક છે એવું પણ સ્વીકાર્યું.

બેઈમાનીનો આજે આપણા દેશમાં યજ્ઞ ચાલી રહ્યો છે. બેઈમાનીની ઋતુ બેઠી છે. **ઇતિહાસ આપણા સમયને અપ્રામાણિકતાના સુવર્ણ યુગ તરીકે ઓળખશે.** આ એવો યુગ છે કે પ્રામાણિકતા બેઠી બેઠી કરમાઈ રહી છે.

★ દેશમાં અત્યારે ચારેબાજુ બેઈમાની અને ભ્રષ્ટાચારની બોલબાલા છે. ઝારખંડના મુખ્યમંત્રી ૩૦૦૦ કરોડના ગોટાળામાં

ઝડપાઈ ગયા. અત્યારે પણ તેઓ જેલમાં જ છે. એમણે જે સીફતથી નાણાં એકઠા કર્યા એ સંશોધનનો વિષય છે. એ જ રીતે હૈદ્રાબાદમાં ૧૦૮ નંબરની બસનો વિચાર જેને આવ્યો એ અમૃતલીંગમ નામના નેતાએ અબજો રૂપિયાનો કરેલો ભ્રષ્ટાચાર બહાર આવ્યો. તેઓશ્રી પણ અત્યારે જેલના સળિયા પાછળ છે. **મધ્ય પ્રદેશનું વ્યાપમ કૌભાંડ તો સૌથી ઉપર છે. આ કૌભાંડમાં દરરોજ એક આરોપી અથવા સાક્ષીનું મોત થઈ જતું. આ રીતે કુલ ૫૦૦ જણના મોત થઈ ગયા પછી સુપ્રીમ કોર્ટ દાખલ થઈ અને એની તપાસ શરૂ થઈ.** ગુજરાતમાં એન્ટી કરપ્શન બ્યૂરો દ્વારા અવારનવાર છાપા મારવામાં આવે છે અને એમાં કરોડોનું કાળું નાણું પકડાય છે. મોદી જ્યારે સત્તામાં આવ્યા ત્યારે વચન આપેલું કે અમારી સરકાર સત્તામાં આવીને સ્વીટ્ઝરલેન્ડમાં રહેલું બધું કાળું નાણું ભારત લાવશે અને દરેક નાગરિકના ખાતામાં પંદર લાખ રૂપિયા જમા થઈ જશે. પણ બે વરસ થયા, એક પેસાનું કાળું નાણું ભારત આવ્યું નથી. દરમ્યાન પનામા પેપર્સ લીક થયા છે અને એમાં રાજકોટના બે નાગરિકોના નામ પણ સામેલ છે. પનામા એ લેટીન અમેરિકામાં આવેલો નાનકડો દેશ છે.

★ અત્યારે પાંચ રાજ્યોની વિધાનસભાના પરિણામો આવ્યા. એમાં કેરળમાં કોંગ્રેસ પ્રેરિત મોરચાની હાર થઈ. **એની પાછળ મુખ્યમંત્રી શ્રી ઓમન ચાન્ડીના ભ્રષ્ટાચારનો મોટો હાથ હતો.** એ જ રીતે દેશના એક વખતના નાયબ વડાપ્રધાન દેવીલાલના પુત્ર ઓમપ્રકાશ ચૌટાલાએ ભ્રષ્ટાચારના માર્ગે અઢળક નાણાં અને મિલ્કતો એકઠી કરેલ હતી.

★ હમણાં તામિલનાડુમાં ફરીવાર મુખ્યમંત્રી બનેલા જયલલિતા સામે ૬૪ કરોડના ભ્રષ્ટાચારનો કેસ ચાલતો હતા. **બાજપાઈના જમાનામાં એના ઘરે દરોડા પડ્યા ત્યારે હજારો સાડીઓ, સેંકડો કિલો સોનું, હજારો નંગ ચપ્પલ અને લંડનમાં એક ડઝન હોટલો ઝડપાઈ ગઈ હતી. છતાં લોકોએ એને બહુમતીથી ચૂંટી કાઢી. આનો શો અર્થ કાઢવો?** શું આપણે ભ્રષ્ટાચારથી ટેવાઈ ગયા છીએ? શું હવે ખરેખર ઈમાનદારીનો ધંધો ચાલે એમ નથી?

**★ આપણા દેશમાં ક્યાંય ન બન્યું હોય એવું બને છે. કર્ણાટકમાં એકવાર એવું બન્યું કે એક જાણીતો ગુંડો ન્યાયાધીશ બની ગયો. એની કથા બહાર આવી એટલે પગલા લેવાયા. પણ ત્યાં સુધીમાં આ સાહેબે સંખ્યાબંધ ખોટા ચુકાદાઓ આપી દીધા હશે.** એ જ રીતે હૈદ્રાબાદમાં એલ.એલ.એમ.ની પરીક્ષા ચાલતી હતી અને એમાં એલ.એલ.બી. થયેલા વકીલો બેઠા હતા પણ સંખ્યાબંધ વકીલો પરીક્ષામાં ચોરી કરતાં પકડાઈ ગયા હતા. વિચારીએ તો શરમથી માથુ ઝુકી જાય. જે લોકો વકીલાતની પ્રેક્ટિસ કરી રહ્યા છે અને જેમને માથે બંધારણનું રક્ષણ કરવાની ગંભીર જવાબદારી રહેલી છે, એ જ લોકો ઊઠીને બંધારણની હત્યા કરે એ કેમ ચલાવી લેવાય?

★ સૌથી વધુ દૂષણો મેડિકલ કાઉન્સિલમાં પ્રવેશી ગયા છે. પાંચેક વર્ષ પહેલાં પંજાબમાં એક જગ્યાએ મેડિકલ કાઉન્સિલના પ્રમુખ બે લાખની લાંચ લેતા ઝડપાઈ ગયા હતા. એ પછી રહસ્ય ખૂલ્યું કે આ સાહેબ તો બધેથી લાખોની લાંચ લઈને મેડિકલ કૉલેજને માન્યતા આપી દે છે. **ઉપરથી એ જ સાહેબ ફરીથી કાઉન્સિલની ચૂંટણી થઈ એમાં ઊભા રહ્યા અને ચૂંટાઈ પણ આવ્યા.** આમ, આભ ફાટ્યું છે ત્યાં કેટલા થીગડા દેવા?

★ આપણે ત્યાં અવારનવાર અબજો રૂપિયાના ગોટાળાઓ બહાર આવતા રહે છે. એક જમાનામાં ક્રિકેટમાં જુગાર શરૂ કરાવનાર લલિત મોદી ૩૦ હજાર કરોડનું કૌભાંડ કરીને ભાગી ગયા. ખૂબીની વાત એ છે કે ઇંગ્લેન્ડ બેઠા બેઠા એમણે વધારાના વિઝા પણ મેળવી લીધા અને આ વિઝાની ભલામણ બે ટોચના ભાજપી નેતાઓએ કરી હતી. હજી સુધી આ બેમાંથી એક પણ નેતાએ રાજીનામું આપ્યું નથી.

***યાસીન દલાલના લેખના અવતરણો***

***(નોંધ : અપ્રામાણિકતા, બેઈમાની અને ભ્રષ્ટાચારના આ સુવર્ણયુગમાં આ દેશની પ્રજા જ હવે વિચારે કે આ સુવર્ણયુગનો સમય પૂરો થવા આવે એ લાઈન પર આગળ વધવા માંગે છે કે સુવર્ણયુગને પણ ઝાંખો પાડી દે એવો પ્લેટિનમ યુગ લાવવા માંગે છે?***

***– તંત્રી મંડળ)***

## ભૂલ સુધાર

'કચ્છશ્રુતિ' ગત માસના અંકમાં પાના નંબર-૨૦ ઉપર પ્રકાશિત 'પપૈયું' મથાળા હેઠળના મુદ્દા નંબર-૪ની વિગત નીચે પ્રમાણે વંચાણે લેવી.

પપૈયાના લીલા પાનનો રસ ડેન્ગ્યુ રોગ વખતે શરીરમાં ઘટી જતાં ત્રાક કણો પ્લેટલેટ્સને વધારવા માટે ઉપયોગી છે.

(means fresh leaves juice of papayaa is known to increase platlets in blood of dengue patients.) ■

સમાજની ક્ષિતિજો

# ઘડપણમાં યાદ નથી રહેતું, શું કરીએ?

• દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ •

આજના તણાવભર્યા જીવનની ભાગદોડમાં માણસની ભૂલી જવાની સમસ્યા વધી રહી છે. વૃદ્ધાવસ્થામાં એ તકલીફ ચરમસીમાએ પહોંચે છે. હમણાં એક વૃદ્ધે ફરિયાદ કરી : 'ડૉક્ટર સાહેબ, ભૂલી જવાનું દુઃખ હવે વધતું જાય છે. બે મિનિટ પહેલાની વાત ભૂલી જવાય છે પણ કોઈએ કડવા શબ્દો કહ્યાં હોય તે વર્ષો પછી પણ ભૂલી શકાતાં નથી!' ડૉક્ટરે સુંદર જવાબ આપ્યો : 'કાકા, આપણે ત્યાં કોઈના મરણનો પત્ર (કાળોતરી) આવે તેને આપણે સાચવી રાખતાં નથી - ફાડીને ફેંકી દઈએ છીએ, પણ પ્રેમિકાએ પ્રેમપત્ર લખ્યો હોય તે વર્ષો સુધી સાચવી રાખીએ છીએ. તે રીતે કોઈ માણસ કડવા શબ્દો કહે તો તેને કાળોતરી સમજી ચિત્તમાંથી કાઢી નાખવા... અને કોઈના મીઠા શબ્દોને પ્રેમપત્રોની જેમ દિલમાં સંઘરી રાખવા. કડવા વેણ ભૂલાતાં નથી - ભૂલી જવા પડતાં હોય છે...!'

વર્ષોપૂર્વે અમે એક સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતાં હતાં. અમારા પડોશમાં ૮૫ વર્ષના મોંઘીમાસી રહેતા. તેમને ભૂલી જવાની મોટી તકલીફ હતી. ઘરથી મંદિરે જવા નીકળે અને એકાએક ખ્યાલ આવે — હું તાળું મારવાનું ભૂલી ગઈ છું...! તાળું એમણે માર્યું જ હોય છતાં અડધેથી પાછા આવે અને તાળું બે-ત્રણ વાર ખેંચીને ચેક કરે. માર્ગમાં સોસાયટીના લોકો મળે તેઓ એમને કહેતા - 'માજી, ઝડપથી ના ચાલો, પડી જશો. ચિંતા ના કરો, તાળું તમે માર્યું જ હશે!' એ ગભરાયેલા સ્વરે કહેતા : 'ભાઈ, તાળું તો માર્યું છે પણ હું સ્ટવ બંધ કરવાનું ભૂલી ગઈ છું. કદાચ બારીઓ બંધ કરવાની પણ રહી ગઈ લાગે છે.' થોડે આગળ જતાં સોસાયટીનું કોઈ મળે તેને ઊંચા જીવે પૂછે : 'ભાઈ, તને મારી બારીમાંથી આગના ભડકા જેવું કાંઈ દેખાયું હતું?' પેલી વ્યક્તિ જોડે એ સ્કૂટર પર ઘરે આવે અને જુએ કે સ્ટવ અને બારી બરાબર બંધ છે ત્યારે જ એમને શાંતિ થાય.

આવો કાલ્પનિક ભય (ફિયર ફોબિયા) એક પ્રકારનો માનસિક રોગ છે. (અત્રે અમેય ભૂલી ગયા છીએ કે એ કઈ ફિલ્મ હતી જેમાં મહેમુદને એ પ્રકારનો રોગ હતો. કોઈના લગ્ન થતા એ જુએ અને એવી કલ્પના કરવા લાગે - ચૉરીની આગથી કન્યાની સાડીનો પાલવ સળગી રહ્યો છે. તેમાંથી આખા મંડપને આગ લાગે છે અને એ રડવા મંડે...)

મૂળ વાત પર આવીએ. એકવાર અમે મોંઘી માસીને ઉપાય બતાવતાં કહેલું : 'માસી, હવે બહાર નીકળો તો પહેલાં એક લિસ્ટ બનાવજો. તેમાં ઘરને તાળું મારવું... સ્ટવ બંધ કરવો... લાઈટ ઑફ કરવી વગેરે કામો લખવા. નીકળતી વખતે લિસ્ટ પ્રમામે તે બધાં કામો ઠીક રીતે થઈ ગયાની ખાતરી કરી લેવી અને લિસ્ટમાં તે આઈટમો પર ચોકડી મારવી. ત્યારબાદ તે ચિઠ્ઠી સાથે લઈ જવી. માર્ગમાં તમને કોઈ શંકા જાગે તો એ ચિઠ્ઠી જોઈ લેવી. એમને ઉપાય પસંદ પડ્યો. અમને પણ આનંદ થયો. પણ એક દિવસ એ સામે મળી ગયા. ખૂબ ઝડપથી ઘર તરફ જતા હતા. અમે પૂછ્યું : 'માસી, આજે તમે ચિઠ્ઠી નથી બનાવી?' માસીએ કહ્યું, 'ચિઠ્ઠી બનાવી હતી પણ તે ચિઠ્ઠી જ ઘરે રહી ગઈ છે. મેં પાછલો દરવાજો બંધ કર્યો કે નહીં તે યાદ આવતું નથી! પાછળથી ડુક્કરો ઘરમાં ભરાઈ ગયા હશે તો આખું ઘર ખેદાનમેદાન કરી મૂકશે.'

ડૉક્ટરો કહે છે કે માણસની વયવૃદ્ધિ સાથે વિસ્મૃતિ વધે તેની કોઈ દવા નથી. (અમારા પિતાજી જમતીવેળા દાંતનું ચોકઠું પહેરવાનું ભૂલી જતા અને કહેતા આજે ચોખા કાચા રહી ગયા છે. ક્યારેક કપાળે ચશ્માં ચઢાવ્યા હોય અને ચશ્માં શોધવા આખું ઘર ખોળી વળે) વર્ષો પૂર્વે રેણુકા સહાણેની એક જાહેરાત ટી.વી. પર જોઈ હતી. પતિ-પત્ની રજામાં એકાદ મહિના માટે હિલસ્ટેશને જાય છે. ત્યાં કંઈક યાદ આવી જતાં પત્ની ઉદાસ થઈ જતી, પણ પતિનો આનંદભંગ ન થાય તે માટે તે મૌન રહેતી. થયેલું એવું કે ઘરથી નીકળતી વેળા પંખો બંધ કરવાનું તે ભૂલી ગઈ હતી. એને ચિંતા હતી - એક મહિના સુધી પંખો ચાલુ રહેશે એટલે અચૂક બળી જશે. પણ મહિના પછી એ આવીને ઘરનો દરવાજો ખોલે છે ત્યારે પંખો સહીસલામત ઘુમી રહેલો જુએ છે. એ પતિને આનંદથી વળગીને કહે છે : 'યે ફેન ભી તુમ્હારે જૈસા ડ્યુરેબલ હૈ!' પંખાની ક્વૉલિટી કેટલી ઉત્કૃષ્ટ હતી તે દર્શાવતી એ જાહેરાત હતી.

એકવાર અમારી સાથે પણ એવું બનેલું. અમે પંદર દિવસના પ્રવાસે નીકળ્યા હતાં. રિક્ષાવાળો વહેલો આવી ગયો. એથી ઉતાવળમાં લાઈટ પંખા બંધ કરવાનું ભૂલાઈ ગયું. દિલ્હી પહોંચ્યા પછી એકાએક યાદ આવ્યું. પાડોશીને ફોન કરીને સૂચના આપી કે બહાર મિટર બોક્ષમાંથી ફ્યુઝ કાઢી લેશો. **આજે મેડિકલ સાયન્સે ખૂબ પ્રગતિ કરી છે ત્યારે કંઈક એવું સંશોધન થવું જોઈએ**

**કે ઘડિયાળના ખતમ થઈ ગયેલા સેલ બદલવાથી ઘડિયાળ પૂર્વવત્ ચાલતું થઈ જાય તેમ દિમાગ માટેય (પેસમેકર જેવું) કોઈ યંત્ર ઉપલબ્ધ હોવું જોઈએ જે નાખવાથી માણસનું સ્મૃતિતંત્ર પૂર્વવત્ કાર્યક્ષમ થઈ જાય.**

દુઃખની વાત એ છે કે વિસ્મૃતિનો રોગ ઘરડાઓને જ હોય એવું હવે રહ્યું નથી. યુવાનવયે પણ કેટલાંક માણસોને વિસ્મૃતિની તકલીફ રહેતી હોય છે. પ્રથમ નજરે સાધારણ જણાતી આ નબળાઈ ક્યારેક મોટા અકસ્માતો સર્જી શકે છે. પંખા – લાઈટ તો ઠીક પણ ગેસનું બટન ચાલું રહી ગયું તો બહુ મોટી દુર્ઘટના સર્જાઈ શકે. નોકરી ચાલુ હતી ત્યારની વાત છે. સાંજે આવતીવેળા બજારમાંથી કોઈ ચીજવસ્તુ લઈ આવવાનું કામ શ્રીમતીજી સોંપતા. સાંજે આવતીવેળા અમે તે અચૂક ભૂલી જતા. શરૂમાં સ્કુટર નહોતું. સાઈકલ પર નોકરીએ જતા. અમારા એરિયામાં અનાજ દળવાની ઘંટી નહોતી. દળાવવા માટે દૂરની ફ્લોરમિલમાં દળણું લઈ જવું પડતું. નોકરીએ જતી વેળા અમે દળણું ફ્લોરમિલમાં આપી જતા પણ સાંજે તે ઘરે લઈ જવાનું ભૂલી જતા. ઘરે આવીએ ત્યારે પત્ની યાદ અપાવે એટલે ફરીથી ઘંટીવાળાને ત્યાં સાઈકલ મારતા. આવું બહુવાર બનતું. ઉપાયરૂપે પછી એક તરકીબ શોધી હતી. સાઈકલની ચાવી પર રબ્બરબેન્ડ વિંટાળી રાખતા. સાંજે સાઈકલનું તાળું ખોલતીવેળા ચાવી પરનું રબ્બરબેન્ડ યાદ અપાવે કે ફ્લોરમિલમાં દળણાની થેલી તમારી રાહ જુએ છે. એ તરકીબ લગભગ કામિયાબ નીવડી હતી. પણ એમાં એક દિવસ મોંઘીમાસી જેવી ઘટના બની. રબ્બરબેન્ડ જોયું પણ યાદ ન આવ્યું કે ઘરે શું મંગાવ્યું હતું! (ઘરે ફોન કરીને પૂછી શકાય એવું નહોતું કેમકે ત્યારે ઘરે ફોન નહોતો. મોબાઈલો પણ છેક હમણા ચાલુ થયા...) વાતનું વિષયાંતર થોડું વધી ગયું નહીં....? વૃદ્ધાવસ્થાની આ પણ એક મુશ્કેલી છે. માણસ કંઈક વાત કરવા બેસે અને એવો આડે પાટે ચડી જાય કે મૂળ વાત રહી જાય. *('કોઈએ અમસ્તું જ પૂછ્યું કેમ છો...? એને આખી કહાણી સુણાવી દીધી...!')*

ખેર, વિસ્મૃતિ વિશ્વવ્યાપક રોગ છે. હાલ તો એનો એકમાત્ર ઉપાય એ જ કે જ્યાં સુધી મેડિકલ સાયન્સ તેનો કોઈ ઉપાય શોધી ન કાઢે ત્યાં સુધી ભૂલકણાઓ જોડે સમજદારી અને સહાનુભૂતિપૂર્વક કામ પાર પાડતા રહીએ. યાદ રહેશે ને?

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, પો. કાલિયાવાડી,*
*જમાલપોર, નવસારી-૩૯૬ ૪૨૭.*
*E-mail : dineshpanchal.249@gmail.com*

## સીંગલનું વર્ચસ્વ

ભારતના ઘણા નેતાઓ સીંગલ છે અથવા સીંગલ જેવું જીવન ગાળે છે. પરિવાર ન હોવાના કારણે તે પૂરતો સમય પોતાના હોદ્દાના કાર્યોને આપી શકે છે અને તેથી જ કદાચ તેઓ વધુ ઝળકી શકે છે. નીચેના દૃષ્ટાંતો તરફ નજર ફેરવીએ :

જવાહરલાલ નહેરુ સત્તા પર આવ્યા ત્યારે વિધુર હતા.

સરદાર વલ્લભભાઈ પટેલની પરિસ્થિતિ પણ તેવી જ હતી.

અટલબિહારી બાજપાઈ કે જેઓએ સફળતાપૂર્વક ૫ વર્ષ સત્તા સંભાળી, તે અપરીણિત હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પરણેલા છે પરંતુ વર્ષોથી તેઓ એકલા જ રહે છે.

સામે પક્ષે રાહુલ ગાંધી ચાલીસીને પાર કરી ગયા પછી પણ પરણ્યા નથી.

તામિલનાડુના મુખ્યમંત્રી જયલલિતા અપરીણિત છે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અપરીણિત છે.

બિહારના નીતિશકુમાર વિધુર છે.

જમ્મુ – કાશ્મીરના મહેબુબા મુફ્તી ડિવોર્સી છે.

હરિયાણાના મનોહરલાલ ખટ્ટર અપરીણિત છે.

આસામના નવા ચૂંટાયેલા મુખ્યમંત્રી સર્વાનન્દ સોનોવાલ અપરીણિત છે.

ઉત્તર પ્રદેશની હવે પછીની વિધાનસભાના હોટ ફેવરીટ માયાવતી પણ અપરીણિત છે.

આ બધી સીંગલ વ્યક્તિઓના કારણે તેમના પક્ષોને સારો એવો ફાયદો થયો છે અને દરેક પક્ષોએ સારી એવી પ્રગતિ સાધી છે.

**શું આ નિયમ સામાજિક સંસ્થાને લાગુ ના પડી શકે? સંસ્થાનો પ્રમુખ કે મંત્રી સંગલ હોય તો તે સંસ્થા તરફ વધુ ધ્યાન આપી શકે અને સંસ્થા સારી પ્રગતિ સાધી શકે.** ■

સમાજની ક્ષિતિજો

# ટીન એઇજ બાળકોને સમયસર પ્રેરણા આપવી

• ડૉ. આશિષ ચોક્સી •

થોડા સમય પહેલા એક સમાચાર વાંચ્યા કે મધ્ય પ્રદેશમાં એક કૉલેજના પટાવાળાના દીકરાએ ૧૨મું ધોરણ પાસ કર્યું ત્યારે તેણે તેના પિતાને કહ્યું કે તમે નોકરી છોડી દો. પિતાએ તેને કહ્યું કે તું આ જ કૉલેજમાં પ્રોફેસર થઈને બતાવ પછી હું નોકરી છોડી દઈશ. પિતાએ કદાચ હસવામાં કે અનાયાસે કહેલા વાક્ય દ્વારા પુત્રને જાણે જીવનની એક ચેલેન્જ મળી ગઈ. તેની દિશાવિહીન અને હાલકડોલક થતી કારકિર્દીને એક રસ્તો મળી ગયો. લગભગ ૧૨ વર્ષ પછી પુત્ર તે જ કૉલેજમાં પ્રોફેસર બનીને આવ્યો. પિતાએ પણ તે જ દિવસે રાજીનામું આપીને પુત્રને આપેલું વચન પૂરું કર્યું. ટીન એઈજ બાળકોના માતા-પિતાએ આ સમજવા અને શીખવા જેવો પ્રસંગ છે.

ટીન એઈજ બાળકોને સતત અને વારંવાર તેમના ધ્યેય અને માતા-પિતા પોતે તેમના પાસેથી શું ઈચ્છે છે તે વારંવાર કહેવાની, યાદ અપાવવાની જરૂર નથી હોતી પણ તેમની કારકિર્દીના કોઈ એક ચોક્કસ તબક્કે તેમને ચેલેન્જ આપવાની હોય છે. આવી ચેલેન્જ આપનાર માતા-પિતા તો થોડાક દિવસોમાં તેઓ શું બોલ્યા હતા તે ભૂલી પણ જશે. **પણ ટીન એઇજ બાળક તેમને મળેલ ચેલેન્જને પોતાના જીવનનો ધ્યેય બનાવી દેશે.** તેમને તો માતા-પિતા દ્વારા સમયસર અપાયેલ ગોલને કારણે પડકાર, પરિશ્રમ, પ્રેરણા અને પ્રતીક્ષા એમ સફળતા માટે જરૂરી ચાર વસ્તુઓ આપોઆપ આત્મસાત્ થઈ જતી હોય છે.

**ઉદ્યોગપતિ મૂકેશ અને નીતા અંબાણીના દીકરાએ તેની ૨૧મી વર્ષગાંઠ પહેલા પોતાનું વજન ઉતારવાનું વચન આપ્યું હતું. જે દોઢ વર્ષ સુધી રોજનું ૨૧ કિ.મી. ચાલીને તેણે ૧૦૦ કિ.ગ્રા. જેટલું વજન ઉતારી બતાવ્યું.** લગભગ ૨૫ વર્ષ પહેલાં મુંબઈની એક મેડિકલ કૉલેજમાં તબીબી શાખાની બીજા વર્ષમાં ભણતી એક વિદ્યાર્થિનીએ એક સ્ટાફ નર્સને કહ્યું કે સિસ્ટર, તમે બહુ કામ કરો છો. કામ વચ્ચે થોડો આરામ પણ લો. સ્ટાફ નર્સે હસતા હસતા જવાબ આપ્યો કે તું આ હોસ્પિટલની સુપ્રિન્ટેન્ડન્ટ થઈશ તો હું આરામ કરીશ. સ્ટાફ નર્સ તો આ વિધાન બોલીને ભૂલી પણ ગયા હશે પણ તેના ૨૫ વર્ષ બાદ તે વિદ્યાર્થિની ખરેખર તે જ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ બનીને આવ્યા ત્યારે તેમણે એ સિસ્ટરને અને એ પ્રસંગને હોસ્પિટલના એક કાર્યક્રમમાં યાદ કર્યો અને તે સિસ્ટરને પોતાના જીવનની એક દિશા બતાવવા બદલ આભાર માન્યો હતો.

ઘણીવાર ટીન એઇજ બાળકનું સન્માન જળવાય તે રીતે યોગ્ય સમયે કરેલી ટીકા પણ તેના માટે એક ઇંધણનું કામ કરે છે. ૨૦૦૭ના વર્ષમાં ટી-૨૦ મેચમાં ક્રિકેટર યુવરાજે છ બોલમાં છ છક્કા માર્યા ત્યારે મેચ પછી તેણે સ્લિપમાં ફિલ્ડિંગ ભરતા ઈંગ્લેન્ડના એક ખેલાડીનો આભાર માન્યો, જે યુવરાજ બેટિંગમાં આવ્યો ત્યારથી તેની ટીકા કરતો હતો. તેની ટીકાએ જ યુવરાજને છ છગ્ગા મારવા પ્રોત્સાહન આપ્યું હતું. ટીન એઈજ બાળકોની ઉંમર અને તેમનાં અંતઃસ્રાવો દુનિયાનું કોઈ પણ પ્રકારનું કામ કરી બતાવવા સક્ષમ હોય જ છે. તેમને ફક્ત એક સમયસરના ધક્કાની જરૂર હોય છે.

આ બાળકોને એક વખત કહીને અથવા માર્ગદર્શન આપી, તેમના રસ્તામાંથી ખસી જવું પણ તેટલું જ જરૂરી છે. રોજ સવારે ઉઠે અને સામે બેઠેલા ટીન એઈજ બાળકને કંઈક કહી સંભળાવવાની ટેવ ઘણા માતા-પિતામાં હોય છે. રોજેરોજની સલાહો બાળકોને પ્રેરણા આપતી નથી. ઉલટું, તેમનો આત્મવિશ્વાસ ઘટે છે. તેમને પોતાની ક્ષમતા પર જ શંકા જાય છે. એકવાર કહીને દૂર થઈ ગયેલા માતા-પિતા કે શિક્ષક ઘણું ઉત્તમ કામ કરે છે કારણકે એક વખત ચેલેન્જ આપ્યા પછી તેમણે બાળકને તેનો ગોલ કે ટાર્ગેટ પૂરો કરવાના બીજ મગજમાં રોપી દીધા છે. સાથે તેને દબાણથી મુક્ત રાખ્યો છે. આ જ વસ્તુને કારણે બાળકને પોતાનો ગોલ કે ટાર્ગેટ પૂરો કરવા માટે વધુ પ્રોત્સાહન મળશે. તે હળવો રહી પોતાને શું મેળવવું છે અને પોતે ક્યાં છે તે વિશે વિચારી શકશે. ધીરે ધીરે પોતાનામાં રહેલી ક્ષમતા માટે તેનો આત્મવિશ્વાસ વધશે. હકારાત્મક રહી પોતાનું સર્વસ્વ રેડી પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવા તરફ તે મક્કમતાથી આગળ વધશે. આ સમયે તે ક્યારેક નિષ્ફળ પણ જાય તો પણ તેના પ્રયત્નો વખાણવા... પણ તેણે સમય, શક્તિ અને નાણાનો વ્યય કર્યો તેવું કહી સંભળાવવાની જરૂર નથી હોતી.

ટીન એઈજ બાળકને માતા-પિતાએ પોતે વેઠેલા સંઘર્ષ કે અન્ય સફળ થયેલી વ્યક્તિઓના ઉદાહરણ વારંવાર અપાય તે બહુ ગમતું નથી હોતું. તેમને કોઈ એક વસ્તુ એક વખત સમયસર કહી છોડી દેવાનું ઉચિત છે. પછી માતા-પિતાના શબ્દો કરતા તેમનું મૌન વધું કામ કરશે.

*કલરવ ચિલ્ડ્રન હોસ્પિટલ,*
*મેમનગર, અમદાવાદ.*
*મો. ૯૮૯૮૦૦૧૫૬૬*

સંસ્થા / વ્યક્તિ વિશેષ

## ઓળખવા લાયક એક કચ્છી સંસ્થા

# દીપ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

• અશોક મહેતા •

આધુનિક જમાનામાં તેલ અને ગેસ આધારિત વિકાસે હરણફાળ ભરેલ છે. દેશનું અર્થતંત્ર આ ક્ષેત્ર પર નિર્ભર છે. જમીનના ઊંડાણમાં રહેલ ક્રુડ તેલ અને ગેસનું સંશોધન કરી તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થઈ શકે તે માટે ભારતભરમાં ઓ.એન.જી.સી., ઇન્ડિયન ઑઇલ કોર્પોરેશન, ઑઇલ ઇન્ડિયા, એચ.પી.સી.એલ., રીલાયન્સ, ઍસ્સાર જેવી મોટા ગજાની અને જગમશહુર કંપનીઓ કાર્યરત છે. આ ક્ષેત્રમાં કાર્યરત કચ્છી સાહસિકોની એક કંપની – "દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ" છેલ્લા ૨૫ વર્ષથી પોતાનો કારોબાર વિકસાવી રહેલ છે અને તે એક મોટા ગજાની કંપની તરીકે મશહુર થતી જાય છે.

સિંધુ નદીના વહેણ કચ્છમાં બંધ થયા પછી અને અનિયમિત વરસાદના કારણે કચ્છના સ્થાનિક લોકોના હાથમાંથી રોજીરોટીના સાધનો ઝુંટવાઈ જતાં તેમને કચ્છમાંથી ઉચાળા ભર્યા સિવાય બીજો કોઈ રસ્તો બાકી ના રહ્યો. અનેક કચ્છીઓએ કચ્છમાંના વસવાટને તિલાંજલી આપી, તેઓએ સ્થળાંતર કર્યું અને પોતાને જ્યાં અનુકૂળ લાગે તેવી જગ્યાએ ભારતભરના શહેરોમાં અને વિદેશમાં વસવાટ કરવાનું સ્વીકાર્યું.

કચ્છી પટેલોએ કંપાની સ્થાપના કરી ખેતીનો વ્યવસાય અપનાવ્યો અથવા તો સૉ મિલના વ્યવસાયમાં ઝંપલાવ્યું. જ્યારે અન્ય અનેક જ્ઞાતિના લોકોએ વ્યાપારમાં અને તેમાં પણ ખાસ કરીને અનાજના વ્યાપારમાં ઝંપલાવ્યું. તેઓની ત્યાર પછીની પેઢીઓએ ભણતર સ્વીકારી વ્યવસાયની લાઇનો બદલી નાંખી. આઝાદી પછી કચ્છીઓએ વિવિધ ક્ષેત્રોમાં પોતાની નિપુણતા દર્શાવી અને આજે કચ્છીઓ અનેક ક્ષેત્રમાં વ્યવસાય ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ સાધી રહેલ છે. મુંબઈ અને અમદાવાદમાં પ્રકાશન ક્ષેત્રે કાર્યરત "નવનીત પબ્લિકેશન્સ", ઈલેક્ટ્રિકલ સ્વીચો અને અન્ય ઍસેસરીઝ બનાવતી "ઍન્કર ઈલેક્ટ્રિકલ્સ", કેમિકલ ક્ષેત્રે કાર્યરત "આરતી ઈન્ડસ્ટ્રીઝ", ટોબેકો ક્ષેત્રે કાર્યરત "બાબુલ પ્રોડક્ટ્સ" અને હવે "ઊર્મિન ગ્રૂપ", બેરિંગની કેસિન્સ બનાવતી "હર્ષા ઍન્જિનિયર્સ" તેમજ ભીલાઇ, હૈદ્રાબાદ, ચેન્નાઈ જેવા સ્થળે આ જ પ્રકારની દેશભરમાં મશહુર કંપનીઓ સાહસિક કચ્છીઓની ગૌરવગાથા રજૂ કરે છે. આ ગૌરવગાથામાં એક વધુ કચ્છી કંપની હવે પોતાનું નામ રોશન કરતી જાય છે અને તે છે – "દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ." દીપ ઈન્ડસ્ટ્રીઝ તેલ અને ગેસ ક્ષેત્રે હાલે 'ઑનશોર' વ્યવસાયમાં કાર્યરત છે. એ સમય હવે દૂર નથી કે જ્યારે 'ઑફશોર' ક્ષેત્રે પણ પોતાની પાંખો વિકસાવશે.

દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની સ્થાપના ૧૯૯૧માં કરવામાં આવી. તેના બૉર્ડ ઑફ ડિરેક્ટર્સમાં શ્રી પારસ શાંતિલાલ સાવલા ચેરમેન તથા મેનેજિંગ ડાયરેક્ટર તરીકે, શ્રી રૂપેશ કાંતિલાલ સાવલા મેનેજિંગ ડાયરેક્ટર તરીકે અને શ્રી ધરેન શાંતિલાલ સાવલા ડાયરેક્ટર તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે.

શરૂઆતમાં આ કંપની ઍર તથા નેચરલ ગેસ ક્ષેત્રે વિવિધ પ્રકારના કોમ્પ્રેસરની હાયરિંગ ક્ષેત્રે કાર્યરત રહેવા પામેલ હતી. ત્યારબાદ તેમનું કાર્યક્ષેત્ર વિકસતું રહેવા પામેલ અને આજના સમયે આ પ્રકારના ક્ષેત્રે સફળતાપૂર્વક કામ કરનાર ભારતની અગ્રણી કંપનીઓમાંની એક કંપની તરીકે પોતાનું નામ સ્થાપિત કરી ચૂકેલ છે. જાન્યુઆરી-૨૦૧૬માં આ કંપનીએ સફળતાના ૨૫ વર્ષ પૂરા થયાનો રજત જયંતી સમારોહ ઉજવ્યો છે.

વર્ષ ૨૦૦૬થી આ કંપની સફળતાપૂર્વક "વર્ક ઑવર" અને "ડ્રિલીંગ" ક્ષેત્રે વિવિધ વિભાગોમાં સેવા આપવામાં કાર્યયુક્ત થયેલ હતી. હાલે આ કંપની "ઑનશોર વર્કઑવર" અને "ડ્રિલીંગ રિગ"નો મજબૂત કાફલો ધરાવે છે. ઑનશોર વર્કઑવરમાં ૧૫૦ એચ.પી.થી ૧૦૦૦ એચ.પી. સુધીની કેપેસિટીના સાધનો અને ડ્રિલીંગ રિગ ક્ષેત્રે ૩૫૦ એચ.પી.થી ૧૫૦૦ એચ.પી. સુધીની કેપેસિટીના સાધનોનો કાફલો ધરાવે છે. ત્યારબાદ આ કંપનીએ પોતાનું કાર્યક્ષેત્ર આગળ વધારતાં એક્સ્પ્લોરેશન (શોધખોળ) અને ઉત્પાદન વિભાગમાં પોતાના કાર્યનો ફેલાવો કરેલ. આ પ્રકારના કાર્યમાં હરાજીથી તેલ અને ગેસના સંભવિત ક્ષેત્રોમાં જમીનોના બ્લોક્સ ફાળવવામાં આવે છે. એન.ઈ.એલ.પી. અને સી.બી.એમ.ની હરાજીના વિવિધ રાઉન્ડમાં આ કંપનીને ઑનશોર ઑઇલ અને નેચરલ ગેસ બ્લોક્સ તથા કૉલ બેડ મિથેન બ્લોક્સ એનાયત કરવામાં આવેલ છે. ભારતના વિવિધ ક્ષેત્રોમાં એક્સ્પ્લોરેશન અને ઉત્પાદનના સફળ બિઝનેસ પછી આ કંપનીને ઈન્ડોનેશિયામાં પણ એક 'કૉલ બેડ મિથેન બ્લોક' એનાયત કરવામાં આવેલ છે. એટલે

કે આ કંપનીએ હવે પોતાનો કારોબાર ભારત બહાર પણ વિકસાવવાની શરૂઆત કરી દીધેલ છે. આ બધો કારોબાર હાલે તો જમીન ઉપરના બ્લોક્સમાં વિકસાવવામાં આવેલ છે પરંતુ આવતીકાલે કદાચ તેઓ પોતાનું કાર્યક્ષેત્ર વધારીને દરિયામાં પણ શોધખોળ અને પ્રોડક્શનનાં કાર્યનો આરંભ કરવાની ગણના રાખે છે.

ગત વર્ષ દરમિયાન આ કંપનીએ ગેસ ડીહાઈડ્રેશનના નવા ક્ષેત્રમાં પગરણ માંડ્યા અને આંધ્ર પ્રદેશમાં આ પ્રકારના પાંચ ડીહાઈડ્રેશન યુનિટ સ્થાપિત કરેલ છે. ડીહાઈડ્રેશન એટલે ગેસની પાઈપ લાઈનમાં કાટ લાગતો અટકાવવા માટે ગેસમાંથી પાણીના વરાળ સ્વરૂપના અંશો (Water vapour) દૂર કરવાની પ્રક્રિયા. ગેસની પાઈપ લાઈનમાં કાટ લાગતો અટકે એટલે પાણીમુક્ત નેચરલ ગેસ પ્રાપ્ત થાય અને પાઈપ લાઈનની આવરદા સારી એવી લંબાઈ શકે.

વર્કઑવર અને ફિલિંગ ક્ષેત્રમાં અનેક પેટા વિભાગો આવે છે. આ દરેક વિભાગના કાર્યમાં સફળતા પામવી એ નાનીસૂની વાત નથી. દરેક વિભાગમાં અનેક ટેકનિકલ કામગીરી કરવામાં આવે છે કે જે તે વિભાગના નિષ્ણાતો દ્વારા જ થઈ શકે. એટલે આ કંપનીએ દરેક વિભાગના નિષ્ણાતોની સેવા મેળવવાની પ્રક્રિયા સતતપણે ચાલુ રાખવી પડે છે. આ વિભાગોનું આપણે નીચે મુજબ વિભાજ કરી શકીએ : (૧) ઍર ડ્રિલીંગ, (૨) સ્લીમ હૉલ કોરિંગ, (૩) કેસિંગ રીટ્રાઈવલ, (૪) વોલ સ્ટીમ્યુલેશન, (૫) ડિઝાઈનિંગ, (૬) એક્ઝિક્યુશન, (૭) વર્ક ફિશીંગ મિલિંગ, (૮) સિમેન્ટ પ્લગ ડ્રિલીંગ, (૯) કોઈલ ટ્યુબિંગ, (૧૦) ગેસ લીફ્ટ વાલ્વ વગેરે વગેરે કે જેના કાર્યો સમજવા સામાન્ય માણસ માટે ખૂબ જ કઠીન કહેવાય. આ બધા જ વિભાગો ટેકનિકલ કાર્યક્ષેત્રમાં આવે છે અને તેના માટેની ખૂબ જ ઊંચા પ્રકારની નિપુણતા જોઈએ.

અત્યાર સુધી દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે ભારતભરની અગ્રણી ''ઑઈલ ગેસ ઑપરેટરો'' તથા ''વર્કઑવર તથા ડ્રિલીંગ ક્ષેત્ર''ની કંપનીઓ સાથે વિવિધ ક્ષેત્રોના કરારો કરી તેને સફળતાપૂર્વક પાર પાડેલ છે. તે 'ઈન્ટરનેશનલ એસોસિએશન ઑફ ડ્રિલીંગ કોન્ટ્રાક્ટર્સ''ની માન્યતા ધરાવે છે. આ કંપની આરોગ્ય, સલામતી અને પર્યાવરણ ક્ષેત્રના ઊભા થતા પ્રશ્નોમાં નોંધપાત્ર કામગીરીનો રેકોર્ડ ધરાવે છે.

ગત તા. ૨૩ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ઓ.એન.જી.સી.ના ઑનશોર ડાયરેક્ટર શ્રી વી.પી. મહાવરના વરદ્ હસ્તે દીપ ઈન્ડસ્ટ્રીઝની ૧૦૦૦ એચ.પી.ની ડ્રિલીંગ રિગનો ઉદ્‌ઘાટન સમારોહ નવાગામ ખાતે ઉજવવામાં આવ્યો. ૧૦૦૦ એચ.પી.ની ક્ષમતાની રિગ જમીનની અંદર ૩૫૦૦ મીટર એટલે કે ૩.૫ કિ.મી. ઊંડું વર્ટીકલ અને ડાયરેક્શનલ ડ્રીલ કરી શકે છે. આ રિગ દ્વારા ૨૪ x ૭ કલાકની ક્ષમતાએ ૩૫૦૦ મીટર ઊંડો વેલ (કૂવો) ડ્રીલ કરવા આશરે એક મહિના જેટલો સમય લાગે છે. વેલ ડ્રીલ થઈ ગયા પછી ડ્રિલીંગ રિગનું કાર્ય પૂરું થાય છે અને તેના બધા જ પ્રકારના ઇક્વીપમેન્ટ્સ ડિસમેન્ટલ કરીને (છૂટ્ટા પાડીને) બીજા વેલ પર લઈ જઈ ત્યાં તેને ફરી એસેમ્બલ કરવામાં આવે છે. એક ડ્રિલીંગ રિગને એક વેલ પરથી બીજા વેલ પર લઈ જવી હોય તો ઓછામાં ઓછી ૫ ક્રેઈન અને ઓછામાં ઓછા ૫૦ ટ્રેલરની જરૂરિયાત રહે છે. કે જેના પરથી એક ડ્રિલીંગ રિગ એટલે શું તેનો આપણને અંદાજ આવી શકે.

આ રીતે કચ્છીઓએ કલ્પના બહારના ક્ષેત્રોમાં ખૂબ જ ખેડાણ કર્યું છે કે જે તેના ખડતલ અને સાહસિક સ્વભાવની ચાડી ખાય છે. આ પ્રકારના વિવિધ ક્ષેત્રની કંપનીઓના કાર્યક્ષેત્રને કોઈ કચ્છી સંસ્થાએ ગ્રંથસ્થ કરવા જોઈએ કે જે કચ્છીઓના ગૌરવનો ઈતિહાસ બની શકે.

કચ્છમાં મુંદ્રા તાલુકાના નાની તુંબડી ગામના આ સાવલા બંધુઓને સલામ ભરીને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા વ્યક્ત કરીએ.

દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના સર્વેસર્વા એવા શ્રી સાવલા બંધુઓના પિતાશ્રી શ્રી શાંતિલાલ મુળજી સાવલા (કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટી) તથા સ્વ. કાંતિલાલ વેલજી સાવલાની સેવાકીય પ્રવૃત્તિઓ અને દિલેરીથી અમદાવાદનો કયો કચ્છી અજાણ હશે!

*૨૦૩, સવિતા એન્કલેવ,*
*સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

**Things in life are not always run smoothly. Sometimes we will be rising toward the heights – then all will seem to reverse itself and start downward. The great fact to remember is that the trend of civilization itself is forever upward, that a line drawn through the middle of the peaks and the valleys of the centuries always has an upward trend.**

***– Endicott Peabody***

સંસ્થા/વ્યક્તિ વિશેષ

**• ૨ જુલાઈ ૨૦૧૬ : આંતરરાષ્ટ્રીય સહકાર દિન •**

# સહકારી સંસ્થાઓ : ટકાઉ ભવિષ્ય માટે કાર્ય કરવા શક્તિમાન છે

• ડૉ. કિશોર સાધુ, મદદનીશ પ્રકાશન અધિકારી, ગુજરાત રાજ્ય સહકારી સંઘ - અમદાવાદ •

૧૯૨૩થી આંતરરાષ્ટ્રીય સહકારી સંઘ (આઈ.સી.એ.) દ્વારા જુલાઈ માસના પ્રથમ શનિવારે સહકારી સંસ્થાઓ માટે લોક જાગરૂકતા વધારવા, સહકારી ચળવળને સફળ બનાવવા ઉપરાંત આંતરાષ્ટ્રીય એકતા, આર્થિક ક્ષમતા, સમાનતા અને વિશ્વ શાંતિના આદર્શોને પ્રોત્સાહન આપવાના હેતુથી આંતરરાષ્ટ્રીય સહકારી દિનની ઉજવણી કરવામાં આવે છે. ૧૯૯૫માં આઈસીએની શતાબ્દી ઉજવણી પ્રસંગે સંયુક્ત રાષ્ટ્ર સંઘે (યુ.એન.) તેની સાથે સંકળાયેલ તમામ સભ્ય દેશની સરકારોને આ દિવસ ઊજવવા અને સહકારી ચળવળ સાથે જોડાવા વિનંતી કરી. ત્યારથી જુલાઈ માસના પ્રથમ શનિવારે આઈસીએ અને યુએન દ્વારા આંતરરાષ્ટ્રીય સહકારી દિનની ઉજવણી એક વિષયવસ્તુ નક્કી કરીને કરવામાં આવે છે. **ચાલુ વર્ષે ૨ જુલાઈ, ૨૦૧૬ના રોજ આ દિવસ ઊજવવામાં આવનાર છે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય સહકારી દિનની મુખ્ય વિષયવસ્તુ - 'સહકારી સંસ્થાઓ : ટકાઉ ભવિષ્ય માટે કાર્ય કરવા શક્તિમાન છે' તે ઘોષિત કરવામાં આવેલ છે.**

આ વિષય વસ્તુ ઘોષિત કરવા પાછળનું કારણ છે તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૫ ના રોજ યુએન દ્વારા ઉચ્ચ સ્તરીય રાજકીય ફોરમ સમિટની બેઠક મળી હતી. આ બેઠકમાં વૈશ્વિક પરિવર્તનો અને પડકારોને ધ્યાનમાં લઇ ટકાઉ વિકાસ માટે ચર્ચાવિચારણા કરવામાં આવી. આ ફોરમ દ્વારા ૨૦૩૦ સુધી વૈશ્વિક ટકાઉ વિકાસ માટેના એજન્ડા તૈયાર કરવામાં આવેલ છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા વૈશ્વિક પડકાર સમાન વૈશ્વિક જનસમુદાય, ધરતી અને સમૃદ્ધિને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવેલ ટકાઉ વિકાસના આ મુદ્દાને આઈસીએ દ્વારા સમર્થન આપવા આ વર્ષે આંતરરાષ્ટ્રીય સહકારી દિનની ઉજવણીનું મુખ્ય વિષયવસ્તુ 'સહકારી સંસ્થાઓ : ટકાઉ ભવિષ્ય માટે કાર્ય કરવા શક્તિમાન છે' એ નક્કી કરવામાં આવેલ છે.

યુએન સાથે સંકળાયેલ ૧૯૩ જેટલા દેશોની સરકારો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને નાગરિક સમાજ કેવી રીતે ૨૦૩૦ સુધીમાં ટકાઉ વિકાસ હાંસલ કરી શકશે તે માટે પ્રયત્નશીલ છે. યુએનએ ટકાઉ વિકાસ હાંસલ કેવી રીતે થશે તે માટે એજન્ડા તૈયાર કર્યો છે; જેમાં ૧૭ ધ્યેયો અને ૧૬૯ લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યાં છે. આ ૧૭ ધ્યેયો સિદ્ધ કરવા સંયુક્ત રાષ્ટ્ર સંઘ સાથે સંકળાયેલા ૧૯૩ જેટલા દેશો માર્ગદર્શનની અપેક્ષા સેવી રહ્યા છે. આ સંજોગોમાં આઈ.સી.એ. એ 'સહકારી સંસ્થાઓ : ટકાઉ ભવિષ્ય માટે કાર્ય કરવા શક્તિમાન છે' આંતરરાષ્ટ્રીય સહકાર દિન ઊજવણીની મુખ્ય વિષય-વસ્તુ રાખીને રાહ ચીંધ્યો છે અને આઈસીએ તેની સાથે સંકળાયેલ ૯૫ દેશોની ૨૯૨ સંસ્થાઓના ૧૦૦ કરોડ (૧બિલિયન) સભાસદોને ટકાઉ વિકાસ માટે સહકારી સંસ્થાઓને મજબૂત કરવા અપીલ કરે છે.

★ આઈ.સી.એ અને યુનાઈટેડ નેશન્સ (યુ.એન) આંતરરાષ્ટ્રીય સહકાર દિન નિમિત્તે સંદેશો તૈયાર કરી તેની સાથે સંકળાયેલ સંસ્થાઓને મોકલી આપે છે. આ સંદેશો સ્થાનિક ભાષાઓમાં અનુવાદ કરી તેનો વ્યાપક પ્રચાર થાય તે માટે અપીલ કરે છે.

★ સહકારી મેળાઓ, પ્રદર્શનો, સ્પર્ધાઓ, અને અભિયાનો રાખવામાં આવે છે.

★ સરકારી અધિકારીઓ, યુનાઈટેડ નેશન્સ એજન્સીઓ અને અન્ય ભાગીદાર સંસ્થાઓ સાથે બેઠકો યોજવામાં આવે છે.

★ થિયેટર, કોન્સર્ટ, સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રાયોજિત કરે છે.

આંતરરાષ્ટ્રીય સહકાર દિન, એ એક દિવસ માત્ર ઉજવણી કરી બેસી નથી રહેવાનું પણ સહકારી સંસ્થાઓએ પોતાની સક્ષમતા બતાવી, આ દિવસે પોતાની કાર્યસિદ્ધિઓ જનસમુદાયની નજરમાં લાવવાની છે. સૌ સહકારી સંસ્થાઓએ એક મંચ પર આવી વિચારવું જોઈએ કે કેવી રીતે ટકાઉ, આર્થિક, સામાજિક અને પર્યાવરણીય વિકાસ સાધવામાં પોતે ઉપયોગી થઈ શકે.

ટકાઉ વિકાસ માટે ઘણાં પડકારો છે. દરેક દેશ તેની કામગીરી માટે ચોક્કસ પડકારોનો સામનો કરી રહ્યાં છે. વિશ્વમાં અબજો નાગરિકો ગરીબીમાં સબડી રહ્યાં છે અને ગૌરવપૂર્ણ જીવન પણ જીવી શકતા નથી. તેમજ દેશો વચ્ચે પણ અસમાનતા વધી રહી છે. વિવિધ દેશોમાં તક, સંપત્તિ અને સત્તાની વિશાળ ખાઈ

છે. સ્ત્રી-પુરુષ સમાનતાનો મોટો પડકાર છે. બેરોજગારી તેમાંય ખાસ કરીને યુવા બેરોજગારી એક મોટી ચિંતાનો વિષય છે. ઉપરાંત વારંવાર આવતી કુદરતી તીવ્ર આફતો, હિંસક અત્યાચાર, આતંકવાદ, ઘટતો જતો માનવતાવાદી અભિગમ અને લોકોનું વધતું જતું સ્થળાંતર તેમ જ કુદરતી સ્ત્રોતોની ક્ષમતામાં થતો ઘટાડો, વધતું રણ, દુષ્કાળ, અતિવૃષ્ટિ, જમીનનું ધોવાણ, જૈવિક વિવિધતા ગુમાવવી એટલે કે પૃથ્વીની જૈવિક આધાર સિસ્ટમ પર જોખમ સહિત પર્યાવરણ પ્રદૂષણ, ક્લાઈમેટ ચેન્જ વગેરે જેવાં સર્પિલ સંઘર્ષો વચ્ચે માનવી ઝૂલી રહ્યો છે. ત્યારે યુએન દ્વારા નક્કી કરેલા એજન્ડાના ૧૭ ધ્યેયો : (૧) શૂન્ય ગરીબી, (૨) શૂન્ય ભૂખમરો અને ખાદ્યાન્નસુરક્ષા, (૩) સારું આરોગ્ય અને કલ્યાણ, (૪) ગુણવત્તાયુક્ત શિક્ષણ, (૫) સ્ત્રીપુરુષ સમાનતા અને મહિલા સશક્તિકરણ, (૬) શુદ્ધ પીવાનું પાણી અને સ્વચ્છતા, (૭) સસ્તી અને સ્વચ્છ ઊર્જા, (૮) યોગ્ય કામ આર્થિક વૃદ્ધિ, (૯) ઔદ્યોગિકીકરણ અને માળખાગત સુવિધા, (૧૦) અસમાનતા ઘટાડવી, (૧૧) ટકાઉ શહેરો અને જનસમુદાય, (૧૨) જવાબદારીયુક્ત વેચાણ અને ઉત્પાદન, (૧૩) ક્લાઈમેટ ચેન્જ (જળવાયુ પરિવર્તન), (૧૪) જળ સંરક્ષણ, (૧૫) ભૂમિ સંરક્ષણ, (૧૬) શાંતિ અને ન્યાય, (૧૭) સામૂહિક ભાગીદારી — ટકાઉ વિકાસ માટે કારગત નીવડી શકે તેમ છે. આ ધ્યેયોનો અભ્યાસ કરીએ તો સહકારી સંસ્થાઓ દ્વારા ઘણા ધ્યેયો સિદ્ધ થયા છે, તેમ જાણી શકાય છે. સહકારી સિદ્ધાંતોના સ્પષ્ટ અમલીકરણ દ્વારા ટકાઉ વિકાસના આ પથ પર ચોક્કસ આગળ ધપી શકાય તેમ છે. માત્ર જરૂર છે સાચા, નિષ્ઠાવાન, પવિત્ર, શુદ્ધ ચારિત્ર્યવાન સહકારી આગેવાનોની. ■

## દેશમાં ૨૨ યુનિવર્સિટીઓ નકલી હોવાનું કેન્દ્રીય મંત્રીએ સ્વીકાર્યું

રાજ્યસભામાં તાજેતરમાં એક સવાલનો લેખિત જવાબ આપતા માનવ સંસાધન વિકાસ મંત્રી સ્મૃતિ ઇરાનીએ કહ્યું હતું કે દેશમાં ૨૨ યુનિવર્સિટી નકલી છે. યુજીસીએ નકલીની યાદીમાં મૂકેલી યુનિવર્સિટીઓના તેમણે નામ જાહેર કર્યા હતા અને એ તમામ સામે પગલા ભરાશે એવું કહ્યું હતું.

કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઇરાનીએ તાજેતરમાં રાજ્યસભામાં કહ્યું હતું કે યુજીસીએ દેશના અલગ અલગ રાજ્યોની કુલ ૨૨ યુનિવર્સિટીને નકલી જાહેર કરી છે. જેમાં સૌથી વધુ ૯ યુનિવર્સિટી ઉત્તર પ્રદેશની છે અને ૫ યુનિવર્સિટી દિલ્હીની છે. આ સિવાય બે યુનિવર્સિટી પશ્ચિમ બંગાળની છે. બિહાર, કર્ણાટક, કેરળ, મહારાષ્ટ્ર, તામિલનાડુ અને ઓડિશાની એક એક યુનિવર્સિટી નકલીની યાદીમાં છે. આવી યુનિવર્સિટીઓ વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને રાજ્ય સરકારોને તેની જાણ કરવામાં આવી છે એમ તેમણે લેખિત જવાબમાં કહ્યું હતું.

કેન્દ્ર સરકારે હજુ સુધી કેમ પગલા ભર્યા નથી એવા સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે જે તે યુનિવર્સિટી માટે કાયદો અને વ્યવસ્થા માટે રાજ્ય સરકારો જવાબદાર છે અને એ તેમના કાર્યક્ષેત્રમાં આવતું હોવાથી કેન્દ્ર સરકાર તેમાં હસ્તક્ષેપ કરી શકે નહીં. એ કારણે આવી યુનિવર્સિટીની યાદી રાજ્ય સરકારોને પાઠવી દેવામાં આવી છે અને તે આગળની કાર્યવાહી કરશે.

તેમણે ભારતના વિદેશ ભણવા માંગતા વિદ્યાર્થીઓને સરળતા રહે એ માટેની જાહેરાત કરતા કહ્યું હતું કે તેમનું મંત્રાલય વિદેશ મંત્રાલયના સંપર્કમાં રહીને વિદેશની નકલી યુનિવર્સિટીઓની યાદી મેળવી રહી છે અને એ યાદી મળી જશે એટલે તમામ રાજ્યોને આપી દેવામાં આવશે. જેથી આવી યુનિવર્સિટીમાં જઈ ભારતના વિદ્યાર્થીઓને છેતરાવાનો વારો ન આવે.

### *દેશની કઇ કઇ યુનિવર્સિટી નકલીની યાદીમાં છે?*

- યુનાઇટેડ નેશન્સ યુનિવર્સિટી – દિલ્હી
- કમર્શિયલ યુનિવર્સિટી લિમિટેડ – દિલ્હી
- વોકેશનલ યુનિવર્સિટી – દિલ્હી
- એડીઆર સેન્ટ્રીક જ્યુરીડિકલ યુનિવર્સિટી – દિલ્હી
- ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ – દિલ્હી
- મૈથિલિ યુનિવર્સિટી – બિહાર
- બીએસડબલ્યુઓ યુનિવર્સિટી – બિહાર
- સેન્ટ જહોન યુનિવર્સિટી – કેરળ
- રાજા અરેબિક યુનિવર્સિટી – મહારાષ્ટ્ર
- ડીડીબી સંસ્કૃત યુનિવર્સિટી – તમિલનાડુ
- ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઓલ્ટરનેટિવ મેડિસીન – કોલકાતા
- વારાણસ્યા સંસ્કૃત યુનિવર્સિટી – ઉત્તર પ્રદેશ
- જગતપુરી ગ્રામ વિદ્યાપીઠ – ઉત્તર પ્રદેશ
- ગાંધી હિંદી વિદ્યાપીઠ – ઉત્તર પ્રદેશ
- સુભાષચંદ્ર બોઝ યુનિવર્સિટી – ઉત્તર પ્રદેશ
- મહારાણા પ્રતાપ શિક્ષા વિદ્યામંદિર – ઉત્તર પ્રદેશ
- શિક્ષા પરિષદ યુનિવર્સિટી – ઉત્તર પ્રદેશ

રહસ્ય

# એક વૈજ્ઞાનિક થ્રીલર!

• હરેશ ધોળકિયા •

અંગ્રેજી સાહિત્યની તુલનામાં ગુજરાતીમાં રહસ્યાત્મક સાહિત્ય - થ્રીલર - બહુ ઓછું લખાય છે. તેમાં પણ કોઈ મહિલા લેખિકા તે લખે તે તો વીરલ જ બાબત છે. ખ્યાલ છે ત્યાં સુધી ગુજરાતીમાં કેવળ વર્ષા અડાલજાએ જ રહસ્ય કથાઓ લખી છે. બીજી કોઈ લેખિકાનું નામ યાદ આવતું નથી. એટલે કોઈ મહિલા લેખિકાની રહસ્યકથા જોવા મળે તો આનંદ જ થઈ જાય.

સદ્‌ભાગ્યે એક એવી મહિલા લેખિકા લિખિત રહસ્યકથા પ્રકાશિત થઈ છે. આ રહસ્ય કથાનું મહત્ત્વ એ છે કે તે માત્ર ચીલાચાલુ રહસ્યકથા નથી. તે સાથે વૈજ્ઞાનિક કથાવસ્તુ ધરાવતી રહસ્યકથા છે. વિજ્ઞાનના આત્યંતિક આધુનિક સિધ્ધાંતો અને સંશોધનોને સાંકળતી આ રહસ્યકથા છે. તેથી માત્ર રહસ્યકથા ન રહેતાં એક વૈજ્ઞાનિક થ્રીલર બની જાય છે અને વધારે રસપ્રદ બને છે.

લેખિકાનું નામ છે ડૉ. મનીષા મનીષ. પુસ્તકનું નામ છે "સત-અસત." લેખિકા પોતે મેનેજમેન્ટનાં પ્રોફેસર છે. તેમણે મેનેજમેન્ટ ક્ષેત્રે નોંધનીય કામ કરેલ છે અને આજે પણ કરે છે. તેમણે તેમના પિતા અને ગુજરાતના એક વિચારનિષ્ઠ લેખક ડૉ. ગુણવંત શાહનાં બે પુસ્તકો 'મરો ત્યાં સુધી જીવો' અને 'કૃષ્ણં શરણં ગચ્છામિ' સંપાદિત કરેલ છે અને ગુણવંતભાઈ સાથે મળી મેનેજમેન્ટ પર એક 'ધ બોસ' પુસ્તક લખેલ છે. હવે તેમણે આ રહસ્યકથા પ્રકાશિત કરેલ છે.

*વાર્તા આવી છે :*

ભારતનો – અને પાછો ગુજરાતનો – એક પ્રતિભાશાળી વૈજ્ઞાનિક નિમિત જર્મનીની એક વિશ્વવિખ્યાત ઈન્સ્ટિટ્યૂટમાં જઈ બ્રહ્માંડ વિશે પોતે કરેલ એક અદ્‌ભુત સંશોધન, જે બ્રહ્માંડના રહસ્યનું ઉદ્‌ઘાટન કરનાર છે, રજૂ કરવાનો છે. પણ તે જ્યારે જઇ રહ્યો હોય છે તે દરમિયાન માર્ગમાં તેની કારને એક્સિડેન્ટ થાય છે. તેને સખત ઈજા થાય છે. અહીંથી વાર્તા શરૂ થાય છે કે આ અકસ્માત કોણે કરાવ્યો? કોઈ કાવતરું હતું? નિમિતનો ભાઈ ખાસ ત્યાં આવે છે અને તપાસ આદરે છે. તેમાં અનેક કાવતરાં દેખાય છે. રહસ્ય ઘેરું બને છે જે છેલ્લે ઉદ્‌ઘાટિત થાય છે. ૩૦૮ પાનામાં આ રહસ્યકથા આકાર લે છે.

વાર્તામાં મહત્ત્વનું છે વૈજ્ઞાનિક સંશોધન. નિમિત ખગોળશાસ્ત્ર પર સંશોધન કરે છે અને તે દ્વારા બ્રહ્માંડનું પાયાનું રહસ્ય શોધી કાઢે છે. મજાની વાત એ છે કે નિમિતને વિજ્ઞાની થવું જ ન હતું. તેને તો ડૉક્ટર થવું હતું પણ માર્ક્સ ઓછા આવવાથી તેને મેડિકલમાં પ્રવેશ નથી મળતો અને વિજ્ઞાનમાં જાય છે. પણ હોંશિયાર હોવાથી, તેમાં પણ ઝળકી ઊઠે છે અને આગળ વધે છે. પછી તો પૂનાની ખગોળશાસ્ત્રની સંસ્થામાં તાલીમ લે છે અને સંશોધક બને છે જે તેને છેવટે જર્મની તેડી જાય છે.

અકસ્માત પછી પણ તેનો ભાઈ અનુજ જે રીતે તપાસ આદરે છે તે પણ અનેક રહસ્યનાં જાળાં ઊભા કરે છે. તેમાં પણ અનેક સમાંતર રહસ્યો ગુંથાતા દેખાય છે. એક સંશોધક કઈ રીતે વિચારે અને તેનો ઉપયોગ કરવા ઈચ્છનાર ઉદ્યોગપતિ કઈ રીતે વિચારે તેનો વાર્તામાં ખ્યાલ જોવા મળે છે. અને જો સંશોધક પોતાની શોધનો કોમર્શિય ઉપયોગ કરવાની ના પાડે તો ઉદ્યોગપતિ કઈ હદ સુધી જઈ શકે તે પણ વાર્તામાં જોવા મળે છે. કોઈ સંશોધક જો લાલચમાં ફસાઈ જાય તો તે કેમ વર્તે તેનું પણ વાર્તા દર્શન કરાવે છે. આ બધા બનાવોમાથી જ રહસ્ય પેદા થાય છે અને વાર્તા દોડે છે. પણ, રહસ્યકથાની જે ખૂબી હોય છે તે મુજબ, વાર્તાનો અંત તો કંઈક જુદી રીતે જ આવતો હોય છે. આ કથામાં પણ એ રીતે જ અંત આવે છે.

વાર્તામાં ખગોળશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર બાબતે લેખિકાનું જ્ઞાન સ્પષ્ટ જોવા મળે છે. તેણે કોઇ કાલ્પનિક બાબતો નથી લખી. વર્તમાનમાં ખગોળ અને ભૌતિકશાસ્ત્રમાં જે સંશોધનો ચાલે છે, તે બધાં વ્યવસ્થિત રીતે રજૂ કર્યા છે. સામાન્ય વાચક પણ સમજી શકે તે રીતે મૂકવાનો તેણે સફળતાપૂર્વક પ્રયાસ કર્યો છે. આ બાબત ટેકનિકલ હોવા છતાં તેણે રસપ્રદ રીતે રજૂ કરી છે. છેલ્લે સ્ટીફન હોકિંગને પાત્ર તરીકે રજૂ કરીને તેણે તેને પ્રમાણભૂત બનાવવાનો પૂરો પ્રયાસ કર્યો છે.

લેખિકાએ આ કથામાં એક વધારાનો પ્રયોગ કર્યો છે. તેણે એ બતાવવાનો પ્રયાસ કર્યો છે કે આધુનિક વિજ્ઞાનમાં જે સંશોધનો થાય છે, તે ઉપનિષદકાળમાં પણ થઈ ચૂકેલ હતાં. માત્ર ભાષા જૂની હતી. એટલે તેણે નિમિતને ભારતીય સંસ્કૃતિનો અને કૃષ્ણનો ભક્ત બતાવ્યો છે અને તેની ફિલોસોફીમાંથી પણ તે પ્રેરણા લે છે. એટલે કથામાં વિજ્ઞાન સાથે, સમાંતરે, ભારતીય સંસ્કૃતિ પણ આવતી રહે છે. એટલે આ વાર્તા વિજ્ઞાન, રહસ્યવાદ, ઉપનિષદ, કૃષ્ણ....નો સંગમ બને છે. બધાને જોડવાનો લેખિકાનો પ્રયાસ રહ્યો છે. તેથી ક્યાંક કથા ધીમી પણ બને છે. કેટલાંક પ્રકરણોને પૂર્વજન્મ કે પેરાસાઇકોલોજીમાં ઢાળવાનો પ્રયાસ પણ કર્યો છે. વાર્તાના અંતે તે બધાનું રહસ્ય ખૂલે છે. પણ વાર્તા વાંચતી વખતે તે

પ્રકરણો વાર્તાના પ્રવાહને અવરોધતાં લાગે છે. શાસ્ત્રીજીને જે રીતે બતાવ્યા છે તે આધુનિક મગજ કેટલું સ્વીકારે તે સવાલ થાય. તે જ રીતે પૂર્વ જન્મની બાબત પણ! અને જે રીતે અકસ્માત થાય છે તે પણ શંકા પ્રેરે છે. જો એમ જ કરવાનું હતું તો વાતને આગળ વધવા જ શા માટે દીધી? પણ આવો પ્રયાસ પ્રથમવાર થયો હોવાથી વિચાર કરવાની એક દિશા તો ખોલે જ છે. શુધ્ધ વિજ્ઞાનીને કદાચ આ ન પણ ગમે, છતાં, જિજ્ઞાસુ હોય તો, વિચાર કરવા તો પ્રેરે જ.

વાર્તામાં જર્મનીનું ગાર્ચીંગ શહેર અને તેની ઈન્સ્ટિટ્યૂટનું વર્ણન જાણે આબેહૂબ કરેલું છે. લેખિકાની આંખે આખુ શહેર જોવા મળે છે. આ વિદેશી વર્ણન વાર્તાની એક આકર્ષક બાબત છે. અંગ્રેજી કથાઓમાં વિવિધ દેશોનાં વર્ણન સ્વાભાવિક હોય છે, પણ આપણે ત્યાં તો મોટેભાગે મુંબઈ કે દિલ્હી વગેરેનાં જ વર્ણન હોય છે. ત્યારે આ વિદેશી વર્ણન તાજગી આપે છે.

વાર્તાને વિસ્તૃત સમજાવવા ક્યાંક નિમિત પોતાને પત્ર લખવાનો પણ પ્રયોગ કરે છે. તે દ્વારા તે પોતાના વિચારો, સંશોધન, કૃષ્ણ પ્રેમ વગેરેને વ્યક્ત કરે છે. પૂર્ણ વિજ્ઞાની હોવા છતાં કમ્પ્યુટરમાં પાસવર્ડ શુધ્ધ ગુજરાતી વાપરે છે! સાથે ગુજરાતી ખાનપાનનો પણ વારંવાર ઉલ્લેખ કરે છે. જર્મનીમાં વાત ચાલતી હોવા છતાં ગુજરાતી વાતાવરણનો સતત આભાસ થયા કરે છે. તે જ રીતે નિમિતનું વાંચન પણ ગુજરાતી પ્રેમ અને કૃષ્ણ ભક્તિને વ્યક્ત કરે છે. તેમાં લેખિકાનો પણ પિતા પ્રત્યેનો રાગ વ્યક્ત થાય છે. પણ આ બધું સહજ હોવાથી ક્યાંય વાગતું નથી.

લેખિકાનો આ એક નવો પ્રયોગ છે. એક સત્ય ઘટનાના આધારે તેણે આ કથા લખેલ છે. પણ તેને આધુનિક સ્પર્શ આપી રોચક બનાવેલ છે. વિજ્ઞાનને મધ્યમાં રાખી રહસ્યકથા લખાઈ હોય તેવો ગુજરાતીમાં કદાચ પહેલો પ્રયોગ છે. તેથી આવકારદાયક છે. અને તેમાં પણ તેને પૂર્ણ પ્રમાણભૂત રાખવાનો પ્રયાસ કર્યો છે. વાર્તાને અંતે લેખિકાએ એટલે જ પારિભાષિક શબ્દો પણ આપ્યા છે. આ રીતે પહેલીવાર અંગ્રેજી સાહિત્યના સ્ટાન્ડર્ડ પ્રમાણે નવલકથા લખાઈ છે અને તે સફળતાપૂર્વક લખાઈ છે. તેથી લેખિકા ધન્યવાદને પાત્ર છે.

આવી પ્રમાણભૂત રહસ્યકથાઓ વધારે લખાય તે ઈચ્છનીય છે. તે વિવિધ વિષયો, વૈશ્વિક બનાવોને તથા સ્થળો વગેરેને દર્શાવે છે અને વાચકને વાંચવાનો આનંદ આપવા સાથે નવું જાણવા તથા પ્રવાસ કરવાની પ્રેરણા આપે છે.

એક સુંદર રહસ્યકથા.

("સત-અસત". ડૉ. મનીષા મનીષ.
આર.આર. શેઠની કું., અમદાવાદ.
કિંમત : રૂા. ૨૯૯/-)

*મિન્ટ સ્ટ્રીટ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

## સમાજરત્નોનો ઝળકાટ

*તાજેતરમાં જ ધોરણ-૧૦ના પરિણામો આવી ગયા.*

*સદાયે આર્થિક રીતે તણાવમાં રહેતા પરિવારોના રત્નોના પરિણામો પર આપણે એક નજર ફેરવીએ.*

**ચા ની કિટલી ચલાવતા પિતાની પુત્રી રાજવીએ કામેશ્વર વિદ્યામંદિરમાંથી ધોરણ–૧૦ની પરીક્ષા આપી ૯૩.૭૮ પર્સેન્ટાઈલ મેળવેલ છે.**

**રીક્ષાચાલક પિતા નાસીર હુસેનની દીકરી મંસુરી રૂશ્દાએ ૯૩.૭૦ ટકા મેળવેલ છે.**

**ઇસ્ત્રીકામ કરતા પિતાની પુત્રી નિશા નવલખાએ કામેશ્વર વિદ્યામંદિરમાં અભ્યાસ કરી ધોરણ–૧૦માં વગર ટ્યુશને ૯૪ ટકા મેળવ્યા છે.**

**દિવ્યાંગ માતા–પિતાના પુત્ર જિનાંગ લલિતકુમાર શાહે એચ.બી. કાપડિયા સ્કૂલમાં પ્રથમ ક્રમાંકે આવી ૯૫.૩૩ ટકા મેળવ્યા છે.**

**એચ.બી. કાપડિયા સ્કૂલની વિદ્યાર્થિની અને રત્ન કલાકાર (હીરાઘસુ) પિતાની દીકરી ભાવિકા આહીરે ૯૩ ટકા મેળવેલ છે.**

**ફ્રુટની લારી ચલાવતા પિતાની પુત્રી આરઝુએ સમર્થ હાઈસ્કૂલમાં અભ્યાસ કરી ૯૯.૬૩ ટકા પર્સેન્ટાઈલ મેળવેલ છે. તેણીએ ૧થી ૮ ધોરણ સુધીનો અભ્યાસ મ્યુનિસિપલ સ્કૂલમાંથી કર્યો હતો.**

**લેથ મશીન કારીગરના દીકરા અભિષેક પ્રજાપતિએ શારદા બા શિક્ષણ સંકુલ – વસ્ત્રાલમાં અભ્યાસ કરી ૯૯.૮૦ પર્સેન્ટાઈલ મેળવેલ છે.**

**સીલાઈ કામદાર પિતાના સીલાઈ મશીન પર હાથ સીલાઈ કરી તેમને મદદ કરતો ભાર્ગવ હસમુખભાઈ વાંકોતરે ૯૫ ટકા મેળવ્યા છે. તેનો મોટો ભાઈ હાર્દિક પણ ચાલુ વર્ષે ધોરણ–૧૨ સાયન્સમાં ૯૭ ટકા સાથે ટોપર રહ્યો હતો.**

**ડિવોર્સી માતાની પુત્રી પ્રિન્સી ક્રિશ્ચિયન મામાને ત્યાં રહી, અભ્યાસ કરીને ધોરણ–૧૦માં ૯૧ પર્સેન્ટાઈલ સાથે ઉત્તીર્ણ થયેલ છે.**

**આ અને આ પ્રકારના અન્ય અનેક જીનિયસ વિદ્યાર્થીઓને આપણે અભિનંદન આપીએ.**

*અગર આવતા દિવસોમાં વિજ્ઞાન એવી શોધ કરી શકે કે માતાના ગર્ભમાં રહેલ દરેક બાળકને અમુક તત્ત્વો આપવાથી તે જન્મે ત્યારે જીનિયસ બાળક સ્વરૂપે જ જન્મે! તેના જીન્સ જ જીનિયસ બની ગયેલ હોય!* ■

સ્વાસ્થ્ય

# ડર (Phobia) – ૨

● ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક) – ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક) ●

ગયા અંકમાં આપણે જાણ્યું કે ડરની બીમારીનું નિદાન નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લઈને કરાય છે :

૧. વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુનો ડર સામાન્યથી ખૂબ જ વધારે હોય છે.
૨. વ્યક્તિ વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુથી કોઈપણ હિસાબે દૂર ભાગે.
૩. સામાન્ય જિંદગી જીવવા માટે પરાણે, ડરને લીધે બાંધછોડ કરવી પડે.
૪. ડરને લીધે વ્યક્તિમાં ક્ષમતા હોવા છતાં ગુણવત્તાભર્યું જીવન જીવવામાં બાંધછોડ કરવી પડે.

***શું ડરની બીમારીમાં મગજના જ્ઞાનતંતુઓમાં શારીરિક ફેરફારો થાય છે?***

મગજ (Brain)માં આવેલ લિમ્બિક સીસ્ટમના અવયવો આપણી લાગણીઓ, વિચાર, મુડ, વર્તણૂક, એકાગ્રતા, નિર્ણયશક્તિ, સ્મરણશક્તિ વગેરેનું કેન્દ્ર છે. મનના કાર્યો લિમ્બિક સીસ્ટમના અવયવો કરે છે.

***લિમ્બિક સીસ્ટમમાં આવેલ બદામ આકારનું અવયવ - એમિગડેલા ડરનું મુખ્ય કેન્દ્ર છે.*** એમિગડેલા લિમ્બિક સિસ્ટમના અન્ય અવયવો મુખ્યત્વે પ્રિફ્રન્ટલ કોરટેક્ષ જોડે સતત સંપર્કમાં રહે છે. પાંચેય ઈન્દ્રિયો વડે આપ-લે થતા સંદેશાઓ તથા લાગણીશીલ સંવેદનાશીલ સતત આપ-લે એમિગડેલા દ્વારા થતી રહે છે. દરેક સંદેશાને લાગણીનું સ્વરૂપ એમિગડેલા દ્વારા અપાય છે. સંદેશો સારો છે, ખરાબ છે, સુખ આપે છે, દુઃખ આપે છે વગેરે અનુભવ એમિગડેલા દ્વારા થાય છે.

***વ્યક્તિને ડરની બીમારી થશે કે નહીં એ એમિગડેલાના કદ, રચના, કાર્યશક્તિ પર આધાર રાખે છે તથા એમાં થતાં ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારો પર આધારિત છે.***

**● અનુવાંશિક (વારસાગત) કારણો :**

ડરની બીમારી એ વારસાગત રોગ છે. ડરની બીમારીમાં દર્દીના ભાઈ-બહેન, મા-બાપ કે દર્દીના સંતાનોમાં ડરની બીમારી, પેનિક ડીસઓર્ડર કે હતાશાની બીમારી થવાની શક્યતા વધારે હોય છે. લોહીનો સંબંધ ધરાવતા અન્ય પરિવારજનોમાં આ રોગનું પ્રમાણ વધારે જોવા મળે છે.

જો એક જ અંડકોષથી જન્મેલા જોડિયા ભાઈ-બહેનોમાંથી એકને ડરની બીમારી હોય તો બીજા ભાઈ કે બહેનને આ બીમારી થવાની શક્યતાનું પ્રમાણ ૫૦% વધારે હોય છે.

**● ડરનો સામનો કરવો કે સલામત જગ્યાએ દોડી જવું એ મનની પ્રક્રિયા :**

ડરની લાગણી તથા પ્રક્રિયા મન પર આધારિત છે. જંગલી પ્રાણી (સિંહ, વાઘ વગેરે) ખુલ્લા હોય તો આપણને ડર લાગે છે પરંતુ પિંજરામાં (પ્રાણીબાગમાં) અથવા સરકસમાં હોય તો ડર લાગતો નથી. ડરની લાગણી માટે બાહ્ય પરિસ્થિતિ કરતાં મનની પ્રક્રિયા વધારે મહત્ત્વની તથા કારણભૂત હોય છે.

**● ડરની લાગણીમાં થતા શારીરિક ફેરફારો :**

ડરની લાગણી ફક્ત લાગણી પૂરતી જ સીમિત નથી હોતી પરંતુ સાથે સાતે શારીરિક ફેરફારો થાય છે. ડરનો સામનો કરવો (fight) અથવા સલામત જગ્યાએ દોડી જવું (flight) – આ બંને પ્રક્રિયા માટે શરીરમાં ઉર્જાની જરૂર પડે છે. ***મગજના (મનના) અવયવોમાં થતાં ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારોને લીધે શરીરના અન્ય અવયવોના કાર્યોમાં ફેરફાર થાય છે. જેથી જરૂરી શારીરિક ઉર્જા મળી રહે છે.***

એમિગડેલા સતત મગજના અન્ય અવયવો જોડે સંદેશાઓની આપ-લે કરે છે. અસલામતીની લાગણી એમિગડેલામાં નકારાત્મક ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા વધી જાય છે. જેની નીચે પ્રમાણે અલગ અલગ શારીરિક અવયવો પર અસર થાય છે :

**૧. એમિગડેલા અને સ્વયંસંચાલિત મજ્જાતંત્ર (Autonomic Nervous System) :**

એમિગડેલા તથા લોક્સ સેરૂલિયસના સંદેશાઓને લીધે સ્વયંસંચાલિત મજ્જાતંત્ર પર અસર થાય છે. હૃદય અને રૂધિરાભિસરણ (Heart and Blood Circulation)ના અવયવો પર અસર થાય છે.

ટુંક સમયના ફેરફારોથી હૃદયના ધબકારા વધી જાય છે, બ્લડપ્રેશર વધી જાય છે. ડરનો સામનો કરવા કે ડરથી સલામત જગ્યાએ દોડી જવા માટે આ ફેરફારો અત્યંત જરૂરી છે. ડર ઓછો થતાં આ ફેરફારો નોર્મલ થાય છે.

લાંબા સમયના ઉપરોક્ત ફેરફારોથી આ ફેરફારો કાયમી થાય છે. હાઈ બ્લડપ્રેશરની બીમારી થાય છે, લોહીની ધમનીઓ (નસો) જાડી થાય છે, હૃદયના ધબકારા વારંવાર વધી જાય છે, હૃદયને લોહી ઓછું મળે છે.

**૨. એમિગડેલા અને શ્વાસોચ્છવાસના અવયવો :**

એમિગડેલા અને પેરાબ્રેકિયલ ન્યુક્લિયસ વચ્ચેના સંદેશાઓને લીધે શ્વાસોચ્છવાસની પ્રક્રિયા પર અસર થાય છે.

ટૂંક સમયના ડર વખતે શ્વાસોચ્છવાસની ગતિ વધે છે. આથી ઊર્જા માટે શરીરમાં જરૂરી ઑક્સિજન મળી રહે છે.

લાંબા સમયના ફેરફારોથી દમનો હુમલો આવી શકે છે. શ્વાસ લેવામાં તકલીફ થાય છે.

**૩. એમિગડેલા અને આંતરસ્રાવી ગ્રંથિઓ (Endocrine Glands) :**

એમિગડેલા તથા હાઈપોથેલામસના સંદેશા વ્યવહારને લીધે કોરટીસોલની માત્રા ખૂબ જ વધી જાય છે.

હાઈપોથેલામસ પિચ્યુટરી એડ્રિનલ ગ્રંથિના જોડાણથી કોર્ટીસોલ હોર્મોન લોહીમાં ભળે છે (HPA Axis)

ટૂંક સમયમાં ડર માટે કોર્ટીસોલ જીવન બચાવે છે.

જ્યારે લાંબા સમયથી જો કોર્ટીસોલનું પ્રમાણ વધારે રહે તો શારીરિક બીમારીઓ નોતરે છે. હાર્ટ ઍટેક, હૃદયની અન્ય બીમારીઓ, ડાયાબિટીસ, લકવો વગેરે થવાની શક્યતા રહે છે.

**૪. એમિગડેલા તથા સ્નાયુઓ (Motor Response) :**

વ્યક્તિનું વ્યક્તિત્વ તથા એ વખતના સંજોગો પ્રમાણે ડરનો સામનો કરવો (Fight) કે સલામત જગ્યાએ દોડી જવું (Flight) એ વ્યક્તિ નક્કી કરે છે. એમિગડેલા તથા બ્રેઈન સ્ટેમમાં આવેલા પેરીએક્વિડક્ટર એરીયા વચ્ચેના સંદેશાઓ દ્વારા આ પ્રતિક્રિયા થાય છે.

ટૂંક સમયના ડરમાં સ્નાયુઓમાં લોહીનું ભ્રમણ વધી જાય છે જેથી સામનો કરવા કે દોડી જવા માટે જરૂરી ઊર્જા મળી રહે છે.

લાંબા સમયની પ્રતિક્રિયા સ્નાયુઓની બીમારી ઉત્પન્ન કરે છે. સ્નાયુઓ કળતર કરે છે, શારીરિક નબળાઈ લાગે છે. ટોનિક કે વિટામિન દ્વારા આ નબળાઈ દૂર થતી નથી.

**૫. એમિગડેલા તથા નકારાત્મક લાગણીવાળા પ્રસંગોની લાંબા સમય સુધી યાદદાસ્ત (Traumatic Memories) :**

એમિગડેલા તથા હીપોકેમ્પસ વચ્ચેના સંદેશાઓની આપ-લેના લીધે ભૂતકાળના દુઃખદાયક, નકારાત્મક પ્રસંગોની યાદ તાજી જ રહે છે. વર્ષો બાદ પણ જાણે આ પ્રસંગો તાજેતરમાં બન્યા હોય એમ ઊંડાણમાં યાદ આવે છે. વ્યક્તિ માનસિક તથા શારીરિક તકલીફો તાજેતરમાં ભોગવે છે તથા ડરની બીમારીના લક્ષણો વ્યક્તિમાં હાલ જોવા મળે છે.

**● ડરની બીમારીનાં શારીરિક લક્ષણો :**

દર્દી શારીરિક લક્ષણો (હૃદયના ધબકારા વધી જવા, શ્વાસ રૂંધાવો, ગભરામણ થવી, માથું દુઃખવું, ચક્કર આવવા, છાતીમાં દુઃખાવો થવો વગેરે)ની ફરિયાદ કરે છે.

વૈદ્યકીય શારીરિક તપાસ તથા લેબોરેટરી અને એક્સ-રે, સોનોગ્રાફી, ૨-ડી ઈકો વગેરે તપાસ નોર્મલ આવે છે. એટલે દર્દી તથા કુટુંબીજનો નવાઈ પામે છે. ડૉક્ટર જ્યારે એમ અભિપ્રાય આપે છે કે શારીરિક બીમારી નથી પરંતુ માનસિક સ્ટ્રેસને લીધે બીમારી છે ત્યારે દર્દી તથા કુટુંબીજનો માનવા તૈયાર નથી.

ઉપરોક્ત મનોવૈજ્ઞાનિક જાણકારીથી આપણે હવે સમજી શકશું કે ડરની બીમારી કે સ્ટ્રેસની બીમારીમાં શારીરિક લક્ષણો શા માટે હોય છે. આપણા સમાજમાં શારીરિક લક્ષણો હોય તો આપણે બીમારી છે એમ સમજીએ છીએ. માનસિક લક્ષણો હોય તો એને આપણે બીમારીનું સ્વરૂપ આપતા નથી.

ડરની બીમારી કે સ્ટ્રેસની બીમારી પણ એક બીમારી છે. દર્દી બીમારીની કલ્પના કરતો નથી એમ સમજવું ખૂબ અગત્યનું છે.

*(ક્રમશઃ)*

## "મને ઘોડે ચડાવવો છે?"

**દાંડી કૂચ દરમિયાન ખેડા પહોંચેલા ગાંધીજીનું સ્વાગત કરવા ગયેલા રાવજીભાઈ પટેલે તેમના ક્ષેમકુશળ પૂછ્યા. ગાંધીજીએ કહ્યું, 'સાથળોમાં શ્રમનો અણસાર વરતાવા લાગ્યો છે.'**

**આથી રાવજીભાઈએ સૂચવ્યું : 'હવેથી તમે એક ઘોડા પર બેસવાનું રાખો. સાથીઓ તમારી પાછળ કૂચ કરતા આવશે.'**

**તેમનું આ રમૂજી સૂચન સાંભળીને ગાંધીજીએ મલકાઈને કહ્યું, 'તમે શું કહ્યું? શું એકસઠમે વર્ષે તમારે મને ઘોડે ચડાવવો છે?' પછી હસીને ગાંધીજીએ ઉમેર્યું : 'રાવજીભાઈ, આ માટે તમે બા ની સંમતિ મેળવી છે?'**

*કપીલપ્રસાદ દવે ('ગાંધીજીના સ્મરણો' માંથી)*

*રજૂઆત : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

સ્વાસ્થ્ય

# પ્રોટીન્સ : (૨)

• દિલીપ મ. વૈશ્નવ •

આપણા માટે અનાજ, દૂધ અને તેની બનાવટ તેમજ કઠોળમાથી પ્રોટીન મળી શકે છે. માંસાહારી પદાર્થો કરતાં વનસ્પતિ પદાર્થોનું પ્રોટીન ઉતરતી કક્ષાનું ગણાય છે. તેમ છતાં કઠોળમાં પ્રોટીન પ્રકૃતિએ ખૂબ આપ્યું છે. જમીનમાં રહેતા RHIZOBIUM (રિઝોબિયમ) નામના બેક્ટેરિયાને સલામ ભરવી જોઈએ કારણકે જે ખેતરાઉ જમીનમાં કઠોળના છોડ ઉછરે છે, તેના મૂળ અન્ય વનસ્પતિના મૂળ કરતાં તદ્દન જુદા પ્રકારના છે અને કઠોળના મૂળ તેનો ખોરાક રિઝોબિયમ બેક્ટેરિયામાંથી મેળવે છે. અને આ બેક્ટેરિયામાં નાઈટ્રોજન પુષ્કળ પ્રમાણમાં હોતા કઠોળમાં નાઈટ્રોજન જમા થાય છે, જે પ્રોટીનમાં રૂપાંતર થાય છે. આથી અન્ય અનાજનું પ્રોટીન કરતાં કઠોળનું પ્રોટીન શ્રેષ્ઠ છે. કઠોળ પચવામાં ભારી છે, જેથી રાત્રે ખાવું હિતાવહ નથી અને કઠોળથી વજન વધતું નથી (કઠોળમાં દર ૧૦૦ ગ્રામે ૪૨ ગ્રામ પ્રોટીન છે. સોયાબીનમાં દર ૧૦૦ ગ્રામે ૪૦ ગ્રામ પ્રોટીન છે તેના પ્રમાણની સામે અન્ય અનાજમાં પ્રતિ ૧૦૦ ગ્રામે આશરે ૨૦થી ૨૨ ગ્રામ પ્રોટીન છે.) જરૂરિયાત કરતાં વારંવાર જો પ્રોટીન વધારે પ્રમાણમાં લેવામાં આવે તો ગાઉટ જેવી બીમારી આવી શકે છે.

ડૉ. ચોક્સીના કહેવા મુજબ ઉછરતા બાળકોને આહારમાં દૂધ, દહીં, છાશ અને યોગ્ય પ્રમાણમાં કઠોળ આપી શકાય. શાળાએ જતાં બાળકોને સુખડી, સીંગ, તલની ચિક્કી, દાળિયા, મમરા, મગસ આપી શકાય. ઘઉંના લોટમાં એક મુઠ્ઠી ચણા અથવા સોયાબીન ઉમેરી તેની રોટલી દ્વારા બાળકને પ્રોટીન મળી શકે છે. આગલા દિવસની ભાખરી કે રોટલીનો ભૂક્કો કરી તેમાં ઘી અને ગોળ મેળવીને લાડુ બનાવી બાળકને આપી શકાય. તેઓ કહે છે કે જો બાળક વારંવાર માંદુ રહેતું હોય તો ડૉક્ટરને બતાડી, જરૂર હોય તો પ્રોટીન પાવડર કે સીરપ આપી શકાય. તેમના જણાવ્યા મુજબ એક ગ્રામ પ્રોટીનના રાસાયણિક દહનથી શરીરને ૪ કેલેરી મળે છે. પ્રોટીન રોજિંદી કેલેરી ૧૦થી ૧૫% આપે છે.

## • પ્રોટીનની દૈનિક જરૂરિયાત :

માનવ શરીરના પ્રતિ એક કિલોગ્રામ વજનની ગણતરીએ એક ગ્રામ પ્રોટીન મળવું જોઈએ. તેનાથી ઓછું પ્રોટીન જો શરીરને મળે તો શરીરને તેની ઉણપ જણાય. તેથી કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડે. પુરુષનું વજન જો ૬૦ કિ.ગ્રા. હોય તો તે પુરુષે દૈનિક ધોરણે ૬૦ ગ્રામ પ્રોટીન દરરોજ ખોરાકમાંથી લેવું જોઈએ અને જો સ્ત્રીનું વજન જો ૫૦ કિ.ગ્રા. હોય તો તેણે ૫૦ ગ્રામ પ્રોટીન દરરોજ ખોરાકમાંથી લેવું જોઈએ (1 Gram per bodyweight). ગર્ભસ્થ મહિલાએ અને ધાત્રી માતાએ તેના નોર્મલ વજન કરતાં અનુક્રમે ૧૫થી ૨૫ ગ્રામ પ્રોટીન વધું લેવું જોઈએ. જેથી આ બંને પ્રકારની મહિલાઓમાંથી ગર્ભસ્થ શિશુને માતાના આહારમાંથી અને અવતરણ પામેલા શિશુને માતાના દૂધમાંથી પ્રોટીન મળતું રહે છે, જે બાળકના શરીરના બંધારણ, વિકાસ અને વૃધ્ધિ માટે આવશ્યક છે. (ગુજરાત સમાચાર, તા. ૬-૧૦-૨૦૧૫, તંત્રીલેખ સૌજન્યથી. વિશ્વમાં ૩૩ દેશોના સ્તનપાન વિશે થયેલા એક અભ્યાસના તારણો જોવા મળે છે કે શ્રીલંકન સ્ત્રીઓ સ્તનપાનમાં સૌથી પહેલા નંબરે છે. આપણા પાડોશી દેશો જેવા કે પાકિસ્તાન અને બાંગ્લાદેશનું સ્થાન અનુક્રમે ૧૧મું અને ૧૨મું છે. જ્યારે ભારતનું આ બાબતે ૨૫મું સ્થાન છે. એટલે કે ભારતીય માતાઓ બહુ ઓછું સ્તનપાન કરાવે છે.)

ડૉ. આશિષભાઈ ચોક્સી બાળકોની વાત કરતાં જણાવે છે કે ૬ વર્ષના બાળકનું જે વજન હોય તેને બે વડે ગુણીને જે જવાબ મળે તેટલા ગ્રામ પ્રોટીન તેને મળવું જોઈએ અને ૭થી ૧૨ વર્ષના બાળકના કિસ્સામાં ત્રણ વડે ગુણીને જે જવાબ આવે તેટલા ગ્રામ પ્રોટીન તે બાળકને મળવું જોઈએ. આમ બહુમૂલ્ય પ્રોટીનથી બાળકોની અને સૌની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય અને રોગ ના આવે. પ્રોટીન શારીરિક અને માનસિક તંદુરસ્તી જાળવે છે.

## • પ્રોટીનની ઉણપ :

ઉણપના કારણો તો છે જ. એક રાષ્ટ્રીય સંસ્થાએ કરેલ સેમ્પલ સરવેમાં જાણવા મળ્યું હતું કે મોટા શહેરોમાં રહેતા ૩૫થી ૫૫ વર્ષના સ્ત્રી પુરુષોમાં ખૂબ મોટા પ્રમાણમાં પ્રોટીનની ઉણપ જણાઈ હતી. મોટાભાગની ખોરાકી ચીજોમાં પણ પ્રોટીન ઘણું જ ઓછું હતું.

પ્રોટીનની ઉણપથી બાળકના શરીરનું બંધારણ અટકી જાય, તેથી તેનો વિકાસ અને વૃધ્ધિ ના થાય, શારીરિક અને

માનસિક રીતે નબળા થાય, ભૂખ ન લાગે, વજન ઘટે, નબળાઈ લાગે, શરીરમાં પાણી ઓછું થાય, દાંત તૂટવા લાગે, હાથપગમાં સોજા રહે, બૌધ્ધિક વિકાસ ઘટે, ચામડી પર ચકામા દેખાય, નવા દાંત ન આવે, પેટ ફૂલી જાય, કોઈકવાર શારીરિક સમસ્યા જો તીવ્ર બને તો બાળમરણ થાય.

યુવાન વયના સ્ત્રી પુરુષોમાં પણ આ ઉણપથી સ્નાયુઓ નબળા પડે... ઉપર જણાવેલા બધા જ લક્ષણો યુવાનીમાં અને વૃધ્ધાવસ્થામાં પણ જોવા મળે! યુવાનોની કાંતિને ઝાંખપ આવી જાય, જાણે વસંતમાં વહેલી પાનખર આવી જાય! ઘડપણમાં પ્રોટીનની ખામી ત્રાસદાયક બની શકે. થાક, અશક્તિ, ગમે નહીં, ઊંઘ ન આવે, શરીર શુષ્ક બને, સોજા પણ થાય.

શરીરના વજનમાં ૧૮થી ૨૦% પ્રોટીનનો ફાળો છે. પ્રોટીન નાશ પામતા કોષોના સ્થાને નવા કોષો બનાવે છે. હાડકાંઓ, સ્નાયુઓ, ત્વચા તેમજ માંસપેશીઓ વિ.માં પ્રોટીન હોય છે. શરીરમાં પ્રોટીન સારા પ્રમાણમાં હોય તો ઘણી બીમારીથી બચી શકાય. બધા અંગો સારી રીતે કામ કરી શકે છે. આપણે સૌ પૌષ્ટીક આહાર લઈ પ્રોટીન અને બીજા ઘણા પોષક તત્ત્વોનો લાભ મેળવી તંદુરસ્ત રહીએ. ફાસ્ટ ફુડ અને પ્રોસેસ્ડ તેમજ જંક ફુડથી દૂર રહીએ. આ પ્રકારના ખોરાકમાં જરૂરી પોષક તત્ત્વો ખૂબ ઓછા હોય. આવા ફુડ બીમારીને આમંત્રણ આપે છે.

*(સંપૂર્ણ)*

*૭/૭, અનિક એપાર્ટમેન્ટ્સ,*
*એલ.જે.કોમર્સ કૉલેજની પાસે, વસ્ત્રાપુર (ગામ),*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૯૯૮૮ ૧૮૨૧૫*

*હવે પછી કાર્બોહાઈડ્રેટ્સ વિશે જાણીશું.*

- લેખ સહાયતા અને પરામર્શ : ડૉ. આશિષભાઈ ચોક્સી, પીડિયાટ્રિશિયન અને નીઓનેટોલોજિસ્ટ - અમદાવાદ.
- પૂરક માહિતી : પ્રા. (સૌ.) કલ્યાણીબેન વૈષ્ણવ - ગાંધીનગર
- અન્ય સંદર્ભ : મેડિકલ પુસ્તકો

---

## વાચકવર્ગ માટે ખાસ

# આપનો પ્રતિભાવ મોકલાવશો.....

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર ''કચ્છશ્રુતિ''માં કેટલાક વિભાગો નિયમિતપણે ચલાવવામાં આવે છે અને તેના નેજા હેઠળ દર મહિને જરૂરી વિગતો પ્રસારિત કરવામાં આવે છે.

આ વિભાગો 'કચ્છશ્રુતિ'નો વાચક વર્ગ કેટલા રસથી વાંચે છે અથવા તેના વિશે શું અભિપ્રાય ધરાવે છે તે જાણવા દરેક વિભાગ વિશે વાચકો પોતાનો અભિપ્રાય મોકલી આપે તે હેતુથી 'કચ્છશ્રુતિ'ના મે-૨૦૧૬ના અંકથી ''વાચકોનો અભિપ્રાય'' વિભાગ શરૂ કરવામાં આવે છે.

***મે મહિનામાં વાચકોએ પોતાના અભિપ્રાય નીચે જણાવેલ કોલમ વિશે આપવા અપીલ કરવામાં આવેલ હતી.***

''શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ''

***આ મહિને વાચકોને "કલરવ" કોલમ વિશે પોતાના અભિપ્રાયો લખીને મોકલી આપવા જણાવવામાં આવે છે.***

આ વિભાગ વિશે વાચકોએ પોતાના અભિપ્રાય, કોમેન્ટ્સ, જરૂરી ફેરફારો વિશે વિસ્તૃતપણે જવાબ લખીને મોકલી આપવાના રહેશે.

વાચકોના પ્રતિભાવો અમને મોડામાં મોડા ૫ જુલાઈ, ૨૦૧૬ સુધી મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

દરેકના અભિપ્રાય 'કચ્છશ્રુતિ'ના તે પછીના અંકમાં ટૂંકમાં પ્રસારિત કરવામાં આવશે.

ઉપરોક્ત કોલમ માટે આપશ્રીનો અભિપ્રાય તરતમાં 'કચ્છશ્રુતિ'ના કાર્યાલય એટલે કે સમાજની ઓફિસ પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

***– તંત્રી મંડળ***

સ્વાસ્થ્ય

# દેશના વિકાસના પાયામાં જનતાનું આરોગ્ય

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

જે તે દેશની પ્રજા આરોગ્યમય હોય અર્થાત્ તંદુરસ્ત હોય તો અનેક ક્ષેત્રે આગવી સ્ફુર્તિથી, અનોખા લગાવથી કે દિલચશ્પીથી કાર્યરત રહે છે. થોડા કે વધુ બીમારગ્રસ્ત લોકો મન લગાવી કામ કરી શકવા અસમર્થ બની જાય છે. પરિણામે જો તંદુરસ્ત લોકો દેશમાં વધુ હોય તો એવા એવા દેશનો ઝડપી વિકાસ શક્ય છે.

**• રાષ્ટ્રીય આરોગ્ય અભિયાન :**

મનુષ્યની તંદુરસ્તીના ઉપલક્ષ્યમાં અનેકવિધ ઉપચાર પધ્ધતિઓ અસ્તિત્વમાં છે. જેમકે આયુર્વેદિક, એલોપેથિક, હોમિયોપેથીક, યોગા પધ્ધતિ, સિધ્ધ - મેડિકલ સિસ્ટમ, સુઝોક થેરાપી, નિસર્ગ ઉપચાર પધ્ધતિ, એક્યુપ્રેશર, એક્યુપંક્ચર પધ્ધતિ વગેરે.

નોબેલ પારિતોષિક વિજેતા અર્થશાસ્ત્રી એંગસ ટીટોને તેમના પુસ્તક ''ધ ગ્રેટ એસ્કેપ''માં વર્ણવ્યા મુજબ, **'આર્થિક વિકાસાર્થે માત્ર સારું સ્વાસ્થ્ય જ સંકળાયેલું નથી, સારા સ્વાસ્થ્ય સાથે દેશની પ્રગતિ પણ જોડાયેલી છે.'** ભારતમાં આજે બિનચેપી રોગોને કારણે મૃત્યુ આંક વધી રહ્યો છે. માતૃત્વ અને બાળ મૃત્યુના પ્રમાણ ઘટી રહ્યા છે.

**• ગુજરાતની આરોગ્યલક્ષી યોજનાઓ :**

ગુજરાત રાજયમાં તમામ જિલ્લાઓમાં ગરીબી રેખા હેઠળ જીવતા અંદાજે ૪૧.૪૭ લાખ પરિવારો માટે ''મુખ્યમંત્રી 'મા' અમૃતમ્ યોજના'' તથા ''મા વાત્સલ્ય યોજના''ઓ તા. ૪-૯-૨૦૧૨થી અમલી બનાવાઈ છે. તા. ૧૫-૮-૨૦૧૪થી વાર્ષિક ૧ લાખ ૨૦ હજારની આવક ધરાવતા મધ્યમ વર્ગને આ યોજના લાભાન્વિત કરશે.

**લાભાર્થીઓ માટે ''મા'' કાર્ડ તૈયાર કરાયા છે.** જેમાં વ્યક્તિનો ફોટો, એડ્રેસ આદિ વિગતો હોય છે. કેન્સર, ટી.બી., કેમોથેરાપી, ગંભીર અકસ્માત, કિડનીના દર્દો, મગજના રોગો, હૃદયરોગ, મેલેરિયા અંગે મફત સારવાર અપાય છે. નિઃશુલ્ક દવાઓ આપવામાં આવી રહી છે.

**• એઇડ્સ નિયંત્રણ :**

વર્ષ મે-૨૦૧૫ના રાષ્ટ્રીય એચ.આઈ.વી. અંદાજ મુજબ ૨૧.૧૭ લાખ લોકો ભારતમાં એચ.આઈ.વી. સાથે જીવે છે. **આવા દર્દીઓના પ્રમાણમાં ભારત ત્રીજા નંબરે છે.** વર્ષ ૧૯૮૭માં ચેન્નાઈમાં પ્રથમ કેસ જોવા મળેલો. ભારતે એઇડ્સ પ્રત્યે દાખવેલી સજ્જતા - વિશ્વમાં પ્રસિધ્ધ છે. એઇડ્સને નાબુદ કરવા સંશોધનાત્મક અનેક પગલાં લેવાઈ રહ્યા છે. ઈ.સ. ૨૦૨૦ સુધી સુખદ પરિણામો જોવા મળશે. રાજ્ય એઇડ્સ નિયંત્રણ સોસાયટી શરૂ કરવામાં આવેલી. હાલે જિલ્લા એઇડ્સ નિયંત્રણ અને નિવારણ એકમો શરૂ કરવામાં આવ્યા છે.

**• ૧૨મી યોજનામાં આરોગ્યલક્ષી કાર્યક્રમો :**

૧૨મી પંચવર્ષીય યોજનામાં ''રાષ્ટ્રીય આરોગ્ય અભિયાન''ને અપૂરતું નાણાં ભંડોળ મળવાથી તે અભિયાનની છબી ખરડાઈ છે. વર્ષ ઈ.સ. ૨૦૧૩માં રાષ્ટ્રીય શહેરી આરોગ્ય અભિયાન મંજૂર થતાં આરોગ્ય ક્ષેત્રે થોડી પ્રગતિ થઈ છે. તમામ લોકોને ઓછા ખર્ચે તબીબી સારવાર પ્રાપ્ત થાય એવા શુભ હેતુસર આરોગ્યલક્ષી વીમા યોજનાઓ શરૂ કરી વીમા કવચ પ્રદાન કરવામાં આવી રહ્યા છે. ઈ.સ. ૨૦૧૪માં આપણા દેશમાં ૩૭ કરોડ લોકોને આવરી લેવાયા છે.

**• આરોગ્ય વિકાસ ગાથા :**

રાષ્ટ્રપતિ દ્વારા તાજેતરમાં પલ્સ પોલિયો કાર્યક્રમ - ૨૦૧૬ શરૂ કરવામાં આવ્યો. દેશમાં પાંચ વર્ષની અંદરના બાળકોની સંખ્યા અંદાજિત ૧૭.૪ કરોડ છે. તેમને પોલિયોની રસી પીવડાવવામાં આવે છે. ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૬ના રાષ્ટ્રીય રસીકરણના દિને પ્રારંભ કરાયો હતો. ''કિલકારી'' નામક સૌપ્રથમ એક ઑડિયો આધારીત મોબાઈલ સેવાનો આરંભ થયો છે. સગર્ભા સ્ત્રીઓ, પ્રસુતા માતાઓ, બાળ ઉછેર – આ અંગે આરોગ્યલક્ષી જાણકારી આપવામાં આવી રહી છે.

**• આરોગ્ય અંગેના માપદંડ :**

આરોગ્યનું સ્તર નક્કી કરતા સામાજિક માપદંડ ઘણી વિસ્તૃત બાબત છે. પૌષ્ટીક આહાર, પાણી, પર્યાવરણ, સ્વચ્છતા, લિંગભેદ, સામાજિક દરજ્જો, શિક્ષણ, આવક – જેવી અનેક બાબતો સમાવિષ્ટ છે.

**• હવામાન વિષમતા અને આરોગ્ય :**

પર્યાવરણીય ફેરફારો અને હવા, પાણી, અવાજના પ્રદૂષણોએ માનવીના

(અનુસંધાન : જુઓ પાના નં.-૭૮ ઉપર)

સ્વાસ્થ્ય

# જી.બી.એસ. – એક વિચિત્ર રોગ

• ડૉ. મયંક કિશોરચંદ્ર છાયા •

એક ૨૦ વર્ષની અપરીણિત, કૉલેજિયન યુવતી. રાધિકા તેનું નામ. સુખી સંપન્ન પરિવારની પુત્રી. એક જ ભાઈની એક જ બહેન. કાકાઓના ઘરે પણ પુત્રી નહીં. તેથી કુટુંબમાં સૌની સૌથી વધુ લાડકી દીકરી. આવતીકાલે મામાના ઘેર મામાના દીકરાના લગ્ન છે. તેથી આજે સાંજે સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાયો છે. રાધિકા પણ આ કાર્યક્રમમાં ઉલટભેર ભાગ લે છે. ગીત ગાય છે, નૃત્ય કરે છે, રાસ-ગરબામાં પણ ભાગ લે છે. રાત્રે લગભગ બાર વાગે તે પોતાને ઘેર જાય છે. હળવો નાસ્તો કરીને તે સૂઈ જાય છે. બીજે દિવસે સવારે તે લગભગ ૮ વાગે જાગે છે. બાથરૂમમાં જાય છે, નળ ખોલવાનો પ્રયત્ન કરે છે પણ ખૂલતો નથી. બંને હાથમાં અને પગમાં સખત નબળાઈનો અનુભવ કરે છે. તે પોતાની મમ્મીને આ વાતની જાણ કરે છે. મમ્મી તેને પથારીમાં સુવાડે છે. તરત જ નિષ્ણાત ડૉક્ટર પાસે લઈ જાય છે અને તેના રોગનું નિદાન થાય છે – ‘‘જી.બી.એસ.’’

ધીમે ધીમે નબળાઈ વધતી જાય છે. બોલવામાં પણ હવે તકલીફ ઊભી થાય છે. બોલી શકતી નથી. હોસ્પિટલમાં આઈ.સી.યુ.માં દાખલ થાય છે. હવે શ્વાસ લેવામાં પણ તકલીફ અનુભવાય છે. તબીબ આ કેસને અતિ ગંભીર ગણાવે છે. રાધિકાને હવે વેન્ટીલેટર પર મૂકવી જ પડશે. માત્ર ઑક્સિજન આપવાથી નહીં ચાલે, એમ જણાવીને કન્સેન્ટમાં સહી લઈ લઈ, આ છોકરીને વેન્ટીલેટર પર મૂકવામાં આવી. તબિયત વણસતી જ જાય છે અને અંતે ‘કાળ દેવતા’ની વિજ્ઞાન સામે જીત થાય છે. છોકરી આ ફાની દુનિયાને છોડી એક નવા જ પ્રદેશમાં પહોંચી જાય છે. મા-બાપ, ભાઈ, મામા-મામી બધા દિગ્મુઢ થઈ જાય છે પણ હવે કશું જ થઈ શકે તેમ નથી!! આંખોમાં આંસુ સાથે રાધિકાનો ‘મૃતદેહ’ ઘેર લઈ જવાય છે.

આ કેસ જોયા પછી અને જી.બી.એસ. નિદાન સાંભળ્યા પછી, આ રોગ વિષે સૌ કોઈને જાણકારી પ્રાપ્ત થાય એવા હેતુથી આ લેખ લખવાનું મન થયું. જે દીકરી આગલે દિવસે હસતી - કિલ્લોલ કરતી હતી, તે બીજા બાર કલાક પછી વેન્ટીલેટર પર ચડી ગઈ અને ૨૪ કલાક પછી અનંતની યાત્રાએ ચાલી ગઈ!

આ જી.બી.એસ. રોગનું આખું નામ છે – Guillain-Barre Syndrome. જ્ઞાનતંતુઓમાં અમુક કારણોસર નબળાઈ આવી જાય છે, પગમાં ઝણઝણાટી, બહેરાશ અને નબળાઈ લાગે. હાથ-પગનો જાણે લકવો થઈ ગયો હોય એવું લાગે.

### • આ રોગ કેવી રીતે થાય છે?

જ્ઞાનતંતુઓમાં સોજો આવવાથી મોનોસાઈટ મેક્રોફેઝ નામના કોષની સંખ્યા વધી જાય છે. જેથી નસ પરનું માયલીન નામનું આવરણ નષ્ટ થઈ જવાથી જ્ઞાનતંતુઓ નબળા પડે છે. આવું શા માટે થાય છે? તે હજુ સુધી સ્પષ્ટ રીતે જાણી શકાયું નથી. પરંતુ પેટમાં વાઈરસનો ચેપ લાગવાથી આવું થઈ શકે. પોલિયો, ધનુર્વા, હડકવા જેવા રોગોની રસી લીધા પછી અમુક દર્દીઓમાં આ રોગને મળતો આવતો રોગ થતો જોવા મળી શકે છે. ઉંમરની દૃષ્ટિએ વિચારીએ તો કોઈ પણ ઉંમરે આ રોગ લાગુ પડી શકે છે પરંતુ ચાલીસથી પંચાવન વર્ષની વયે આ રોગનું પ્રમાણ વધારે જોવા મળે છે.

### • આ રોગના પ્રકાર કેટલા છે?

સામાન્ય, મધ્યમ અને અતિ તીવ્ર (ગંભીર) એમ ત્રણ પ્રકારમાં આ રોગને વિભાજિત કરી શકાય છે.

### • આ રોગના લક્ષણો કયા છે?

પગ દુઃખે, પગમાં ખાલી ચડે, પગમાં ઝણઝણાટીનો અનુભવ થાય, લથડિયા આવે, નબળાઈ ક્રમશઃ વધતી જાય છે. અંતે લકવો થઈ ગયો હોય એવું લાગે. ક્યારેક ઝણઝણાટી ના પણ થાય. બે-ત્રણ દિવસથી માંડી બે-ચાર સપ્તાહ સુધીમાં આમ થતું જોઈ શકાય છે. અવાજમાં ફરક પડી જાય છે. ખોરાક ગળે ઉતરતો નથી. રોગી પાણી પીવે તો નાકમાંથી બહાર પડે છે. શ્વાસોચ્છ્વાસમાં તકલીફ થાય છે, દર્દીને વેન્ટીલેટર પર મૂકવાની જરૂર પણ પડી શકે છે. બી.પી. વધે કે ઘટી જાય, હૃદયના ધબકારા અનિયમિત થઈ જાય છે. લોહીમાં સોડિયમનું પ્રમાણ ક્યારેક ઘટી જાય છે. દર્દી સંપૂર્ણ સભાન હોય છતાં વેન્ટીલેટર પર મૂકાયેલો જોવા મળે! ઝાડો-પેશાબ રોકવામાં તકલીફ ક્યારેક જ જોવા મળે.

### • આ રોગનું નિદાન કેવી રીતે કરાય છે?

નિષ્ણાત તબીબ સ્નાયુઓના છેડા પર હથોડી મારીને ટેન્ડન જર્કસ ચેક કરીને આ રોગનું નિદાન કરે છે. અન્ય એક તપાસમાં દર્દીની કમરમાંથી પાણી ખેંચીને તેની તપાસ લેબોરેટરીમાં કરાય છે. તેમાં પ્રોટીનનું પ્રમાણ વધુ જોવા મળે છે. કોષોમાં કોઈ ફેરફાર થયેલા જણાતા નથી.

તદ્દુપરાંત ઇ.એમ.જી. (સ્નાયુમાં સોય નાખીને થતી તપાસ) તથા એન.સી.વી. (ચેતાઓની સંવેદના વહનની ગતિ માટેની તપાસ) પણ કરવામાં આવે છે. જેને આધારે સારવારનો પ્રકાર પણ નક્કી થઈ શકે છે.

- **આ રોગની સારવાર શી છે?**

શરૂઆતમાં દર્દીને એકાદ-બે સપ્તાહ માટે હોસ્પિટલમાં દાખલ થવું પડતું હોય છે. સ્ટેરોઇડ જુથની દવાઓ અગાઉ વપરાતી હતી. હવે નવા ઔષધો ઉપલબ્ધ છે. પ્લાસમાંફેરેસીસ નામની એક વિશિષ્ટ યાંત્રિક પ્રક્રિયામાં ડાયાલિસિસની જેમ જ દર્દીના શરીરમાંથી દોઢથી ત્રણ લિટર લોહી કાઢી, તેને શુદ્ધ કરવામાં આવે છે. સેલ સેપરેટર દ્વારા હાનિકારક એન્ટીબોડીઝ (પ્રતિદ્રવ્યો) વિશિષ્ટ રીતે દૂર કરી, ચોક્ખું લોહી ફરીથી શરીરમાં ચડાવવામાં આવે છે. પ્લાસમાંફેરેસીસથી રોગને આગળ વધતો રોકી દેવામાં આવે છે. શ્વાસોચ્છવાસની તકલીફ ઘટી જાય છે અને દર્દીના સ્વાસ્થ્યમાં ઝડપથી સુધારો થાય છે. આ પ્રક્રિયા કુલ પાંચેક વખત આંતરે દિવસે નિષ્ણાતના માર્ગદર્શન હેઠળ કરવામાં આવે છે.

અન્ય સારવારમાં ગામા ગ્લોબ્યુલીન નામના ઈન્જેક્શન નિષ્ણાત તબીબના માર્ગદર્શન હેઠળ ડૉઝ નક્કી કરીને આપવામાં આવે છે. પણ આ ઈન્જેક્શન બહુ ખર્ચાળ છે. બધા દર્દીને પોષાતા નથી. આ ઈન્જેક્શનની બહુ આડઅસરો નથી.

દર્દીને નવું ઈન્ફેક્શન ન થાય તેનું ખૂબ ધ્યાન રાખવું પડતું હોય છે. દર્દીને વેન્ટીલેટર પર પણ ક્યારેક રાખવો જરૂરી બને છે. વેન્ટીલેટર પર મૂકીને દર્દીનો શ્વાસ ટકાવી શકાય છે. આ બહુ જ ખર્ચાળ છે પણ તેનાથી જીવનદાન મળી શકે છે. ફિઝિયોથેરાપી પણ કરાવવી પડે છે. જો શ્વાસમાં તકલીફ ના હોય અને શરૂઆતના દસ-પંદર દિવસમાં રોગના લક્ષણો તીવ્ર ના બને તો આ રોગ સંપૂર્ણ રીતે મટી જ શકે છે. ઘણીવાર સંપૂર્ણ સ્વસ્થતા મેળવવામાં મહિનાઓ પણ લાગી શકે છે.

*અંતમાં એક જ પ્રાર્થના :*

*સર્વેઽત્ર સુખીનઃ સંતુઃ ।*
*સર્વે સંતુ નિરામયાઃ ॥*

***૧૧/૧૩૦, પૂજા એપાર્ટમેન્ટ,***
***હિંમતલાલ પાર્ક,***
***આઝાદ સોસાયટી રોડ, અમદાવાદ-૧૫.***

## રાષ્ટ્રની નવરચનાનો આધાર

*કોઈ પણ રાષ્ટ્રની નવરચનાનો આધાર તે શાળાઓના શિક્ષકોની વિધાયક શક્તિ ઉપર રહેલો છે. રાષ્ટ્રને માટે તે શાળા નવા માનવી સર્જી શકશે. જે શાળાના શિક્ષકો સ્વપ્નદૃષ્ટાઓ છે, સમગ્ર પ્રાંગણ સહિતની શાળા એ કર્મયોગી શિક્ષકોની સ્વપ્નભૂમિ છે. શાળામાં ભણતું પ્રત્યેક બાળક તેના શ્રેષ્ઠ સ્વરૂપે વિકસી રહે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવાની ક્ષમતા ધરાવનાર શિક્ષકો જ પુરુષાર્થી શિક્ષકો છે. એ જ સાચા નિર્માણનું કામ કરે છે. આ જ સાચી નવરચના છે. શિક્ષણની આ જ સાચી ફિલસૂફી છે અને આ જ તેનો સાચો પ્રાયોગિક પાઠ છે. શિક્ષણનો સિધ્ધાંત અને વ્યવહાર આમાં જ સમાયેલો છે.* **– પી. કે. ત્રિવેદી**

**આદરણીય શ્રી પી.કે. ત્રિવેદીના વિચારો અનુસાર આદર્શ શાળા જ નવા માનવી સર્જી શકશે અને આ આદર્શ શાળાના પ્રત્યેક બાળક શ્રેષ્ઠ સ્વરૂપ વિકસી શકે તેનો આધાર એ શાળાના સ્વપ્નદષ્ટા શિક્ષકો પર રહેલ છે. શ્રેષ્ઠ સ્વરૂપે વિકસેલ દરેક વિદ્યાર્થી, એ રાષ્ટ્રની નવરચનાનો આધાર છે. તેથી દરેક શાળામાં દરેક શિક્ષક આદર્શ અને સ્વપ્નદષ્ટા હોવા જોઇએ.**

**ઉપરોક્ત આદર્શ પરિસ્થિતિની સામે તા. ૧–૬–૨૦૧૬ના 'ગુજરાત સમાચાર'માં નીચે મુજબના સમાચારો પ્રસિધ્ધ થયા છે.**

**કૂવામાં જ ન હોય ત્યાં હવાડામાં ક્યાંથી આવે?**
**ગુજરાતની શાળાઓમાં ૧.૭૫ લાખ શિક્ષકો ૧૨મું ધોરણ કરતાંય ઓછું ભણેલા**
**એલીમેન્ટ્રી એજ્યુકેશન રિપોર્ટ મુજબ માત્ર ૦.૯૯ ટકા જ શિક્ષકો M.Phil., Ph.D. થયેલા**
**ગુણવત્તાસભર શિક્ષણની વાતો ઠગારી નીવડી**

**અને ત્યાર પછી આ જ અહેવાલમાં શાળામાં શિક્ષકોની શૈક્ષણિક લાયકાતની વિગત આપવામાં આવેલ છે કે જે નીચે મુજબ છે:**

| | | |
|---|---|---|
| *૧૨૦૪૯* | *શિક્ષકો માધ્યમિક કરતાં ઓછું ભણેલાં* | *(૩.૯૮ ટકા)* |
| *૮૫૨૨૧* | *શિક્ષકો માધ્યમિક ભણેલાં* | *(૨૬.૭૦ ટકા)* |
| *૭૭૯૭૨* | *શિક્ષકો ઉચ્ચતર માધ્યમિક ભણેલાં* | *(૨૪.૪૩ ટકા)* |
| *૫૭૩૯૭* | *શિક્ષકો પોસ્ટ ગ્રેજ્યુએટ ભણેલાં* | *(૧૭.૯૮ ટકા)* |
| *૮૪૨૭૭* | *શિક્ષકો ગ્રેજ્યુએટ ભણેલાં* | *(૨૬.૪૧ ટકા)* |
| *૧૮૪૮* | *શિક્ષકો એમ.ફિલ. ભણેલાં* | *(૦.૯૮ ટકા)* |
| *૪૬* | *શિક્ષકો પીએચ.ડી. સુધી ભણેલાં* | *(૦.૦૧ ટકા)* |

**આજે આ પરિસ્થિતિ રાષ્ટ્રની નવરચનાની રહેલી છે. – મેરા ભારત મહાન!**

પ્રાસંગિક

# પિતૃદિન : ઉજવણીનાં ઉદ્દેશની યથાર્થતા

• શંકર ન. ઠક્કર, નિવૃત્ત નાયબ કલેક્ટર •

રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કે સામાજિક સ્તરે જે દિનોની ઉજવણી થતી હોય છે તેમાં પારિવારિક પરિપ્રેક્ષ્યમાં કેટલાક દિનોનું અનેરું સ્થાન હોય છે. જેમાં પરિવાર દિન, ગુરૂ પૂર્ણિમા, માતૃદિન અને પિતૃદિન અગ્રસ્થાને ગણી શકાય. પરિવાર, એ સમાજનું એકમ છે અને એની સ્વસ્થતામાં સમાજની સ્વસ્થતા અને સુખાકારી સમાયેલી છે. જ્ઞાન એ માનવ જીવનની ગરિમા છે. અને એટલે જ્ઞાનદાતા ગુરૂની વિશિષ્ટતા છે. અમાપ અને અમર્યાદ મમતાનું પ્રતીક એટલે માતા, જેની સરખામણી ઈશ્વરના અનુગ્રહ સિવાય અન્યથી થઈ શકે જ નહીં. માતા, એ માનવીનાં અસ્તિત્વની ઓળખ છે અને પોતાના સંતાનને પંપાળી, આંગળી ઝાલી પગલાં પડાવવાથી માંડી, પગભર કરવામાં જે પોતાનાં પ્રાણ પૂરે છે એ પિતા સમગ્ર પરિવારની પરબ ગણાય છે, પરખ પણ ગણાય છે. શબ્દાર્થમાં નહીં, ઉદ્દેશની યથાર્થતામાં ઉજવણી થાય તો સાર્થક થાય.

દરેક દિનની ઉજવણીનાં ઉદ્દેશમાં ઉદાત્ત ભાવના સમાયેલી હોય છે. માતૃદિનની જેમ પિતૃદિનની ઉજવણીની પૂર્વભૂમિકા પણ એટલી જ સંગીન છે, જેમાં વિવિધ બાબતો જાણવા મળે છે. એક માન્યતા અનુસાર પિતૃદિનની ઉજવણી આજથી ચાર હજાર વર્ષથી વધુ વર્ષ પૂર્વે બેબિલોનનાં પતન સાથે જોડાયેલી છે જ્યારે ઇલ્મેસુ નામના યુવાને માટીના કાર્ડ પર તેનાં પિતાના સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્ય માટેનો સંદેશો કંડાર્યો હતો. એક અન્ય કિસ્સામાં એવું પણ જણાવાયું છે કે ડિસેમ્બર ૧૯૦૭માં મોનોનગાહ ખાણ દુર્ઘટનામાં ૩૬૧ વ્યક્તિઓ મૃત્યુ પામી હતી. જેમાં ૨૫૦ જેટલા પિતાઓ પણ હતા. જેથી અનેક બાળકોએ પિતાનું છત્ર ગુમાવ્યું હતું. જેમાં એક ગ્રેસ ગોલ્ડન ક્લેટન પણ હતી. તેણીએ તેનાં મૃત પિતાનાં જન્મદિનનાં નજીકનાં રવિવારે એટલે ૫મી જુલાઈ, ૧૯૦૮માં સેન્ટ્રલ યુનાઇટેડ મેથોડિસ્ટ ચર્ચમાં વિલાપ કરી પિતૃ દિન મનાવ્યો હતો. પરંતુ સીટા કાઉન્સિલે વિધિવત રીતે ઉજવણીની ઘોષણા કરી ન હતી. જેથી વ્યાપક બની શકી નહોતી.

પ્રવર્તમાન પરિસ્થિતિએ પિતૃદિનની ઉજવણી થાય છે તેનાં યશનાં અધિકારી મિસીસ સોનોરા ડોડ ગણવામાં આવે છે. તેણીના પિતા વિલિયમ જેક્સન સ્માર્થે તેનાં છ સંતાનોનો ઉછેર સીંગલ પેરન્ટની રૂએ કર્યો હતો. અને તેઓ સિવિલ વૉરમાં શહીદ થયા હતા. તેમની યાદમાં ૧૯મી જૂન, ૧૯૧૦માં પિતૃદિનની ઉજવણી શરૂ થઈ હતી. **પિતૃદિનને રાષ્ટ્રીયકક્ષાના દિન તરીકે ઘોષિત કરવા યુનાઇટેડ સ્ટેટમાં ખૂબ લાંબા સમય સુધી વ્યાયામ ચાલુ રહ્યો. સને ૧૯૬૬માં પ્રમુખ લીન્ડન બી. જોન્સને જૂન માસના ત્રીજા રવિવારને પિતૃદિન તરીકે ઉજવવા ઘોષણા કરી હતી અને ત્યારબાદ છ વર્ષે સને ૧૯૭૨માં પ્રમુખ રિચાર્ડ નિક્સને તેને કાયમી રાષ્ટ્રીય દિન તરીકેનો દરજ્જો આપ્યો હતો.** વિશ્વના જુદા જુદા દેશોમાં જુદા જુદા દિવસે આ દિનની ઉજવણી થતી રહી છે. **ભારતમાં જૂન મહિનાનાં ત્રીજા રવિવારે પિતૃદિનની ઉજવણી થાય છે.**

પિતૃદિનની ઉજવણીની શરૂઆત ભલે અમેરિકાથી થઈ છે પરંતુ તે ભારતીય પરંપરાની ભાવના, વડીલો પ્રત્યે આદર પ્રગટ કરવાની ભાવના સાથે સંપૂર્ણપણે સુસંગત છે.

અત્યારની પરિસ્થિતિ પરત્વે આછેરો દૃષ્ટિપાત કરીએ તો કેટલાક અંશે વડીલો પ્રત્યેની આદરભાવનાની અભિવ્યક્તિમાં ઓછપ કે ઓટ આવતી જણાય છે. વિવિધ પરિબળોને અનુલક્ષીને સંયુક્ત પરિવાર પ્રથા પર જ વજ્રપ્રહાર થતા જોવા મળે છે. એલ્ડર્સ એબ્યુઝની માત્રામાં વૃધ્ધિ થતી રહી છે. વૃધ્ધ માતા-પિતાની માવજત અને ભરણપોષણની સંતાનોની નૈતિક ફરજ જ છે પરંતુ એમાંય ચૂક વર્તાય છે અને સરકારને આ માટે એકથી વધુ કાયદા ઘડવાની, તેમાં દંડ અને જેલની સજાનાં કોરડા વિંઝવાની ફરજ પડી છે. **વડલા સમાન વડીલો, એ પરિવારની અસ્ક્યામત ગણવાને બદલે આર્થિક બોજ સમાન જણાવા લાગ્યા છે ત્યારે આ ઉપદ્રવ વધુ ન ફેલાય, એને અંકુશમાં લેવાય તે માટેનાં સુધારાત્મક સામાજીક પગલાંની અનિવાર્યતા છે.** યથાર્થ સ્વરૂપમાં પિતૃદિનની ઉજવણી એમાં વિશિષ્ટ યોગદાન આપી શકે.

સંયુક્ત પરિવાર પ્રથાને મજબૂત બનાવવાથી કેટલાંક સામાજિક દૂષણો અને અવરોધોને ખાળી શકાય તેમ છે. **કોઈ સંતાનનું ઘર માતા-પિતા વિહોણું ન રહે અને કોઈ માતા-પિતા આવા ઘરવિહોણા ન રહે એ ભાવના પ્રગટ કરવાનો પિતૃદિનની ઉજવણીનો ઉદ્દેશ છે.** માતા-પિતાની જિંદગી સંતાનોનાં સુખ-દુઃખના તાણાવાણા સાથે જ વણાયેલી હોય છે ત્યારે સંતાનો એમનું નૈતિક ઉત્તરદાયિત્વ ઉત્કૃષ્ટ રીતે નિભાવે, ખાસ કરીને વિધવા માતા કે વિધુર પિતાનાં ઉરના એકાંત એમની વ્યથા અને અકથિત વેદના, એમનાં આખરી પડાવને ઉજ્જડ ન બનાવે તે રીતે સંતાનો આદર સહિત ઋણ સ્વીકાર કરી તેને અદા કરવા કટીબધ્ધ બને તો પિતૃદિનની ઉજવણીનાં ઉદ્દેશને મૂર્તિમંત કરી શકાશે. માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ એ શબ્દોમાં નહીં, વ્યવહારમાં અમલી બને તો પરિવાર નંદનવન બને.

*૪૦૩, અંજલી ટાવર, હોસ્પિટલ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૬૭ ૮૮૭૯૫*

સરહદી પ્રશ્ન

# ગુજરાતની દરિયાઈ સરહદે ચાઈનીઝ ડ્રેગનનું આર્થિક આક્રમણ

• વી.જે. ઠાકર, નિવૃત્ત નાયબ મત્સ્યોદ્યોગ નિયામક •

ઈ.સ. ૧૯૦૫માં કચ્છના અખાતની દરિયાઈ સંપત્તિના અભ્યાસ માટે તે વખતની ગાયકવાડ સરકારે જેમ્સ હોર્નેલ નામના વૈજ્ઞાનિકને આમંત્રિત કરી આ વિસ્તારના ફલોરા અને ફૌનાની જાણકારી હાંસલ કરેલ. આ વૈજ્ઞાનિક રીપોર્ટનો ગ્રંથ "મરીન બાયોલોજી ઑફ ઓખા મંડળ" સમગ્ર વિશ્વની લાઈબ્રેરીઓમાં મોજૂદ છે. ત્યારબાદ ઈ.સ. ૧૯૨૧માં તે વખતની બ્રિટીશ ગવર્નમેન્ટ દ્વારા મુંબઈથી કરાંચી સુધીના દરિયા કિનારાના મત્સ્ય સંપત્તિના સર્વે માટે એસ.ટી. "વિલીયમ કેરીક્સ" નામનું સ્કોટીશ સ્ટીમ ટ્રોલર ઑપરેશનમાં મૂકેલ અને આ મોજણી જહાજની લોગબુકનો અભ્યાસ કરી હેર્ફર્ટસ નામના વૈજ્ઞાનિકે તેમના તારણોમાં કહ્યું છે કે કોઠીયાડ દ્વીપકલ્પની સામે દરિયામાં દુનિયાનાં સર્વશ્રેષ્ઠ ફિશીંગ ગ્રાઉન્ડોમાં ગણી શકાય તેવા ફળદ્રુપ મત્સ્યક્ષેત્રો આવેલાં છે. આઝાદી પછી ભારત સરકારના "ફિશરીઝ સર્વે ઓફ ઈન્ડિયા" દ્વારા યોજાયેલ તબક્કાવાર મોજણીમાં પણ પ્રતિપાદિત થયું છે કે મુંબઈથી ઉત્તર તરફનો દરિયા કિનારો મત્સ્ય જથ્થા માટે સમૃદ્ધ છે.

**● આ માટેના વૈજ્ઞાનિક કારણો :**

સામાન્ય રીતે દરિયામાં સૂર્યના કિરણો ૨૦૦ મીટર ઊંડાઈ સુધી જ અસરકારક રીતે પહોંચી શકે છે અને જ્યાં સુધી સૂર્યકિરણો પહોંચી શકે ત્યાં સુધી જ સજીવ સૃષ્ટિની ઉત્પત્તિ વૃધ્ધિ વિકાસ શક્ય બને છે. કિનારાથી આ ૨૦૦ મીટર ઊંડાઈનો વિસ્તાર કોન્ટીનેન્ટલ સેલ્ફ એટલે ખંડિય છાજલીની પહોળાઈ વધુ તેમ ત્યાં સજીવ સૃષ્ટિની ઉત્પત્તિ વૃધ્ધિ વિકાસ વધારે. આમ, ગુજરાત રાજયની સામે એટલે કે કચ્છ કાઠિયાવાડ અને સિંધના કિનારાને ખંડિય છાજલીનો વિસ્તાર પહોળો છે. તેથી ત્યાં સજીવ સૃષ્ટિની વૃધ્ધિ વિકાસ વધારે થાય છે. એટલે જ આ વિસ્તારમાં વિવિધ પ્રકારની ખાવાલાયક અને આંતરરાષ્ટ્રીય બજારમાં ઊંચી કિંમત ધરાવતી માછલી વિપુલ પ્રમાણમાં મળી આવે છે. ઝીંગા, લોબસ્ટર, સ્ક્વીડ, કટલ ફીશ, પાયલેટ, શીયર ફીશ બોમ્બેડક, ગોલ દ્વારા વિગેરે જાતોથી સમૃધ્ધ આ વિસ્તારમાં શિયાળા દરમિયાન સોમાલિયન કરન્ટને કારણે હજારો ટન રીબનફીશ, ક્લુપીડ્સ, કાયરો સેન્ટ્રશ વગેરે જાતની માછલીઓ સૌરાષ્ટ્ર કચ્છના દરિયા કિનારે ઢસડાઈ આવે છે. આને કારણે જખૌ, ઓખા, પોરબંદર, માંગરોળ, વેરાવળ, દીવ તથા દક્ષિણ ગુજરાતની હજારો આધુનિક મશીનવાળી ફિશીંગબોટોથી ગુજરાતના માછીમારો વાર્ષિક કુલ સાત લાખ ટનથી પણ વધુ માછલીઓ પકડી ગુજરાતનાં પ્રોસેસીંગ પ્લાન્ટમાં ફ્રિઝીંગ કરી વિદેશ નિકાસ દ્વારા કરોડોનું હૂંડિયામણ દેશને પ્રાપ્ત કરાવી આપે છે.

તાજેતરમાં પાકિસ્તાન ચીનના રાજકીય ગઠબંધનને કારણે ગુજરાતી દરિયાઈએ ઉદ્ભવેલ ખતરો આપણા ગુજરાતની દરિયાઈ સરહદે, ભારત પાકિસ્તાનની દરિયાઈ સરહદ, કચ્છ સૌરાષ્ટ્રનાં દરિયા કિનારાથી નજીકમાં જ સરક્રીક પાસેથી શરૂ થાય છે. સરક્રીકનો ઉત્તરનો ભાગ - સિંધનો કિનારો પાકિસ્તાન હકુમત હેઠળ છે. આ વિસ્તારમાં કેટી બંદર અને એવા નાનાં માછીમારોનાં ઉતરણ કેન્દ્રો સિવાય કોઈ મોટું મત્સ્યકેન્દ્ર છેક કરાંચી સિવાય એકેય નથી. છેક કરાંચીથી સરક્રીકના દૂરના વિસ્તારમાં ત્યાંની મરીન સીક્યોરીટી દ્વારા સતત પેટ્રોલિંગ કરી આપણાં માછીમારોને તેના વિસ્તારથી દૂર રાખવા પ્રયત્ન થતા રહે છે અને માછીમારોની બોટોને પકડવાની પ્રક્રિયા છેક ૧૯૮૦થી ચાલુ છે. પણ પાકિસ્તાન પોતે તેની ખંડીય છાજલીનો જોઈએ તેવો ઉપયોગ કરી શકતું નથી. તાજેતરમાં પાકિસ્તાન દ્વારા નવી રાજકીય ચાલના ભાગરૂપે સિંધના દરિયાઈ વિસ્તારમાં ચીનની કેટલીક મોટી ટ્રોલરોને લાઈસન્સ આપી આ વિસ્તારમાં ફિશીંગ કરવાની પરવાનગી આપી છે. આવી મોટી ટ્રોલરો ઊંડા દરિયામાં ફિશીંગ કરવા માટે હોય છે પણ કચ્છ સિંધની ખંડીય છાજલી પહોળી હોઈ ઊંડો દરિયો ખૂબ જ દૂર છે અને ઊંડા દરિયામાં માછલીનો જથ્થો પ્રમાણમાં ઓછો મળે છે. એટલે ઘૂસણખોરીની વૃત્તિ ધરાવતા વિસ્તારવાદી ચીન દ્વારા ખંડીય છાજલી ઉપર છેક ઓખા પોરબંદર નજીકના કિનારા સુધી ઘૂસી નિયમમાં ઉલ્લંઘન કરી આપણી દરિયાઈ સરહદમાં ઘૂસી માછીમારીની સાથોસાથ જાસુસી પણ કરે તેની શક્યતા વધારે છે. આ ઉપરાંત ખંડિય છાજલીમાં કિનારાના વિસ્તારોમાં મોટી જાળો તથા તેનાં સાધનોથી તળિયામાં ચાસ, ખાડા પાડી દઈ નાની મધ્યમ ટ્રોલરો માટેના આ વિસ્તારમાં ભાંગફોડ કરી બિનઉપયોગી બનાવે. પરિણામે હાલ જે આપણા માછીમારો

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૭ ઉપર)**

નવનિર્માણ

# આ પરીક્ષા કોણે કરી હશે?

• ડૉ. ઊર્મિલાબેન શાહ •

'અરે શ્રીરાજ! તું કેમ લખતો નથી? બધાં પરીક્ષાનો કાર્યક્રમ બોર્ડ પરથી ઉતારે છે અને તને શું થયું છે? પછી તને ક્યારે કઈ પરીક્ષા છે તે કેવી રીતે ખબર પડશે? તું પરીક્ષા નથી આપવાનો કે શું? કે પછી હવે ભણવું જ નથી? ચાલ જલદી લખવા માંડ. બધાં તો લખી રહેવા આવ્યા. ગઈ વખતે પેલો દેવાંગ ગણિતની પરીક્ષાને દિવસે વિજ્ઞાનની પરીક્ષા છે તેવું સમજીને તેની તૈયારી કરીને આવ્યો હતો અને પછી ગણિતનું પેપર આવ્યું ત્યારે કેવો ઊભો થઈ ગયેલો? એ તો સારું થયું, ગીતાબહેન તેના વર્ગમાં ત્યારે સુપરવાઇઝર હતાં ને એને સમજાવીને શાંત પાડીને, લખવા બેસાડ્યો... નહીં તો માર્કમાં મોટું ગાબડું ન પડી જાત!' એની મમ્મી તો હંમેશાં 'મારા દેવાંગનો પહેલો જ નંબર આવવો જોઈએ' એમ કહ્યા કરતાં હોય છે, એટલે આવું થાય એટલે એ તો ધમાલ કરી મૂકે. એ તો એવાં ચોક્કસ ને કે સ્કૂલમાં આવે અને બોર્ડ ઉપરથી પરીક્ષાનો કાર્યક્રમ જાતે જ લખીને લઈ જાય. એમને છોકરાંઓ લખે એમાં વિશ્વાસ બેસે જ નહીં ને! પણ એવુંય કેટલાં વર્ષ ચાલે? છોકરાં નાનાં હોય ત્યાં સુધી ઠીક છે, પણ પછી મોટાં થાય એટલે તો પરીક્ષાનો કાર્યક્રમ જાતે લખવો જ પડે ને! મોઢામાં કોળિયા કંઈ રોજ થોડા જ મૂકવાના હોય! છોકરાંઓએ પણ સ્વનિર્ભર તો થતાં શીખવું જ પડે ને?'

'શ્રીરાજ? તું સાંભળે છે? લખી લે ને! પછી તું શું કરીશ?'

'બહેન! મારે પરીક્ષાનો કાર્યક્રમ નથી લખવો. કેમ કહું? હું ઘેર જાઉં ને એટલે મમ્મી રોજ જ મારું દફ્તર ખોલીને બધા જ ચોપડા – નોટો બધું જ જુએ છે. શું લખ્યું? શું બાકી રહી ગયું? શું લેસન છે? જો કશુંય બાકી રહ્યું હોય તો તો મારું આવી જ બને ને! બે ચાર ધાંટા, ગુસ્સો ને નહીં તો એકાદી ધોલ મારે! મમ્મીનો ગુસ્સો જોયો છે? એ તો રોજ એમ જ કહ્યા કરે છે, "શ્રીરાજ તારો પહેલો નંબર જ આવવો જોઈએ. જોજે હોં આ વખતે પેલા સુજલને તારાથી વધારે એકાદ માર્ક પણ ન આવવો જોઈએ. મારો શ્રીરાજ તો સૌથી હોંશિયાર જ હોવો જોઈએ." અને એટલે જો આ ટાઈમટેબલ હું લખીને લઈ જઈશને બહેન! તો શું થશે ખબર છે? આજથી જ સાંજે નીચે રમવા જવાનું બંધ. સાંજે ટી.વી. પર કાર્ટુન જોવાનું બંધ. રોજ રાતે અગિયાર વાગ્યા સુધી ભણવાનું ચાલુ કરાવી જ દેશે. મને તો એવો કંટાળો આવી જાય છે! એમ થઈ જાય છે કે આ ભણવાનું કોણે કર્યું હશે? આખો દિવસ ભણભણ કરવાનો કંટાળો ન આવે? અને એમાં પાછું આ બધું અંગ્રેજીમાં. અડધી સમજ પડે ને અડધી ન પણ પડે. એટલે બધું જ ગોખીગોખીને યાદ રાખવું પડે. અરે! એ બધું ગોખતાં તો મને એમ થાય છે કે આ ચોપડીઓ જ ફાડીને ફેંકી દઉં.

'હું લેસન કરવા બેસું એટલે મમ્મી બાજુમાં જ હાથમાં રબ્બર લઈને જ બેઠી હોય ને! એક અક્ષર પણ ખરાબ નીકળ્યો તો મરી ગયા! તરત જ ભૂંસી જ નાંખે ને! મમ્મી ભણાવવા બેસે ત્યારે તમે તેને જોઈ છે? મને તો ક્યારેક એમ થઈ જાય છે કે મમ્મીને એ વખતે એક અરીસો લઈને એમાં એને એનું મોં બતાવું, "મા! જો તું આ અરીસામાં, મને તારી બીક નહીં લાગતી હોય! મારાથી ભણવાનુંય ભૂલી ન જવાય! મને તે શું કામ સ્કૂલમાં મૂક્યો? મારે નથી ભણવું..." પણ બાપ રે! આટલું બોલ્યો ત્યાં તો જાણે ધરતીકંપ થઈ ગયો. જમીન જાણે ધ્રૂજી હોય તેવું લાગતું હતું. હું તો સખત ધ્રૂજતો જ હતો. અને એટલે જ મને થાય છે **"આ પરીક્ષા કોણે કરી હશે?" પરીક્ષા વિના શું ભણાય જ નહીં?** નવું નવું જાણવાની તો મજા આવે છે, પણ પરીક્ષાની બીકે બધું ગોખવાનું ને યાદ રાખવાનું મને તો જરાય ગમતું નથી અને એમાંય રીઝલ્ટ આવે એટલે તો માર્યા ઠાર. ગમે તેટલા માર્ક લઈને જાઉં... મા તો એમ જ કહેવાની "પેલા કરતાં તારા કેમ ઓછા આવ્યા?" અરે! હું તો કંઈ ભગવાન છું કે બધામાં સર્વશ્રેષ્ઠ હોઉં! મારી આ માને કોઈ તો સમજાવો... મને ખૂબ હેત કરી હૈયે ચાંપે, તો એ કહેશે એમ ભણીશ, પ્લીઝ!....' ■

## જળ એ જ જીવન છે

**(અનુસંધાન : પાના નં.-૩૫ ઉપરથી ચાલુ)**

ઊંચા આવે છે.

**'જળ એ જીવન છે...'** આ સૂત્ર બોલાય છે, દીવાલો પર લખાય છે, ભાષણોમાં વારંવાર ઉલ્લેખ થાય છે પણ 'જળ એ જીવન છે'ની સાર્થકતા હજુ સમજાઈ નથી. પાણીને સાચવવાનો કે પાણીનો સભાનપણે ઉપયોગ આપણે કરીએ છીએ ખરા?... એટલે હવે જાગ્યા ત્યારથી સવાર. આ વખતના ચોમાસામાં વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે અત્યારથી જ કામે લાગી જઈએ... ખેતરની ખેત તલાવડી, ચેક ડૅમ, બોરીબંધ બાંધીએ અને જો બાંધેલા હોય તો તેને સમારીને ઠીકઠાક કરી દઈએ...

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર,*
*સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

વાર્તા

# ઠકરાઈ

• બલવીરસિંહ જાડેજા •

"બાપાલાલ - હેમકુંવર બારણું ખોલો..." મા રૂપકુંવરે, ખૂબ જ ધીરા અવાજે, ઓસરીના છેડે આવેલા ઓરડામાં સૂતેલા દીકરા અને વહુને અડધી રાતે ઉઠાડવા સાદ કર્યો. અંધારી રાતે, ગામ આખું ઝંપીને પહેલી ઊંઘમાં ઘસઘસાટ ઊંઘતું હતું ત્યારે, તાવ અને શરીર કળતર પછી મોડેથી ઊંઘી ગયેલા દીકરા બાપાલાલને તો માનો અવાજ ન સંભળાયો પણ અડધા જાગતા અને વારંવાર પતિને મીઠાના પાણીવાળા પોતા મૂકી તાવ ઉતર્યા પછી હજી માંડ આંખ મિંચીને સૂતેલા હેમકુંવર વહુએ જાગી જતાં ધીમેથી બારણું ખોલ્યું.

હાથમાં હાથબત્તી (ટોર્ચ) લઈને નાક ઉપર આંગળી રાખી, શાંત રહેવાની નિશાની કરતા સાસુમા કદાચ દીકરાને કેમ છે કે તાવ ઉતર્યો કે નહીં તે જાણવા કે ખબર પૂછવા આવ્યા હશે જાણી, હેમકુંવર ઓરડાની બહાર આવ્યા.

"વહુ, બાપાલાલને ધીમેથી, અવાજ કર્યા વિના જગાડો અને સામે લટકતી તલવાર પણ ઉતારીને લેતા આવો."

આટલું બોલીને, ઓસરીના છેડે મૂકેલી બે જોટાળી બંદૂક હાથમાં લઈને સાસુમા જલ્દીથી, ઓસરીના બીજા છેડે, દીવાલે કાન ધરીને ઊભા રહ્યા, તે હેમકુંવરે ઓસરીમાં લટકતા ફાનસના ઝાંખા અજવાળામાં જોયું. કાંઈક અણધાર્યું અને અસામાન્ય હોવાની શંકા જતાં જ હેમકુંવરે પતિને ધીમેથી જગાડી વાકેફ કર્યા.

તલવાર અને બીજી હાથબત્તી લઈને આવેલા દીકરા અને વહુને, નાક ઉપર આંગળી રાખી ચૂપ રહેવા જણાવી, મા રૂપકુંવર દીવાલ સરખા કાન રાખી ઊભા રહ્યા. દીકરા અને વહુએ પણ દીવાલની પાછળ આવેલા બેઠક રૂમમાં છતના નળિયા ખસેડાતા હોય તેવો અવાજ આવતો સાંભળ્યો. તેમજ થોડીવાર પછી ઓસરી અને બેઠક રૂમને જોડતા લાકડાના બારણાની તિરાડમાંથી, હાથબત્તીનો પ્રકાશ ફરતો હોય અનુભવાયું એટલે ત્રણેયને પરિસ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આવી ગયો.

ફરીથી દૂર ખસીને ઓસરીના બીજા છેડે દીકરા અને વહુને બોલાવી ધીમા અવાજે માએ કહ્યું, "નક્કી કોઈ જાણભેદુ, ચોરીના ઇરાદે ઘુસ્યો છે." બેઠક રૂમમાં પડેલી તિજોરી (સ્ટીલનો કબાટ) જેમાં કાગળો સિવાય કાંઈ નથી, એ જોયા પછી, તિજોરી તોડીને કાંઈ નહીં મળતાં, ઓસરીને બેઠકખંડ સાથે જોડતાં આ લાકડાના બારણાને તોડીને આ બાજુ જરૂર આવશે. ખાલી હાથે પાછા ફરવું એમને ગમશે નહીં. એટલે આ તરફ જરૂર આવશે જ. ત્યાં સુધી ચૂપચાપ મારી સાથે ઊભા રહેજો. ફાનસનું અજવાળું સાવ ઝાંખુ જ રહેવા દેજો. ગાદલા - ગોદડા - રજાઈનો ડામચિયો જે તમારા ઓરડા પાસે, ઓસરીના બીજા છેડે છે ત્યાં આપણે ત્રણે જણ નીચે બેસી જઈશું એટલે દેખાઈએ નહીં. હું જેવો હાથબત્તીનો શેરડો ફેંકુ અને પડકારૂં ત્યારે એકાએક બીજી હાથબત્તીનો શેરડો, આવનારની આંખમાં ફેંકીને એની આંખો આંજી દેજો અને હાથમાં ખુલ્લી તલવાર રાખજો. હું આ બે જોટાળીનો સેફટી કેચ ખોલીને તૈયાર રાખીશ. કોઈ જાતની ઉતાવળ કરશો નહીં. પછી હું સંભાળી લઈશ."

ત્રણેય જણા પોતાનો શ્વાસ પણ ન સંભળાય તેવી શાંતિ રાખી, ઘરફાડુઓની હિલચાલની નોંધ કરતા, માએ કહ્યા મુજબ બેસી ગયા.

આજે બેંકમાંથી ડેમના મજૂરોના ચૂકવણા માટે સારી એવી રકમ લઈને ઘરે આવેલા કોન્ટ્રાક્ટર દોલુભા ઠાકોરે, નોટો ભરેલો બગલથેલો, એમના ઠકરાણા રૂપકુંવરને એમના ઓરડામાં સાચવીને મૂકવા આપેલો. ડેમ ઉપર તડકામાં દિવસ અને રાત સુધી વગર આરામે કામ કરતા દીકરા બાપાલાલને તાવ ચડ્યો હોવા છતાં આપેલું નિર્ધારીત કામ, મજૂરોના પેટા કોન્ટ્રાક્ટરો પાસે સમયસર પૂરું કરાવવાના આશયથી દોડધામમાં, શરીર પ્રત્યે બેદરકાર થવાથી, વધુ તાવ ચડ્યો એટલે કામ પતાવી, ડેમ સાઇટથી, ૧૫ કિ.મી. દૂર વતનના ગામ આવી આરામ કરતા હતા.

જિલ્લાની બેંકમાંથી ચૂકવણા માટે મોટી રકમ લઈ આવેલા દોલુભા બાપુને ડેમ સાઇટ ઉપર પાણી ભરવા ગયેલું ટેન્કર સમયસર પાછું નહીં ફરતા, પાણી માટે મજૂરોએ હોબાળો મચાવેલો. બાપાલાલ ઘરે આવેલ હોવાથી મોટર સાઈકલ લઈને માણસ ડેમ સાઇટ ઉપરથી તેડવા આવેલો. બાપાલાલ ન હોતાં આવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. નહિંતર તો એ સંભાળી જ લે. પરંતુ તાવ હોવાથી દીકરાને આરામ કરવાનું કહી, દોલુભા બાપુ તેડવા આવનાર સાથે ડેમ ઉપર જવા રવાના થયા. પછી પાછળથી ચોરીના ઇરાદે, ઘરફાડુઓ, કદાચ

જાણકાર હશે કે કોન્ટ્રાક્ટર બાપુ દર મહિનાની ૧૫ અને ૩૦ તારીખે ચૂકવણા માટે મોટી રકમ બેંકમાંથી લાવે છે અને એક રાત પૂરતી ઘરમાં રાખે છે. એટલે આજે ઘરફાડુ લૂંટારા કે ચોર, મધરાતે બાપુના બેઠક રૂમમાં છતના નળિયા ખસેડી ઉતર્યા.

હવે શાંતિ રાખીને મા સાથે બેઠેલા દીકરા અને વહુએ માએ કહ્યું હતું એમ જ થયું. બેઠક ખંડની તિજોરીમાં કાંઈ જ ન મળતાં, ઓસરી સાથે બેઠક રૂમને જોડતા બારણાને ધીમેથી, કોશ ભરાવી આગળિયો તોડીને, બારણું ખોલી, બે જણ, ચૂપચાપ દાખલ થયા. ફાનસના આછા અજવાળે, ડામચિયા પાસે બેઠેલા ઉપર લુંટારાઓની નજર પડે એ પહેલાં જ મોટી હાથબત્તીના આંખ ઉપર પડેલા શેરડાની સાથે જ....

"ખબરદાર ત્યાં જ ઊભા રહેજો. આ બે જોટાળી સગી નહીં થાય. તું જે હોય તે, સિંહની બોડમાં આવવાની ભૂલ કરી છે તેં ભાઈ. કોણ છો તું?"

ત્યાં તો બીજી હાથબત્તીનો શેરડાએ બીજા સાથીદાર લુંટારાની આંખોને આંજી નાખી.

છ ફૂટ ઊંચા, મજબૂત બાંધાના, કાળી બુકાની બાંધેલા હાથમાં લોખંડનો કોશિયો (મોટી લાંબી કોશ) અને બીજા હાથમાં પોતાની ઊંચાઈ જેવડો ભાલો પકડેલા મુખ્ય માણસની સાથે જ બીજો એક બેઠી દડીનો માણસ હાથમાં મોટી હાથ બત્તી અને બીજા હાથમાં દોરડું અને ઉઘાડી તલવાર સાથે દેખાયા. પરંતુ બબ્બે બત્તીના શેરડાથી અંજાઈ ગયેલા અને સત્તાવાહી અવાજથી, તે પણ એક સ્ત્રી અવાજથી પડકારાયેલા બંને જણ શું કરવું તે વિચારતા હતા. પણ કાંઈ દેખાય તો શું કરવું એ સૂઝે. એ પહેલાં જ ફરીવાર સત્તાવાહી અવાજ સંભળાયો.

"ખબરદાર, આ બે જોટાળી દેખાય છે બત્તીના પ્રકાશમાં? સેફ્ટી કેચ ખોલી રાખેલ છે. માટે કોઈ ચાલાકી કરવાનું વિચારતો નહીં. હથિયાર નીચે નાખી દ્યો અને બીજા કોઈ સાગરીતો સાથે હોય તો ચેતવીને હથિયાર મૂકાવી દ્યો. ફરીવાર કહું છું, આ સગી નહીં થાય અને રૂપકુંવરનું નિશાન ખાલી નહીં જાય, સમજ્યો? ફૂંકી મારીશ..."

હજી તો અવઢવમાં ઊભેલા મુખ્ય લૂંટારાએ કોશિયો નીચે નાખ્યો અને જેવો એનો નીચે પડવાનો અવાજ કે રણકાર સૌએ સાંભળ્યો ત્યાં તો....

....ઓહ... ભાલો પકડેલા જમણા હાથ ઉપર બંદૂકની ગોળીની જેમ છૂટેલા ગોળાકાર, વજનદાર પાણાએ કોણીના હાડકામાં જાણે ખાડો પાડી દીધો અને ભાલો હાથમાંથી છૂટી ગયો. ઓસરીના વચ્ચેના ઓરડાના બારણામાં ૧૦-૧૨ વરસનો દીકરો, ગીલોલમાં બીજો પાણો મૂકીને ગીલોલ તાકીને, લાલટેનના આછા અજવાળામાં ઊભેલો દેખાયો...

"શાબ્બાશ, બેટા વિક્રમ. દીકરા, હવે બીજીવાર ગીલોલ હું કહું તો જ વાપરજે." કહીને દાદીમા રૂપકુંવરે પૌત્ર વિક્રમને અટકાવ્યો.

છ ફૂટ ઊંચા સરદાર લૂંટારાને, ખોટી જગ્યાએ લૂંટવા આવ્યાની ભૂલ સમજાઈ ગઈ. ગીલોલનો ઘા એવો તો જોરદાર વાગેલો, કે હાથ ઊંચો કરવા જતાં દુ:ખાવાથી ફરીવાર "ઓહ..." બોલીને ચીસ નીકળી ગઈ. જમાનાના અનુભવી સરદરને આ છોકરાની ગીલોલ જો આવી હોય, તો બે જોટાળીનું નિશાન જીવ લે એવી ખાતરી થતાં જ "મૂકી દે હથિયાર અને બત્તી" સાગરીતને કહીને ઊભો રહી ગયો.

"ભાઈ કોણ છો તું? આટલો ઊંચો, પડછંદ તો એક સૂઈ ગામનો ચતુર પગી લૂંટારો - દાણચોર છે તે સાંભળ્યું - જાણ્યું છે. કહેવાય છે કે એની ઘરવાળી ગુલાબ પણ પાંચ હાથ પૂરી, ઊંચી, મજબૂત છે એવી લોકવાયકા છે. જે હો તે, પણ બોલ લૂંટફાટ મૂકી મહેનતની જિંદગી જીવવાની તૈયારી હોય તો માફ કરી દઈશ અને કામ પણ આપીશ. બોલ છે તૈયારી?"

"હા બા, હું જ ચતુર પગી. મારી મોટી ભૂલ થઈ ગઈ કે હું તમારૂં ઘર લૂંટવા આવ્યો. દોલુભા બાપુ કંટ્રાટી ડેમના ચૂકવણા માટે પૈસા લાવે છે એ મને ખબર પડી એટલે મેં પાણીનું ટેન્કર અટકાવીને મોડું કરાવી મજૂરોમાં હોબાળો કરાવ્યો અને તમારૂં ઘર લૂંટવાનું સાહસ કર્યું. ચોરી - લૂંટફાટ રણ વિંધીને પાકિસ્તાનથી દાણચોરી, સતત મોતની બીક, પકડાઈ જવાની બીક, હું તો ઠીક પણ હવે ઘરવાળા પણ થાક્યા અને કંટાળ્યા છે. પણ શું કરીએ? બીજી કોઈ આવડત નથી. મહેનત કરીને રોટલો ખાવો છે પણ કેમ કરીને મહેનત કરાય એ આવડત નથી. કોઈ ભરોસો મૂકવા તૈયાર નથી. અમને માફ કરો અને જો કામ અપાવો તો તમે કહો તેમ કરવા તૈયાર છું બા!" આટલું કહી ચતુર પગી બે હાથ જોડી ઊભો રહ્યો. દીકરાના પત્ની હેમકુંવરે ફાનસની સગ વધારી હોવાથી સૌએ ચતુર પગીના આંખમાંથી પશ્ચાતાપના બે આંસુ, ગાલ ઉપર રેલાતા જોયા.

"જા ભાઈ, તને માફ કરી દીધો. આજથી તું અને તારી ટોળી જો સુધરી જાઓ અને ખોટા કામ મૂકી, મહેનતનો રોટલો રળવા રાજી હોવ, તો તને હું મારો માનેલો ભાઈ બનાવી અને મારા ઘરવાળા ઠાકોરને કહીને પેટા કોન્ટ્રાક્ટનું કામ પણ અપાવીશ. પણ ઊભો રહે, પહેલાં તારા સાગરીતો જે હોય કે જેટલા હોય તેના

બધા જ હથિયાર અહીં મૂકાવો અને તમે શું લઈને આવ્યા છો ઊંટ કે ઘોડા? તારા સાગરીતને મોકલી તારી ઘરવાળી ગુલાબને તાત્કાલિક અહીં તેડાવી લે. તારી હાજરીમાં એ ખાતરી આપે કે હવે બધા ખોટા કામ બંધ અને નહિંતર, તારી સાથેનો સંબંધ પણ પૂરો — એ છે મારી શરત, સમજ્યો ભાઈ?'' કહીને રૂપકુંવરે, દીકરાના પત્નીને, હળદર મીઠાનો લેપ બનાવી લાવવા કહ્યું.

''હવે તમે અમારા મહેમાન છો. કોઈને જાણ સુધ્ધાં નહીં થાય કે તમે અહીં ચોરી કરવા કે ધાડ પાડવા આવ્યા છો. ઠાકોર બાપુ પાસે ડેમના કામમાં, કામ લેવા આવ્યા છો, એ જ વાત કરવાની.''

મારતી સાંઢણીએ, એક સાગરીતને મોકલીને ચતુર પગીએ, સૂઈ ગામથી ઘરવાળી ગુલાબને તેડાવી રૂપકુંવર બા પાસે હાજરકરી.

''બા, તમે તો અમને જીવતદાન દીધું. મારી આવનારી પેઢીનું નસીબ સુધારી દીધું બા. તમે તો અમારા માટે સાક્ષાત જોગમાયા - દેવી છો બા.'' કહીને ચતુર પગીની ઘરવાળી ગુલાબ, રૂપકુંવર બા ના પગમાં પડી ગઈ.

''જો ગુલાબ, તારા ઘરવાળાને મેં ભાઈ બનાવી જીવતદાન દીધું છે. પણ મહેનતનો રોટલો રળવો બહુ આકરો છે. તેના સાગરીતો કે ટોળીના બીજા જણ, લૂંટનો, હરામનો માલ ખાવા ટેવાયેલા છે. જતે દા'ડે, તારા ધણીને પાછા લૂંટ - ચોરી કે દાણચોરીના કામ કરવા, ફરીવાર ચડાવશે. મને વચન આપ કે આવું કાંઈ થાય તો બધું છોડીને મારા ઘરે આવતી રહીશ. જિંદગી આખી હું તને રાખીશ અને તારા ધણીને એની ટોળી સામે આપણે બંને સાથે સામા પડશું. બોલ છે મંજૂર?''

''મને બધું જ મંજૂર છે, બા. હું વચન અને ખાતરી આપું છું કે એવું કાંઈ નહીં થાય. છતાં સહેજ પણ કાંઈ થશે તો તમારી ઓથે આવતી રહીશ, બસ.''

પછી તો રૂપકુંવરના કહેવાથી, બાપુ દોલુભાએ ચતુર પગીની ટોળીને પેટા કોન્ટ્રાક્ટના કામમાં જોડી દઈને, એક પછી એક ડેમના કામ કરાવી કચ્છ વાગડના બેલા, જાટવાડા, પલાસવાં, આડેસર, ફતેહગઢ અને છેક બનાસકાંઠાની અને કચ્છની સરહદે ઘણા ડેમ બનાવ્યા. હજારોને રોજી-રોટી આપી, ઉપરા ઉપરી પડેલા ઘણા દુકાળમાંથી વાગડની પ્રજાને ઉગારી.

એ પછી બનાસકાંઠામાં નવા ડેમનું જે કામ રાખ્યું તે કામ પોતાના ઠકરાણાની ઠકરાઈથી (મોટાઈથી) પેટા કોન્ટ્રાક્ટરમાંથી મુખ્ય કોન્ટ્રાક્ટર બનાવી ચતુર પગીને સોંપી નિવૃત્તિ લીધી.

આજે પણ બનાસકાંઠામાં ચતુર પગીએ બનાવેલા ડેમને લોકો ''રૂપ ડેમ'' તરીકે ઓળખે છે અને રૂપકુંવર બાની મોટાઈને યાદ કરી ભાઈ-બહેનની વાતો પેઢી દર પેઢીને સંભળાવતા રહે છે.

*૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ,*
*પ્રોફેસર્સ કોલોની સામે, 'ચાઈલ્ડ કેર' પાછળ,*
*વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૯. મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

## રાજકારણીઓના પરિવારજનોમાંથી શહીદ કેટલા થયા?

**આપણા દેશમાં વારંવાર પ્રાકૃતિક દુર્ઘટનાઓ બનતી રહે છે. એમાં ઘણા લોકોના મૃત્યુ થતા રહે છે. થોડા મહિના પહેલાં તામિલનાડુમાં ચેન્નાઈ તથા અન્ય વિસ્તારોમાં ભારે મેઘતાંડવ થયું હતું અને સરકારી જાહેરાત મુજબ ૫૦૦ કરતાં વધારે લોકો મૃત્યુ પામ્યા હતા. ઉત્તરાખંડની હોનારતના સમાચાર પણ બહુ જૂના નથી. પાકિસ્તાન અને ચીન દ્વારા થતા રહેતા ગોળીબાર અને નાના મોટાં છમકલામાં આપણા હજારો જવાનો શહીદ થઈ ચૂક્યા છે.**

**આ બધાને કારણે મને એક વિચાર આવે છે કે આટલા બધા લોકો અને જવાનો મૃત્યુ પામે છે તેમાં આપણા દેશનો એક પણ ગવર્નર, પ્રધાન, સંસદસભ્ય, ધારાસભ્ય, નગરસેવક મર્યો છે ખરો?**

**એકપણ ધ.ધૂ.પ.પૂ. કે એકપણ શ્રી શ્રી ૧૦૦૮ કે તેના ચેલા મર્યા છે ખરા?**

**નથી મર્યાને? તો પછી અફસોસ શાને? માણસો તો મરે. માણસો તો છે જ મરવા માટે. એમાં સરકારના કેટલા ટકા?**

**જીતેલા કે હારેલા એક પણ રાજકારણીનો કોઈ દીકરો, ભત્રીજો, ભાણેજ કે જમાઈ આર્મિમાં છે? નૅવીમાં છે? ઍરફોર્સમાં છે? દુશ્મનો સામે કોઈ લડ્યો છે? શહીદ થયો છે?**

**નથી ને? તો પછી જવાનો મરે એનું દુ:ખ શા માટે? જવાનો છે શાના માટે? મરવા માટે તો છે...**

**આજે પણ પાકિસ્તાનની જેલમાં આપણા સેંકડો (અથવા વધારે) જવાનો સબડી રહ્યા છે.**

**પણ એ સૌ જવાનોમાં કોઈ પ્રધાનશ્રીનો સગોવહાલો છે? નથી ને? તો પછી અફસોસ શાને? અને અન્ય જવાનો મરે કે કેદ પકડાય એમાં સરકારશ્રીના કેટલા ટકા? એ બધા જવાનો તો મરવા માટે જ તો હોય છે!!!**

**પણ હા, કોઈ VVIP, દુશ્મનો સામે લડતા મર્યો હોય તો તંત્રીશ્રીને ખાસ વિનંતી કે અમને જરા જાણ કરે...!!**

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

રંગતરંગ

# ક્યા ભાભીજી ઘરપે હૈ?!

• ચિત્રસેન આર. શાહ, નિવૃત્ત કાર્યપાલક ઇજનેર (જી.ઈ.બી.) •

આગલા દિવસે ૪૮ ડિગ્રી સેલ્સિયસના તાપમાનમાં પાપડની જેમ શેકાયા પછી જ્યારે આ લેખ લખાય છે ત્યારે તાપમાન ત્રણેક ડિગ્રી 'ગગડ્યો' હોવાને કારણે 'માનસિક ઠંડક' અનુભવાય છે! ૪૫ ડિગ્રીવાળા તાપમાનમાં પણ જાણે એ.સી.માં બેઠા હોઈએ તેવું લાગે છે! તેની ખુશીમાં વાંચકોને આ લખનારના 'ઉષ્મા ભર્યા(!)' નમસ્કાર!

આ 'ઉષ્મા' શબ્દને કારણે વાંચકોને તો કદાચ 'દાઝ્યા ઉપર ડામ' જેવું પણ લાગશે કારણકે 'ઉષ્મા' શબ્દથી પણ દાઝી જવાય તેવી પરિસ્થિતિ મે - જૂન માં હોય! આવી પરિસ્થિતિમાં 'વૉટસ ઍપ' પર એવા બ્યુટીફુલ મેસેજ ફરતા થયા છે કે જે વાંચીને ગરમીમાં પણ થોડી રાહત થાય!

વાંચો એક એવો મેસેજ –

**'અમારો પુત્ર સૂર્યનારાયણ અમારા કહ્યામાં નથી! ચોવીસે કલાક તેના મગજનો પારો સાતમા આસમાને હોય છે!** તેથી કોઈએ ખુલ્લા શરીરે કે 'ટોપ લેસ' થઈને ફરવું નહીં! આવા સંજોગોમાં 'બર્નોલ' હાથવગો રાખવો!'

પરંતુ તેમ છતાં સૂર્યપુત્ર - કુંતીપુત્ર - દાનેશ્વરી કર્ણને અનુસરવાની અમારી વણમાગી સલાહ છે!

કચ્છી નૂતન વર્ષ - સત્કાર સમારંભ (તા. ૯-૭-૨૦૧૬) માટેની કચ્છી સમાજની વિવિધ ડોનેશન યોજનાઓમાંથી આપને અનુકૂળ હોય તેવી યોજનામાં ભાગ લઇ આપ પણ 'કર્ણ'નો ખિતાબ જીતી શકશો!

આટલી લાંબી પ્રસ્તાવના પછી 'એન્ટરટેઈનમેન્ટ'ની દુનિયાની કેટલીક વાતો લખી હળવાશ અનુભવાય તે માટેનો આ નમ્ર પ્રયાસ છે! (જેમાં હાસ્ય નથી પણ હળવાશ છે!)

પ્રથમ કરીએ એક સુંદર ગુજરાતી સસ્પેન્સ થ્રીલર ડ્રામાની વાત.

મિલિટ્રી બેકગ્રાઉન્ડ, ૪૫ કલાકારો અભિનિત અને સત્ય ઘટના આધારીત ડ્રામાનું નામ છે – 'કોડ મંત્ર.'

સૈન્યનો સર્વોત્તમ ખિતાબ 'પરમવીર ચક્ર' જેમને ૧૫મી ઓગસ્ટે એનાયત થવાનું હતું તેવા એક કર્નલનું તે પહેલાં જ...

..... હવે વધારે એક શબ્દ પણ લખીશ તો 'સસ્પેન્સ'નું ખૂન થઈ જશે! તેથી અહીં જ બ્રેક લઈએ! ડ્રામાના સેટીંગ્સ, મ્યુઝિક અને કલાકારોની અદ્‌ભુત ડાયલોગ ડિલીવરી સાથેનો અવિસ્મરણિય અભિનય પ્રેક્ષકોને જકડી રાખે છે! માત્ર એક ટકો જીતવાની આશા સાથેનો કેસ લઈને ડિફેન્સ લૉયર શગુન ઓઝા કેસ જીતી જાય છે! આ ડ્રામા અંગે એવું કહી શકાય કે – 'આરંભ ચૂકશો નહીં, ને અંત કોઈને કહેશો નહીં!'

આટલી વાત સુંદર ડ્રામા જોવાના શોખીનો માટે પૂરતી છે!

હવે વાત એક ટી.વી. સીરીયલની! 'ક્યા ભાભીજી ઘર પે હૈં?!'

**વાયબ્રન્ટ હાસ્ય!**

અમે અમારા ભાભીના આવવાની રાહ જોતાં ડ્રોઈંગરૂમમાં બેઠા હતા ત્યારે કોઈએ ટી.વી. ચાલુ કર્યું તો 'ભાભીજી' ટી.વી.માં દેખાયા!

તે સમયે કોઈ ચેનલ પર 'ક્યા ભાભીજી ઘર પે હૈં?!' સીરીયલ ચાલતી હતી! તેનો એપિસોડ અનાયાસે જોવાઈ ગયો!

આમને સામને રહેતા બે યંગ કપલની સુરૂચિનો જરા પણ ભંગ થાય નહીં તેવી લાઈટ રોમેન્ટીક કોમેડી સીરીયલ છે. એક કપલમાંની પત્ની એટલે સામે રહેતા કપલના પતિની 'અંગૂરી ભાભી!' આ અંગૂરીભાભી બનતી અભિનેત્રીનો અભિનય તો સુંદર છે જ પરંતુ તેના 'મેઈક અપ મેન'ની મેઈક-અપ કલાથી પણ પ્રભાવિત થઈ જવાય તેટલો સરસ મેઈક-અપ છે. સામાન્ય રીતે કલાકારનો અભિનય અને દિગ્દર્શકનું દિગ્દર્શન પ્રેક્ષકો ઉપર અસર કરી જતાં હોય છે જ્યારે મેઈક અપ મેનની કલા 'બેક ગ્રાઉન્ડ'માં જ રહી જાય છે! (મ્યુઝિકની બાબતમાં ઉલટું છે - તેમાં પ્લેબેક સિંગર પ્રેક્ષકો પર છવાઈ જાય છે!) ખરેખર તો મેઈક-અપ મેનને પણ તેની આગવી સુઝ માટે ક્રેડિટ આપવી જોઈએ. એ લોકો ધારે તો જોકરને હીરો કે હીરોને 'જોકર' બનાવી દે છે! 'મેરા નામ જોકર'માં રાજ કપૂરનો 'જોકર' તરીકેનો ગેટઅપ કેવો અફલાતુન હોય છે! એવા જ એક સુંદર કલાકાર અમદાવાદમાં રહે છે અને જે 'જુનિયર રાજકપૂર' તરીકે પ્રખ્યાત છે! કારણકે મેઈક-અપ



જોકરના લિબાશમાં પ્રભાકર નાયક

કર્યા પછી તે બિલકુલ 'મેરા નામ જોકર'વાળા જોકર રાજકપૂર જેવા જ દેખાય છે! નામ છે તેમનું - પ્રભાકર નાયક. મળવા જેવા માણસ છે.

મૂળ વાત હતી – 'ક્યા ભાભીજી ઘર પે હૈં?!' સીરીયલની. જેમને આ ટેન્શનભરી જિંદગીમાં હળવાશ અનુભવવી હોય તેમણે આ સીરીયલ જોવા જેવી છે. બાકી તો જે લોકો 'સાસુ-વહુ', 'નણંદ-ભોજાઈ', 'દેરાણી - જેઠાણી' જેવી સીરીયલો જોવા ટેવાયેલા હોય તેમને કદાચ ન પણ ગમે!

તેમાં પણ ઘણા લોકો તો 'સાસુ-વહુ'વાળી સીરીયલ બબ્બે વખત જોતાં હોય છે! એક પત્રકારે એક મહિલાને આવી સીરીયલ બબ્બે વાર જોવા અંગે પ્રશ્ન પૂછ્યો તો તેને જવાબ મળ્યો – 'એ તો ત્રણવાર આવે તો ૩ વાર પણ જોઈએ!' તે પત્રકારે આ પ્રકારનો સવાલ ભવિષ્યમાં બીજી કોઈ પણ મહિલાને ન પૂછવાની 'પત્રકાર પ્રતિજ્ઞા' લીધી!

'સાસુ-વહુ'નો વિષય જ એવો છે કે ન સાસુને સંતોષ થાય કે ન વહુને! ને વળી આ આજનું નથી! સૈકાઓથી ચાલ્યું આવે છે! 'સરસ્વતીચંદ્ર'ના મહાન લેખક શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીના માતુશ્રી શિવકાશી અને તેમની પત્ની હરિલક્ષ્મી વચ્ચે પણ એવા જ 'સાસુ-વહુ' છાપ કંકાશભર્યા સંબંધો હતા! આમ તો 'ઈંદીરા ગાંધી - મેનકા ગાંધી'થી માંડી 'જયા બચ્ચન - ઐશ્વર્યા બચ્ચન' સહિતનો ફલક વિશાળ છે!

મૂળ વાત હતી 'ક્યા ભાભીજી ઘર પે હૈં?!' સીરીયલવાળા 'ભાભીજીની!' તો હવે આ લેખનો અંત પણ 'ભાભીજી'થી જ લાવીએ! પરંતુ બીજા 'ભાભીજી'થી!

અમારી પરિકલ્પના પ્રમાણે હાલના સંજોગોમાં 'કિંગ ફિશર'વાળા લીકર કિંગ વિજય માલ્યાના 'બૂરે દિન' ચાલી રહ્યા છે! ત્યારે તેને ભગવાનને બદલે પોતાની કેટેગરીના જ પરંતુ અંધારી આલમના ડોન યાદ આવ્યા! હિંદીમાં એક 'મુહાવરો' છે કે 'ચોર ચોર મૌશેરે ભાઈ!' એ રીતે તેને થયું કે 'મૌશેરે ભાઈ' જરૂર મદદ કરશે! અને 'ભાઈ' નહીં તો છેવટે 'ભાભી'ને તો જરૂર આ 'દેવર' પર દયા આવશે! એમ વિચારી તેણે તો 'ડોન'ને ઘેર પહોંચી ડૉરબેલ વગાડતાં બૂમ પાડી - 'ક્યા ભાભીજી ઘર પે હૈં?!'

તો અંદરથી 'ભાભીજી'નો સત્તાવાહી ખંડણી માંગતો અવાજ સંભળાયો કે – (એ તો 'ભાભીજી' પણ 'ભાઈ' જેવા જ હોય ને!)

'ચાલો, બેંકોના ડૂબાડેલા ૯૦૦૦ કરોડ રૂપિયા નિકાલો! વરના 'ભાઈ'કો બુલાતી હૂં!'

બાકી ભાભીજી તો ઘરમાં જ હોય ને! ક્યાં જાય?!

*'વ્હાઇટ હાઉસ', પ્લોટ ૩૧૪/એ,*
*રાજશ્રી સિનેમા રોડ, સેક્ટર-૨૦, ગાંધીનગર.*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨,*
*મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧*

## દેશના વિકાસના પાયામાં જનતાનું આરોગ્ય

**(અનુસંધાન : પાના નં.-૬૮ ઉપરથી ચાલુ)**

આરોગ્યને ઘણી હાનિ પહોંચાડી છે. ભારે કમોસમી વરસાદ, ભયાનક પૂર, વાવાઝોડું, ભીષણ ભૂકંપ, ઉચ્ચ તાપમાન, ડેંગ્યુ જેવા ખતરનાક રોગો પ્રેરતા ઉપદ્રવી મચ્છરો – આ બધા જ પરિબળોને કારણે અનેકોની જિંદગી છીનવાઈ છે. આવા કુદરતી પ્રકોપ ડામવા સહેલા નથી.

- **આદિવાસી વિસ્તારોમાં આરોગ્ય સુરક્ષા :**

આદિવાસી વિસ્તારોમાં તેમની રહેણીકરણી કે જીવનશૈલીને કારણે બીમારીઓનું પ્રમાણ ઘણું જોવા મળે છે. અપૂરતું પોષણ, અસ્વચ્છતા, ગંદકી અને ગંદા વિસ્તારો, અલ્પ શિક્ષણ, જૂનવાણી રીતરીવાજો, તમાકુ, દારૂ, ગાંજા જેવા માદક પીણા જવાબદાર છે.

ઈ.સ. ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ ભારતની કુલ વસતિમાં અનુસૂચિત જાતિ, જનજાતિનું પ્રમાણ ૮.૬% છે. એટલે કે એક અબજ ભારતીયોમાં આશરે ૧૦ કરોડ લોકો અનુસૂચિત જનજાતિના છે. ભારત સરકારના કુટુંબ કલ્યાણ અને આરોગ્ય મંત્રાલયે આદિવાસીઓના ઉત્કર્ષ માટે હેલ્થકેરની યોજનાઓ અમલી બનાવી છે. આમ દેશના સર્વાંગી વિકાસ માટે દેશની પ્રજા અવશ્ય સ્વાસ્થ્યપ્રદ હોવી જોઈએ.

*૬-એ, સ્વામિનારાયણ વિદ્યાલય રોડ,*
*લીમડા લાઈન, સંસ્કારનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

લઘુ કથા

# ધમ્મા! મોજ કર!!

• નવીન ત્રિપાઠી 'અલ્પ' •

પોરબંદરથી ભુજ જતી બસ રાજકોટ થોભી. ધક્કામુક્કી છતાં નવીનને જગ્યા મળી ગઈ.

બસ ઉપડતાં કંડક્ટરે કહ્યું, 'ટિકિટ!' 'એક ભુજ,' કહીને ખિસ્સામાંથી પાકીટ કાઢવા નવીન ઊભો થયો... પાકિટ ગૂમ!

કંડક્ટરે કહ્યું, 'ચિંતા ન કરો! આ બસનું રોકાણ ભુજમાં એક કલાક છે. ત્યાં પૈસા આપી દેજો અને હા, રસ્તામાં ચા-નાસ્તો આપણે સાથે જ કરીશું. લ્યો આ ટિકિટ, મોજ કરો!'

નવીનને આશ્ચર્ય થયું. 'મોજ કરો' શબ્દપ્રયોગ મિત્રો સાથે તે અવારનવાર કરતો અને આ કંડક્ટર પણ બીજા મુસાફરો સાથે વારંવાર મોજ કરો! કહી આનંદનું આદાનપ્રદાન કરતા હતા.

રસ્તે ઉપહાર ગૃહ આવતાં કંડક્ટરે તેને આગ્રહપૂર્વક ચા-નાસ્તો કરાવ્યો.

નવીને વાતવાતમાં 'મોજ કરો' શબ્દનું રહસ્ય જાણવા પ્રયત્ન કરતાં કંડક્ટરે કહ્યું, સાહેબ... વાત જાણે એમ છે કે હું જ્યારે હાઈસ્કૂલમાં ભણતો હતો ત્યારે મારી મા બીમાર હોવાથી પરીક્ષા ફીની રકમ સારવારમાં વપરાઈ ગઈ ને પરીક્ષાની ફી છેલ્લી તારીખ સુધી પણ ભરી ન શક્યો ત્યારે મારા વર્ગશિક્ષિકા બહેને કહ્યું, તારી ફી હું ભરી આપું છું. ધમ્મા! મોજ કર!!

નવીને ધમ્માભાઈને કહ્યું, તે બહેનનું નામ યાદ છે?

તેણે કહ્યું, નામ... નામ... કંઈક યાદ આવે છે... લખમીબહેન, લછમીબહેન, ના.... ના... લક્ષ્મીબહેન, અરે યાદ આવ્યું... રશ્મિબહેન!

ભુજ આવતાં નવીન ઘેર આવ્યો. પત્ની રશ્મિ પાસેથી પૈસા લઈ ઉતાવળે બસ સ્ટેશને આવ્યો. જાણવા મળ્યું કે તે કંડક્ટરને બીજા રૂટમાં ફરજ પર મૂકવામાં આવ્યા છે.

પછી તો નવીને વારંવાર તેની તપાસ કરી પણ ધમ્માભાઈની બદલી અન્ય જિલ્લામાં થઈ હોવાનું જાણવા મળ્યું.

પરીક્ષા ફી ની રકમ નવીન સુધી પહોંચાડી ઋણમુક્ત થવું એ પણ શું યોગાનુયોગ હશે? આજે તો એ દયાળુ ધમ્માભાઈનાં કોઈ સમાચાર નથી ને માયાળુ રશ્મિ પણ હવે સ્મૃતિ બની ગઈ છે. ધમ્માભાઈને ટિકિટની આપવાની રકમ નવીને હજી પણ પાકિટમાં સાચવી રાખી છે!

વયસ્ક મિત્રોની મંડળીમાં કોઈ આનંદ કરતી વ્યક્તિને વારંવાર મોજ કરો... મોજ કરો...!નો શબ્દ પ્રયોગ કરતાં નવીન સાંભળે છે ત્યારે તેના ખભા પર હાથ મૂકીને સહેજે તેને પૂછી લેવાનું મન થાય છે કે, શું તમારું નામ ધમ્માભાઈ છે??

*ડી/૫, અરિહંત નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૭ ૬૫૬૬૨*

---

## હવે ખટપટ પણ સૂક્ષ્મ....

(અનુસંધાન : પાના નં.-૫૧ ઉપરથી ચાલુ)

વીડિયો ટેકનોલોજીની કમાલ છે. પણ એ વીડિયોની કમાલનો ઉપયોગ જલગાંવના થોડા ભેજાબાજોએ નિર્દોષ યુવતીઓને ફસાવવામાં કર્યો.

અંદરથી અસ્વસ્થ માણસ દ્વેષ, ઈર્ષા, ખટપટ, વહેમ અને શંકાના જ્વરથી પીડાતો રહેતો હોય છે. આવા તાવને રોકવાની કોઈ એન્ટી બાયોટિક દવા મેડિકલ સ્ટોરમાં મળતી નથી. એને માટે તો મનના આ કૃત્રિમ આવેગો અને વિકૃતિઓ ઉપર વિજય જ મેળવવો પડે. પ્રજામાં જ્યાં આ વિકૃતિઓ મોટેપાયે ખદબદતી હોય ત્યાં પ્રજાના પ્રતિનિધિઓ એમાંથી કઈ રીતે બચે? પરિણામે આપણી વિધાનસભાઓ અને સંસદ પણ બુમબરાડા, સામસામા આક્ષેપો, શંકાઓ અને ક્યારેક છૂટા હાથની મારામારીથી ખરડાતી રહે છે.

જીવન એ માત્ર પ્રપંચ, ખટપટ અને કાવાદાવાનું નામ નથી. એની જગ્યાએ ખેલદિલી, નિખાલસતા અને પારદર્શિતા અપનાવવા જેવા ગુણો છે. ઈતિહાસ સાક્ષી પૂરે છે કે કપટ કુશળ લોકોથી માનવજાતનો ઉધ્ધાર નથી થયો. બીજાની લીટી ટૂંકી કરનાર નહીં પણ પોતાની લીટી લાંબી કરનાર માણસ આગળ આવે છે. અને ફલાણી વસ્તુ કેમ ન મળી, એના કરતા પેલાને ફલાણી ચીજ કેમ મળી ગઈ એની ચિંતામાં બળતા રહેતા લોકો એ આગમાં જ હોમાઈ જાય છે. આ ખેલદિલીનો ગુણ આપણને દેવગૌડા કે રાજનારાયણ પાસેથી નહીં મળે. એ આપણે જાતે જ વિકસાવવો પડશે.

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૮૮૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૪૩૨૪, ૨૫૭૫૩૨૭*

લઘુ કથા

# ધનદાતા

• જયંતિ ધોકાઈ •

'શેઠ, અન્નદાતાનું નામ તો સાંભળ્યું છે, પરંતુ... આપશ્રી ધનદાતા તરીકે બહુ વિખ્યાત છો. એનું શું કારણ?'

'બહુ સ્પષ્ટ છે, હું સૌને – આઈ મીન – જરૂરતમંદોને જોઈએ એટલું ધન આપતો રહ્યો છું તેથી...'

'વાહ વાહ! ખૂબ સરસ. આવી આપની અનેરી સેવાની નોંધ લેવાવી જોઈએ...'

'નોંધ લેવાય છે એ જ તો મુશ્કેલી છે ને?'

'અર્થાત્?'

'આ જુઓને, કંઈ કેટલેય ઠેકાણેથી પ્રશ્નોના મારા – પૂછાણો – ખુલાસાઓ – ધમકીઓ – ચીમકીઓ મારી પાસે આવતાં જ રહે છે કે...'

'કે...?'

'આપશ્રી પાસે આટલું બધું ધન આવે છે ક્યાંથી એ કહો... આવકનો મુખ્ય સ્રોત (સોર્સ ઑફ ઇન્કમ) શો છે?'

'હા, પણ એ આવકનો મુખ્ય સ્રોત પણ આપની પાસે સ્પષ્ટ હશે જ ને?'

'ઓહ યસ...! જે કોઈ ધન મારા પાસેથી લઈ જાય છે તે તેમાં કંઈક ઉમેરીને પાછું મને આપી જાય છે, ને... એમાં ખોટુંય શું છે?'

'અં...અં... ઉમેરીને? એટલે કે... એટલે કે...?'

'બહુ સ્પષ્ટ છે, વ્યાજના રૂપે... અથવા એમ કહો કે... મેં આપેલા ધનના ઢગલા વડે તે વ્યક્તિ માલામાલ થાય છે, તેનું કામ થઈ જાય છે તેના વળતર રૂપે...'

'હં... પણ એમ કરવાથી આપના પર કોઈ કાયદાકીય આંટીઘૂંટી - આઈ મીન - ઈન્કમટેક્ષ, વેલ્થટેક્ષ વગેરે વગેરે ખાતાના અધિકારીઓ કે 'ભાઈલોગ'ના માણસો...?'

'હા... હા... એવું જ થાય છે પરંતુ એ સૌને પણ પેટ હોય ને! ને એના પેટ એવા જબરા હોય છે કે... માત્ર અન્નથી તે ભરાતા નથી, ધનથી જ ભરાય છે! આઈ મીન, એ લોકોનો અન્નદાતા પણ હું જ બનું છું!'

'અચ્છા...? ...તો પછી આપનો અન્નદાતા...?'

'સાવ સાદું ગણિત છે... દરિયામાં રહેતા નાના માછલાને મોટા માછલા ખાઈ જાય છે, મોટા માછલાને એનાથી મોટા, એનાથી મોટાને એથીય ભારેખમ, પેટવાળા...! ને એમ, ચક્ર અવિરત ચાલ્યા કરે છે...!

...અને ખરું કહું તો એ ગોળગોળ ચાલ્યા જ કરે છે કારણકે દુનિયા ગોળ જ છે ને! તેથી આ બધું ચક્કરવક્કર ચાલ્યા કરે છે, ચાલ્યા કરવાનું છે, તેમાં બહુ ચિંતા કરવા જેવું નથી. તેથી તમે મને આવા પ્રશ્નો પૂછીપૂછીને અકળાવો છો એ વ્યર્થ છે... કારણકે...

"પુનરપિ ધનનં, પુનરપિ અનનં,
પુનરપિ પેટે અનનં - ધનનં!"

અને એ પ્રશ્નકર્તાની અવઢવ વધી પડી –

– 'અન્નદાતા ચઢિયાતો કે ધનદાતા???!'

*જવાહર રોડ, ઓખા-૩૬૧ ૩૫૦.*
*(જિલ્લો : દ્વારકા)*

## મહાન પુરુષોના અનુભવો

**"મહાન પુરુષો આપણા માટે પોતાના અનુભવો મૂકી ગયા છે, તે બધા માર્ગદર્શક છે પરંતુ સંપૂર્ણ નથી.**

**સારો માર્ગ એ છે કે એ સૌ મહાન પુરુષોના વચનોને પણ બુદ્ધિની કસોટીએ ચડાવીએ અને જો બુદ્ધિની કસોટીમાં તેનો કસ ન ઉતરે તો તે વચનોનો ત્યાગ કરીએ."**

**– ગાંધીજી**

**(આપણે સૌ આ વાત સમજીએ તે ખૂબ જરૂરી છે. "આગે સે ચલી આતી હૈ" અથવા "બાબા વાક્યમ્ પ્રમાણમ્" એમ ન હોવું જોઇએ.**

***– શાંતિલાલ સંઘવી – અમદાવાદ)***

લઘુ કથા

# ભાર

• વિનોદ સી. દવે •

હંમેશાંની જેમ લાંબા સમયગાળા પછી રાજા આજે સાંજે પોતાના ગુરુજી સાથે નગરચર્યા માટે નીકળ્યા છે. રાજા સાંજે જ્યારે જ્યારે ફરવા - નગરચર્યા માટે નીકળતા, ત્યારે પોતાના ગુરુજીને સાથે રાખતા. તેમનું માર્ગદર્શન, સલાહ સૂચન અને કેમ સારું સુશાસન (રાજ્ય) ચલાવવું તેનો પોતે પ્રત્યક્ષ અનુભવ લેતા.

તેમજ તેના રાજ્ય વહીવટ બાબતે નગરજનો શું ચર્ચા - અભિપ્રાય આપે છે તેની ખાનગીમાં છૂપા વેશે ઘણીવાર જાત માહિતી મેળવતા અને નગરજનોના પ્રશ્નો મેળવી, તેમના ઉકેલ માટે સતત પ્રયત્ન કરતા. તેમના નગરજનો ખૂબ શાંતિ - ભાઈચારાથી રહે અને સુખી રહે તેવું તે ઇચ્છતા અને દરરોજ પ્રજાની સુખાકારી માટે પ્રયત્ન કરતા.

ગુરુજી સાથે ફરતા ફરતા... અનેક વિષયે ચર્ચા કરતા કરતા રાજા આજે નગરની બહાર આવી ગયા છે... સાંજ ઢળવા આવી ગઈ... ધીરે ધીરે સૂરજ ડૂબવાની તૈયારીમાં છે. લોકોની અવરજવર ઓછી થઈ ગઈ છે. સામે એક ડોશી ઊભી છે. તેની બાજુમાં લાકડાનો એક ભારો બાંધેલો પડ્યો છે. ડોશી આ બંનેને તેમના તરફ આવતા જોઈને જુવાન લાગતા ભાઈ (રાજા)ને સાદ કરે છે : એ... ભાઈ.... મને આ ભારો માથે ચડાવવામાં મદદ કરોને! રાજા ડોશીની વિનંતી સાંભળીને ડોશીના માથે લાકડાનો ભારો ચડાવી આપે છે. ડોશી પોતાના માથા ઉપર મૂકેલો લાકડાનો ભારો, બે હાથેથી સરખો કરતા, આ કામ બદલ યુવાનને આશીર્વાદ આપે છે. 'સુખી થાજે મારા દીકરા - ભગવાન તને સો વરસનો કરે!'

પાછળ રહેલા ગુરુજી આ બધું જોતા ચાલ્યા આવે છે. રાજાને મનમાં એમ કે જરૂર મારા આ કાર્યથી ગુરુજી ખુશ થયા હશે!

ગુરુજી પાસે આવતા જ રાજા કહે છે, આ બિચારી ડોશીને ક્યાંથી ખબર હોય કે તેનો લાકડાનો ભારો ચડાવનાર બીજું કોઈ નહીં પણ પોતાના જ નગરનો રાજા છે?

ગુરુજી હસ્યા.

રાજાએ ગુરુજીના ચહેરા સામું જોયું અને પૂછ્યું, 'કેમ?' ગુરુજી જવાબ આપતા બોલ્યા, 'રાજન, એ બિચારી ડોશીને ક્યાંથી ખબર હોય? કારણ કે રાજાનું કામ તો તેને આ ઉંમરે ડોશીને માથે ભાર ચઢાવવાને બદલે ઉતારવાનું હોય...!'

રાજા, ગુરુજીના કહેવાનો અર્થ સમજી ગયો. બીજે દિવસે તપાસ કરી નગરમાંથી ડોશીને દરબારમાં બોલાવી આજીવન રહેવા-જમવા અને આજીવિકાની મદદ કરી કાયમ માટે ડોશીનો ભાર ઉતાર્યો.

*"ગાયત્રી કૃપા",*
*પ્લોટ નં. ૧૩૨/૪, વોર્ડ નં. ૪/એ,*
*આદિપુર,કચ્છ-૩૭૦ ૨૦૫.*
*મો. ૯૯૨૪૭ ૭૨૩૪૮*

## કાયદાઓનું અમલીકરણ

**કાયદા કોઈ પણ બનાવાય પરંતુ તેનું અમલીકરણ ના થતું હોય તો તેનો કોઈ અર્થ નથી. ભારત દેશમાં અનેક સ્થળે કાયદાનું અમલીકરણ થઈ શકતું નથી. પ્રજામાંથી આવેલ અધિકારી વર્ગ કાયદાઓનું અમલીકરણ કરાવવામાં જ સક્ષમ નથી. પરિણામે અનેક ગૂંચવણો પેદા થાય છે. આપણે હતા ત્યાં ને ત્યાં રહીએ છીએ.**

***આ માટે અનેક દાખલા આપી શકાય :***

**ગુજરાતમાં દારૂબંધી.**

**ચાર રસ્તા પર રોડ ટ્રાફિકની વ્યવસ્થા.**

**જાહેર પરિવહન આપતા વાહનોનું સમયપાલન.**

**સરકારી ઑફિસોમાં હાજરીનું સમયપાલન.**

**સરકારી ઑફિસોમાં કર્તવ્યભાવનાના બદલે ફાઈલોની ફેંકાફેંકી.**

**ચારેબાજુ અનઓથોરાઈઝ્ડ બાંધકામ.**

**રસ્તાઓની બિસ્માર હાલત.**

**આ બધા જ અને આ પ્રકારના બીજા અનેક દૃષ્ટાંતો કાયદાના અમલીકરણમાં આપણી અક્ષમતા જ દર્શાવે છે.**

સંસ્કૃતિ

# ગુજરાતી ભાષા

• રાહુલ અરવિંદ સંઘવી •

ગુજરાતી આપણી માતૃભાષા છે. પણ દુ:ખની વાત એ છે કે આપણી માતૃભાષાનું જે ગૌરવ હોવું જોઈએ અને મહત્ત્વ હોવું જોઈએ, તે નથી રહ્યું. બીજા કોઈ દેશના કે કોઈ પ્રદેશના લોકોને પોતાની ભાષાનું જે માન છે, તે આપણા ગુજરાતીઓને નથી. એનું મુખ્ય કારણ દરેકના માતા-પિતા, આજુબાજુનું વાતાવરણ અને હરીફાઈ. દરેક માતા-પિતા પોતાના બાળક માટે એવું ઈચ્છતા હોય છે કે મારું સંતાન ફાંકડું અંગ્રેજી બોલે તો વટ પડી જાય. **તેમાં રાષ્ટ્રભાષા હિંદીને પણ માન નથી આપતા.** બીજી ભાષા શીખે એમાં કાંઈ જ ખોટું નથી. અત્યારની પરિસ્થિતિ પ્રમાણે પરિવર્તન જરૂરી છે. પણ આપણી ગુજરાતી ભાષા એ ભાષા જ માત્ર નથી, પણ તે આપણી લાગણી વ્યક્ત કરવાનું એક ઉચ્ચ માધ્યમ છે. અત્યારનો યુવા વર્ગ ખૂબ જ હોંશિયાર જ છે એમાં કોઈ શંકા નથી પરંતુ **માતૃભાષા વિશે દુર્લક્ષ સેવે એ બરાબર નથી.** નવી પેઢી માટે આ બાબત ઘાતક પણ નીવડી શકે છે. આજના કૉલેજના વિદ્યાર્થીઓને ગુજરાતી શબ્દનો પર્યાય પૂછીએ તો માથુ ખંજવાળી અણગમો વ્યક્ત કરશે. આ રીતે આપણું ખમીર દબાઈ જાય, એ કેટલા અંશે વાજબી ગણાય?

જાપાની, ચાઈનીઝ, રશિયન જેવા પ્રગતિશીલ દેશનાં પ્રજાજન પોતાના દેશની ભાષામાં જ વાત કરવાનો આગ્રહ રાખતા હોય છે. તેઓ બધા અંગ્રેજી ભાષા બોલતા નથી. આપણે કદાચ એવું ના કરીએ પરંતુ આપણે આપણી માતૃભાષાને સારી રીતે જાણવી જોઈએ અને માણવી જોઈએ. એટલું જ નહીં પરંતુ તે બાબતનું ગૌરવ લેવું જોઈએ. **આપણી માતૃભાષા એ આપણી સંસ્કૃતિ છે.** એનો મહાવરો નહીં રાખીએ તો સંસ્કૃતિનો નાશ થઈ જશે. સંસ્કૃતિના નાશથી સમાજનો અને દેશની સંસ્કૃતિનો નાશ થઈ શકે છે.

ગુજરાતીનો ઉપયોગ કરનાર આપણા ઘણા કવિઓ, લેખકો, સંગીતકારો, ગાયકો વગેરે અમર થઈ ગયા છે. હજુ પણ આપણી ગુજરાતી ભાષાનો વ્યાપ વધારવા આવા લોકોએ આગળ આવવું જોઈશે. ગુજરાતી પિક્ચર્સ કે નાટકોએ પણ નવી પેઢીને આકર્ષવાનું કામ કરવું જોઈશે. મૂર્ધન્ય કવિઓ અને લેખકોએ આપણને આ વિષયના જ્ઞાનની જે ભેટ આપી છે તે નિરંતર જળવાય તેવા પ્રયાસો આપણે સૌએ સદાય કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે.

*૯, વિજય એપાર્ટમેન્ટ,*
*કૃષ્ણબાગ, મણિનગર,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૮.*
*ફોન : (૦૭૯) ૨૫૪૭૦૭૭૫*

સાંપ્રત મંચ

# સાંપ્રત પ્રશ્ન

• સંકલન : હરસુખભાઈ મહેતા •

'સાંપ્રત વિચાર મંચ' અંતર્ગત ગત માસમાં આપેલ વિષય **"વેકેશનનો સદુપયોગ કઈ રીતે કરી શકાય?"** તેને સારો પ્રતિસાદ મળ્યો છે. જે 'સાંપ્રત વિચાર મંચ'ની સફળતા સૂચવે છે. આવેલા લેખો માટે વાચકવર્ગ અને તજજ્ઞોનો ખૂબ ખૂબ આભાર.

ઉપરેક્ત પૈકી શ્રેષ્ઠ લેખોની યાદી હવે પછી જાહેર કરવામાં આવશે.

હવે પછીનો સાંપ્રત પ્રશ્ન નીચે મુજબ છે....

**"મોંઘવારીથી કઈ રીતે બચી શકાય?"**

*ઉપરોક્ત વિષયે આપનો લેખ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યાલયમાં તા. ૧૫-૭-૨૦૧૬ સુધીમાં મોકલાવી આપવા અપીલ કરવામાં આવે છે.*

બાલ જગત

# કલરવ

• દિનેશ માંકડ •

## ટકોર ટાબરિયાને

આ વખતે તમારા સૌની સામે એક મીઠી ફરિયાદથી શરૂઆત કરવી છે. ખૂબ લાંબા સમયથી આપણે સૌ કલરવના માધ્યમથી મળીએ છીએ. તમારા કોઈ પ્રતિભાવ ક્યારેય મળતા નથી. તમને કલરવ વાંચીને કેવું લાગે છે? કઈ વાત ગમી, કઈ ન ગમી? તમારા પ્રતિભાવ ન મળવાના બે અર્થ થાય – તમે કલરવ વાંચતા જ નથી અને તમારા વાલી-પરિવારના સભ્યો તમને કલરવ વાંચવાની પ્રેરણા આપતા નથી. કલરવમાં શક્ય ત્યાં સુધી સૌને રસ પડે તે રીતે થોડી સામાન્ય જ્ઞાન પ્રત્યે રૂચિ કેળવાય તેવો પ્રયત્ન કરાય છે. ક્રિકેટ, ચલચિત્ર જેવી વાતોનો સમાવેશ કરાતો નથી. બીજેથી જે સહેલાઈથી વાંચવા મળી જતું હોય તેને કલરવમાં સમાવતા નથી. વળી કલરવ વાંચનારા ટાબરીયા, વાંચીને કશુંક જીવનોપયોગી મેળવે તે ઉદ્દેશ ખાસ હોય છે. અંગ્રેજી માધ્યમમાં ભણતા બાળકોનું ગુજરાતી ખૂબ કાચું હોય છે. તેમને તો જ્ઞાન સાથે ગમ્મત આપતા આ વિભાગને અવશ્ય વાંચવો જ જોઈએ. સીધો ફાયદો દેખાશે. અને માતૃભાષાની સેવા થશે, એ વધારામાં. તો પ્રતિભાવ આપીને સંપર્કમાં રહેશો તો તમારી મદદથી કલરવને વધારે રસપ્રદ બનાવી શકાશે. ને હા, પત્ર લખવાનો કંટાળો આવતો હોય તો ફોન (૯૪૨૭૯ ૬૦૯૭૯) પર પણ પ્રતિભાવ આપી શકાય છે. સો વાતની એક વાત! કલરવ તમારું છે, તમારા માટે છે. એટલે જરૂર મળતા જ રહો. તમારા વડે જ, તમને ગમતું કશુંક નવીન કરી શકાશે બરોબરને? સાચી ટકોર છે ને?

વેકેશન પૂરું થયું. બધું નવું - હવે મનમાં નવો ઉત્સાહ ભરી ગયા વર્ષે કરેલી ભૂલો આ વર્ષે ન થાય તેવા સજાગપણે પ્રયત્ન કરીએ અને નક્કી કરેલી દિશામાં આગળ વધીએ. સૌને શુભેચ્છા.

## ગૌરવ ગાથા

જ્યાં જ્યાં વસે ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત. આ પંક્તિ હંમેશાં સાચી પડતી આવી છે.

આજે વાત કરવી છે દરિયાની પેલે પાર ખાડીનાં દેશો મસ્કત - ઓમાનમાં વ્યાપાર ક્ષેત્રે ડંકો વગાડનાર કચ્છી માડુ, માંડવીના ખીમજી રામદાસ ઠાકરશી પરિવારની. આશરે ૧૪૦થી પણ વધુ વર્ષ પહેલાં કચ્છ માંડવીના રામદાસ ઠાકરશી, પોતાના પિતાની પેઢીનો વ્યાપાર વધારવા દરિયાઇ સાહસ ખેડી મસ્કતમાં પોતાની પેઢી સ્થાપી. ત્યાંના સુલતાનના સૌથી વિશ્વસનીય અને વિકસિત વેપારી તરીકે તેમણે છાપ ઊભી કરી. વ્યાપાર મોટાભાગના ક્ષેત્રોમાં એ દેશમાં ખોલવામાં તેઓ સફળ રહ્યા. વિશેષ ગૌરવની વાત એ છે કે ખીમજી રામદાસની આ પ્રતિષ્ઠિત પેઢીની તેમના પુત્ર ગોકુલદાસ ખીમજીએ અને આગળ વધીને કનકસિંહ ગોકુલદાસે એટલી જ, બલકે વિશેષ પ્રતિષ્ઠિત બનાવી છે. વર્ષે કરોડો ડોલરનો વ્યાપાર કરનાર આ પરિવારનો વતન પ્રેમ આજે પણ એટલો જ છે અને શિક્ષણ અને તબીબી ક્ષેત્રમાં તો તેમનો દાનપ્રવાહ હંમેશ અવિરત હોય જ છે. કુદરતી આફત વખતે તેઓ વતનની પડખે જ હોય. વિશેષ વાત તો એ છે કે કચ્છનો કોઈ ઓછું ભણેલ કારીગર હોય કે વિશેષ લાયકાતવાળો કચ્છી માડુ હોય, વિદેશ જવાની તૈયારી હોય તેની નોકરી આ પેઢીમાં તો પાક્કી જ સમજવાની – એવી આત્મીયતાની છાપ લોકોમાં ઊભી થઈ ગઈ છે. ધન્ય છે પાંજો કચ્છ અને કચ્છી માડુ.

## નાની વાત મોટો બોધ

જંગલના રાજા સિંહને વિચાર આવ્યો કે રાજયનો વહીવટ સારો ચાલે એટલા માટે સારો, નિષ્ઠાવાન અને પ્રામાણિક મંત્રી નિયુક્ત કરી લઉં. યોગ્ય મંત્રી કઈ રીતે શોધવો? તેણે બે ઘડી વિચાર કરીને પછી જંગલના તમામ

પશુઓનાં પ્રતિનિધિઓને બોલાવ્યા. સૌ એકઠા થયા. સિંહ બોલ્યો, 'પેરીસનાં જંગલનાં રાજાએ ખૂબ સુગંધી અત્તર મોકલ્યું છે, જે અહીં દરબારમાં છાંટવામાં આવ્યું છે.' ચપલુ સસલાથી ચૂપ ન રહેવાયું. તે બોલ્યું, 'આ હા હા કેવી સરસ સુગંધ છે!' લાંબી સુંઢથી સિસકારો લઈને હાથી બોલ્યો, 'વાહ, વાહ એવી અજબ સુગંધ છે!' ચતુર શિયાળથી ન રહેવાયું. 'મને તો દરબારમાં પ્રવેશતા પહેલા જ જોરદાર સુગંધ આવેલી.' બીજા અનેક પશુઓ પણ નાક ઊંચા કરીને સુગંધ માણતા હોય તેમ વર્તતા હતા. જાણે આખો દરબાર સુગંધમય બની ગયો હતો. પણ ઠાવકા બેઠેલા રીંછના ચહેરા પર કોઇ પ્રતિભાવ નહોતો. રાજા સિંહે પૂછ્યું, 'કેમ રીંછ, તને કોઈ સુગંધ નથી આવતી કે શું? તારૂં નાક તો બરાબર છે ને? જોયું, આ બધા પશુઓને ભરપૂર સુગંધ આવે છે ને?' રીંછ નમ્રતાથી બોલ્યું, 'મહારાજ, મારૂં નાક તો એકદમ બરોબર જ છે. મને તો બિલકુલ કોઈ પ્રકારની સુગંધ આવતી નથી. ભલે સહુ પ્રાણીઓ કહે, મને નથી આવતી એટલે નથી આવતી. હું હા તો નહિં જ કહું.' બધા પ્રાણીઓ ચોંકી ઉઠ્યા. સિંહ તેના સિંહાસન પરથી ઊભો થયો અને રીંછની નજીક આવ્યો. સહુએ ધારી જ લીધું કે રીંછને મોટી સજા થવાની. બધાની નજર સિંહ અને રીંછ પર હતી. દશ્ય જોઇ સૌ નવાઈ પામ્યા. સિંહ, રીંછને સજા કરવાને બદલે, ગળે વળગાડી ખુશ થતો હતો. તેણે જાહેરાત કરી કે, 'રીંછ આજથી રાજયના મંત્રીપદે રહેશે! મેં દરબારમાં કોઈ અત્તર છાંટ્યું જ નહોતું. તમે સૌએ મારી ખુશામત કરવા ખોટેખોટી હા ભણે રાખી. ખોટી ખુશામતથી ખોટા નિર્ણય લેવાય તે મને બિલકુલ પસંદ નથી. રીંછે ભય રાખ્યા વગર નીડરપણે જે અનુભવ થયો તે જ કહ્યો. મારે આવા જ મંત્રીની જરૂર હતી. અને મેં યોગ્ય મંત્રીની પસંદગી માટે જ આમ કર્યું હતું.' સૌ પશુઓ સમજી ગયા. આગલા પગ ઊંચા કરી સિંહનાં નિર્ણયને વધાવી લીધો.

## તન સારું તો મન સારું

ગરમીની મજા આ વખતે બરોબર લીધી કેમ? હવે મેઘરાજાની પધરામણી. દોસ્તો, વરસાદમાં પલળવાનું જ અને જરૂર ભીંજાવાનું જ. વરૂણ દેવતા રાજી રાજી થવાના. પણ ખાસ વાત – તમે ક્યાંય બહારથી ઘેર આવો ત્યારે પગ વગેરે વરસાદનાં પાણીમાં ભીંજાયા હોય, તમે તેને લૂછવાના તો છો જ. તે પહેલા ફરી એકવાર સાદા પાણીથી ધોઈને પછી જ લૂછો. બહારના રસ્તા પરના પાણીમાં અનેક જાતના રોગના જંતુઓ હોઈ શકે. નખ વગેરેમાં ભરાય તો મોટા રોગને આવતા વાર ન લાગે. વાત ખૂબ નાની અને સાદી છે પણ ખૂબ કામની છે. ભૂલ્યા વગર જરૂર કરજો.

## મગજ કસો, નહીં તો ખસો

*લાવો મૂળ રકમથી ઊંધી રકમ.*

જેના નજીક નજીકના અંકોનો સરવાળો નવ કે નવથી ઓછો હોય તેવી ગમે તેટલા અંકોવાળી રકમને ૧૧ વડે ગુણો અને તેને ઉલટાવો. આવેલ રકમને ૧૧ વડે ભાગો.

*દા.ત.* ૧૨૩૫ મૂળ ગણીએ.

તેને ૧૧ વડે ગુણતા આવ્યા ૧૩૫૮૫.

તેને ઉલટાવતા ૫૮૫૩૧.

અને તેને ૧૧ વડે ભાગતા આવ્યા ૫૩૨૧.

– આવીને મૂળ રકમથી ઉલટી રકમ.

આવા નવા કોયડા બનાવવાની ટેવ પાડો તો તમારી તાર્કિક શક્તિ જરૂર ખીલી ઉઠશે.

## હસ્યા તો ફસ્યા

જાણીતા લેખક બર્નાર્ડ શૉ અને બ્રિટનના પ્રમુખ વિન્સ્ટન ચર્ચિલ વચ્ચે અવારનવાર શાબ્દિક ઘર્ષણ ચાલ્યા કરતું. એકવાર બર્નાર્ડ શૉએ ચર્ચિલને ચિઠ્ઠી લખી : 'મારા નાટકનાં પહેલા ખેલની બે ટિકિટ મોકલું છું. તમે જરૂર આવજો. સાથે એક મિત્રને લાવજો – જો તમારે કોઈ મિત્ર હોય.' ચર્ચિલે ચાંપતો જ જવાબ મોકલ્યો. 'પહેલા ખેલમાં તો આવવું શક્ય નથી પણ બીજા ખેલમાં હાજર રહીશ – જો બીજો ખેલ થશે તો!'

## માનવ શરીરના હાડપીંજર

માનવ શરીરનું માળખું હાડપીંજરનું બનેલું છે. વિવિધ પ્રકારના હાડકાં અને સાંધાઓના ઉપયોગ આપણે દરેક શારીરિક ક્રિયામાં કરીએ છીએ. હાડકાં વિશે કેટલીક બીજી વાતો પણ જાણવા જેવી છે.

★ પુખ્ત માણસના શરીરમાં ૨૦૬ હાડકાં હોય છે.
★ માણસના હાથમાં સૌથી વધુ ૫૪ હાડકાં હોય છે. જેનાથી આપણે મોટાભાગના કામ કરીએ છીએ.
★ માણસના પગમાં ૨૬ હાડકાં હોય છે.
★ હાડપીંજરનું સૌથી નાનું અને હળવું હાડકું કાનની અંદરના ભાગમાં આવેલું છે.
★ હાડકાં, કેલ્શિયમ, ફોસ્ફરસ, સોડિયમ અને કોલાજન પ્રોટીનના બનેલા છે.
★ હાડકાંના સાંધા રેસા જેવા લિગામેન્ટથી જોડાયેલાં હોય છે.
★ દાંત હાડપીંજરનો જ એક ભાગ છે પરંતુ તેમાં કોલાજન પ્રોટીન હોતું નથી.
★ માનવ શરીરના હાડકાંનું કોલાજન સતત ઘસાતું રહે છે અને નવું ઉમેરાય છે. આમ, માનવ શરીરના હાડકાં દર સાત વર્ષે નવા બને છે.
★ માનવ શરીરના વજનનો ૧૪ ટકા ભાગ હાડકાં રોકે છે.

## હેલોજન લેમ્પ વિશે

વીજળીના બલ્બ અને ટ્યુબલાઇટ લાંબા સમય પછી ઉડી જાય છે. પ્રકાશ આપતા બલ્બમાં ધાતુના વાયરની ફિલામેન્ટ હોય છે. આ પાતળા તારનું ગૂંચળું ખૂબ જ ગરમ થતું હોય છે. બલ્બ બંધ થાય ત્યારે તે ઠંડું થાય છે. પાતળા તારની આ ફિલામેન્ટ લાંબો સમય ગરમ અને ઠંડા થવાની પ્રક્રિયાના કારણે તાર ખળીને ખરી પડે છે અને બલ્બ કામ આપતો નથી. આપણે તેને બલ્બ ઉડી ગયો તેમ કહીએ છીએ.

મોટા સમારંભમાં કે ક્રિકેટના મેદાનમાં ઝળહળતા તીવ્ર પ્રકાશ આપતા હેલોજન લેમ્પની વાત જુદી છે. હેલોજન લેમ્પમાં પણ પાતળા તારની ફિલામેન્ટ જ હોય છે પણ તેની સાથે ટ્યુબમાં હેલોજન વાયુ ભરેલો હોય છે. ટંગસ્ટન ધાતુની ફિલામેન્ટ ગરમ થઈને વરાળ બને તેની સાથે હેલોજન વાયુ પ્રક્રિયા કરી, વાયરને ઠારી પાછી ફિલામેન્ટ ઉપર મોકલી દે છે. એટલે ફિલામેન્ટ તૂટવાને બદલે સંધાઈ જાય છે. આમ હેલોજન લેમ્પની ફિલામેન્ટ કાયમ 'સજીવન' થયા કરે છે અને તે ઊડતા નથી.

## વિજ્ઞાન અને કલર

આપણી ચારેતરફની સૃષ્ટિ વિવિધ રંગોથી ભરેલી છે. દરેક સંસ્કૃતિમાં વિવિધ રંગને વિશિષ્ટ સ્થાન છે અને રંગો અંગે ઘણી માન્યતાઓ પણ પ્રચલિત છે. લાલ રંગ શુભ, તો કાળો રંગ અશુભ ગણાય છે. પૃથ્વી પર આદિકાળથી જ રંગબેરંગી વનસ્પતિ, ફૂલો, પતંગિયા અને પશુ પક્ષીઓ જોવા મળે છે. મનુષ્ય રંગબેરંગી સૃષ્ટિનો આનંદ માણી શકતો પરંતુ રંગ શું છે અને ક્યાંથી આવે છે તેની કોઈને ખબર નહોતી. રંગ વિશેની પ્રથમ માહિતી ઇ.સ. પૂર્વે ૧૫મી સદીમાં રચાયેલા શ્રુતિગ્રંથોમાં જોવા મળે છે. તે કાળમાં જ્ઞાનનો પ્રચાર માત્ર વાણીથી થતો. પ્રાચીનકાળમાં ભારતમાં રચાયેલા સાંબ પુરાણના સૂર્યાષ્ટકમાં સૂર્ય દેવતા સાત અશ્વોના રથમાં બેસી આકાશમાં વિહરતા હોય તેવું વર્ણન છે. એટલે ભારતમાં વેદકાળમાં સર્યના સાત કિરણો અંગેનું જ્ઞાન હતું.

રંગના વિજ્ઞાનની પ્રથમ જાણ યુરોપના વિજ્ઞાની રોજર બેકનને થઈ. બેકને પાણી ભરેલા કાચના ગ્લાસમાં વિવિધ રંગો જોયા. ઇ.સ. ૧૭મી સદીમાં આઇઝેક ન્યુટને ત્રિપાર્શ્વ કાચમાંથી સૂર્યના કિરણને પસાર કરી સાત રંગોમાં વિભાજન કર્યું. ન્યુટને શોધી કાઢ્યું કે સૂર્યનું સફેદ કિરણ સાત રંગના રજકણોનું બનેલું છે. વિવિધ રંગના રજકણો કાચમાંથી પસાર થાય ત્યારે જુદી જુદી ઝડપથી ગતિ કરે છે અને વિવિધ ખૂણે ફંટાય છે. આમ તેણે જાંબલી, નીલો, વાદળી, લીલો, પીળો, નારંગી અને લાલ રંગનું વર્ણપટ શોધ્યું. આ વર્ણપટને યાદ રાખવા માટે 'જાનેવાલી પીના લા' સૂત્ર પ્રચલિત છે. ન્યુટને આ રંગોને ગ્રીક સંસ્કૃતિમાંથી પસંદ કરેલા સંગીતના નોટેશનના નામ આપ્યા. જે વાયોલેટ, ઇન્ડિગો, બ્લ્યુ, ગ્રીન, યલો, ઓરેન્જ અને રેડના નામે ઓળખાય છે. તેનું ટૂંકુ સુત્ર 'VIBGYOR' છે. મેઘધનુષને પણ 'વિબગ્યોર' કહે છે.

## માનવ મગજ

★ પુખ્ત વયના માણસના મગજનું વજન તેના શરીરના વજનના લગભગ બે ટકા જેટલું હોય છે.

★ મગજમાં અબજો જ્ઞાનકોશો હોય છે. ઉંમર વધેતેમ થોડાં થોડાં જ્ઞાનકોશો નાશ પામે છે. મગજમાં નવા જ્ઞાનકોશો બનતા નથી.

★ મગજનો ૬૦ ટકા સફેદ ભાગ વિચારવાનું અને ૪૦ ટકા ભૂખરો ભાગ સંદેશા વ્યવહારનું કામ કરે છે.

★ શરીરને મળતા ઑક્સિજનનો ૨૦ ટકા ભાગ મગજ વાપરે છે.

★ મગજના જ્ઞાનકોશો વચ્ચે સંદેશાની આપ-લે વિદ્યુત રાસાયણિક પ્રક્રિયાથી થાય છે.

★ મગજમાં પીડાના સંવેદનકોષો હોતા નથી. એટલે મગજમાં દુઃખાવો થતો નથી.

★ મગજ ૭૫ ટકા પાણીનું બનેલું હોય છે. શરીરમાં સૌથી વધુ ચરબી પણ મગજમાં રહે છે.

★ મગજના કોશો વચ્ચે સંદેશાનું વહન સેકંડના ૦.૫ મીટરથી માંડીને ૧૨૦ મીટરની ઝડપે થાય છે.

★ જાગૃત અવસ્થામાં મગજમાં સંદેશા વ્યવહાર માટે ૧૦થી ૨૩ વોટનો વીજપ્રવાહ વહે છે.

★ માણસના મગજમાં નિઓકોર્ટેક્ષ નામનો ભાગ વધુ મોટો હોવાથી મનુષ્ય વિવિધ ભાષાઓનું જ્ઞાન મેળવી શકે છે.

★ ઊંઘ, એ મગજને આરામ આપવાનો એકમાત્ર ઉપાય છે.

★ હાર્વર્ડ યુનિવર્સિટીમાં બ્રેઇન બેંક છે જેમાં લગભગ ૭૦૦૦ માનવ મગજ સંશોધનો માટે સંગ્રહાયેલા છે.

★ આલ્બર્ટ આઈન્સ્ટાઈન, વ્લાદીમીર લેનિન, જાઝ સંગીતકાર કેથ જેરટ જેવી જાણીતી હસ્તીઓના મગજનો અભ્યાસ થઈ ચૂક્યો છે. ■

**Some people drink from the fountain of knowledge, others just gargle.**

***– Robert Anthony***

## હિંદી ગઝલ/કાવ્ય સંગ્રહ 'ચિતવન'નું લોકાર્પણ



*પુસ્તકનું વિમોચન કરતાં સર્વશ્રી જયંતિલાલ જોષી 'શબાબ', ભુજ વિભાગના ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્ય, શ્રી શંકરભાઈ સચદે અને શ્રીમતી પ્રીતિ ધોળકિયા*

કચ્છના યુવા કવિયત્રી શ્રીમતી પ્રીતિ ધોળકિયા લિખિત હિંદી ગઝલ / કાવ્ય સંગ્રહ 'ચિતવન'ના લોકાર્પણનો કાર્યક્રમ તાજેતરમાં ભુજ - કચ્છ ખાતે, કચ્છના મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી જયંતિભાઈ જોષીના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. ભુજના ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્ય તથા આઈ.જી.પી. શ્રી એ.કે. જાડેજા સાહેબે અતિથિ વિશેષ તરીકે હાજરી આપી હતી. શ્રી શંકરભાઈ સચદેએ દીપ પ્રગટાવી કાર્યક્રમની શુભ શરૂઆત કરાવી હતી. શ્રીમતી પ્રીતિ ધોળકિયાએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. શ્રીમતી ડૉ. નીમાબેન આચાર્ય તથા શ્રી એ.કે. જાડેજા સાહેબના વરદ્ હસ્તે લોકાર્પણ વિધિ કરવામાં આવી હતી. પ્રસંગ પરિચય આપતાં શ્રીમતી ધોળકિયાએ 'ચિતવન'ની દીર્ઘ સર્જન યાત્રા અંગે વિસ્તૃત છણાવટ કરીને તેમના કાવ્યો તથા ગઝલો યોગ્ય સમયે રાષ્ટ્રીય સ્તરે સ્વીકૃતિ પામે તે માટે હિંદી ભાષામાં કાવ્યસંગ્રહનું સર્જન કરવામાં આવેલ છે એમ જણાવ્યું હતું.

શ્રી શંકરભાઈ સચદેએ સર્જક તથા તેમના પરિવારના સંઘર્ષમય જીવનની માહિતી આપી 'ચિતવન'ની વિશિષ્ટતાઓ અંગે ખ્યાલ આપ્યો હતો. શ્રી સચદેએ હિંદીમાં સર્જન કરી રાષ્ટ્રભાષા હિંદીની સેવા કરવા બદલ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, કચ્છ વતીથી સ્મૃતિચિહ્ન તથા પુષ્પગુચ્છ અર્પણ કરી કવિયત્રીનું બહુમાન કર્યું હતું. શ્રીમતી ડૉ. નીમાબેન આચાર્યએ પારિવારીક જવાબદારીઓ સુપેરે સંભાળવાની સાથે સાથે સુંદર ગઝલ / કાવ્ય સંગ્રહનું સર્જન કરવા બદલ સર્જકને અભિનંદન આપ્યા હતા. આઈ.જી.પી. શ્રી એ.કે. જાડેજા સાહેબે હળવી શૈલીમાં પોલીસની કામગીરી અંગે અંગૂલી નિર્દેશ કરી ગઝલ તથા કાવ્ય સંગ્રહ તેમજ સાહિત્ય અંગે છણાવટ કરી સર્જકને શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે કચ્છના વરિષ્ઠ અગ્રણીઓ તથા સાહિત્ય રસિકોએ મોટી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમને માણ્યો હતો. ■

# શબ્દ શોધ : ૫૦

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

• પ્રદીપ જોશી - આદિપુર •

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | | ૩ | | ૪ | ■ | ૫ |
| ૬ | ૭ | | ■ | | ■ | ૮ | ૯ | |
| ૧૦ | | ■ | ૧૧ | | ૧૨ | ■ | ૧૩ | |
| ■ | | ■ | | ■ | | ■ | | ■ |
| ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | ■ | ૧૭ | | ૧૮ |
| | ■ | ૧૯ | ૨૦ | | ૨૧ | | ■ | |
| ૨૨ | ૨૩ | ■ | | ■ | | ■ | ૨૪ | |
| ■ | | ■ | ૨૫ | ૨૬ | | ■ | | ■ |
| ■ | ૨૭ | | ■ | | ■ | ૨૮ | | ■ |

## આડી ચાવીઓ

૨. ફરી એકવાર તામિલનાડુના મુખ્યમંત્રી બન્યા (૫)
૬. દીકરી, પુત્રી (૩)
૮. એક ધાતુ (૩)
૧૦. એક આંકડાની છેલ્લી સંખ્યા (૨)
૧૧. ટોડો, ઊંચા થાંભલાના આકારનું શિલ્પવાળું બાંધકામ (૩)
૧૩. 'નસીબ'નું અંગ્રેજી (૨)
૧૪. દૃષ્ટિ, ધ્યાન, લક્ષ, આંખથી જોવું એ (૩)
૧૭. મરણોત્તર શ્રાધ્ધ બ્રહ્મભોજન વગેરે કાર્ય (૩)
૧૯. સાગર, સમુદ્ર, દરિયો (૫)
૨૨. ખુદા, પરમેશ્વર, પરમાત્મા (૨)
૨૪. તંબુ કે વહાણનો ખંભો, ખામણું, ક્યારો (૨)
૨૫. આંખ, ચક્ષુ (૩)
૨૭. રક્ષણ, સંભાળ, સાચવણી (૨)
૨૮. અંધારિયા, હિંદુ મહિનાઓનો કૃષ્ણપક્ષ (૨)

## ઊભી ચાવીઓ

૧. અબ તુમ્હારે હવાલે, ______ સાથીઓ (૩)
૨. પાર્વતી, દુર્ગા (૨)
૩. લાલિત્ય ભરેલી સ્ત્રી, ખૂબસુરત સ્ત્રી (૩)
૪. ગુજરાતની એક જાણીતી નદી (૨)
૫. બચ્ચું, શિશુ (૩)
૭. પારસીઓનો જૂના સમયનો બેસતા વર્ષનો દિવસ (૪)
૯. શમશેર, એક હથિયાર (૪)
૧૧. છેલ્લી રાશિ (૨)
૧૨. તેજની શિખા, કિરણ (૨)
૧૪. નખ (૩)
૧૫. એક દારૂ (૨)
૧૬. "______ ભારત મહાન" (૨)
૧૭. મરણ પાછળની રોક્કળ (૨)
૧૮. ઘા (૩)
૨૦. પરેશાન, વ્યગ્ર, ખૂબ દુઃખી (૩)
૨૧. વારંવાર વિચાર્યા કરવાની ક્રિયા, સતત વિચારણા (૩)
૨૩. બહેરું (૩)
૨૪. પતિ, ધણી, સ્વામી (૩)
૨૬. જશ, કીર્તિ, આબરૂ, પ્રતિષ્ઠા (૨)

## શબ્દશોધ : ૪૯નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક | ■ | ક | મ | લા | કાં | ત | ■ | ક |
| મ | ક | ર | ■ | લ | ■ | મ | ર | છ |
| જો | ર | ■ | ચ | કૃ | ત | ■ | તિ | શ્રુ |
| ર | ત | ન | ■ | ષ્ણ | ■ | ભ | ■ | તિ |
| ■ | લ | ■ | ■ | અ | ચ | ર | જ | ■ |
| કા | ■ | કા | વ | ડ | ■ | ત | ન | ક |
| ર | હે | મ | ■ | વા | મા | ■ | સં | પ |
| ત | રા | ■ | રા | ણી | પ | ■ | ઘ | ર |
| ક | ન | કા | ઇ | ■ | ક | ન્યા | ■ | વું |

**શબ્દ શોધ : ૪૮/૪૯નો ઉકેલ મોકલાવનારના નામ**

- મહાભાઈ આર. વોરા - ભુજ
- સરલાબેન ચંદ્રકાંત શાહ - અમદાવાદ

## સ્વસ્થતા માટે પ્રાર્થના

*હે પ્રભુ! તું મને એવી સ્વસ્થતા આપ કે જેથી જે વસ્તુઓને હું ન બદલી શકું, તેને સ્વીકારી લઉં. અને જે બદલી શકું તેને બદલવાની હિંમત આપ. અને આ બંને વચ્ચે શું તફાવત છે તે જાણવાનું ડહાપણ આપ.*

*– રીનહોલ્ડ નીએબુર*

# ગાંધીનગર ગાથા

• શ્રીમતી વર્ષા જયંત મહેતા •

## ભજન સંધ્યા

શ્રી સૌરાષ્ટ્ર - કચ્છ સેવા સમાજ, થનગનાટ ગ્રુપ અને ગાંધીનગર જિમખાનાના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં ગાંધીનગરમાં સુપ્રસિધ્ધ ભજનીક અનુપ જલોટાનો ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાયો હતો. અનુપ જલોટાએ ભાવવાહી ભજનો રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર - કચ્છ સેવા સમાજના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ભજન સંધ્યાનો આનંદ માણ્યો હતો.

## અભિનંદન

શ્રી સૌરાષ્ટ્ર - કચ્છ સેવા સમાજ ટ્રસ્ટના પ્રમુખ અને સમાજસેવી તેમજ ભાજપ સાથે સંકળાયેલ એવા શ્રી જીલુભા ધાંધલના પત્ની શ્રી હર્ષાબા ધાંધલે તાજેતરમાં ગાંધીનગર વિસ્તારની યોજાયેલ મનપાની ચૂંટણીમાં વોર્ડ નં.-૧ માંથી કોર્પોરેટર તરીકે ભવ્ય વિજય પ્રાપ્ત કરી સૌરાષ્ટ્ર - કચ્છ સેવા સમાજ ટ્રસ્ટનું ગૌરવ વધાર્યું છે. શ્રી હર્ષાબા ધાંધાલ ગાંધીનગરના અગ્રણી સામાજિક કાર્યકર છે. આ ટ્રસ્ટ દ્વારા અનેક સેવાકીય કાર્યો કરી પ્રશંસા મેળવેલ છે. મિલનસાર - સેવાભાવી તેમજ ઉદાર સ્વભાવના લીધે તેઓએ લોકપ્રિયતા પ્રાપ્ત કરેલ છે. તેઓ સામાજિક કાર્યોમાં એક સફળ મહિલા છે. ગાંધીનગર 'કચ્છ મિત્ર મંડળ' તેમને ખૂબ ખૂબ શુભેચ્છા અને અભિનંદન પાઠવે છે.

## ચૈત્રી નવરાત્રની ઉજવણી

સૌરાષ્ટ્ર - કચ્છ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં ચૈત્રી નવરાત્રની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સેક્ટર-૧૨, બલરામ પરિસર ખાતે રાસ ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના સભ્યો અને અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સાથે મળી ગરબાની રમઝટ બોલાવી મા આદ્યશક્તિની આરાધના કરી હતી.

## શુભેચ્છા સહ અભિનંદન

ગાંધીનગર મનપાની તાજેતરમાં ચૂંટણી યોજાઈ હતી. ગાંધીનગરના મેયરપદે શ્રી પ્રવીણભાઈ પટેલ (ભાજપા)ની પસંદગી કરવામાં આવેલ છે. તેઓ અગ્રણી સામાજિક કાર્યકર છે. તેઓના નેજા હેઠળ ગાંધીનગર સ્માર્ટ સિટી બને તેવી શુભકામના. 'ગાંધીનગર - કચ્છ મિત્ર મંડળ' મેયરશ્રી પ્રવીણભાઈ પટેલને હાર્દિક અભિનંદન પાઠવે છે.

## 'કચ્છશ્રુતિ'માં પ્રકાશન અર્થે આવતી કૃતિઓ અંગે...

*લેખકશ્રીઓ, વિચારકશ્રીઓ અને સાહિત્યકારશ્રીઓનું નીચેની બાબતોએ ખાસ ધ્યાન દોરવાનું રહે છે....*

- કુલ પાનાની મર્યાદા, વિચાર, માહિતી વગેરે વૈવિધ્યને લક્ષમાં રાખીને દરેક કૃતિઓને ક્રમશઃ અથવા તો યથા સમયે 'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત થાય તેવા પ્રયત્નો હંમેશાં રહે છે.
- પ્રકાશન માટે લેખન સામગ્રી, કૃતિઓ મૌલિક અને અપ્રગટ હોવી જરૂરી છે.
- કોઈપણ દૈનિક અથવા તો સામિયકમાં પ્રગટ થયેલ અથવા પ્રકાશન અર્થે મોકલાવેલ રચનાઓની નકલ 'કચ્છશ્રુતિ' માટે મોકલાવવી નહીં.
- કોઈપણ પ્રકારનું લખાણ ઓછું હોય કે વધારે પરંતુ ફૂલસ્કેપ પેપરમાં જ એક બાજુ લખાણ કરવું.
- એક ફૂલસ્કેપ પેપરમાં ઓછામાં ઓછું ૩'' માર્જિન છોડીને વધુમાં વધુ ૩૦ લાઇન સુધીનું જ લખાણ રહે તે ઇચ્છનીય છે.
- કૃતિઓ સાથે પોતાનું પૂરું નામ, સરનામું, ફોન નંબર જરૂર લખશો.
- કોઈપણ તબક્કે જે તે કૃતિ પરત મોકલાશે નહીં.

*આપના સાથ - સહકાર બદલ ખૂબ ખૂબ આભાર.*

*– તંત્રી મંડળ*

**હિમાંશુ ભાઈલાલ ઠક્કર**

+91 98793 01004
+91 93740 01004

અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ

પ્રેરણા સ્ત્રોત
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

jaymahaparishad@gmail.com shreeraghuvansham@gmail.com

Vaikunth R. Gopani
B.Com. FCA. DISA
M. 9426303628
9909986171

**V. R. GOPANI & CO.**
Charaterd Accountants

H.O. :
A-11, Trimurti Complex,
Station Road, Bavla-382220
Ph. (02714) 230087

Branch :
2, Campus Corner 2nd Floor,
Nr. Auda Garden, Prahladnagar
Ahmedabad-15.

Resi. :
1, Sugam Enclave, Opp. Ramada Hotel, Prahaladnagar, Ahmedabad-15
Email : vrgopani@yahoo.com

**જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)**

ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ

સુગર બ્રોકર :

મોમાઈ સુગર કોર્પોરેશન - અશ્વિન : ૯૭૨૩૧૧૧૧૫૫
મહાકાલ સુગર સપ્લાયર્સ - ત્રિવિન : ૯૯૦૪૫૭૭૫૫૫
માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

**GILL & CO. PVT. LTD.**
IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT

Registered Office : NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

: BRANCHES :
ADONI / AHMEDABAD / AMRAVATI
BHATINDA / NEW DELHI / UJJAIN

આપના ફર્નિચરની દીર્ઘાયુષની ખાત્રી સાથે
ઈમ્પોર્ટેડ પાઈનવુડના M.R., B.W.P.,
ફલસડોર, બ્લોકબોર્ડ, પ્લાયવુડ

**વિલમોર પ્લાય પ્રા.લિ.**
All Products ISI

ભચાઉ-અંજાર રોડ, મુ. વરસામેડી, તા. અંજાર,
જિ. કચ્છ E-mail : willmoreply@yahoo.com

સંપર્ક :
નરસિંહભાઈ એન. પટેલ - ૯૮૨૫૨ ૪૩૫૫૭
ચંદ્રકાન્તભાઈ ઘોઘારી - ૯૮૨૫૦ ૩૨૦૫૪
અર્જુનભાઈ પટેલ - ૯૪૨૭૬ ૧૪૩૩૦

**AMBICA TIMBER MART**
logs. lumber. select veneers.

THE AARYAN (Construction Company)
FORESTRY PRODUCTS (Export and Import)
ALL NATURAL (Agro and Mineral Products)

Opp. The Grand Bhagwati, S.G.Road, Bodakdev, Ahmedabad - 54.
Tel: 079 - 26855764, 26852438, 65416036 Fax: +91-79 - 26855804
E-mail: ambica9002@yahoo.co.in Website : www.ambicatimbermart.com

PARBATBHAI PATEL (M) : 98240 62711

**Shivam Packaging**

**Shiv Packing Industries**

Opp. Dwarkadhish Estate, Outside Chandola Old Tol Naka,
Nr. Bombay Hotel, Narol Road, Ahmedabad-382 405.
Ph. : (O) 25394011, 25394311

● સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ ● પી.વી.સી. પી.પી. રોલ અને રીમ
પી.પી. સુતળી, વુડન રોલ ● વાસંની પટ્ટી ● H.M., L.D., P.P. Bags
ક્રાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ-બોક્સ

**POSITIVE®**
PLY & BOARD

-: Also Available :-
- Teak Wood
- MDF
- Liner Laminate
- Flush Door
- Veneer
- Door Skin

Amit Surani (Patel)
98244 79923

RAVI ENTERPRISE

Brijesh Patel
96240 30203

**RAVI ENTERPRISE**
Sahakari Lati Bazar, Zone-2, B/h. Gita Mandir, Nr. S.T.Stand, Ahmedabad-22. Gujarat, INDIA.
Telefax : (O) + 91-79-25399423
E-mail : ravienterprise_004@yahoo.co.in

REGD. NO. GAMC/1028/2015-17 VALID UPTO 31-12-2017, R.N.I. 46515/87, DATE : 16-3-88
POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

મારુ સ્વાસ્થ્ય - મારી હોસ્પિટલ
કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ
સીમ્સ હોસ્પિટલ - સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર
શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઈન્ટમેન્ટ માટે : ૯૧-૭૯-૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦૧૦૦૮
મો. : +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧ • ફેક્સ : +૯૧-૭૯-૨૭૭૧૨૭૭૦
Email : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (પાંચ નંબર)
Email : info@cims.me • Web. : www.cims.me

PRARAMBH
"ek nayi Zindagi ka"
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

A WORLD OF PRECISION
The cage making business is all about precision engineering
Precisely what our customers need to set the ball rolling !
TAPER ROLLER BEARING CAGES • SPHERICAL ROLLER CAGES
BRASS MACHINED CAGES • BALL BEARING CAGES
POLYAMIDE CAGES • STAMPED AUTO COMPONENTS
HARSHA ENGINEERS
ISO/TS 16949:2002 CERTIFIED
Harsha Engineers Limited
Sarkhej-Bavla Road, Changodar,
Ahmedabad - 382 213.
Ph. : 91-2717-391200 Fax : 91-2717-391259
Email : marketing@harshaengineers.com
Visit us at : www.harshaengineers.com

MEET RUDANI
+91 9726066655
MILAP PATEL
+91 9737524821
RII
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle,
Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

અશોક રઘુરામ ઠક્કર
કરી લો ઘર આપના પોકેટમાં
વિષ્ણુધારા હોમ્સ હવે આપના બજેટમાં.
શ્રી વિષ્ણુધારા @ Gota. HOMES
1 & 2 BHK Apartments
સાઈટ ઓફીસઃ
વોડાફોન ટાવર પાછળ, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ-૮૧.
કોર્પોરેટ ઓફીસઃ બીજો માળ-૧૪, જે.બી.આર. આર્કેડ,
સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૬૦.
ફોન : ૮૮૬૬૧૦૪૪૯૯, ૮૮૬૬૩૦૪૪૯૯
ઉપલબ્ધ સુવિધાઓઃ
• ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડસ • સિનિયર સીટીઝન એરિયા
• ચિલ્ડ્રન પ્લે એરિયા • લેન્ડસ્કેપ ગાર્ડન

વિવિધ
યાદગાર પ્રસંગોએ
સ્વજનો-મિત્રોને ભેટ
આપવા જેવાં પુસ્તકો
ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો
ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 0
ફોન : 079-22144663, e-mail : goorjar@yahoo.c
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
સંસ્કાર સાહિત્યમંદિર
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કોલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259
ગૂર્જર સાહિત્ય પ્રક
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસેન્ટ
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લ
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 98252
ઈમેલ : gurjarprakashan@gma

Patel Tours & Travels®
AN UNDERTAKING OF PATEL INN & TRAVELS PVT. LTD.
24 Hours Service (M) 9974378888
Head Office : 8, Shroff Chambers, Opp. Navchetan School, Paldi, Ahmedabad-380 006.
Circle P, Nr. Prahaladnagar Garden, S. G. Highway, Nr. Honest Restaurant, Ahmedabad. (M) 9925244252
Phone : 079-26576492, 26577811, 26575367, 26587811 Fax : 26576491
(M) 9925244251, 9925244252, 9925244253
Web site : www.pateltoursandtravels.com, Email : patelinn@yahoo.com
RAJKOT Ph. : 0281-2331754, 2332186, 2451210 (M) 9909022441, 9925244280
JUNAGADH Ph. : (0285) 2621158 (M) 99252 44289
BHUJ Ph. : 02832-224477, 221499, 229914 (M) 99252 44260, 99252 44258
BARODA Ph. : 0265-6541275 (M) 99252 44274, 99252 44275
BRANCH OFFICE
JAMNAGAR Ph. 0288-2552419, 2660243 (M) 99252 44261, 99090 09844
MUMBAI Ph. : 022-28950191-92-93 (M) 98330 24764, 93229 42219
BRANCH OFFICE
DAILY SERVICE / RETURN SERVICE
Contact for Hiring minibus : 2 X 2, 3 X 2, LUXURY, VOLVO COACH ETC.
A/C. NON A/C. VOLVO SLEEPER COACH AVAILABLE
JUST CALL AND BOOK TICKET
PATEL TOURS & TRAVELS ALWAYS ONE STEP AHEAD

The Name Says its all
II Radha Vallabh Group
Bonafide Brokers
138/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Phone : 22124412, 22120234, 22160418 (R) 22865419
Mobile : Chamanbhai - 9925070719, Nileshbhai - 98250 70719
Nelco Agency
137/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Amitkumar : 9879024849
Aryan Agency
Chamanbhai : 9925070719
Jaya Marketing
Hirenkumar : 9879997777
Branch Office :
A-410, City Center, Opp. Idgah Police Chowki, Prem Darwaja Road, Ahmedabad.
Web : www.bonafidebrokers.com

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/-